Registered No. B. 810.

THE JOURNAL OF THE INDIAN MERCHANTS' CHAMBER.

દેશી વેપારી ચેમ્બરનું માસિક.

પુસ્તક ૧૦મું VOL. X. JULY 1917. No. 1. જુલાઇ ૧૯૧૭. અંક ૧ લો.

અનુક્રમણિકા.

વિષય.	પાનું.
૧. અધિપતિની નોંધ	૨
૨. સાભાર સ્વીકાર	૬
૩. વ્હેપારી વિષયો	૧૦
(અ) હીંદ—જાપાનનો વ્યાપાર	૧૦
(બ) રૂપું	૧૩
(ક) હીંદની આર્થિક સ્થિતિ	૧૯
(ડ) દુનિયાની સોનાની પેદાશ	૨૪
૪. ચાલુ લડાઇને પ્રસંગે વ્હેપાર સંબંધી બહાર પડેલાં વધુ સરકારી જાહેરનામાં.	૨૮
૫. વ્હેપારી ખબરો	૩૦
૬. વ્હેપારી બાતમીઓ અને આંકડાઓ...	૩૮

INDEX.

Subjects.	Page.
1. Editor's Study...	2
2. Reviews	6
3. Commercial Subjects	
(a) Indo-Japan Trade ...	10
(b) Silver	13
(c) India, Her resources and her economics	19
(d) World's Gold	24
4. War and Trade. Government Notifications	28
5. Commercial Notes	30
6. Commercial Intelligence and Statistics	38

અમે પોતે.

આ માસીકમાં બહારથી આવેલા લેખો માટે અમે જવાબદાર નથી.

આ માસીકનું લવાજમ મુંબઇના ગ્રાહકોને માટે વાર્ષિક રૂ ત્રણ તથા બાહાર ગામના ગ્રાહકો માટે વાર્ષિક રૂ. ૩—૬—૦ ત્રણ છ આના પોસ્ટેજ સુદ્ધા રાખવામાં આવ્યું છે. છુટક નકલ એકના આના ૪ ચાર. નમુનાની કોપી મફત મોકલવામાં આવતી નથી.

આ માસીકમાં જે જાહેર ખબરો છે તેમા કંઇ ફેરફાર સુચવવો હોય યા તો કાઢી નાખવી હોય તો આવી જાતની ખબર આગલા મહિનાની ૨૦મી તારીખ પહેલાં આપવી જોઇએ. નહિતર તે પ્રમાણે કરવું બની શકશે નહિં

EDITOR'S STUDY.

અધિપતિની નોંધ.

લડાઇ શરૂ થયા પછી બ્રિટીશ સામ્રાજ્યનું વેપાર અને ઉદ્યોગ ખીલવવા તરફ ઘણુંજ લક્ષ ખેંચાયલું છે, ત્યાર પહેલાં ઘણું કરીને માન્ચેસ્ટરની "ચાલવા દો" ની રાજ્નીતિ (જેને Laissez Faire તરીકે ઓળખવામાં આવતી હતી) તે પ્રચલિત હતી પણ લડાઇ ફાટયા પછી સરકારને એક સરકાર તરીકે વધારે અને વધારે વચમાં પડવું પડેલું છે. જકાતની છુટાપણાની રાજ્યનીતિને બદલે પસંદગીની રાજ્યનીતિ હવે આવવી જોઇએ એમ આ ઉપરથી કેટલાએક લોકો માને છે, લૉર્ડ બાલ્ફુરની કમિટીએ પણ હમણાં તે મુજબનોજ રીપોર્ટ કરેલો છે આવી જાતનો ફેરફાર થશે કે કેમ તે સવાલનો ઉત્તર આપવો સહેલો નથી, તેનો આધાર ઘણા જુદા જુદા કારણો પર રહેલો છે અને કદાચ એકલા ગ્રેટબ્રિટનના મત આપનારાઓ પણ તેનો નિર્ણય કરી શકશે નહિ. જુદાં જુદાં સંસ્થાનો તથા હિંદુસ્તાન કે જેઓએ સામ્રાજ્ય માટે લડાઇમાં મોટા ભોગો આપેલા છે તેમનો મત પણ લેવામાં આવશેજ, તેમજ બ્રિટીશ સામ્રાજ્ય સાથે ઉભા રહી જર્મની સાથે લડેલાં છે તે મિત્રરાજ્યોને પણ પોતાનો મત જણાવવાની તક જરૂર આપવામાં આવશેજ. આવી રીતે પસંગીની રાજ્યનીતિ સારી કે છુટાપણાની તે સવાલ જો કે હાલ એમને એમ અદ્ધરજ રહેશે તોપણ સામ્રાજ્યના વેપાર અને ઉદ્યોગ ખીલવવા તરફ તો બધે ઠેકાણેથી એક મતજ છે હિંદુસ્તાનના વેપાર અને

મેટલીક શીલીંગની સારી ડીઝાઇન ગમશે કે?

ઇંડીયન કૉટન ઑઇલ કંપની, લીમીટેડ.

હમમ સ્ટ્રીટ, કોટ, મુંબઈ તથા વિજલપુર, નવસારી.

આ કંપનીના કારખાનામાં નીચે મુજબ માલ તૈયાર થાય છે:—

કપાસીઆનું તેલ. અમારે ત્યાં તૈયાર થતું તેલ મુંબઇમા વેચાતાં બીજા તેલો કરતાં ચઢીઆતું હોવાની અમે ગૅરંટી આપીએ છીએ ખાવામાં ઘીની બરોબરી કરે છે.

કપાસીઆનો મગજ. ગાય, ભેસ, બળદ, ઘોડા, મેંઢા, બકરાં વગેરેને માટે ખરેખરો તાકાતવાન ખોરાક, દુબળાં જાનવરને થોડા વખતમા ટટાર બનાવે છે.

કપાસીઆનાં છાલાં. અમારી મીલનાં છાલાં પુના, મઉ, કરાંચી, સુરત વગેરે સ્થળોએ ડેરીઓમાં તેમજ ખાનગી ખેતરોમાં રફેજ (roughage) તરીકે પુષ્કળ વ્પરાય છે.

ભાવતાલ તથા વધુ વીગત માટે લખોઃ—

કોઠારી સુતરીઆની કંપની,

મેનેજીંગ એજંટો.

ટલીફોન નંબર ૨૨૩૬.



GARLICK & CO.,

Engineers Iron Founders & Tiles Manufacturers,

JACOB CIRCLE, BOMBAY Tel 1001

આએ લાદીઓ હમેશના વપરાસથી લીસી તેમજ ચમકદાર થાય છે. અમારી લાદીઓને જોવી હોય તો મુંબઈની પબ્લીક બીલ્ડીંગોમા બેસાડેલી છે જેઓને ૨૫ વરસ થવા આવ્યા છે પણ તદન સલામત હાલતમા છે. **વગર મંગાવેલી સંખ્યાબંધ સરટીફીકેટો** અમોને મળ્યા છે. રંગ, **તરેહ અને ટકાઉપણામાં** પરદેશી લાદીઓ કરતા શ્રેષ્ટ છે. આ લાદીઓ એક ખાસ મશીનમા બનાવવામા આવી છે દરેક લાદીને ૩૦ ટન પ્રેશરને ટેસ્ટ કીધેલો છે. પરદેશી લાદીઓની કીમત કરતા અમારી કીમતથી પણ ઓછી રાખેલી છે કેટલૉગ મંગાવવાથી મોકલીશું



THE SAJAN TILE MART.

Marble, Cement, Flooring, Furniture and Dado Tiles.

Shahabad and Tandur Stone Paving.

Direct Importers from Home and Quarry.

Latest Catalogues available

Proprietors—**Sajan & Co.,** Elphinstone Circle.
near the Alliance Bank of Simla Ltd., Fort, BOMBAY



બી. એન. ભાથેનાની કું.

સેનેતરી એન્ડ હારડવેર મરચંટસ.

નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ નાં૦ ૩.

ટેલીફોન નાં૦ ૩૧૫૫.



સેનેટરી જીન એન્ડ રેલ્વેને લગતો સર્વે સામાન.

લોખંડની, કલાઇની, પીતલની, તાંબાની, સીસાની, બોયલર ટ્યુબો, બીરની રેનવોટર પાઈપ્સો અને તેની ફીટીંગ્સો—દરેક માપની મોટા જથ્થામાં મળશે.

તેસતેડ પીતલના સ્ટૉપ કૉક, બીબકૉક, સીલના વીલ વાલવસો, અને લોકસો :—દરેક જાત અને માપના.

ચીનીની ગટરના પાઈપ્સો અને ફીટીંગ્સો, વોટર-કલોઝના વાસણો, લેવેટરીસો, બાથ ટબ્બો, ફ્લસીંગ ટાંકીઓ વગેરે પ્લમ્બીંગને લગતો દરેક જાતનો માલ જથ્થાબંદ તથા છુટક મળશે.

ઉદ્યોગ તરફ પણ ઘણું ધ્યાન ખેંચાયલું છે અને લડાઈ પછીના વેપારના સવાલ બાબે નામદાર સરકારે જે હકીકત બહાર પાડેલી હતી અને જુદા જુદા ચેમ્બરોના મત મગાવ્યા હતા તેની અંદર પણ મુળ ઉદ્દેશ સામ્રાજ્યના વેપાર ઉદ્યોગની રાજ્યનીતિ એક ધોરણ ઉપર મુકવાનો હતો. હિંદી ઔદ્યોગિક કમિશને પણ પોતાના સવાલો લગભગ એજ ધોરણ ઉપર રચેલા છે. તેમજ બ્રિટીશ સરકારે એ સઘળા સવાલો ઉપર વિચાર કરવાને Dominions Commission સંસ્થાનોનું કમિશન નીમ્યું હતું જેણે પોતાના રીપોર્ટમાં મુળ અગત્યના સામ્રાજ્યના અંદરના જુદા જુદા ભાગો વચ્ચેનાં વ્યવહારનાં સાધનો ખીલવવાના સવાલને આપેલી છે.

પોતાના રીપોર્ટમાં કમિશન નીચે પ્રમાણે જણાવે છેઃ—

"છેલ્લા કેટલાંએક વર્ષ થયાં ગ્રેટબ્રિટન અને બીજાં બ્રિટીશ સસ્થાનોમાંથી આવતા માલને બ્રિટીશ સંસ્થાનોએ જકાતની પસંદગી આપેલી છે. તેઓની તરફથી એમ કહેવામાં આવે છે કે તેજ પ્રમાણે બ્રિટીશ સરકારે તેમના માલને પસંદગી આપવી. પણ હજુ સુધી કોઇએ પણ એ સિદ્ધાન્તની યોગ્યતા બરાબર પિછાણી નથી કે આવી જાતની જકાતની પસંદગી કરતા ગ્રેટબ્રિટનમાંથી સંસ્થાનોમાં જવા અને ત્યાંથી ગ્રેટબ્રિટન આવતા માલ ઉપર જે નુર પડે છે તે વધારે ઉપયોગી તત્વ છે" લડાઇ શરૂ થયા પહેલાં પણ જકાતના કરતાં દરિયાઈ નુર વધારે હતું. દરિયાઇ નુર લડાઇ પછી ઓછું કરવાને માટે નીચે જણાવેલા ઉપાયો ઉપરનાં કમિશન તરફથી સુચવવામાં આવેલ છે.

(૧) સરકારી ટપાલ તથા સ્ટીમરો વિગેરેના કૉન્ટ્રેક્ટરોએ પોતાના ભાવોનું શેડ્યુલ સરકારની પરવાનગી માટે રજુ કરવું જોઇએ.

(૨) વહાણના માલેકો વેપાર ધંધાને નુકસાન થાય એવું કંઇ કરતાં હોય તો તે બાબત માલ મોકલનારાઓની ફરિયાદ સાંભળવા માટે બૉર્ડની નિમણુક

આ બાબત ઉપર લખતાં કલકત્તાનું કૅપીટલ પત્ર લખે છે કે દરિયાઇ નુર જેમ મોટો બોજો છે અને બ્રિટીશ સામ્રાજ્યમાં જુદાં જુદાં સંસ્થાનો વચ્ચે વેપાર ખીલવવામાં વાધો લાવે છે તેમ હિંદુસ્તાનના રેલ્વેના સવાલો પણ હજી બરાબર નિર્ણય ઉપર લાવી શકવામાં આવ્યા નથી અને તેથી વેપાર ઉદ્યોગને ઘણું નુકશાન છે. રેલ્વેના દરોનો સવાલ એટલો મોટો અને ગુંચવાડાવાળો છે કે તેને તપાસવાને માટે એક જુદી કમિટીજ નીમવી જોઇએ. તેને બદલે તે બાબતના ત્રણ ચાર સવાલો ઔદ્યોગિક કમિશનના સો ઉપરના સવાલોમાં દાખલ કરવામાં આવ્યા હતા! રેલ્વેને માટે જે ખર્ચ સ્વાભાવિક રીતે હમણાં ઘટાડી દેવામા આવ્યો છે પણ લડાઇ પછી જ્યારે તે વધારવામાં આવશે ત્યારે તે કઇ રીતે ઉઘરાવવામાં આવશે તે જોવાનું છે. બ્રિટીશ નાણાં બજારમાંથી આશાકારક જવાબ મળી શકે નહિં, આ દેશમાંજ રૂપીઆની લોન કાઢવી જોઇએ એમ કૅપીટલ જણાવે છે પણ તેજ વખતે તે ટીકા કરે છે કે લડાઇ શરૂ થયા

પછી આશરે ૪૦ કરોડ રૂપિઆની સરકારી જામિનગીરીઓ બજારમાં મુકવામાં આવી છે તે વાત પણ ભુલી જવી જોઈતી નથી આ સઘળા પ્રશ્નોનું નિરાકારણ થાય તે પહેલાં સઘળી રેલ્વેઓનું મેનેજમેન્ટ કમ્પની હસ્તકે થશે કે સરકાર હસ્તે તેનું પણ નિરાકારણ થવું જોઈએ. કારણ કે ઘણા લોકોના માનવા મુજબ તેના ઉપર બીજી ઘણી અગત્યની બાબતોનો આધાર રહેલો છે.

ઉપર જણાવેલા સંસ્થાનોનાં કમિશને પોતાના રીપોર્ટમાં એમ ભલામણ કરેલી છે કે એક ઇમ્પીરીયલ ડેવેલેપમેન્ટ બૉર્ડ ઉભું કરવું કે જેમાં હિંદુસ્તાન તથા સંસ્થાનોના પ્રતિનિધિઓ પણ હોવા જોઇએ. તેનું મુળ કામ નીચે પ્રમાણેનુ હોવું જોઇએ:—

આ કમિશને એક આખા બ્રિટીશ મહારાજ્યનું વ્યાપારની સુધારણા માટેનું એક મંડળ નીમવા માટે સલાહ આપેલી છે આ મંડળનું નામ ઇમ્પીરીઅલ ડેવેલેપ્મેન્ટ બૉર્ડ (Imperial Development Loard) એવું આપવાની સૂચના છે. આ મંડળમાં બ્રિટીશ મહારાજ્યના દરેક દેશોનું પ્રતિનિધિત્વ રાખવું, અને એ મડળે પ્રથમ તો સમસ્ત મહારાજ્યના જૂદા જૂદા ભાગોના વ્યાપાર સંબંધે અને પેદાશ સંબંધમાં સુધારા વધારા વિગેરે બાબતમાં જૂદી જૂદી સરકારને સલાહ આપવાનું કામ કરવું.

કમિશનના મત પ્રમાણે આ મંડળ નામદાર શહેનશાહ તરફથી નીમાવું જોઇએ અને ઇમ્પીરીઅલ કૉન્ફરન્સની સત્તા હેઠળ એણે કામ કરવું જોઈએ.

એનું મુખ્ય કામ નીચે પ્રમાણે હોવું જોઇએ:—

(૧) કમિશને આખી શહેનશાહતના જૂદા જૂદા ભાગોની જરૂરીઆતો પેદાશ, અને ખોરાકીની ચીજો સાથેનો સંબંધ વિગેરેની જે હાલમાં તપાસ શરૂ કરી છે તે ચાલુ રાખી સંપૂર્ણ કરવી.

(૨) જૂદા જૂદા ભાગોની જરૂરીઆતોમાં જે ફેરફાર થાય તે ધ્યાનમાં રાખવો અને તે બાબતમાં રીપોર્ટ કરવો અને મહારાજ્યમાંજ એ બધી જરૂરીઆતોને પુગી વળે એટલી ચીજો નિપજી શકે એવા પ્રયત્નો કરવા.

(૩) હાલમાં વૈજ્ઞાનિક શોધખોળ માટેની જે સંસ્થાઓ અસ્તિત્વમાં છે તે સંસ્થાઓની સાથે મળીને આ જાતની શોધખોળ ચાલુ રાખવી.

આ વૈજ્ઞાનિક શોધખોળ નીચે જણાવેલા હેતુ માટે થવી જોઇએ.

(અ) મહારાજ્યના દેશોથી બહારના બીજા મુલકોમાં જે ચીજો અને જે કાચો માલ હાલમાં થતો હોય તે ચીજો અને તે કાચી વસ્તુઓ મહારાજ્યનાજ દેશોમાં ઉપજાવી શકાય કે કેમ એ બાબત શોધખોળ કરવી

(બ) હાલમાં માલ બનાવવાની અને કાચા માલમાથી જુદી જુદી ચીજો તૈયાર કરવાની જે ચાલુ રૂઢી છે

દીવાળીના માટે દેન્મી ટાઇમ્સની છેલ્લી ડીઝાઇનો જોઇયે છે ?

તે રૂઢીમાં જે નકામો ખર્ચ અથવા કાંઇ પણ ફોગટની મહેનત હોય તે બધી દૂર કરી સમસ્ત શહેનશાહતનું ઔદ્યોગિક બળ વધારે સારા પાયા પર મુકવા પ્રયત્નો કરવા.

(क) જે કેટલીકએક ચીજો શહેનશાતમાં નજ થઇ શકે એમ હોય તે ચીજોને બદલે કોઇ એવીજ ચીજો ચાલી શકે કે કેમ તે બાબત તપાસ કરવી.

આ ઉપરાંત આ મંડળે નીચેના બીજા કામો પણ કરવાં.

(૧) શહેનશાહતનું નાણું શહેનશાહતનાજ ઉપયોગને વાસ્તે વપરાય એવા ઉપાયો યોજવા.

(૨) શહેનશાહતના બધા ભાગોમાં એક ભાગમાંથી બીજામાં લોકોની આવજા વધે અને એક દેશના માણસો બીજા દેશમાં વસવા માટે જાય તે સંબંધે દરેક રીતની માહિતી મેળવવી જેથી શહેનશાહતની વસ્તીના પ્રમાણની સમતા કેવી રીતે જાળવી શકાય એ નક્કી કરી શકાય.

(૩) શહેનશાહતના મોટાં બંદરોની સુધારણા માટે પણ પ્રયત્નો કરવા, જેથી એક બીજા દેશોની જરૂરીઆતો સારી રીતે સાચવી શકાય.

(૪) સ્ટીમરો, રેલ્વે અને તાર વિગેરે દ્વારા શહેનશાહતના દેશોનો પરસ્પર વ્યવહાર વધારે સારી રીતે ખીલવવા માટે ખાસ અભ્યાસ કરવો.

(૫) વ્યાપાર સબંધી કાયદાઓ જે જૂદા જૂદા દેશમાં હોય તે બધા કાયદા વિશે સંપૂર્ણ માહીતી મેળવવી અને બ્હારના રાજ્યોમાં પણ આવા કાયદાઓ કયા ધોરણો ઉપર રચાએલાં છે તે વિશેનું જ્ઞાન મેળવવું, અને તે સંબંધે રીપોર્ટ કરવો.

(૬) શહેનશાહતના વ્યાપાર સંબંધે આંકડા તૈયાર કરી પ્રસિદ્ધ કરવા.

ધી બોમ્બે ટાઇમ્સ માર્ટ ૨૧ બેંક સ્ટ્રીટ ફોર્ટ મુંબઇ.

સાભાર સ્વીકાર.

(રિવ્યુઅર—J. L. D. B.)

નડીઆદ હિંદુ અનાથાશ્રમ.

નડીઆદ ખાતે ઉત્તમ કાર્ય બજાવી રહેલાં ઉપલાં ખાતાંનો ૩૧–૭–૧૬ સુધીનાં એક વર્ષનો રીપોર્ટ અમને મળ્યો છે, જેની પહોંચ સ્વિકારવાં અમને આનંદ વ્યાપે છે. ઘણાજ સમયમાં આ ખાતાએ ઉમદા કાર્ય કરવા માંડ્યું છે, જે તેના ચાલકો માટે ધન્યવાદ આપનારૂં છું. આ ખાતું દર વર્ષે અનાથોની સંખ્યા સંગીન રીતિએ વધારતું ગયું છે, જે આપણું ખાસ લક્ષ ખેંચે છે. રીપૉર્ટવાળાં વર્ષના આગલા વર્ષે છોકરા અને છોકરીઓની કુલ સખ્યા જે ૮૨ ની હતી, તે રીપોર્ટવાળા વર્ષ દરમ્યાન વધીને ૯૩ ની થઇ છે, જેમા બહુ ભાગે પાંચ અને પંદર વર્ષનાં અનાથો વિશેષ દ્રષ્યમાન થાય છે અપંગ અને વિધવાઓની સંખ્યા દશની છે. ડેમાય ઓકટેવો સાઇઝનાં અઢીસો પાનાનો રીપોર્ટ જે અમને મળ્યો છે, તેને સ્થળ સંકોચને લીધે અમે પૂરો ઇન્સાફ આપી શકીએ એમ નથી, પણ આ ખાતાને મદદ કરનાર સજ્જનોનાં જે નામો પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે તે સર્વની શુભ લાગણી માટે અમે તેઓને શાબાશી આપીએ છીએ અને ઇચ્છીએ છીએ કે આ લાયક ખાતાંને મદદ કરવા દરેક સ્ત્રી પુરૂષ પોતાથી બનતું કરશે. આ ખાતાંને આઠ ઓરડાનું એક મકાન બંધાવવાની અતિ જરૂર છે. તેને માટે ત્રણ ઓરડી બંધાવી આપનાર દાતારો મળ્યા છે, અને પાંચ ખૂટે છે. ,તો તે ખોટ પુરી કરી આપનાર કોઈ સખીવજ્ઞુદ નિકળી આવશે તો આ ખાતુ મકાન પૂર્ણ કરવા શક્તિવંત થશે આ આશ્રમ તરફ દાનનો જે ઉદાર પ્રવાહ ચાલુ વહેતો રહ્યો છે તેની કદર કરતાં, દાનશિલદાતાઓને અમો અનાથો તરફથી બે બોલ કહીશું કે આવા આશ્રમની ઉન્નત સ્થિતિ કરવામાં તેઓએ અવશ્ય સહભાગી થવું, જેનો બદલો તેઓને પરમાત્માજ આપશે, અહવાલમાં વ્યવસ્થાપકો યોગ્ય રીતે કથે છે કે જે પરમાત્માની કૃપાથી આ આશ્રમ અસ્તિત્વમાં આવ્યું, તેજ પરમાત્મા તેને દિન પ્રતિદિન ઉન્નત અવસ્થામાં લાવી તે દ્વારા ભારત માતાના અબાલવૃદ્ધ અનાથોને અપંગોનું પાલન પોષણ કરવા સજ્જનોને, રૂડી બુધી અર્પો, તેવા વિચારથી કથે છે કે:-

> મરજાઉં માગું નહિં અપને તનકે કાજ,
> પરમાર્થ કે કારણે માગું ન સમજુ લાજ.

મહેરબાન સેક્રેટરી સાહેબ,

દેશી વેપારી ચેમ્બરનું માસીક

સાહેબ,

વિ વિ. કે ગયા મે માસના અંકના પાને ૪૯૬–૯૭ માં જે લેખ " કાઠીયાવાડમાંથી રૂની નીકાશનું પ્રમાણ કેટલું " ના મથાળાથી આપેલ છે તેમા નીચેની ભૂલો સુધારી વાંચવાનું જણાવશોજી.

વ્યાજબી કીંમતે ટેબલ ટોપ ખરીદ કરવા ક્યાં જશો ?

ધી સેંટ્રલ બેંક ઑફ ઇન્ડિયા લીમીટેડ.

શેરો ભરાયલી થાપણ	....	રૂ. ૩૦ લાખ.
પગાર થયેલી થાપણ	... .	રૂ. ૧૫ લાખ.
રીઝર્વ ફંડ	....	રૂ. ૧ લાખ.

આ બેંકમાં ડીપૉઝીટ મુકેલી દરેક પાઇની સલામતી માટે ખાસ ગોઠવણ બેંકની આરટીકલમાં કરવામાં આવેલી છે.

મેશર્સ એ. એફ. ફરગ્યુસનની કું. ચારટરડ એકાઉન્ટટસ આ બેંકના હીસાબો અને જામીનગીરીઓ દર અઠવાડીએ તપાસે છે.

પ્રેસીડંસી બેંકો માફક આ બેંક પોતાના હીસાબનાં પખવાડીક સરવૈયાં બહાર પાડે છે

દરેક રીતનુ બેંકને લગતુ કામકાજ કરવામા આવે છે.
હાલમાં ટુંકી તેમજ લાંબી મુદતના વ્યાજના દરો માટે મેનેજરને મળવું.
ચેકો તથા બેંકને લગતો પત્ર વ્યવહાર ગુજરાતીમાં પણ થઇ શકે છે.
વડી ઑફીસઃ—એલાઇસ બીલ્ડીગ, કોટ, મુંબઇ.
શાખા ઑફીસોઃ—ઝવેરી બજાર, મુબઇની માંડવી, તથા શેરબજાર.

ચાલુ ખાતાં ઉપર. રોજની બાકી ઉપર.

જાનેવારીથી જુન	૩	ટકા.
જુલાઇથી ડીસેમ્બર..............	૨॥	ટકા.
૧૨ માસની ડીપૉઝીટ........	૪॥	ટકા.
રૂ. ૩૦૦૦ થી વધુ રકમ માટે...	૫	ટકા.

ટુંકી મુદતના ભાવો અરજ કરવાથી માલમ પડશે.
વધુ વીગતો માટે મેનેજરને મળવું.

સોરાબજી ન. પોચખાનાવાલા
મેનેજર.

સાભાર સ્વીકાર.

(રિવ્યુઅર—J. L. D B.)

નડીઆદ હિંદુ અનાથાશ્રમ.

નડીઆદ ખાતે ઉત્તમ કાર્ય બજાવી રહેલાં ઉપલા ખાતાંનો ૩૧–૭–૧૬ સુધીના એક વર્ષનો રીપોર્ટ અમને મળ્યો છે, જેની પહોચ સ્વિકા ... ઘણા જુજ સમ ... કાર્ય કરવા માંડ્યું ... ધન્યવાદ આપનારૂં ... અનાથોની સંખ્યા ... ન રીતિએ વધારતુ ગયુ છે, જે આપણું ... લક્ષ ખેંચે છે રીપૉર્ટવાળા વર્ષના ... ગલા વર્ષે છોકરા અને છોકરીઓની કુલ સખ્યા જે ૮૨ ની હતી, તે રીપોર્ટવાળા વર્ષ દરમ્યાન વધીને ૯૩ ની થઇ છે, જેમા બહુ ભાગે પાચ અને પદર વર્ષનાં અનાથો વિશેષ દ્રષ્ય માન થાય છે અપંગ અને વિધવાઓની સંખ્યા દશની છે કેમાય ઓકટેવો માઇઝના અઢીસો પાનાનો રીપોર્ટ જે અમને મળ્યો છે, તેને સ્થળ સંકોચને લીધે અમે પૂરો ઇન્સાફ આપી શકીએ એમ નથી, પણ આ ખાતાને મદદ કરનાર સજ્જનોનાં જે નામો પ્રસિદ્ધ કર વામાં આવ્યા છે તે સર્વની શુભ લાગણી માટે અમે તેઓને શાબાશી આપીએ છીએ અને ઇચ્છીએ છીએ કે આ લાયક ખાતાને મદદ કરવા દરેક સ્ત્રી પુરૂષ પોતાથી બનતુ કરશે. આ ખાતાને આઠ ઓરડાનુ એક મકાન બંધાવવાની અતિ જરૂર છે તેને માટે ત્રણ ઓરડી બંધાવી આપનાર દાતારો મળ્યા છે, અને પાંચ ખૂટે છે તો તે ખોટ પુરી કરી આપનાર કોઇ સખીવજુદ નિકળી આવશે તો આ ખાતુ મકાન પૂર્ણ કરવા શક્તિવંત થશે આ આશ્રમ તરફ દાનનો જે ઉદાર પ્રવાહ ચાલુ વહેતો રહ્યો છે તેની કદર કરવાં, દાનશિલદાતાઓને અમો અનાથો તરફથી બે બોલ કહીશુ કે આવા આશ્રમની ઉન્નત સ્થિતિ કરવામા તેઓએ અવશ્ય સહભાગી થવું, જેનો બદલો તેઓને પરમાત્માજ આપશે, અહેવાલમા વ્યવસ્થા પકો યોગ્ય રીતે કથે છે કે જે પરમાત્માની કૃપાથી આ આશ્રમ અસ્તિત્વમા આવ્યુ, તેજ પરમાત્મા તેને દિન પ્રતિદિન ઉન્નત અવસ્થામા લાવી તે દ્વારા ભારત માતાના અણાલવૃદ્ધ અનાથોને અપ ગોનું પાલન પોષણ કરવા સજ્જનોને રૂડી બુધી અર્પો, તેવા વિચારથી કથે છે કે:—

> મરજાઉં માગુ નહિં અપને તનકે કાજ,
> પરમાર્થ કે કારણે માગું ન સમજુ લાજ.

મહેરબાન સેક્રેટરી સાહેબ,

દેશી વેપારી ચેમ્બરનું માસીક

સાહેબ,

વિ વિ. કે ગયા મે માસના અંકના પાને ૪૯૬–૯૭ મા જે લેખ " કાઠીયાવાડમાથી રૂની નીકાસનું પ્રમાણ કેટલું " ના મથાળાથી આપેલ છે તેમા નીચેની ભૂલો સુધારી વાંચવાનું જણાવશોજી

પાનું ૪૯૬, પાતેલી મોટી ને બદલે પાનેલી મોટી વાંચવું.

,, ૪૯૭, ૪૫ માસને , ૪-૫ માસ ,,

,, ,, મંતાલ ,, મંગલ ,,

તેમજ કપાસનો આકડો જે ૧૫૬૮૨ મણ છે તેને બદલે ૩૧૨૦૪ મણ વાંચવા.

લી સેવક,
મંગલ.

તા. ૧૭-૫-૧૭.

ફ્રેંચ કોન્સલ હમને એક કાગળ લખી જણાવે છે કે પારીસમાં બાંક ફ્રાંસે દીજીસ, ફ્રૈં એએરે એક કમરશિયલ ડીપાર્ટમેન્ટ ખોલ્યું છે અને ત્હેને માટે ત્હેમને હિન્દુસ્થાનમાથી દાણા, બીયા ચામડાં લાકડા વિગેરેની નિકાશ કરનાર એજન્ટોના નામ જાણવાની ઇચ્છા છે.

ઑડીટ પ્રોગ્રામ એન્ડ રેફરન્સીસ.

લખનાર —કરસનદાશ બાલગોવનદાસ.

વ્યાપારીઓના ઇન્કમટેક્ષના વાંધાઓ પતાવવામા જેઓ મશગુલ રહે છે તે રા. રા કરસનદાસ બાલગોવનદાસે, હિન્દુસ્થાનની કંપનીઓના ૧૯૧૩ ને લગતા કાયદાની રૂએ જાહેર સંસ્થાઓના હિસાબ તપાસવા અર્થે શાં શાં ધોરણોએ તપાસણી કરવી ઘટે, હિસાબ કેવી રીતે રાખવો ઘટે, વગેરે માહિતીથી ભરપુર આ નામ નિચે અંગ્રેજીમાં બાહેર પાડયું છે પૂઠાંના ઉપર માત્ર "Carsondas 1917" છાપેલું છે તે જોતા જ્યારે ૧૯૧૭ ના કરસનદાસ પ્રોગ્રામ અને રેફરન્સમાં રજુ થાય છે, તો આપણુ એવી આશા રાખી શકીએ કે ૧૯૧૮ ના કરસનદાસ કંઇક જુદાજ સ્વરૂપમાં દેખાવ દેશે તે દરમ્યાન આ પૂસ્તક જે તેઓએ પ્રસિદ્ધ કીધું છે તે જાહેર સંસ્થાના હિસાબોમાં સંબંધ ધરાવનારાઓને ઉપયોગી થઇ પડશે તો આપણે ખૂશી થઇશું.

ધી યુટીલીઝેશન ઑફ કૉટન વેસ્ટ.

લેખકઃ—મી. બી. એચ. કાંટાવાળા.

રાજ્ય રત્ન રાવબહાદુર હરગોવિંદદાસ કાંટાવાળાના પુત્ર જેઓ વડોદરાની મહારાજાની મીલસમા કામ કરે છે તેઓએ આ શિર્ષક નિચે ૧૮ પાનાનું નાનું પુસ્તક ઇનડીઅન ટીટડ ઑવ સાયન્સ એન્ડ ટેકનૉલૉજીના હસ્તક છપાવ્યું છે. વિષય અંગ્રેજીમાં છાપવામાં આવ્યો છે. અને જેઓ મીલના વેસ્ટ સંબંધી જ્ઞાન ધરાવે છે તેઓને માટે આ ચોપડી વેસ્ટનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેનું અચ્છું દિગદર્શન કરાવે છે.

બ્રહ્મચર્ય.

નિબંધ લેખક—ભાઇશંકર ગો. મહેતા

પ્રકાશકઃ—શ્રી વળા આદિત્યસહસ્ર જ્ઞાતિ હિતવર્ધક મંડળ.

શ્રીવળા આદિત્યસહસ્ર જ્ઞાતિ હિતવર્ધક મંડળે 'બ્રહ્મચર્ય' ઉપર નિબંધ લખનારને માટે ઇનામની હરિફાઇ કાઢી હતી, જેમાં રા. રા. ભાઇશંકર મહેતા પહેલા વર્ગનુ ઇનામ જીતી ગયેલા હોવાથી તેનો લખેલો નિબંધ મંડળે પુસ્તકના સ્વરૂપમાં પ્રકટ કીધો છે

આ નિબંધમાં ઘણે ઠેકાણે શ્લોકો અને કવિતાઓ આપવામા આવી છે, અને તેના ટેકાએ બ્રહ્મચર્ય પાળવું શામાટે આવશ્યક છે તે જણાવ્યું છે, વળી જેને બ્રહ્મચર્ય ઉપર શ્રદ્ધા હોય તેનેજ નિબંધ વાચવા લેખક વિનવે છે. ૬ થી ૭ પાનાઓમા જણાવવામાં આવ્યું છે કે "વાચક, તું પુરૂષ હોય કે સ્ત્રી હોય, બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય કે શુદ્ર ગમે તે

કોટીનો જીવ હોય, વિવાહિત હોય, કે અવિ-વાહિત તોપણ બ્રહ્મચર્ય પાળવું એ તારે માટે આવશ્યક છે. × × અને તેના ઉપર સહાનુભૂતિ દર્શાવતો હોય તોજ આ નિબંધ તું તારા હાથમાં લેજે." અવિવાહિત માટે તો આ બધું માની શકાય. પરંતુ વિવાહિત માટે બ્રહ્મચર્ય પાળવું આવશ્યક છે એ કેમ કલ્પી શકાય? અસ્તુ. આવા વર્ણન પછી લેખક નીચલી લીટીઓ લખે છેઃ—

"સાચવજો વીર્યતણા અખુટ દ્રવ્યને,
તેથી થાશે અનેરાં કંઇ લાભજો.
દિવ્યતા પ્રસરે તમ હૃદયના હારમાં,
માટે બ્રહ્મચર્ય વ્રતને નિત્યે પાળજો."

આવી લીટીઓ ટૉનીકપીલ્સની જાહેરાત માટે વધુ ઉપયોગી થઇ પડવા સંભવ છે.

ચોપડીના પાછલા ભાગમાં બ્રહ્મચર્ય વિષે મનુના વિચારો આપ્યા છે તેમા નિચે મૂજબ આપવામાં આવ્યું છેઃ—

C. પગમાં પગરખાં પહેરવા નહિં.
D. માથે છત્રી ઓઢવી નહિં.

મનુએ A. B. C. D. ટાંકી ઉદાહરણો આપ્યા હોય એમ અમે માનતા નથી. તેમજ આ જમાનામાં પગમાં પગરખાં પહેરવાં કે માથે છત્રી ઓઢવી તેનો નિષેધ પણ અમે સ્વિકારી શકતા નથી.

આપણો હાલનો સમય કેવો છે, દેશમાં ચાલતું પરિવર્તન થતું રહ્યુ છે. જ્યાં "Fittest should survive" "લાયક અને યોગ્ય જે વસ્તુ છે તેનો નિભાવ થઇ શકે" એવી વસ્તુ સ્થિતિ ચાલુ રહેલી દ્રષ્યમાન થાય છે, અને જે સમયમાં લોકોને શુરાતન આપવાની આવશ્યકતા છે, તેવા વખતમાં આવા બાયલા અને નમાલા નિબંધો અમને રૂચિકર નથી. અમે તેના મૂળતત્વ "બ્રહ્મચર્ય"થી વિરૂદ્ધ નથી. તેની અમે સંપુર્ણપણે યોગ્યતા સ્વિકારીયે છીએ પરંતુ તેના જે ગુણો છે તેટલાજ પુરતે અમે તેને માટે ટેકો આપીએ છીએ, અને નહિં કે તે માટે કલ્પેલી આંધળી શ્રધાને!

શ્રી વળા ઔદીચ્ય સહસ્ત્ર જ્ઞાતિહિત વર્ધક મંડળ, મુંબઇ.

સંવત ૧૯૭૨ નો વાર્ષિક અહવાલ.

જ્ઞાતિના હિતાર્થે આ મંડળની સ્થાપના રવામાં આવેલી જણાય છે. પરતું પુસ્તકાલય કયાપી નિબન્ધો લખાવવાની યોજના આ મંડળે સ્વીકારેલી જણાય છે. આ મંડળને એકંદરે વાર્ષિક રૂ. ૭૮૬ા૭ા મળ્યા છે જેમાં ૩૭૫ા૦ા લવાજમના છે. પરંતુ આશ્ચર્યની બીના એ છે કે રૂ ૪૯૦ા૦ા લવાજમ ખાતે હજુ ઉઘરાવવાના બાકી છે. એકંદરે રૂ. ૮૪ા૦ા નોજ ખર્ચ આ મંડળે કીધેલો હોવાથી આવી સ્થિતિ ચાલી શકતી હશે. નહિતો કે મંડળ કે દિવસનું બંધ થયું હોત. જ્ઞાતિહિત ધરાવનારા સભાસદોએ લવાજમ આપવામાં પ્રથમ હિંત દેખાડવું ઘટે છે.

અમારી દિલગીરી અને ખુશાલી.

પ્રથમમાં અમને લખતાં અતિશય દિલગીરી વ્યાપે છે કે આ માસિકમા આવતા વિષયો તરફ મિત્ર ભાવે સૂચના કરનારા, માસિકનાં પ્રાકટ્યમાં ઉત્સાહ લેનાર ગરવી ગુર્જર ગિરાને ઘણી રીતિએ ચાહાનાર અને અમારા પરમ મિત્ર રા. રા. રણછોડરામ વાવાભાઇ

મારમેઇડની રંગીન લાદીઓ સફાઇદાર અને મજબુત.

મહેતા બી. એ. પરમાત્માના ચરણ કમળમાં પોતાનાં શુભ કાર્યોનો હિસાબ આપવા અચાનક રીતે અકસ્માતિક ચાલી ગયા છે. ઊંચી કોટીના સાહિત્ય તરફ તેઓ રચ્યા મચ્યા હોવાથી, આ માસિક પ્રત્યે તેઓ લખાણો દ્વારા પ્રસિદ્ધ થયા નહોતા. તોપણ તેમાં આવતા ઘણા વિષયો તરફ તેઓની સહાનુભુતિ હતી. એટલુંજ નહિ પણ તેમને જે પૂછવામા આવતું હતું તેનો નિખાલસ રીતે જવાબ સુદ્ધાં આપી લેખકોને ખરે માર્ગે દોરવવાનું કાર્ય કરતા હતા. આ માસિકમાં પ્રકટ થયલા અર્થશાસ્ત્રના લેખોમા અમને તેમનો જે પ્રત્યક્ષ અનુભવ મળ્યો હતો તે ઉપરથી અમે આ લખીએ છીએ. 'નવજીવન અને સત્ય' માસિકના તેઓ એક જોડીયા તંત્રી હતા એમ કહીએ તો ખોટું નથી. તેઓ જો વધુ વખત જીવ્યા હોત તો ગુર્જર ગીરા કંઇક અવનવા અલંકારો ત્વરાએ પ્રાપ્ત કરી શકત. કારણ કે તેઓ ઘણી રીતિએ તેમા સુધારો કરવાનો હંમેશ વિચાર કરતા રહેતા હતા. પરંતુ ગરીબ ગુજરાતી ભાષાનાં અભાગ્યે હાલ તુરત તો આ ચળકતો તારો ખરી પડયો છે. જેવી ઇશ્વરેચ્છા.

આ સંસ્થા જ્યારથી જન્મ પામી છે, ત્યારથી તેની સાથે નિકટ સંબંધમા આવવા પછી, સંસ્થાની કારોબારી મંડળીને અને તેનાં પ્રમૂખસ્થાને શોભા આપનાર આપણા શેહેરના જાણીતા શેહેરી દીનશાહ વાચ્છાને નામદાર સરકારે 'નાઇટ બેચેલર' નો ઇલકાબ આપ્યો છે તેની નોંધ લેતાં અમને ખુશાલી ઉપજે છે. વ્યાપારી વિષયના કલેવર અને આંકડાશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી તરીકે પંકાયલી મી. વાચ્છાની લાંબી જનસેવાની જે કદર કરવામાં આવી છે, અને તે દ્વારા જે ગૃહસ્થ અત્યાર સુધી મી० વાચ્છાને નામે મશહુર થયા હતા, તે હવેથી સર દિનશાહને નામે ઓળખાવા લાગ્યા છે, તે તરફ અમે અમારી સંતોષની અને ખુશાલીની લાગણી જાહેર કરીએ છીએ

વડોદરા કેળવણી ખાતાંએ મંજુર કીધેલું પુસ્તક

આ માસિકમાં આવી ગયેલા "અર્થશાસ્ત્રના સિદ્ધાંતો" નું પુસ્તક જે રા. બારભાયાએ પ્રકટ કર્યું છે, તેને નામદાર વડોદરાની સરકારના કેળવણી ખાતાંએ લાયબ્રેરી માટે મંજુર કરી કેટલીક નકલો ખરીદી ઉત્તેજન આપ્યું છે જે જણાવતાં અમને ખુશાલી ઉપજે છે. બીજાં કેળવણી ખાતાં પણ તેનો એવો આદરસત્કાર કરશે એવી આશા રહે છે. આ પુસ્તકનો બીજો ભાગ થોડા વખતમા પ્રકટ થનાર છે.

ધી બોમ્બે ટાઇલ્સ માટ ૨૧ બેંક ઓટ ફ્રેટ મુંબઇ.

Motilal Moolchund & Co



Marble Merchants & Contra...

Engravers and Sculptors.

15, BANK STREET FORT BOMBAY.

Largest Importers
of
Marble Tiles and slabs Fountains, figures, Vases, white glazed and other tiles.

Also Portland Cement, etc.

"ઇનકમટેક્ષ."

ઇનકમટેક્ષને લગતાં કોઇ પણ પ્રકારનાં કામની સમજ મેળવવી હોય તો મળો અથવા લખો-બી એલ થોસર, બોમ્બે કોમરશીયલ કોલેજ, ૪૧. કાલબાદેવી રોડ મુંબઇ
ચોપડાઓમાંથી આવકવેરા માટે હીસાબના પત્રકો તૈયાર કરી આપીએ છીએ

બી એલ. થોસર.
એફ એલ એ એ. (લંડન)
સરટીફાઇડ એકાઉન્ટન્ટ એન્ડ પબ્લીક ઓડીટર

પોરબંદર પોરટલેંડ સીમેંટ

"ગણપતી" છાપ

THE INDIAN CEMENT COMPANY LIMITED * BOMBAY *

હમારો સીમેંટ હીંદુસ્તાનમાં આયાત થતા સારામાં સારી સીમેંટની બરોબરી કરે છે, અને જાણીતા ખાતાઓમાં વપરાય છે. એનું પેકીંગ એક એક હંડરવેટના મજબુત કોથળાઓમાં આવે છે, જેથી પીપ કરતા ઘણીજ સહેલાઈથી ઉંચકી શકાય છે

વધુ વિગત તથા ભાવ માટે લખો.

થી ઇન્ડીયન સીમેંટ કું૦ લી૦

તાતા સન્સ એન્ડ કું૦
એજન્ટસ,
નવસારી બીલ્ડીંગ કોટ, મુંબઈ

એ વ્હેપારીઓ બજારના વ્હેણુ સાથે ઘસડાયાંજ કરે છે એમ કહીએ તો ચાલે. દાખલા તરીકે આ વ્હેપારીઓ કોઇ પણ ચીજ બજારમાં વધુ પ્રમાણમાં સ્ટૉક થઇ ગએલી જુએ છે ત્યારે અનેક પ્રકારે તેનો લાભ લે છે.

આ વ્હેપારીઓ જ્યારે કોઇ અમુક ચીજના ભાવ ચઢી ગએલા જુએ છે ત્યારે તે ચીજ માટે લાંબો વિચાર કર્યા વગર એકદમ ઑર્ડર નોધાવે છે. એ ચીજ તેઓ વેચવાને સમર્થ છે કે કેમ અથવા આગળ ઉપર એવાજ ભાવ રહેશે કે કેમ તેનો વિચાર તેઓ કરતાજ નથી. જ્યારે આ ઑર્ડરો પ્રમાણે જે માલ આવી પહોંચે છે ત્યારે માલ મોડો આવવા માટે અથવા એવાજ કાંઇ બીજાં બહાનાં કાઢી એ ચીજ મોકલનાર કારખાનાવાળાઓ સ્હામે દાવો બાંધે છે અને ઓછે ભાવે એ માલ આપી દેવા માટે માલ મોકલનારને ફરજ પાડવાનો પ્રયત્ન કરે છે. ઑર્ડરો જે ભાવે નોંધાવેલા હોય તે ભાવથી ઓછે ભાવે માલ આપવાની જો તેઓને ના પાડવામાં આવે છે તો તેઓ એ માલ મુદલજ લેવાની ના પાડે છે અને આથી માલ મોકલનારને ઓછે વતે ગમે તે રીતે માલ આપી દેવાની ફરજ પડે છે.

આવી રીતના અપ્રમાણિક ધંધાથી કેટલા એક હીંદી વ્હેપારીઓ નફો મેળવવાનો પ્રયત્ન કરે છે.

કોઇ કોઇ વખત બીજો કાંઇ ઇલાજ તેઓનો ચાલતો નથી ત્યારે ચેક અથવા હુંડી સ્વીકારતા નથી અને આથી માલ મોકલનાર વ્હેપારીઓ ઘણી મુશ્કેલીમા આવી પડે છે.

માલ હલકો હોય અથવા માલ મોકલનારનો બીજો કાઇ વાંક હોય છતાં આવી રીતે હુંડીનો અસ્વીકાર કરવો એ હીંદુસ્તાનના વ્હેપારીઓ માટે ઘણુ શરમ ભરેલું છે.

બીજા દેશો, જ્યા વ્હેપારી નીતિનું ધોરણ ઉંચું છે ત્યાં માલ મોકલનારની અને માલ મંગાવનારની જવાબદારી કેટલે અંશે છે તે ચોક્કસ નક્કી કરવામાં આવેલું હોય છે પણ હીંદુસ્તાનમાં તો વ્હેપારીઓ એમજ સ્હમજે છે કે એમને પોતાને લાભ થાય તેટલા માટે અને માલના હલકાપણા માટે અથવા એ મોકવામાં કદાચ ઢીલ થએલી હોય તો તેના બદલો લેવા માટે આ રીતે હુંડીનો અસ્વીકાર અથવા માલ ન લેવા માટે દાવો નોધાવવો એજ રીત બરોબર છે. વ્હેપારી નીતિનું ધોરણ હીંદુસ્તાનમાં આવું છે."

આ લેખનો જવાબ આપતાં રા. રા. વી. પી. લાલન જેઓ ઉપર જણાવ્યા પ્રમાણે જાપાનમાં મ્હોટો વ્હેપાર કરે છે, તેઓ નીચે પ્રમાણે એજ જાપાની વર્તમાનપત્રમાં તા. ૧૦ મી એપ્રિલ ૧૯૧૭ ને દીવસે એક લેખ લખી જણાવે છે:—

"મ્હેં જાપાન ક્રૉનીકલમાં તા. ૩ જી એપ્રિલે પ્રસિદ્ધ થએલો લેખ વાંચ્યો છે. અને એ આપણા જાપાનીઝ મીત્રે જે ટીકાઓ હીંદ-જાપાનના વ્યાપાર વિશે કરી છે તે ટીકાઓનો જવાબ આપવાનો હું પ્રયત્ન કરીશ.

એ જાપાનીઝ ગૃહસ્થને હીંદ-જાપાનના વ્હેપાર વિશે ઘણો બહોળો અનુભવ છે એમ તેઓ જણાવે છે પણ એઓએ કાંઇ દર્ષ્ટાંત ટાંકયા નથી તેમજ જે માસીકમાંથી એઓએ ઉતારો કરેલો છે તે માસીકનું નામ અથવા જે બહોળો અનુભવ ધરાવનાર ગૃહસ્થે એ લેખ એ માસીકમા લખ્યો છે તે ગૃહસ્થનું નામ પોતાના લેખમા આપ્યું નથી.

વ્હેપાર સંબંધી વ્યાજબી વિવાદથી પરસ્પર વ્હેપાર ખીલવવામા ઘણી સરળતા થાય છે અને વ્હેપાર કરનારા દેશોમા મિત્રભાવ વધે છે એ વાત ખરી છે પરંતુ ઘણીવાર આ જાતનો વાદવિવાદ જુદા જુદા આશયોથી કરવામાં આવે છે તેથી કોઇ વાર વિખવાદ વધે છે

પેની જેટલો થયો. વળી ૧૯૧૬ ના જુલાઈમાં ૨૮-૫-૮ પેનીનો ભાવ થઈ ગયો પણ પાછળથી તેજ વર્ષમાં ૩૭ પેની જેટલો ભાવ થયો. પછી બજાર શાન્ત રહ્યું અને પછી ધીમે ધીમે તે ભાવ ૩૮ પેની થયો. ૧૮૯૨ ના વર્ષથી આ ભાવ કદી પણ જોવામાં આવ્યો નથી.

છેલ્લાં કેટલાંક વર્ષો થયા દુનિયામાં ખપતના જેટલીજ રૂપાંની પેદાશ થતી આવી છે. જર્મનીમાં નાણા સમ્બન્ધી 'ડીમોનેટીઝેશન' થવાથી અને ૧૮૭૬ માં તે રૂઢી અમલમાં મૂકાવાથી, હિન્દુસ્તાનમાં ટંકશાળો ૧૮૯૩ માં બન્ધ થવાથી અને ઓન્ટારીયો-કોબાલ્ટમાં જથ્થાબન્ધ રૂપું મળી આવવાથી કિંમતમાં મંદી થતી ગઈ હતી લ્હડાઇના છેલ્લા બે વર્ષમાં વસ્તુસ્થિતિમાં ઘણોજ ફેરફાર થઇ ગયો છે. મેક્સીકોની રૂપાંની પેદાશમાં ઘટાડો થઇ ગયો તે ઉપરાન્ત ૧૯૧૬ ના મે માસમાં મેક્સીકોએ રૂપાંની નિકાશજ અટકાવી દીધી. આજ પ્રમાણે પેદાશમાં ઘટાડો કેનેડા તથા યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકામાં પણ જોવામાં આવ્યો.

અત્રે એટલું કહેવું જોઇએ કે કોબાલ્ટમાં તેમજ યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાના અમૂક ભાગના સિવાય બીજા પ્રદેશોમાં રૂપાનેજ માટે ખાણો ચલાવવામાં આવતી નથી. દુનિયાની પેદાશનો મ્હોટો રૂપાંનો ભાગ ત્રાંબા અને સીસાંની ખાણોમાંથી નીકળે છે તેમજ બીજી બધી ધાતુઓની ખાણોમાં પણ તે જોવામાં આવે છે ૧૯૧૫-૧૬ ની રૂપાંની પેદાશના આંકડાને માટે હમે આ બધી બાબતો ધ્યાનમાં લીધી છે. બીજી બધી ધાતુઓને માટેની માગણી બહુ થવાથી ત્હેમની પેદાશમાં પણ ઘણો વધારો થઇ ગયો. જેમ જેમ તે બધી ધાતુઓનું મૂલ્ય વધવા માંડ્યું તેમ તેમ ત્હેમની પેદાશમાં પણ વધારો થતો ગયો. એ ઉપરથી એમ જણાય કે રૂપું કે જે એજ ખાણોમાંથી નીકળે છે ત્હેની પેદાશ પણ વધી ગઈ હશેજ. પણ જરા બારીકાઇથી જોવાથી જણાશે કે બીજી બધી ધાતુઓની કિંમત એટલી બધી લ્હડાઇને લીધે વધી ગઇ છે કે કમ્પનીઓએ રૂપાંની પેદાશને ભોગે પણ બીજી ધાતુજ કહાડવા પાછળ પોતાનું લક્ષ દોડાવ્યું.

લ્હડાઇને લીધે ઉપસ્થિત થયેલ વસ્તુસ્થિતિને લઇને રૂપાંની પેદાશમાં થયેલ વધારો અદૃશ્ય થઇ ગયો. હિન્દસ્થાનના માફક રૂપાંને પણ સંગ્રહ કરવામાં આવ્યું. હિન્દુસ્થાનના સંગ્રહ ઉપરાન્ત, અન્ય વ્હેપારીઓએ પણ રૂપાંનો સંગ્રહ કર્યો. ઘણી કમ્પનીઓએ યુરોપથી માલ થોડો મંગાવ્યો પણ હિન્દુસ્થાનમાં બનતો માલ બહુ મોંઘી કિંમતે બ્હાર મોકલાવ્યો.

ચીન બહુ વસ્તીવાળો દેશ છે અને પોતાનો વ્હેપાર ઘણે ભાગે રૂપાંના સંગ્રહથીજ કરે છે. જેમ ઇંગ્લન્ડમાં બેંક ઑફ ઇંગ્લન્ડમાં રાખેલ સોનું ગરજ સારે છે તેજ પ્રમાણે ચીનમાં રૂપું ગરજ સારે છે. ૧૯૧૬ ની શરૂઆતમાં ચીન પાસે લગભગ ૬૨ મીલીઅન આંસ રૂપું હતું. ત્હેની કિંમતમાં વધારો થવાથી ત્હેણે કું જેટલું રૂપું કહાડી નાખ્યું અને હવે પછી પાછું સંગ્રહ કરવાનું કાર્ય ત્હેણે શરૂ કરી દીધું છે. હિન્દુસ્થાનમાં રૂપાંની બહુજ ખપત છે અને તેથી કરીને ટ્રીઝરી (સરકારી) ના સંગ્રહમાં ઘણો ઘટાડો થઇ ગયો. હિન્દુસ્થાનમાં રૂપાંની ખપત ઘણીજ છે એ વાત કોઇથી અજાણી નથી. પણ લડાઇ થતાં તે ખપત ઘણીજ વધી ગઇ છે, હિન્દુસ્થાનમાં પોતાનામાંજ ખપતાં રૂપાંના ઉપરાન્ત લશ્કરને માટે પરદેશ પણ રૂપાંની ખપત જાગી છે. ઇજીપ્તમાં ૧ શિલિંગ અને ૪ પેની બદલ એક રૂપીઓ ગણી શકવામાં આવ્યો છે અને તેજ પ્રમાણે ઇસ્ટ આફ્રિકામાં પણ બન્યું છે.

ઉંચી પોલીશ કરેલા ટેબલ ટોપ ખરીદ કરવા ક્યાં જશો ?

બધાં મિત્રરાજ્યોમાં ન્હાના ન્હાના ચલણી સિક્કાઓને માટે રૂપાનો જબરો ઉઠાવ થતો ગયો અને ટંકશાળોમાં કામનો બોજો ઘણો વધી ગયો. જરમનીમા રૂપાની અછત પડવાથી ત્હેને બદલે લ્હોઢાના ટુકડા પણ વપરાવા માંડયા છે યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકામા તો સિક્કા સિવાય બીજી રીતે પણ રૂપાંની માગણી વધી ગઇ અને ત્હેને લીધે મ્હોટો જથ્થો ખપી ગયો અને લાખો રૂપૈયાનો ફાયદો તે દેશ કરવા શકિતવાન થયો

આ લ્હડાઇને લીધે ઑસ્ટ્રેલિયાની અને મુખ્યત્વે કરીને ન્યુ સાઉથ વેલ્સની સ્થિતિમા ઘણો ફેર પડી ગયો છે જે એક શુભ ચિહ્ન છે. એથી જર્મનીની અસર નીચે આવતાં ઑસ્ટ્રેલિયા બચ્યું છે. લડાઇ પહેલા આસ્ટ્રેલિયા પોતાની રૂપાંની પેદાશનો ઘણોજ થોડો ભાગ ગાળતું હતું અને ઇગ્લંડે ત્હેને તે દિશામા મદદ કરવાને બહુ પ્રયાસ કર્યોજ ન્હોતો ખાણમાથી નીકળતી ધાતુઓ પરભારી જર્મની તથા બીજા દેશોમા મોકલાવી દેવામા આવતી હતી અને તેથી કરીને ઓસ્ટ્રેલિયામાંથી નીકળતું રૂપું જર્મની તથા બીજા દેશોની ઉપજ તરીકે ગણાતું હતું. ૧૯૧૫-૧૬માં ઓસ્ટ્રેલિયામાંની ખાણોમાંથી નીકળેલી ધાતુઓનો મ્હોટો ભાગ યુનાઇટેડ સ્ટેટસ ઑફ અમેરિકા તથા જાપાનમાં મોકલવામાં આવ્યો; તેમજ ત્યાંને ત્યાં પણ ઘણો સારો જથ્થો ગાળવામા આવ્યો. હજી લ્હડાઇ પછી પણ ઑસ્ટ્રેલિયામાં રૂપું ઘણા મોટા જથ્થામાં ગાળવામાં આવશે એ ચોક્કસ છે, અને બ્રોકન હીલ ફીલ્ડમાં ઉપજતી ધાતુઓ ત્યાંને ત્યાંજ ગાળવા માટે જરૂર કાંઇ પગલાઓ લેવામા આવશે.

હમે જે રૂપાંના આંકડાઓ આપેલા છે તે આ બધા પ્રશ્નો ધ્યાનમાં રાખીનેજ આપ્યા છે પણ તેમ છતાં પણ હમને એ વિશે સન્દેહ તો છેજ, કારણ કે આ લ્હડાઇથી ગમે તેવી ધારણાઓ અને અટકળો ખોટી પડી ગઇ છે. તેમ છતા એટલું તો ખરૂં કે કોઇ પણ સારો અભ્યાસી આ આકડાઓ જોઇને પોતાના જ્ઞાન અને બાતમીથી તે સ્હેલાઇથી ખરા આકડાઓ વિશે ધ્યાન પહોંચાડી શકશે

જૂદા જૂદા દેશોમાંની રૂપાંની પેદાશ.

	૧૯૧૬.	૧૯૧૫.	૧૯૧૪.
યુનાઇટેડ સ્ટેટસ	૭,૨૮,૮૦,૦૦૦	૭,૪૯,૦૦,૦૦	૭,૨૪,૫૫,૦૦૦
કેનેડા	૨,૫૦,૦૦,૦૦૦	૨,૬૦,૦૦,૦૦૦	૨,૭૩,૦૦,૦૦૦
મેકસીકો	૪,૦૦,૦૦,૦૦૦	૬,૦૦,૦૦,૦૦૦	૭,૦૭,૦૦,૦૦૦
ઑસ્ટ્રેલિયા	૯૦,૦૦,૦૦૦	૬૦,૦૦,૦૦૦	૫૫,૦૦,૦૦૦
યુરોપ...	૪૦,૦૦,૦૦૦	૪૦,૦૦,૦૦૦	૧,૬૦,૦૦,૦૦૦
એશિયા અને જાપાન	૬૫,૦૦,૦૦૦	૫૦,૦૦,૦૦૦	૫૩,૦૦,૦૦૦
આફ્રિકા	૧૦,૦૦,૦૦૦	૧૦,૦૦,૦૦૦	૧૦,૦૦,૦૦૦
દક્ષિણ અને મધ્ય અમેરિકા ...	૧,૯૦,૦૦,૦૦૦	૧,૭૦,૦૦,૦૦૦	૧,૫૩,૦૦,૦૦૦
	૧૭,૭૩,૮૦,૦૦૦	૧૯,૩૯,૦૦,૦૦૦	૨૧,૩૬,૫૫,૦૦૦

ધી બોમ્બે ટાઇલ માર્ટ ૨૧ બેંક સ્ટ્રીટ ફોર્ટ મુંબઇ.

તે સિવાય નીચે ઑસ્ટ્રેલિયાના ન્યુ સાઉથ વેલ્સની ખાણોમાંથી રૂપાંની ઉપજ કેટલી થઇ ત્હેના આકડા આપ્યા છે.

	ઑસ્ટ્રેલિયામાંજ કહાડેલું. ઔંસ.	મિશ્ર નીકળેલું અને બ્હાર મોકલાવેલ. ઔંસ.	કુલ્લે પેદાશ. ઔંસ.
૧૯૦૦	૬,૩૭,૪૭,૪૪૬	૯,૩૪,૮૬,૨૩૪	૧૫,૭૨,૩૩,૬૮૦
૧૯૦૧	૬૨,૯૩,૬૧૯	૫૫,૨૭.૯૭૮	૧,૧૮,૨૧,૫૯૭
૧૯૦૨	૬૪,૧૬,૬૫૦	૩૯,૦૯,૧૧૦	૧,૦૩,૨૫,૭૬૦
૧૯૦૩	૬૪,૮૯,૬૮૯	૧૭,૩૬,૫૧૨	૮૨,૨૬,૨૦૧
૧૯૦૪	૭૭,૫૧,૬૬૭	૨૯,૪૫,૦૫૮	૧,૦૬,૯૬,૭૨૫
૧૯૦૫	૬૦,૦૪,૯૩૪	૩૪,૮૦,૫૬૧	૧,૦૨,૮૫,૪૯૫
૧૯૦૬	૫૫,૭૫,૪૧૦	૩૧,૧૧,૦૧૩	૮૬,૮૬,૪૨૩
૧૯૦૭	૫૯,૨૧,૪૫૭	૬૨,૨૮,૨૨૫	૧,૨૧,૪૯,૬૮૨
૧૯૦૮	૬૪,૮૪,૮૮૮	૫૪,૯૯,૩૮૧	૧,૧૯,૮૩,૬૬૯
૧૯૦૯	૩૭,૧૭,૦૧૬	૬૮,૬૭,૭૭૫	૧,૦૫,૮૪,૭૯૧
૧૯૧૦	૫૧,૯૬,૩૨૩	૭૬,૦૮,૩૩૬	૧,૨૮,૦૪,૬૫૯
૧૯૧૧	૫૭,૩૧,૪૬૮	૮૭,૯૭,૬૫૯	૧,૪૫,૨૯,૧૪૫
૧૯૧૨	૫૨,૨૦,૫૩૮	૮૨,૯૩,૭૧૧	૧,૩૫,૧૪,૨૪૯
૧૯૧૩	૫૯,૦૮,૬૩૮	૮૫,૯૬,૨૫૧	૧,૪૫,૦૪,૮૮૯
૧૯૧૪	૫૪,૮૧,૨૮૬	૭૮,૭૯,૨૪૦	૧,૩૩,૬૦,૫૨૬
૧૯૧૫	૩૦,૮૧,૯૫૨	૫૨,૨૨,૯૨૭	૮૩,૦૪,૮૭૯
	૧૪,૯૮,૨૨,૩૮૧	૧૭,૯૧,૯૦,૭૮૯	૩૧,૧૦,૧૨,૩૭૦

૧૯૧૬ ના સરકારી આકડા હમે આપી શકતા નથી પણ ધારીએ છીએ કે ૧૯૧૫ ના વર્ષ સરખામણીમાં ૧૯૧૬ માં ઘણો વધારો થઇ ગયો હશે.

નીચે બીજા કેટલાક આંકડાઓ આપ્યા છે જે ઉપરથી અભ્યાસીને ઘણું જાણવાનું મળશે.

રૂપાંની પેદાશ:—(૧૦,૦૦,૦૦૦ ઔંસના આંકડામાં)

વર્ષ.	યુનાઇટેડ સ્ટેટ્સ.	મેક્સીકો	કેનેડા.	બીજા દેશો.	કુલ્લે.
૧૮૬૧–૬૫	સરેરાશ	૫·૮	૧૫·૨	૧૪·૪	૩૫·૪
૧૮૬૬–૭૦	,,	૯·૮	૧૬·૭	૧૬ ૫	૪૩ ૦
૧૮૭૧		૧૭·૮	૧૯·૬	૨૫·૯	૬૩·૩
૧૮૭૨		૨૨·૨	૧૯·૬	૨૧·૫	૬૩·૩
૧૮૭૩		૨૭·૬	૧૯·૬	૧૬·૧	૬૩·૩
૧૮૭૪		૨૮·૯	૧૯·૬	૧૭·૮	૫૫·૩

મારસેલ્સની રંગીન લાદીઓ સફાઇદાર અને મજબુત.

રૂપાંની પેદાશ:—(૧૦,૦૦,૦૦૦ આંસના આંકડામાં).

વર્ષ.	યુનાઇટેડ સ્ટેટસ.	મેક્સીકો.	કેનેડા.	બીજા દેશો.	કુલે.
૧૮૭૫	૨૪'૫	૧૯'૬		૧૮ ૨	૬૨'૩
૧૮૭૬	૩૦'૯	૧૭ ૬	(૧૯૦૦ ની સાલ પહેલાં આ દેશને મેહું ગણવામાં આવતો નહતો.)	૨૦'૧	૬૭'૭
૧૮૭૭	૩૦'૦	૧૯'૨		૧૩'૭	૬૨'૭
૧૮૭૮	૩૫'૦	૨૦'૧		૧૮'૩	૭૩'૪
૧૮૭૯	૩૧'૫	૨૦'૩		૨૨ ૬	૭૪'૪
૧૮૮૦	૩૦'૩	૨૧'૨		૨૩'૩	૭૪'૮
૧૮૮૧	૩૩'૩	૨૩'૭		૨૨'૦	૭૯'૦
૧૮૮૨	૩૬'૨	૨૩'૮		૨૬ ૫	૮૬'૫
૧૮૮૩	૩૫'૭	૨૪'૦		૨૯'૫	૮૯'૨
૧૮૮૪	૩૭'૭	૨૫'૭		૧૮'૨	૮૧'૬
૧૮૮૫	૩૯'૯	૨૬'૯		૨૪'૮	૯૧'૬
૧૮૮૬	૩૯'૭	૨૭'૬		૨૬'૦	૯૩'૩
૧૮૮૭	૪૧ ૭	૨૮ ૦		૨૭'૦	૯૬'૭
૧૮૮૮	૪૫'૮	૨૮ ૩		૩૩'૯	૧૦૮'૮
૧૮૮૯	૫૦'૧	૩૩'૦		૩૭ ૧	૧૨૦'૨
૧૮૯૦	૪૫'૫	૩૩'૬		૩૮'૦	૧૨૬'૧
૧૮૯૧	૫૮'૩	૩૫ ૭		૪૩'૨	૧૩૭ ૨
૧૮૯૨	૬૩'૫	૩૯ ૫		૫૦ ૬	૧૫૩'૧
૧૮૯૩	૬૦'૦	૪૪ ૪		૬૧'૧	૧૬૫'૫
૧૮૯૪	૪૯'૫	૪૭'૦		૬૮ ૧	૧૬૪'૬
૧૮૯૫	૫૫'૭	૪૭ ૦		૬૫'૮	૧૬૭૫
૧૮૯૬	૫૮'૮	૪૫'૭		૪૩'૬	૧૫૭'૧
૧૮૯૭	૫૩ ૯	૫૩'૯		૫૨'૬	૧૬૦'૪
૧૮૯૮	૫૪'૪	૫૬ ૭		૫૭'૯	૧૬૯'૦
૧૮૯૯	૫૪'૮	૫૫ ૬		૫૭'૯	૧૬૮'૩
૧૯૦૦	૫૭ ૬	૫૭ ૪	૪'૦	૫૪'૬	૧૭૩ ૬
૧૯૦૧	૫૫'૨	૫૭ ૬	૫'૨	૫૫'૦	૧૭૩ ૦
૧૯૦૨	૫૫ ૫	૬૦'૨	૪'૩	૪૬ ૮	૧૬૨'૮
૧૯૦૩	૫૪'૩	૭૦ ૫	૪'૦	૪૮'૯	૧૬૭ ૭
૧૯૦૪	૫૭ ૭	૬૦ ૮	૩'૬	૫૨'૨	૧૬૪'૩
૧૯૦૫	૫૬'૧	૫૬'૬	૫'૯	૩૮ ૭	૧૫૭'૩
૧૯૦૬	૫૬'૫	૫૫'૦	૮ ૫	૪૫'૦	૧૬૫ ૦
૧૯૦૭	૫૬'૫	૬૧ ૧	૧૨'૮	૫૩ ૮	૧૮૪'૨
૧૯૦૮	૫૨'૪	૭૩'૬	૨૨'૧	૫૫ ૧	૨૦૩'૨
૧૯૦૯	૫૪ ૭	૭૩'૯	૨૭ ૮	૫૫ ૭	૨૧૨ ૧
૧૯૧૦	૫૭ ૧	૭૧'૪	૩૨'૦	૬૧ ૪	૨૨૨'૯
૧૯૧૧	૬૦'૪	૭૯'૦	૩૨ ૭	૫૪ ૧	૨૨૬'૨
૧૯૧૨	૬૩ ૭	૭૪'૬	૩૧'૬	૫૪'૪	૨૨૪'૩
૧૯૧૩	૬૬ ૮	૭૦ ૭	૩૧'૮	૪૫ ૨	૨૨૪ ૫
૧૯૧૪	૭૨'૪	૭૦'૦	૨૭'૩	૪૩.૯	૨૧૩'૬
૧૯૧૫	૭૪ ૯	૬૦'૦	૨૬'૦	૩૩'૦	૧૯૩'૯
૧૯૧૬	૭૨'૯	૪૦'૦	૨૫'૦	૩૯'૫	૧૭૭'૪

લન્ડનમાં બાર સીલ્વરની વાર્ષિક સૌથી નીચી તથા સૌથી ઉંચી તેમજ સરેરાશ કિંમતનો કોઠો. (આંસ દીઠ પેનીમાં)

વર્ષ.	માસ.	સૌથી ઉંચી કિંમત.	માસ.	સૌથી નીચી કિંમત.	વાર્ષિક સરેરાશ.
૧૮૭૨	ફેબ્રુઆરી	૬૧ ૧/૮	નવેમ્બર.	૫૯ ૧/૪	૬૦ ૫/૧૬
૧૮૭૩	જાન્યુઆરી.	૬૦	”	૫૭ ૭/૮	૫૯ ૧/૪

(જરમનીએ ૧૮૭૬ માં રૂપાંનું ડીમોનેટીઝેશન અમલમાં મૂક્યું.)

વર્ષ.	માસ.	સૌથી ઉંચી કિંમત.	માસ.	સૌથી નીચી કિંમત.	વાર્ષિક સરેરાશ.
૧૮૭૪	જાન્યુઆરી.	૫૯ ૧/૨	ડીસેમ્બર.	૫૭ ૧/૪	૫૮ ૫/૧૬
૧૮૭૫	”	૫૭ ૫/૮	જૂન.	૫૫ ૧/૨	૫૬ ૭/૮
૧૮૭૬	ડીસેમ્બર.	૫૮ ૧/૨	જૂલાઇ.	૪૬ ૩/૪	૫૨ ૩/૪
૧૮૭૭	જાન્યુઆરી.	૫૮ ૧/૪	માર્ચ.	૫૩ ૧/૪	૫૪ ૧૩/૧૬
૧૮૭૮	ફેબ્રુઆરી.	૫૫ ૧/૪	ડીસેમ્બર.	૪૯ ૧/૨	૫૨ ૯/૧૬
૧૮૭૯	નવેમ્બર.	૫૩ ૩/૪	માર્ચ.	૪૮ ૭/૮	૫૧ ૧/૪
૧૮૮૦	જુલાઇ.	૫૨ ૭/૮	નવેમ્બર.	૫૧ ૫/૮	૫૨ ૧/૪
૧૮૮૧	માર્ચ.	૫૨ ૭/૮	જુલાઇ.	૫૦ ૭/૮	૫૧ ૧૧/૧૬
૧૮૮૨	મે.	૫૨ ૧/૨	ડીસેમ્બર.	૫૦	૫૧ ૫/૮
૧૮૮૩	માર્ચ.	૫૧ ૧/૪	જાન્યુઆરી.	૫૦	૫૦ ૯/૧૬
૧૮૮૪	જાન્યુઆરી.	૫૧ ૩/૮	ડીસેમ્બર.	૪૯ ૧/૨	૫૦ ૫/૮
૧૮૮૫	”	૫૦	”	૪૬ ૭/૮	૪૮ ૫/૮
૧૮૮૬	”	૪૭	”	૪૨ ૩/૮	૪૫ ૩/૮
૧૮૮૭	”	૪૭ ૧/૮	એપ્રિલ.	૪૩ ૧/૪	૪૪ ૫/૮
૧૮૮૮	”	૪૪ ૧/૮	મે.	૪૧ ૫/૮	૪૨ ૭/૮
૧૮૮૯	ડીસેમ્બર.	૪૪ ૩/૮	”	૪૧	૪૨ ૧૧/૧૬
૧૮૯૦	સપ્ટેમ્બર.	૫૪ ૫/૮	ફેબ્રુઆરી.	૪૩ ૫/૮	૪૭ ૧૧/૧૬
૧૮૯૧	જાન્યુઆરી.	૪૮ ૩/૪	નવેમ્બર.	૪૩ ૧/૨	૪૫ ૧/૧૬
૧૮૯૨	”	૪૩ ૩/૪	ઓગષ્ટ.	૩૭ ૭/૮	૩૯ ૧૩/૧૬
૧૮૯૩	”	૩૮ ૩/૪	જુન.	૩૦ ૧/૨	૩૫ ૫/૮

(૧૮૯૩ માં હિન્દુસ્થાનમાં ટંકશાળો બન્ધ થઇ).

વર્ષ.	માસ.	સૌથી ઉંચી કિંમત.	માસ.	સૌથી નીચી કિંમત.	વાર્ષિક સરેરાશ.
૧૮૯૪	જાન્યુઆરી.	૩૧ ૩/૪	ડીસેમ્બર.	૨૭ ૧/૪	૨૮ ૧૫/૧૬
૧૮૯૫	ઑક્ટોબર.	૩૧ ૩/૮	જાન્યુઆરી.	૨૭ ૩/૮	૨૯ ૭/૮
૧૮૯૬	જુન.	૩૧ ૧૫/૧૬	નવેમ્બર	૨૯ ૩/૪	૩૦ ૩/૪
૧૮૯૭	જાન્યુઆરી.	૨૯ ૧૩/૧૬	ઑગષ્ટ.	૨૩ ૩/૪	૨૭ ૯/૧૬
૧૮૯૮	સપ્ટેમ્બર.	૨૮ ૫/૧૬	માર્ચ.	૨૫	૨૬ ૧૫/૧૬
૧૮૯૯	એપ્રિલ.	૨૮ ૭/૮	ઑક્ટોબર	૨૬ ૫/૮	૨૭ ૭/૧૬
૧૯૦૦	ઑક્ટોબર.	૩૦ ૫/૧૬	જાન્યુઆરી.	૨૭	૨૮ ૧/૪

મેટેલીક શીલીંગની સારી ડીઝાઇન ગમશે કે ?

ડા૦ ભાઉ દાજીનો
એશિયાટિક બામ

લૉર્ડ કીચનરના ઉત્તમ શબ્દો.

"પૂર્ણ તૈયારી કરો સર્વ ખાતામા સર્વ વહિવટમા કરકસર કરો" આ ઉત્તમ શબ્દો, આ શત્રુને ત્રાસકારક ગર્જના તે મહારથી-મહા-પુરૂષ-સેનાપતિ લૉર્ડ કિચનરના મુખમાથી તા ૪ થી આગસ્ટ સન ૧૯૧૪ ના રોજ જ્યારે પ્રકરતા અને ઝટપટ નીકળ્યા તે સર્વ લોકોએ સ્વિકાર્યા તેજ પ્રમાણે પોતાના તથા પોતાના વહાલાઓની જીંદગી સુખી કરવા માટે આવેલુ દુઃખ દૂર કરવા કરકસર કરીને પૂર્ણ તૈયારી કરી રાખવી એ હમેશા સારૂ છે આપણા જગપ્રસિદ્ધ ડાક્ટર ભાઉ દાજીની અનુભવથી સિદ્ધ થએલી દૈવી અસરકારક દવા એશીઆટિક બામ પાસે રાખવાથી દુઃખ દૂર કરી શકાશે

વાયુ શર્દી, ઘા ડંખ વગેરેથી ઉત્પન્ન થતા અનેક રોગોપર આ અચૂક રામબાણ દવા છે ખરીદતી વખતે પેકીંગ પર આમલા છાપ રજીસ્ટર્ડની સીલ તથા આગળ બાજુપર ડા ભાઉ દાજીના ફોટાવાળુ એશિયાટિક બામ તપાસીને લેજો આ દવા બે સાઇઝમા સર્વ ઠેકાણે વેચાતી મળે છે

તાબડતોબ આજને આજ મગાવો,

વનૌષધી સાર્સાપરેલા.

આ સાર્સાપરેલા સેવન કર્યાથી ઉપદંશજન્ય, ગરમીના રોગો તથા રસાયણી સેવન કરવાથી શરીર ઉપર થનારા ભયંકર વીકારો (લોહીનુ બગડી જવુ) તથા ધાતુના વીકારોને નાબુદ કરીને લોહીને સુધારે છે અને ચામડી ઉપર થતા અનેક પ્રકારના રોગોને મટાડે છે

વળી આ સાર્સાપરીલા ગમે તે માણસે લીધો હોય તો લોહીનો સુધારો કરીને કૌવત આપે છે તથા સ્મરણશક્તિ વધારે છે બાટલી એકની કીમત રૂા ૧।

મહા કુષ્ટ તથા સફેદ કોઢ ઉપર
બે અતિ ઉત્તમ ગુણદાયક ઔષધી

સારત મધુવલ્લી કીમત રૂ. ૧। } આ દવા પેટમા લીધાથી અને તેલ ઉપર લગાડવાથી નીચે
નાગવલી તેલ ,, રૂ. ૨ } લખેલા વિકારો ખાત્રીથી સારા થાય છે અઢાર પ્રકારના કુષ્ટ રોગ, જેવા કે શરીરની ત્વચા ઉપર સફેદ, લાલ, કાળા, જાબુ રંગના ડાઘ તથા સુનબહરી ઇત્યાદિ દરદો ઉપરની દવા લીધાથી ખાત્રીથી સારા થાય છે, તેમજ લોહીનો સુધારો થઇ કાંતિને વધારે છે.

ડૉ૦ ધાકજી ભાણજી સાવંત

ફણસવાડી,—મુંબઇ.

૨૪ એ

દુઃખી અને દરીદ્રી

અનાથોને

સુખી અને સ્વતંત્ર શહેરીઓ

બનાવનાર,

કાઠીયાવાડ હિંદુ અનાથાશ્રમ.

ને નીચેને શિરનામે તુરત સહાય મોકલો

ઓન. સેક્રેટરી,
કા હિં. અ. આશ્રમ.
વડવાણ કેમ્પ.

क र्णि क

एग्यु मिक्श्चर

તાવ માટે એક અકસીર દવા.

એક વખત વાપરીને ખાતરી કરજો.
કિંમત એક બાટલીના આના ૧૦.

ટ. ખ જુદો.
દરેક દુકાને વેચાતું મળશે. નહિ તો લખો
કર્ણીક બ્રધર્સ—ગીરગામ મુંબઇ.

નિરાશ થવાની જરૂર નથી.

પરંતુ જો અન્ય વીશીઓમા, ભોજન ગૃહોમા કે ભપકાદાર લૉજોમા, અને ખુદ પોતાને ર પણ, અહીંના જેવી સ્વાદિષ્ટ યાને ટેસ્ટફુલ રસોઇ જમવાની આશા રાખશો તો જરૂર ારાશ થવુ પડશે એક વખત પધારો અને ખાત્રી કરો.

૩ મુમ્માદેવી પોસ્ટની પાછળ મુંબઈ.

વર્ષ.	માસ.	સૌથી ઉંચી કિંમત.	માસ.	સૌથી નીચી કિંમત.	વાર્ષિક સરેરાશ.
૧૯૦૧	જાન્યુઆરી.	૨૯ ૫/૧૬	ડીસેમ્બર.	૨૪ ૧૫/૧૬	૨૭ ૩/૧૬
૧૯૦૨	,,	૨૬ ૭/૧૬	નવેમ્બર.	૨૧ ૧૫/૧૬	૨૪
૧૯૦૩	ઑક્ટોબર.	૨૮ ૧/૨	જાન્યુઆરી.	૨૧ ૧૩/૧૬	૨૪ ૩/૪
૧૯૦૪	ડીસેમ્બર.	૨૮ ૫/૧૬	એપ્રિલ.	૨૪ ૯/૧૬	૨૬ ૩/૮
૧૯૦૫	,,	૩૦ ૧૫/૧૬	,,	૨૫ ૧/૧૬	૨૭ ૧૩/૧૬
૧૯૦૬	નવેમ્બર	૩૩ ૧/૮	માર્ચ.	૨૯	૩૦ ૭/૮
૧૯૦૭	જાન્યુઆરી.	૩૨ ૭/૧૬	ડીસેમ્બર.	૨૪ ૩/૧૬	૩૦ ૫/૧૬
૧૯૦૮	,,	૨૭	,,	૨૨	૨૪ ૭/૧૬
૧૯૦૯	મે.	૨૪ ૭/૮	ઑક્ટોબર.	૨૩ ૧/૧૬	૨૭ ૧૧/૧૬
૧૯૧૦	નવેમ્બર.	૨૬ ૩/૪	માર્ચ.	૨૩ ૫/૧૬	૨૪ ૧૧/૧૬
૧૯૧૧	,,	૨૬ ૧/૮	ફેબ્રુઆરી.	૨૩ ૧૧/૧૬	૨૪ ૫/૮
૧૯૧૨	ડીસેમ્બર.	૨૯ ૧૧/૧૬	જાન્યુઆરી	૨૫ ૧/૮	૨૮
૧૯૧૩	જાન્યુઆરી.	૨૯ ૩/૮	માર્ચ.	૨૬ ૧૩/૧૬	૨૭ ૧૫/૧૬
૧૯૧૪	ઑગષ્ટ.	૨૭ ૧/૮	નવેમ્બર	૨૨ ૧/૮	૨૫ ૧૫/૧૬
૧૯૧૫	નવેમ્બર.	૨૭ ૩/૪	ફેબ્રુઆરી.	૨૨ ૧/૪	૨૩ ૫/૮
૧૯૧૬	મે.	૩૭ ૩/૪	જાન્યુઆરી.	૨૬ ૧૧/૧૬	૩૧ ૧૫/૧૬

INDIA HER RESOURCES AND HER ECONOMICS.

હિંદની આર્થિક સ્થિતિ.

(માસિક માટે ખાસ લખનાર —શ્રી જે. લ ડુ બારભાયા)

પ્રકરણ ૩ જું.

CLIMATE.

આબોહવા.

પૃથ્વીના ગોળા ઉપર જે રેખાઓ અને આકારે હિંદુસ્થાન ગોઠવાયું છે, તેના ઉપર હિંદની આબેહવાનું પ્રમાણ ગણી શકાય. હિંદુસ્થાન દેશ આખો લઈએ તે એટલો બધો મોટો છે કે સઘળે ઠેકાણે એક સરખી આબોહવા રહે એ મુશ્કેલ છે. હિમાલયની પહાડીમાં આવેલા ભાગો શિતળ છે. ઉંચી ટેકરી ઉપર આવેલા દેશો પણ ઠંડા છે. કાશ્મીરનો પ્રદેશ શિઆળામા અતિશય ઠંડા રહે છે અને તેથી ત્યાના લોકો અતિ ગોરા હોય છે. દુનિયામાં જે જે દેશો ઉત્તર દક્ષિણ ૪૦° થી ૮૦° અક્ષાંશે છે ત્યાના લોકો અતિ ઠંડીને લીધે ગોરા છે. જે જે દેશો ૨૦° થી ૪૦° ના અક્ષાંશે છે ત્યાંના લોકો પીળા છે અથવા ઘઉં વર્ણા છે, અને જે દેશો ૦° થી ૨૦ ને અક્ષાંશે મધ્યમાં છે ત્યાના લોકો અતિ કાળા હોય છે. સૂર્યના તાપને અંગે પડતી અતિ ગરમીનું આ પરિણામ છે. હિંદનો ભાગ ૧૦° અક્ષાંશથી ઉત્તરે લગભગ ૨૦° અક્ષાંશ ઉપર ગયો છે અને તેથી અહીંના લોકો આફ્રિકાના જેમ બરાબર મધ્યમાં ન હોવાથી ઘઉં વર્ણા છે, અને

ધી ગુજરાતી ટાઈપ માટે ૨૧ બેક રોડ કોટ સુંબઈ.

જેમ ઉત્તરે જઈએ તેમ ગોરા હોય છે. આને પરિણામેજ તેમજ હિમાલયની ટળેટીની શિતળતાને સંયોગે કાશ્મીરના લોકો વધુ ગોરા હોય છે.

હિમાલયના પહાડો બરોબર હિંદની ઉત્તરે ઉંચાઈમાં રહેલા હોવાથી તે હિંદના માથારૂપ છે અને એશિઆ માઈનરમાંથી આવતી આબો હવાને હિંદ તરફ ધસડાઈ આવતી અટકાવનાર કિલ્લા રોકા છે. તોપણ આબો હવાને માટે પણ આપણને હિંદ દેશને ઉત્તર અને દક્ષિણ એમ બે ભાગોમાં વહેંચવો પડશે. કારણ કે ઉત્તર તરફની આબો હવા જ્યારે હિમાલયની ટળેટીને આધીન છે, ત્યારે દક્ષિણ હિંદની આબો હવા બે બાજુએ આવેલા દરિઆને આધીન રહેલી છે. કાશ્મીરનો મુલક જેમ ઠંડો છે તેમ ઉત્તરનો ભાગ ઠંડીના દિવસમાં સખ્ત ઠંડી અને ગરમીના વખતમાં સખ્ત ગરમીવાળો છે. પૂર્વ તરફ વધતાં ઠંડી અને ગરમી ઓછાં થતાં જાય છે. બંગાળ અને આસામમાં ઉત્તરના પ્રમાણમાં ઠંડી ઘણી ઓછી અને મુંબઈના ભાગો કરતાં વિશેષ હોય છે. તેવીજ રીતે ગરમી પણ મુંબઈના ભાગો કરતાં વધુ અને ઉત્તરના ભાગો કરતાં ઓછી હોય છે. ઉત્તર હિંદના પ્રદેશની દક્ષિણે આવતા પશ્ચિમ તરફ પંજાબ, સિંધ અને રજપુતાણાનો ભાગ સુકી હવાવાળો અને સાધારણ ગરમી અને વિશેષ ઠંડીવાળો છે. ત્યારે પૂર્વ તરફ પૂર્વ બંગાળ અને આસામનો અને તેની પૂર્વનો ભાગ ભીની હવાવાળો અને ઠંડો છે. અરબી સમુદ્ર તરફની હવા દક્ષિણ તરફ પશ્ચિમના ભાગને મળતી હોવાથી હવા સુકી તેમજ બહુ ઠંડી નહિ તેમજ બહુજ ગરમ નહિ એવી હોય છે. પૂર્વ તરફના દેશોને બંગાળના અખાતમાંથી હવા મળે છે અને તેથી ઠંડી જેમ વિશેષ તેમજ ગરમી પણ વિશેષ હોય છે. છતાં દક્ષિણ તરફ વધતાં ત્રણે તરફ પાણી હોવાથી હવા ઠંડી હોય છે.

ઋતુ. હિંદની ઋતુ છ જાતની લેખવામાં આવે છે. પરંતુ તેનાં ઉંડાણમાં જવાની આવશ્યકતા ન હોવાથી આપણે શિયાળો, ઉન્હાળો અને ચોમાસું એ ત્રણ ઋતુને વળગીને રહીશું. નવેમ્બર ડીસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી ઠંડી અને વસંત ઋતુના માસો છે. માર્ચ, એપ્રીલ, મે અને જુન એ ગરમીના માસો છે. જુલાઈ, ઑગસ્ટ, સપટેમ્બર અને ઑક્ટોબર એ વર્ષાદ ઋતુના માસો છે.

વર્ષાદ. હિમાલયની ટળેટીના ભાગોમાં જયારે ત્યારે-મહિનામાં એક વાર તો જરૂર-વર્ષાદ પડે છે અને ઉત્તરના ભાગમાં કરાંવાળો વર્ષાદ જ્યારે ત્યારે પડે છે. ઠંડીના માસોના અરસામાં પંજાબ તરફ તોફાન સાથે વર્ષાદ પડે છે, અને માર્ચથી મે માસના અરસામાં પૂર્વ તરફના ભાગોમા વર્ષાદ આવે છે. ઠંડીના વખ્તનો ઉત્તરનો અને ગરમીના વખ્તમાં પૂર્વ તરફનો આ વર્ષાદ ઉત્તમ ગરજ સારે છે. દક્ષિણ તરફ પશ્ચિમ બાજુએ અરબી સમુદ્ર તરફથી વાદળાઓ વર્ષાદથી ભરાઈ કાળાં થઈને ચઢો આવે છે. અને જુનથી સપટેમ્બર સુધીમાં વર્ષાદનો મોટો ભાગ ત્યાં પડે છે અકટોબરથી પવન દક્ષિણ તરફ વધે છે અને પછી વર્ષાદ ખતમ થતો જાય છે. વર્ષા ઋતુમાં દક્ષિણમાં હિંદી સમુદ્ર તરફથી વર્ષા ઋતુનો પ્રવાહ શરૂ થાય છે અને પ્રથમ સિલોનમાં તેનો દેખાવ રજુ થાય છે. પછી તેનો પ્રવાહ ઉતરે વધે છે અને અરબી સમુદ્ર તેમજ બંગાળના અખાતમાંથી તેનો પ્રવાહ વધી દક્ષિણ તરફના ભાગના દેશોમાં તેનો દેખાવ રજુ થાય છે. મુંબઈ તરફનો પ્રવાહ અરબી સમુદ્રમાથી આવી દક્ષિણના ભાગમાં મહારાષ્ટ્ર અને ઉત્તરના ભાગમાં મધ્ય હિંદ તરફ વધે છે. બંગાળના અખાત તરફનો પ્રવાહ પશ્ચિમે, દક્ષિણના પૂર્વ તરફના બંદરોએ થઇ આગળ વધે છે.

મુંબઇ તરફના ભાગનો પ્રવાહ જુન માસમાં અને બંગાળ તરફના પ્રવાહ કરતાં બે અઠવાડીયાં વ્હેલો શરૂ થાય છે. જમીનમાથી બરોબર અને પુરેપુરો પાક નિપજાવવા માટે સારા વર્ષાદની આવશ્યક્તા રહે છે. વર્ષાદની જરૂરીઆત નિચલાં કારણોએ પુરવાર થાય છે:—

૧. દર વર્ષે બરોબર વર્ષાદ આવે તો પાક સારો ઉતરે, તેમજ પાકને નુકશાન ન પહોચે.

૨. વર્ષાદને લીધે નદીઓ, નહેરો અને કુવાઓમાં પાણી બરોબર મળવાથી ઢોર અને માણસો પીવાને તેમજ ખેતીવાડીના ઉપયોગમા આવે.

૩ વર્ષાદ બરોબર ન પડે તો પાકને નુકશાન થાય, સમુળગો ન પડે તો પાક નિપજે નહિં અને દુકાળ પડે

૪. દુકાળને લીધે ઢોર મરે, માણસોને અન્ન મળે નહિં, દેશની ઉપજ ઓછી થવાથી તેની અસર વ્યાપાર ઉપર થાય

૫. વ્યાપાર ઉપર અસર થવાથી દેશની સંપતિ ઉપર અસર થાય છે. દેશની આબોહવા અવ્યવસ્થિત થાય છે. તેની અસર લોકોની સુખાકારી ઉપર થાય છે. લોકોનુ મરણ પ્રમાણ વધે છે અને દેશની આર્થીક સ્થિતિને નુકશાન કરનારા અનેક કારણો ઉદ્ભવે છે. જે સ્થળે ચોખાનો પાક ઉપજે છે ત્યાં નેહરની જો સગવડ ન હોય તો સારો પાક ઉપજાવવા માટે ઓછામાં ઓછો ૪૦ ઈચ વર્ષાદ હોવો જોઇએ. ગયા વર્ષમાં જે ઓછામાં ઓછો અથવા વધુમા વધુ જે વર્ષાદ જૂદે જૂદે સ્થળોએ પડયો હતો તે નિચે મૂજબ હતો —

દેશના ભાગો વધુમાં વધુ પડેલો વર્ષાદ	દર વર્ષે સરાસરી પડેલો વર્ષાદ.
પશ્ચિમ કોષ્ટો.	ઇચ.
ઉત્તરનો ભાગ અથવા કોકણ	૧૩૪
દક્ષિણનો ભાગ અથવા મલબાર	૧૧૫
પૂર્વ હિમાલય	૧૨૪
પૂર્વ બંગાળ અને આસામ	૯૫
સાધારણ વધારે વર્ષાદ.	
દક્ષિણ બંગાળ	૬૫
પશ્ચિમ બંગાળ અને છોટાનાગપુર	૫૩
બિહાર	૪૫
મધ્ય પ્રાંતો અને દક્ષિણ ઓરિસા	૫૨
પશ્ચિમ હિમાલય	૫૭
સાધારણ વર્ષાદ	
સંયુકત પ્રાંતો	૩૯
બીરાર અને ખાનદેશ	૩૪
ગુજરાત	૩૨
દક્ષિણ તરફનો ઉત્તર ભાગ	૩૦
નિઝામી સલતનત	૩૩
મહિસુર	૨૯
જુજ વર્ષાદ.	
રજપુતાણા	૨૩
પંજાબની જગ્યા	૨૧
સિંધ	૯

નોંધ —બર્મા સિવાય આખા હિંદની સરેરાસ વર્ષાદ પડવાની સ્થિતિ ૪૨ ઇંચ લેખાઇ છે

પ્રકરણ ૪ શુ.

FLORA AND FAUNA.

વનસ્પતિ અને જનાવરો.

હિંદમાં રોજ સૂર્ય ઉગે છે, પુરતો પ્રકાશ આપી આથમે છે વળી બધીએ ઋતુઓ એવી રીતે સુસગ્ગ ગોઠવાઈ છે, કે હિંદની ભૂમીમા દરેક પ્રકારનુ ફળ પેદા કરી શકાય છે

વનસ્પતિ આથી કરીને જેટલી જાતની વનસ્પતિ હિંદમા પેદા થાય છે, તેટલી જાત

ભાગ્યેજ અન્ય દેશમાં પેદા થતી હશે. ફળ તેમજ ફુલમાં ઉત્તરનો પ્રદેશ જાણીતો છે, અને શાકભાજીમાં દક્ષિણનો પ્રદેશ જાણીતો છે. દ્રાક્ષ, ચીકુ, નારંગી, મુસમ્બી, સફરજંદ, અન્નેનાસ, મંગુસ્તાન, ઠર્લીગર, દાડમ, સિતાફળ, રામફળ, પપૈનાસ વગેરે ફળો ઉત્તર તરફ વધુ પ્રમાણમાં પેદા થાય છે. બટેટાનો મોટો જથ્થો કરાંચી અને મહાબળેશ્વરમાં પેદા થાય છે. તુરીયા, ભીંડાં, ચોળાફળી વાલપાપડી, વટાણા, વેંગણ, શીંગ, ગુવાર, કાંગર, ચોધારી, ગરીયા, ટામેટા, ઝુમખડાં, ગુંદાં, રૂણાસી, ભાજી, રતાળુ, સુરણ, સકરઆં, આદું, હળદર, કેરી, વગેરે ચીજો દક્ષિણ બાજુએ વિશેષ થાય છે. શાકભાજીમાં ગુજરાતનો ભાગ વિશેષ જાણીતો છે, અને તેને લીધેજ સુરત અને ભરૂચના લોકો તેથી વિશેષ માહિતગાર હોય છે. પુના છોડયા પછી દક્ષિણ તરફ શાકભાજી તેમજ અંજીર, ઠર્લીગર, નારંગી વગેરે ફળો મોટા જથ્થામાં ઉત્પન્ન થાય છે.

દક્ષિણોત્તરાયણ. જે દેશો દક્ષિણોત્તરાયણ દિશા તરફના એટલે જેને અંગ્રેજીમાં Tropical કહે છે ત્યાં ચોખા, કોફી, કોકો, શેરડી, મસ, ઠરીઆણું રબર, ગેટા–મરચા, અન્નેનાસ, કેળાં, વગેરે ચીજો સારી ઉપજાવી શકે છે.

સમદક્ષિણોત્તરાયણ. જે દેશો સમ દક્ષિણોત્તરાયણ દિશા તરફના છે એટલે કે જેને અંગ્રેજીમાં—Sub tropical કહે છે, તે દેશો રૂ, તંબાકુ, અફીણ અને શણ ઉપજાવી શકવા માટે સારા છે.

સમશીતોષ્ણ કટિબંધ—Temperate Zone કહેવા જે દેશો સમશીતોષ્ણ કટિબંધ કે ત્યાં ઘઉં, મકાઈ, જવ, દાળ, બટેટા, પોપઈયા અને રેસાઓ પેદા કરવા માટે જાણીતા છે.

આ સિવાય વળ, ગુંદર, લાગ, અને ગુણીનાં ઉપજ માટે સિંધ દેશો વધુ સારા છે.

જનાવરો. ખેતીના કામને તેમજ મનુષ્યની જીંદગી માટે જનાવરોની ખાસ જરૂરીઆત છે. હિંદમાં બાળકને ગાયનું, બકરીનું અને ગધેડીનું દુધ આપવામાં આવે છે. મોટી ઉમ્મરના મનુષ્યો ભેંસ અથવા ગાયનું દુધ પીએ છે. આ સિવાય ખેતીના કામ માટે, હવાડાઓ ચલાવવા અને પાણી પાવા માટે, અને બોજો ખેંચવા માટે જનાવરો હિંદમાં અગત્યનું સ્થાન લેય છે. દરેક ગૃહમાં જનાવર હોવાંજ જોઈએ એવી હિંદના લોકોની અસલવારેની માન્યતા હતી. ગૃહસ્થના લક્ષણો ગૃહમાં રહેતાં જનાવરો ઉપરથી આંકી શકાય છે. એક વખત એવો હતો કે જેના ગૃહમાં જેમ વધુ જનાવર તેમને વધુ શ્રીમંત એવું માનવામાં આવતું હતું. હિંદના લોકોની રહેણીકરણી, આચારવિચાર, અને ખેતીવાડીનાં લક્ષણો જોતા ચોકખું એમ જણાય છે કે દરેક ગૃહમાં પશુ પાળવાં એ આવશ્યક વસ્તુ છે. ગામડાંઓમાં આ રિવાજ હજુ અસ્તિત્વ ભોગવે છે, જ્યારે શહેરોમાં શ્રીમંતોને ત્યાં ભેંસ, ગાય વગેરે ઢોરને બદલે ઘોડાઓએ સ્થાન લીધું છે; પરંતુ મોટરો થતાં તે પણ કમી થતા જાય છે. જે સ્થળે અતિ વર્ષાદ પડે છે. ત્યાં જનાવરોને ઉછેરવા મુશ્કેલ થઇ પડે છે કારણ કે વધુ વર્ષાદને લીધે જમીન ઉપર ઉગતું ઘાંસ ધોવાઇ જાય છે, અને તેથી ત્યાં જનાવરો મજબુત અને સારી ઊંચાઇનાં થતાં નથી. આવી કરીને બંગાળના નિચલા ભાગમાં, કર્નાટક, કોરોમાન્ડલ અને બર્માના નિચલા ભાગમા સારા ઘોડા ઉછેરી શકતા નથી, પરંતુ તેને બદલે બલુચિસ્તાન, પંજાબ, રજપુતાણા અને પછી કાઠીઆવાડના ભાગોમાં સારા ઘોડા ઉછેરી શકાય છે. હિંદના જનાવરોમાં અગત્યનો ભાગ ભજવનાર બળદ છે. કારણ કે દરેક ઠેકાણે હળ ખેંચવા અને પાણી લાવ લઈજા કરવા તેમજ ગાડામાં જોડવા માટે તે કામ લાગે છે. કોઈક સ્થળે ભાર ખેંચવાનું કાર્ય પાડાઓ મારફતે પણ કરવામાં આવે છે. ગાય અને ભેંસો દુધ તેમજ ઘીના ઉપયોગ

મારસેલ્સની રંગીન લાદીઓ સફાઈદાર અને મજબુત.

ગ્રાહકોની જબ્બરી ધમાલ.

જ્યારથી અમોએ આર ભરતનું કામ વેપારી ભાવે ગ્રાહકોને આપવાનું ચાલુ કર્યું છે ત્યારથી અમારૂં ભરતકામ કેટલુ સસ્તુ પડે છે, એ અમારા ગ્રાહકોની ધમાલ ઉપરથી સમજાશે.

ભાવ પણ નીચે પ્રમાણે જાહેરમાં મુકયા છે —

કસબ ગામઠી મુબઈનો વપરાય છે

સોનેરી તોલા એકના રૂ. ૨॥

રૂપેરી તોલા એકના રૂ ૨)

પરી નાનાલાલ ગોરધનદાસ,

ભુલેશ્વર ફીરંગીના દેવળ સામે—મુબઈ

તાજે કલમ—અમારૂ બોર્ડ જોઇને પાછા ન જતા પહેલે માળે પધારજો

પ્રમાણિકપણું અને વેપારી કુનેહ

મુબઈની કાર્યકુશળ પ્રજાનો વિશ્વાસ
જલદી જીતી શકે છે એ
તમે માનો છો?

ખાત્રી કરવા નોંધી લ્યો:—

મેસર્સ ગાંધી એન્ડ કું.

લીલાંઉવાળાઓ અને કમીશન એજન્ટો.

૫૨, ગેડા ઓટ-કોટ, મુબઈ.

કોઈ પણ જાતનો ઇલેકટ્રીસીટીનો સામાન ખરીદતા પહેલા એક
વખત હમારા શોરૂમની મુલાકાત લઈ જાઓ

લાભ હમનેજ છે.

ઈલેકટ્રીસીટીનું બીલ બચાવવુ હોય તો જગપ્રસિદ્ધ ફીલીપ્સ કુ વૉટના લેમ્પો વાપરો.

ઇલેકટ્રીક લાઈટીંગ સેટ.

બંગલાઓ અને મકાનો માટે ખાસ. ઘાસલેટ અને ગ્યાસના કરતા
બેહદ સસ્તા કિ. રૂ. ૬૫૦) થી રૂ. ૯,૦૦૦) (લેમ્પની સંખ્યા પ્રમાણે.)
તે સીવાય મોટરો, પંપો, દળવાની અને તેલની ઘટીઓ અને તમામ જાતનો
ઇલેકટ્રીક સામાન હમારે ત્યા મ્હોટા જથ્થામા તૈયાર છે.

ધી ઓરીયન્ટલ એન્જીનીઅરીંગ એન્ડ ટ્રેડીંગ કું.

રેવલીન સ્ટ્રીટ, હોર્નબી રોડ,

મુંબાઈ.

ઘડપણમાં સુખી થવું હોય

ને

બાલ બચ્ચાંઓને સુખી કરવાં હોય

તો

લખો, **એમ. વી. મરચન્ટ.**

બ્રાન્ચ મેનેજર.

ધી ગ્રેટ ઈસ્ટર્ન લાઇફ એસ્યુરન્સ કંપની,

સ્ટ્રેટ સેટલમેન્ટમાં સ્થપાએલી
ઇન્ડીઆમાં રજીસ્ટર થએલી,
૧૨-૧૪ ચર્ચગેટ સ્ટ્રીટ—મુંબઇ.

માટે અતિ જરૂરી જનાવરો છે. હિંદના લોકો જનાવરો ખાસ કરીને ઘી અને તેલથી પોતાનો ખોરાક પકાવે છે, ત્યારે વિલાયતમાં ખોરાક પકાવવા અને તેની સાથે મિશ્રણ કરવા માટે ચરબી અને ઈંડાની તેટલીજ જરૂરીઆત હોય છે. માટે મરઘીઓ ઉછેરવાના જેટલા મોટા વાડાઓ વિલાયતમાં ઉભા કરવામાં આવે છે. એટલાજ પ્રમાણમાં હિંદ ખાતે જનાવરો ઉછેરવાના વાડાઓ ઉભા થવા જોઇએ છે. તે પછી બકરી અને ઘેંટીનો ઉપયોગ એટલા માટે હોય છે કે તેનું દુધ કામે લાગે છે, લીંડી ઉપયોગમાં લેવામાં આવે છે અને મેંઢા ઉપરનું ઉન વ્યાપારી દ્રષ્ટિએ ઉપયોગમાં લેવાય છે. ઘેટડી દુધ માટે જેમ ઉપયોગમાં લેવાય છે તેમ ગધેડાઓ ભાર ખેંચવા માટે જરૂરનું પ્રાણી છે. રણના પ્રદેશોમા ઉંટની પણ જરૂર પડે છે. ઉત્તર હિંદમાં હાથી કામ કરે છે. બર્મામાં હાથીઓ લાકડાંઓનાં મોટા બીંગો લઇ જવાના ઉપયોગમાં આવે છે.

જનાવરોનો ખોરાક તેમજ અન્ય રીતે ઉપયોગ. આખી પૃથ્વી ઉપર હિંદજ એક એવો દેશ છે કે જ્યાં માંસહાર બહુ ઓછા પ્રમાણમાં કરવામાં આવે છે. હિંદુઓનો મોટો ભાગ માંસહાર કરતો નથી. બકરા, મેઢાં, ગાય, બળદ, ભેંસ, પાડા અને ડુક્કર એટલાં જનાવરો હિંદુસ્થાનમાં માંસહાર માટે કપાય છે એટલે જનાવરોનું દુધ, તેમજ માંસ, ચરબી, ચામડું, અને ઊન એટલી ચીજો ઉપયોગમા આવે છે. હાથીના હાથીદાંતો પણ વ્યાપાર માટે ઉપયોગમા લેવામાં આવે છે. મૃગના પેટમાથી કસ્તુરી નિકળે છે તે તેમજ તેનું ચામડું, વાઘ અને સિંહના નખો, ચામડાં, અને હરણના શિંગડા અને ચામડાં એ પણ વ્યાપારી દ્રષ્ટિએ ઉપયોગી ચીજો છે.

છાણાં—ઢોરની લાદને સુકવી તેના છાણા પાડવામાં આવે છે. જેને બાળવાના અને તાપણું કરવાનાં ઉપયોગમાં લેવામાં આવે છે. વળી તે વૈદકી દ્રષ્ટિએ હિંદમાં અતિ ઉપયોગની વસ્તુ છે કારણ કે સુવાવડી સ્ત્રીઓને તેની ધુણીનો સેક કરવામાં આવે છે.

ગૌમુત. તે ઉપરાંત ગૌમુત એ વૈદકી દ્રષ્ટિએ ઉપયોગી વસ્તુ છે. દુર્ગંધ દુર કરવા Disenfectant તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે. મુંબઇ જેવાં શેહેરોમાં છાણાંના પૈસા ઉપજે છે.

છાણાં, ગૌમુત તેમજ લાદ પણ ઉપયોગી વસ્તુ છે. લાદ વાસણ માંજવાના ઉપયોગમાં લેવામા આવે છે. હિંદના લોકો કેટલાક કરકસરીઆ અને ઉદ્યોગી હતા તે આ ઉપરથી સાબેત થાય છે. એક ગાય પાળી હોય તો તેનું મુતર છાંટવાના ઉપયોગમાં આવે, લાદ વાસણ ઉજાળવાના ઉપયોગમાં આવે. વધે તેના છાણા થપાય. દુધ પીવાના ઉપયોગમાં આવે. વધે તેનું દહિં થાય. વધેલા દહિંની છાશ થાય તે હાલમાં ડોકટરો પુષ્ટિકારક ખોરાક તરીકે આપે છે. નિકળેલાં માખણનું ઘી થાય. આ જોતાં હિંદ અને પાશ્ચાત્ય દેશની તે બાબતમાં સરખામણી કરવી એ અસ્થાને છે, કારણ કે પાશ્ચમના લોકોને તેનું ભાનજ નથી.

જળચરો. હિંદુસ્તાનમાં જળચરો તરીકે દરિઆ અથવા નદીઓના પાણીમાંથી મળતી માછલી ખાવાના ઉપયોગમાં આવતી હોવાથી તેનો વ્યાપાર ચાલે છે, તેમજ જ્યાં મોતી આપનારી માછલીઓ જડે છે ત્યાં આર્થીક દ્રષ્ટિએ તેની પણ ઉપયોગીતા સાબેત થાય છે.

આ સિવાય મરઘાં, બતક વગેરે પ્રાણીઓ જે ખોરાકી માટેના ઉપયોગમાં આવે છે તેનો અને ઈંડાનો મોટો વ્યાપાર હિંદના દરેક ભાગમાં ચાલે છે.

WORLD'S GOLD.

દુનિયાની સોનાની પેદાશ.

એક સૈકા પહેલાં, પ્રોફેસર સોએટ બીસ-રના કહેવા પ્રમાણે દુનિયાની સોનાની પેદાશ ૧૫,૦૦,૦૦૦ પાઉન્ડ થવા જતી હતી અને તેમાંનો બહુ મ્હોટો ભાગ યુરલ માઉન્ટન્સ માંથી આવતો હતો. ધીમે ધીમે બીજાં બીજાં સ્થળોમાંથી પેદાશ થતી ગઇ અને દુનિયાની પેદાશમાં ઘણો વધારો થઇ ગયો. ગયા સૈકામાં કેલીફોર્નિઆ તથા ઑસ્ટ્રેલીઆમાંથી સોનાની પેદાશ ઘણી થઈ. તે મુદતમાં સોનાની પેદાશ તે પ્રદેશમાં નીચે પ્રમાણે થઇ હતીઃ—

	યુનાઈટેડ સ્ટેટસ.	ઑસ્ટ્રેલીયા	દુનિયાનું કુલ્લે.
	પાઉન્ડ.	પાઉન્ડ.	પાઉન્ડ.
૧૮૪૭	૧,૮૦,૦૦૦	....	૧૮૫૦ ની સાલ સૂધીના
૧૮૪૮	૨૦,૦૦,૦૦૦	....	દશ વર્ષની સરેરાસ
૧૮૪૯	૮૦,૦૦,૦૦૦	....	૭૦,૪૪,૦૦૦
૧૮૫૦	૧,૦૦,૦૦,૦૦૦	....	
૧૮૫૧	૧,૧૦,૦૦,૦૦૦	૧૩,૧૯,૦૦૦	૧,૭૨,૦૦,૦૦૦
૧૮૫૨	૧,૨૦,૦૦,૦૦૦	૧,૧૮,૦૭,૦૦૦	૩,૬૫,૫૦,૦૦૦
૧૮૫૩	૧,૩૦,૦૦,૦૦૦	૧,૨૭,૫૭,૦૦૦	૩,૧૦,૦૦,૦૦૦
૧૮૫૪	૧,૨૦,૦૦,૦૦૦	૯૬,૪૭,૦૦૦	૨,૫૪,૯૦,૦૦૦
૧૮૫૫	૧,૧૦,૦૦,૦૦૦	૧,૧૯,૩૨,૦૦૦	૨,૭૦,૧૫,૦૦૦
૧૮૫૬	૧,૧૦,૦૦,૦૦૦	૧,૨૯,૦૪,૦૦૦	૨,૯૫,૨૦,૦૦૦
૧૮૫૭	૧,૧૦,૦૦,૦૦૦	૧,૨૦,૩૫,૦૦૦	૨,૬૬,૬૫,૦૦૦

આ પ્રમાણે દુનિયાના બે જુદાજ પ્રદેશમાં સોનાની શોધ થવાથી આખી દુનિયામાં સોનાને માટે શોધખોળ થઇ પડી અને પરિણામે ઘણે નવે નવે ઠેકાણેથી સોનું જડી આવ્યું. ૧૮૬૯ માં હિન્દુસ્થાનમાં કયા સૂધી કોલફીલ્ડમાં સોનું મળશે કે નહિં એ સંશય ભરેલ વાત હતી અને તે પાછળ જો હિંમત અને ખંત વાપરવામાં નહિં આવ્યા હોત તો તેમાં વિજય મળતજ નહિં. આખરે વિજય મળ્યો અને ૧૮૮૦ થી ૧૯૧૬ ની સાલ સૂધીમાં આશરે ૫૦,૦૦,૦૦૦ પાઉન્ડ કિંમતનું સોનું હિન્દુસ્થાને દુનિયાને આપ્યું છે.

સૌથી મ્હોટી શોધ અત્યાર સુધીમા તો વીટવોટરસ્રેન્ડની થઇ છે. ત્યારથી એમ જણાવ્યું કે જહાં હમણાં જોહાનીસબર્ગ છે તે પ્રદેશ બહુજ સારો છે ૧૮૮૬ ના મચ્ચે બરમા રેન્ડને સોનાવાળો પ્રદેશ ગણવામાં આવ્યો અને ૧૮૮૬માં જે ટ્રાન્સવાલમાં સોનાની ઉપજ ૧૦,૦૦૦ પાઉન્ડની હતી તે પાંચ વર્ષ પછી ૧૫,૦૦,૦૦૦ પાઉન્ડની થઇ અને જ્હાંરે બોર વૉર શરૂ થઇ એટલે કે ૧૮૯૯ ૨,૦૦,૦૦,૦૦૦ પાઉન્ડની વાર્ષિક પેદાશ થતી હતી ૧૯૧૬ માં ૪,૯૫,૦૦,૦૦૦ પાઉન્ડની પેદાશ સોનાને માટે એક રેકોર્ડ સમાન ગણાઇ

મેટેલીક શીલીંગથી બોલ્ડીંગનો ઓરડો શોભે છે.

અને હમણાં એકલી રૅન્ડની પેદાશ આખી દુનિયાની સોનાની પેદાશના ૪૧⅚% જેટલી થવા જાય છે અને આખા આફ્રિકાની પેદાશની ૪૭% જેટલી થાય છે. ૧૯૧૬ માં રહોડેશીયામાં પણ રેકોર્ડ પેદાશ થઇ.

૧૯૧૬ સૂધી સરેરાશ પેદાશ ટ્રાન્સવાલ, રહોડેશિઆ અને વેસ્ટ આફ્રિકામા કેટલી થઇ તે જાણવા માટે નીચે આંકડા આપેલા છે —

	પાઉન્ડ.
ટ્રાન્સવાલ (૧૮૮૪ થી)	૫૧,૩૮,૫૪,૭૮૧
રહોડેશિઆ (૧૮૯૮ થી)	૩,૬૫,૩૪,૦૦૮
વેસ્ટ આફ્રિકા (૧૮૮૦ થી)	૧,૭૧,૦૦,૬૯૬
આફ્રિકામાંથી કુલ્લેઃ—	૫૬,૭૪,૮૯,૪૮૫

"ધી ઇન્ડીયન ટ્રેડ જર્નલ"ના નંબરની બાતમીઓના સબંધમાં તે બાતમી માગનાર વેપારી યા પેઢીએ બેંક રેફરન્સ અથવા સારી ઓળખાણનું પત્ર મોકલવું પડશે તે સિવાય તેવી બાતમીઓનો જવાબ આપવામાં આવશે નહિ

દીવાળીના માટે ફેન્સી ટાઇટલની છેલ્વી ડીઝાઇનો જોઇએ છે ?

Registered No. B. 510.

THE JOURNAL OF THE INDIAN MERCHANTS' CHAMBER.

દેશી વેપારી ચેમ્બરનું માસિક.

પુસ્તક ૧૦મું VOL. X. AUG. 1917. No. 2. ઑગષ્ટ. ૧૯૧૭. અંક ૨ જો.

અનુક્રમણિકા.

વિષય	પાનું
૧ અધિપતિની નોંધ	૫૦
૨ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીઅલ કૉન્ફરન્સ વિભાગ	૫૪
૩. સાભાર સ્વીકાર	૫૫
૪. વ્હેપારી વિષયો	૫૮
(અ) હીંદની આર્થિક સ્થિતિ	૫૮
(બ) હિન્દુસ્થાનના ઑઇલ સીડ્ઝ... ...	૬૨
૫. ચેમ્બરનો વિભાગ	૬૮
૬ ચાલુ લડાઇને પ્રસંગે વ્હેપાર સંબંધી બહાર પડેલાં વધુ સરકારી જાહેરનામાં.	૭૬
૭. વ્હેપારી ખબરો	૭૭
૮. વ્હેપારી બાતમીઓ અને આંકડાઓ ..	૮૧

INDEX.

Subjects.	Page.
1. Editor's Study...	50
2. Indian Industrial Conference Section	54
3. Reviews	55
4 Commercial Subjects	58
(a) India, Her resources and her economics	58
(b) Oil Seeds of India	62
5. Chamber's Section	68
6. War and Trade. Government Notifications	76
7 Commercial Notes	77
8. Commercial Intelligence and Statistics	81

ઇન્ડીયામાં ફ્લોરીંગ ટાઇલનું જાણીતું ખાતું—ધી બોમ્બે ટાઇલ માર્ટ ૨૧ બેંકસ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

અમે પોતે.

આ માસીકમાં બહારથી આવેલા લેખો માટે અમે જવાબદાર નથી.

આ માસીકનું લવાજમ મુંબઈના ગ્રાહકોને માટે વાર્ષિક રૂ. ત્રણ તથા બાહાર ગામના ગ્રાહકો માટે વાર્ષિક રૂ. ૩—૬—૦ ત્રણ છ આના પોસ્ટેજ સુદ્ધાં રાખવામાં આવ્યું છે. છુટક નકલ એકના આના ૪ ચાર. નમુનાની કોપી મફત મોકલવામાં આવતી નથી.

આ માસીકમાં જે જાહેર ખબરો છે તેમાં કંઇ ફેરફાર સુચવવો હોય યા તો કાઢી નાખવી હોય તો આવી જાવની ખબર આગલા મહિનાની ૨૦મી તારીખ પહેલાં આપવી જોઇએ. નહિતર તે પ્રમાણે કરવું બની શકશે નહિં.

EDITOR'S STUDY.

અધિપતિની નોંધ.

૯ મી મે ૧૯૧૭ ને રોજ રાઇટ ઑનરેબલ મી. એચ. એલ. એ. ફીશર એમ. પી. કેળવણી ખાતાનાં પ્રધાન સન્મુખ, લન્ડન, લીવરપુલ, બર્મિંગહામ, લીડઝ, શેફીલ્ડ અને ન્યુકેસલના ચેમ્બર ઑફ કૉમર્સનું એક મ્હાનું પણ ઉપયોગી ડેપ્યુટેશન વ્યાપારી કેળવણીના પ્રચારાર્થે અમૂક સૂચનાઓ રજૂ કરવા ગયું હતું. આ ડેપ્યુટેશન ન્યુકેસલના ચેમ્બરે ગોઠવ્યું હતું.

* * *

ડેપ્યુટેશનના સભાસદોએ સૂચનાઓ કરી કે યુનીવરસીટીના જૂદાં જૂદાં શિક્ષણ સાથે વ્યાપારી શિક્ષણને પણ ઉચ્ચ સ્થાન મળવું જોઇએ અને સીવીલ સર્વીસના જેવીજ અઘરી અને તેજ પ્રકારની પરિક્ષા વ્યાપારી કેળવણીને અંગે રાખવી જોઇએ અને તેમાંથી પાસ થનાર વ્યક્તિને એક વ્યાપારી કેળવણીની ડીગ્રી મળવી જોઇએ.

લીવરપૂલના પ્રતિનિધિ મી. મોન્ટગોમરી, સીટી ઑફ લીવરપૂલ સ્કુલ ઑફ કૉમર્સના ડીરેક્ટરે એ મતલબની સૂચના કરી કે જુદી જુદી હાલની ભાષા શીખવવા તરફ ખાસું લક્ષ અપાય તેવી કાંઇક ગોઠવણ કરવી. કૉમર્શિયલ ફ્રેંચ, સ્પેનીશ, જર્મન, રશીયન, ઇટાલીયન, પોર્ચુગીઝ વગેરે ભાષા શીખવવાની હમણા જે પ્રથા લીવરપૂલમાં ચાલે છે, તે પ્રત્યે ત્હેણે મી. ફીશરનું ધ્યાન ખેંચ્યું. ત્હેણે એવી પણ સૂચના કરી કે વ્હેપારની ડીગ્રી સ્થાપવાનું યોગ્ય અને સબળ થઇ પડે એટલા માટે ટેકનીકલ અને એ જાતની બીજી સ્કુલો પણ યુનીવરસીટીની સાથે જોડાઇ જવી જોઇએ. ટ્રાવેલીંગ સ્કૉલરશીપોથી થતા ફાયદાઓ વિષે પણ ડેપ્યુટેશનના ઘણા સભાસદો બોલ્યા હતા. શહેરી સત્તાવાળાઓ, યુનીવરસીટી અને ચેમ્બર્સો વચ્ચે પણ અમૂક પ્રકારનો સબંધ હોવો જોઇએ કે જેથી વ્યાપારી શિક્ષણ લેતા વર્ગને અનેક પ્રકારની મદદ મળે.

* * *

રાઇટ ઑનરેબલ મી૦ ફીશરે જવાબ આપતાં જણાવ્યું કે હવે વ્યાપારી આલમ

ફ્રિકન મોઝેક ટાઈલ્સની સારી ડીઝાઈનો ક્યાં જોવા મળશે ?

ઇંડીયન કૉટન ઑઇલ કંપની, લીમીટેડ.

હમમ સ્ટ્રીટ, કોટ, મુંબઈ તથા વિજલપુર, નવસારી.

આ કંપનીના કારખાનામાં નીચે મુજબ માલ તૈયાર થાય છે:—

કપાસીઆનું તેલ. અમારે ત્યાં તૈયાર થતું તેલ મુંબઇમાં વેચાતાં બીજાં તેલો કરતાં ચઢીઆતું હોવાની અમે ગૅરંટી આપીએ છીએ ખાવામા ઘીની બરોબરી કરે છે.

કપાસીઆનો મગજ. ગાય, ભેંસ, બળદ, ઘોડા, મેંઢાં, બકરાં વગેરેને માટે ખરેખરો તાકાતવાન ખોરાક, દુબળા જાનવરને થોડા વખતમા ટટાર બનાવે છે.

કપાસીઆનાં છાલાં. અમારી મીલનાં છાલાં પુના, મઉ, કરાચી, સુરત વગેરે સ્થળોએ ડેરીઓમાં તેમજ ખાનગી ખેતરોમાં રફેજ (roughage) તરીકે પુષ્કળ વપરાય છે.

ભાવતાલ તથા વધુ વીગત માટે લખોઃ—

કોઠારી સુતરીઆની કંપની,

મેનેજીંગ એજંટો.

રજીસ્ટ્રેશન નંબર ૨૧૩૬.



GARLICK & CO.,

Engineers Iron Founders & Tiles Manufacturers

JACOB CIRCLE, BOMBAY Tel 1001

આએ લાદીઓ હમેશના વપરાસથી લીસી તેમજ ચમકદાર થાય છે. અમારી લાદીઓને જોવી હોય તો મુંબઈની પબ્લીક બીલ્ડીંગોમા બેસાડેલી છે જેઓને ૨૫ વરસ થવા આવ્યા છે પણ તદન સલામત હાલતમા છે. વગર મંગાવેલી સંખ્યાબંધ સરટીફીકેટો અમોને મળી છે રંગ, તરેહ અને **ટકાઉપણામાં** પરદેશી લાદીઓ કરતા શ્રેષ્ઠ છે. આ લાદીઓ એક ખાસ મશીનમા બનાવવામા આવી છે દરેક લાદીને ૩૦ ટન પ્રેશરને ટેસ્ટ કીધેલો છે. પરદેશી લાદીઓની કીમત કરતા અમારી કીમતથી પણ ઓછી રાખેલી છે કેટલૉગ મંગાવવાથી મોકલીશું

THE SAJAN

TAMARIND LANE,

KNOWN FOR—

QUALITY

REPUTATION

PRICE

Telegrams.—

TILE MART.

FORT, *BOMBAY*

SERVICE

COURTESY

PROMPTITUDE

"Sajan Co."

બી. એન. ભાથેનાની કું.

સેનેટરી એન્ડ હારડવેર મરચંટસ.

સ્ટ્રીટ, મુંબઈ નાં૦ ૩.

પ્રચારાર્થે એમૂક ર હતું. આ ડેપ્યુટે. ગોઠવ્યું હતું

* *

ડેપ્યુટેશનના સભાસદોએ સૂચનાઓ કરી કે યુનીવરસીટીના જુદા જુદાં શિક્ષણ સાથે વ્યાપારી શિક્ષણને પણ ઉચ્ચ સ્થાન મળવું જોઇએ અને સીવીલ સર્વીસના જેવીજ અઘરી અને તેજ પ્રકારની પરિક્ષા વ્યાપારી કેળવણીને અંગે રાખવી જોઇએ અને તેમાંથી પાસ થનાર વ્યક્તિને એક વ્યાપારી કેળવણીની ડીગ્રી મળવી જોઇએ.

લીવરપૂલના પ્રતિનિધિ મી. મોન્ટગોમરી, સીટી ઑફ લીવરપૂલ સ્કુલ ઑફ કૉમર્સના

પ જોઈએ હાથો ખોલવા ના **સર્વે સામાન.**

અને ચેગી, બોયલર ટ્યુબો, બીરની સબંધ ટોચો જથ્થામાં મળશે.

લેતા વર્ગને મંગાવસો, અને ટાંકસો —

*

સાઈટ ઓ

આપતા જણાવ્યું વાસણો, લેવેટરીઓ,



ગ્રેઝન મોઝેક ટાઈલ્સની ગાળી ડીઝાઈનો ક્યાં જાતનો માલ જથ્થાબંધ

વ્યાપારી શિક્ષણની જરૂરીયાત સ્હમજવા લાગી છે અને હાલમાં ચાલતાં વ્યાપારી શિક્ષણમાં કેવી જાતની ખોટ છે, તે ચેમ્બરોએ સ્હમજી લીધું છે અને તેથી ત્હેને જેમ બને તેમ જલ્દી પૂરી પાડવી એમ વિચાર કરે છે એથી (તે ઘણો ખુશી થયો છે. જુદી જુદી યુનીવર્સીટીઓએ સ્પેનીશ અને રશીયન ભાષા શીખવવાને લેકચરશીપો રાખેલી છે. આપણે પરભાષા શીખવા માટે જોઇતાં સાધનોથી બહુ પછાત છીએ એમ આપણી વ્યાપારી આલમને હવે જણાયું છે.

મ્હોટી મ્હોટી પેઢીઓના વડાઓને હવે એમ લાગવા માંડયું છે કે સારામાં સારૂં અને ઉંચામાં ઉંચુ શિક્ષણ લીધેલ યુવકોને રાખવા એ ફાયદાકારક છે. પણ હજી કેળવણીની આલમને અને વ્યાપારી આલમને સમ્બન્ધ બહુ ઓછો છે તે ગાઢ થવો જોઇએ. દેશની વ્હેપારી પેઢીઓએ કેળવણી ખાતાના વધુ નિકટ સમ્બન્ધમાં આવવાને પ્રયાસ કરવા જોઇએ કે જેથી કેળવણીખાતામાથી તરત પેઢીઓમાં માણસો આવી શકે, અને ઉભય પક્ષને અરસપરસ જ્ઞાન મળી શકે. યુનીવર્સીટીઓમાં ફેકલ્ટી ઑફ કૉમર્સ સ્થાપવાથી એક નવું આશાજનક ક્ષેત્ર ઉઘાડયું છે, પણ હજી આપણે ઇંગ્લન્ડમાં આ બાબતમાં બહુ બાલ્યાવસ્થામાં છીએ અને આપણને ઘણું શીખવાનું છે.

થાપણ અને મજુરીની પરસ્પર સહાયકારક મંડળી.

૬૪, વીકટોરીઆ સ્ટ્રીટ; લન્ડન ખાતે જનરલ કમીટી ઓફ ધી નેશનલ અલાયન્સ ઑફ એમ્પ્લૉયર્સ એન્ડ એમ્પ્લૉયડની એક સભા નવા કાનુનો સ્વીકારવા મળી હતી અને સભામાં કેટલુંક વિવેચન થયા પછી તે કાનુનો સ્વીકારાયા હતા. સભાનું પ્રમુખસ્થાન ઑન. ફ્રેડરીક હ્યથ. જેકસને લીધું હતું

સભામાં જનરલ ફેડરેશન ઑફ ટ્રેડ યુનીઅન્સ, નૅશનલ યુનીઅન ઑફ લેબર, પોર્ટલેન્ડ સીમેન્ટ મૅન્યુફેકચરર્સ, સીગાર મેકર્સ, નેશનલ સેઇલર્સ એન્ડ ફાયરમેન્સ યુનીઅન વિગેરે અનેક જાત જાતના મંડળોના પ્રતિનિધિઓ હાજર હતા.

પ્રમુખે ભાષણ કરતાં જણાવ્યું કે હમણાં એકલા મજુરોમાં નહીં પણ થાપણવાળા અને વ્હેપારીઓમાં પણ પ્રસરેલો અસંતોષ ગંભીર છે; અને તેથી આ સંસ્થાએ જેમ બને તેમ જલ્દીથી પોતાની શાખાઓ વધારવી જોઇએ અને પોતાનું કાર્ય યાહોમ આગળ વધારવું જોઇએ. આ પ્રમાણે કરવાથી આપણે આ ગંભીર સ્થિતિમાં સરકારને મદદ આપી શકીશું એટલુંજ નહિ પણ પ્રસંગ આવ્યે ત્હેમને અમૂક માર્ગે દોરવી શકીશું. પ્રજાના ઔદ્યોગિક જીવનમા જેને કાઇ પણ સંબધ હોય ત્હેમને આ સંસ્થામાં જોડવા જોઇએ. પ્રથમના કરતાં શેઠો અને મજૂરવર્ગ વચ્ચે એખલાસ વધતો જાય છે તો પણ એમ કહેવું પડશે કે હજી ઘણીવાર મજૂરોને પોતાના કામનો યોગ્ય બદલો મળતો નથી. માલિકોએ એ જાણવું જોઇએ કે ભવિષ્યમાં મજૂરોને વધારે પગાર આપવાની, ત્હેમને સારાં ઘરોમા રાખવાની અને ત્હેમને સારૂ શિક્ષણ આપવાની ગોઠવણ ત્હેમને કરવી પડશે. ત્હેના બદલામાં મજૂરોએ પણ જાણવું જોઇએ કે સારો પગાર પ્રમાણમાં સારૂ કામ લેવાનો હક્ક ધરાવે છે. અને જયાં આખા દિવસનો રોજ બરાબર મળતો હોય ત્યાં આખા દિવસનું કામ કરવુંજ જોઇએ. તે પછી પ્રમુખે એક બન્ધારણ રજૂ કર્યું જેના મુખ્ય નિયમો નીચે મૂજબ છે:—

મજુરી અને ચાકરીને લગતા સવાલોની ચર્ચામાં માલિકો અને મજૂરોની પરસ્પર સહાય મેળવવી, અને તે પ્રશ્નો કાઇ વધુ પ્રમાણમાં કંટુતાનું રૂપ ધારણ કરે તે પહેલાંજ આ પગલાં લેવાની ગોઠવણ કરવી.

દેશના મજૂરોની સ્થિતિ અને દેશના ઉદ્યોગો સૂધરે ત્હેને માટે યોગ્ય પગલાં લેવાં.

આ બધી દિશામાંની પ્રવૃત્તિ ઉપરથી આપણા રાજ્યની વસ્તુઓના ખરીદનાર કોણ કોણ અને ક્યાં ક્યાં હોય છે હેનું સામટું લીસ્ટ છપાવવામાં આવે છે અને હેમાં વારંવાર જે ફેરફાર થતો હોય તે ફેરફાર કરવામા આવે છે.

* * *

આપણા વ્હેપારને માટે બીજા દેશમાં શી શી તક છે હેની પણ સંભાળ રાખવામાં આવે છે. પરદેશના વ્હેપારને લગતા નિયમો વગેરેની અસ્સલ તેમજ ભાષાન્તર કોપીઓ રાખવામા આવે છે અને હેમાં થતા ફેરફારની પણ બરાબર કાળજી રખાય છે. આપણા માલ સાથેની હરીફાઈ કરનાર પરદેશી માલના નમૂનાઓ એકઠા કરવામા આવે છે. યુનાઇટેડ કીંગડમમાંની જે પેઢીઓને ઇચ્છા હોય હેમને અમે એક સ્પેશ્યલ લીસ્ટ રાખ્યું છે હેમા દાખલ કરીએ છીએ. આ સ્પેશ્યલ લીસ્ટમા દાખલ થયાથી એમને જે જાતના વ્હેપારની ખાસ ખબર જોઇતી હોય તે પૂરી પાડવામા આવે છે. અમે મેળવેલી બાતમીઓ જેમ વધારે ઠેકાણે પ્રસરે તેમ અમે ખૂશી છીએ, પણ આ બાતમીઓનો ઉપયોગ આપણાજ વ્હેપારીઓ કરે તેમ કરવાની અમે ગોઠવણ કરીએ છીએ.

* * *

લ્હડાઇ પછી જર્મન માલની જગ્યા આપણો માલ લે હેને માટેની કાળજી રાખવામાં આવી છે. આયાત કરવા ઉપરના અંકુશોને લીધે ઇંગ્લન્ડ ખૂદમાંજ અમૂક વસ્તૂઓની જરૂર જણાઇ. આ વસ્તૂઓ લ્હડાઇ પહેલાં જર્મનીથી આવતી હતી. આ ઉપરથી બૉર્ડ ઑફ ટ્રેડે માલ બનાવનારા અને ખરીદનારાઓ વચ્ચે પત્ર વ્યવહાર કરાવ્યો એટલુંજ નહિ પણ એક્સચેંજ સભાઓ બોલાવી એકેકને ભેગા કર્યા.

* * *

બૉર્ડ ઑફ ટ્રેડે એક બ્રિટિશ ઉદ્યોગોનો ફેર (મેળો) પણ શરૂ કર્યો. આનો મૂળ ઉદ્દેશ બ્રિટિશ વસ્તુઓ બધાની નજરે ચ્હડે એવો છે. સાથે સાથે જર્મન માલના નમૂનાઓ પણ એકઠા કરીને બતાવવામાં આવે છે, જેથી કરીને માલ બનાવનારાઓ કેવી જાતનો માલ ઉત્પન્ન કરવો તે જાણી શકે.

હમણાં હમણાં બૉર્ડ ઑફ ટ્રેડે જર્મન અને ઑસ્ટ્રીઅન કેટલોગ ભેગા કરવા માંડ્યા છે કે જે ઉપરથી કયી કયી વસ્તુઓ બનાવાય છે અને હેને માટે કયુ કયુ ક્ષેત્ર છે તે ખબર પડે. હમણા ૭,૫૦૦ કેટલોગ ભેગા કર્યા છે. એની અનુક્રમણિકા પણ છપાવવામા આવી છે અને હેની એક આવૃત્તિ ખપી પણ ગઇ છે. થોડા વખતથી જુદા જુદા જર્મન અને આસ્ટ્રીઅન સ્ટોર્સના કેટલોગ એકઠા કરવામાં આવે છે, તે સિવાય બ્રિટિશ માલ બનાવવાનુ એક મ્હોટું લીસ્ટ રાખવામા આવ્યું છે અને હેમાં જુદા જુદા ૧૦,૦૦૦ બ્રિટિશ માલ બનાવનારાઓના નામો આવી ચૂક્યા છે

ધીમે ધીમે આ લીસ્ટો બૉર્ડ ઑફ ટ્રેડ, પોતાના ટ્રેડ કમીશનરોમા વ્હેંચવા માંગે છે.

ધી ઓગ્મે ટાઇપ માટે ૨૧ બેંક ઓટ સ્ટ્રીટ મુંબઇ

INDIAN INDUSTRIAL CONFERENCE SECTION.

ઇન્ડીયન ઇન્ડસ્ટ્રીયલ કૉન્ફરન્સ વિભાગ.

The Journal of the Indian Merchants' Chamber, Bombay.

The Readers of the Journal are already aware that by Resolution No. VII passed at the last season of the Conference held at Lucknow on 30th December 1916, the office of the All India Industrial Conference which was formerly located at Amraoti has now been transferred to Bombay. In Part II of the Annual Report that is presented by the Conference Office every year, very useful information appears giving a synopsis of the industrial and educational activity on the part of the Imperial and Provincial Governments, the Rulers of the principal Indian States and also of the private capitalists all over India. As this information however valuable does not reach the masses, and is published *only once* in the year in a collective form, it was deemed advisable to lend the columns of the Journal of the Indian Merchant's Chamber for short notes on industrial topics We hope this idea will meet the approval of our numerous readers and constituents This section will for the present supply the place of Bulletin which the Conference proposes to issue later on when sufficient funds and an adequate staff become available

ઇન્ડીયન ઇન્ડસ્ટ્રીઅલ કૉન્ફરન્સ વિભાગ.

લખનૌમા ભરાયલી ઇન્ડીયન ઇન્ડસ્ટ્રીઅલ કૉન્ફરન્સની બેઠક વખતે પસાર થયેલ નં. ૭મા ઠરાવ પ્રમાણે ઇન્ડીયન ઇન્ડસ્ટ્રીઅલ કૉનફરન્સની ઑફીસ અમરાવતીમાં હતી ત્યાંથી બદલીને મુંબઇ રાખવામા આવી એ વાત આ પત્રના વાચનારને વિદિત હશેજ.

જે વાર્ષિક રીપોર્ટ દર વર્ષે કૉન્ફરન્સમા રજુ કરવામા આવે છે, તે રીપોર્ટના બીજા ભાગમા હિન્દ સરકાર અને ઇલાકાની સરકારો તેમજ હિન્દી રાજાઓ અને પ્રજા તરફથી ઔદ્યોગિક અને કેળવણી સબંધી જે હિલચાલ થાય તેની નોંધ લેવામા આવે છે, પણ આ નોંધ ગમે તેવી કિમતી છતાં પણ વર્ષમાં એકજ વખતે પ્રસિદ્ધ થાય છે એટલે તે બધા લોકોના વાચવામા જવલ્લેજ આવે છે એટલે આ માસિકની કદાર એ નોંધોને માટે ખુલ્લી મુકવાનુ વ્યાજબી લાગ્યું છે ભવિષ્યમા નાણાંની સગવડ થતા આ જાતની ખબર એક 'બુલેટીન'ના આકારમા કૉન્ફરન્સની ઑફીસ તરફથી પ્રતિ માસે છપાવવા વિચાર છે, પણ તે દરમ્યાન આ પત્રનુ દ્વાર વાંચનારાઓને લાભકારક થઇ પડશે એવી આશા અમે રાખીએ છીએ

માર્મેલેડની રંગીન તાસીઓ ચહાદાર અને ગળપણ.

ધી સેંટ્રલ બેંક ઑફ ઇન્ડિયા લીમીટેડ.

શેરો ભરાયલી થાપણ	....	રૂ.	૩૦ લાખ.
પગાર થયેલી થાપણ	....	રૂ.	૧૫ લાખ.
રીઝર્વ ફંડ	....	રૂ.	૧ લાખ.

આ બેંકમાં ડીપૉઝીટ મુકેલી દરેક પાઇની સલામતી માટે ખાસ ગોઠવણ બેંકની આરટીકલમાં કરવામાં આવેલી છે.

મેશર્સ એ. એફ. ફરગ્યુસનની કું. ચારટરડ એકાઉન્ટંટસ આ બેંકના હીસાબો અને જામીનગીરીઓ દર અઠવાડીએ તપાસે છે.

પ્રેસીડંસી બેંકો માફક આ બેંક પોતાના હીસાબનાં પખવાડીક સરવૈયાં બહાર પાડે છે.

દરેક રીતનું બેંકને લગતું કામકાજ કરવામા આવે છે.
હાલમાં ટુંકી તેમજ લાંબી મુદતના વ્યાજના દરો માટે મેનેજરને મળવું.
ચેકો તથા બેંકને લગતો પત્ર વ્યવહાર ગુજરાતીમાં પણ થઇ શકે છે.
વડી ઑફીસઃ—એલાઇસ બીલ્ડીંગ, કોટ, મુંબઇ.
શાખા ઑફીસોઃ—ઝવેરી બજાર, મુંબઇની માંડવી, તથા શેરબજાર.

ચાલુ ખાતાં ઉપર. રોજની બાકી ઉપર.

જાનેવારીથી જુન...........	૩	ટકા.
જુલાઈથી ડીસેમ્બર............	૨॥	ટકા.
૧૨ માસની ડીપૉઝીટ........	૪॥	ટકા.
રૂ. ૩૦૦૦ થી વધુ રકમ માટે...	૫	ટકા.

ટુંકી મુદતના ભાવો અરજ કરવાથી માલમ પડશે.
વધુ વીગતો માટે મેનેજરને મળવું.

સોરાબજી ન. પોચખાનાવાલા
મેનેજર.

ન્યુ ક્વિન્સરોડ ઉપરના

ચોપાટીના જુંના રેલ્વે ફાટકની સામેના

મ્હારાં શો રૂમ્સ

તમને ઘણી મનગમતી ચીજો આપશે.

સુંદર નવી ડીઝાઇનના પલંગો

ભેટ આપવા લાયક

અનેક નાની મોટી કિંમતી ચીજો

તેમજ

ફરનીચર માટેના ઉત્તમ રંગો

વિગેરે, વિગેરે.

જરૂર એક વાર શો રૂમ્સપર પધારો.

L. Roy Sampat

70, APOLLO STREET, FORT; BOMBAY.

REVIEWS.

ગ્રંથાભાર સ્વીકાર.

(રિવ્યુઅર—J. L. D. B.)

રેલ્વે કાયદા.

લેખકઃ—જીવરાજ ગોકલદાસ નેણસી.

કિંમત ૦-૧-૬

થોડા સમય ઉપર અમારા વાંચવામાં એક જાહેર ખબર આવી હતી. તેમાં લખવામાં આવ્યું હતું કે "કર્તાના ફોટા સાથેનું પુસ્તક કિંમત—" તેજ સમયે અમને કુદરતી વિચાર ઉત્પન્ન થયો હતો કે વાચકો પુસ્તક વાચવા માટે ખરીદતા હશે કે કર્તાના ફોટા માટે? પરંતુ આ પુસ્તકના ઉપરનું ચિત્ર જોતાં અમને જુદાજ પ્રકારનો ભાસ થાય છે. પૂઠાં ઉપર રેલ્વેના ડબ્બાઓ છાપવામાં આવ્યા છે, જે માહેલો એક થર્ડ કલાસ જે અંગ્રેજો માટે રીઝર્વ રાખવામાં આવ્યો છે તેમાં માત્ર એકજ જણ અંગ્રેજી પોષાકમાં સજ થયેલો બીડી ફુંકતો ચિતરવામાં આવ્યો છે, જ્યારે તેની પાસેનાજ ડબ્બામા હદ ઉપરાંત માણસો બેઠેલાંજ છે છતાં ગાર્ડ વધુ માણસને ધકેલે છે, અને તે નિહાળતાં લેખક ઉભા રહેલા છે રેલ્વેને લગતા જે અંગ્રેજી કાયદા છે તે સર્વ ગુજરાતી ભાષામાં (સાક્ષરી નથી) છાપવામા આવેલા છે. અંગ્રેજી ભાષાથી અપરિચિત માણસોને માટે રેલ્વેના કાયદા સમજાવવા અર્થે આ ચોપડી આવશ્યક છે એમા કશોએ શક નથી, પરંતુ અમારા ધારવા મૂજબ તેથી જોઇએ તેવો ફાયદો નિકળી શકે એમ નથી. કારણ કે કાયદા વાચ્યા પછી, પોતાનો હક શો છે તે ઉતારૂ જાણે છે, અને ત્યારબાદ તેનો અમલ કરવા જતા રેલ્વેના અમલદારો સાથે પંચાતી કરવી પડે છે, અને તેમા જો પોલીસ કોર્ટનો ખટલો થયો તો રેલ્વે કંપની તો સમર્થ હોય છે, પણ ઉતારૂનો કેસનો બધો આધાર હેની સ્થિતિ ઉપર રહે છે. આવી મતલબની ફરીઆદોમા મદદ કરવા માટે "પેસેન્જર્સ રીલીફ ફંડ" કાઢવામાં આવ્યું છે, તે અમે જાણીએ છીએ પરંતુ જ્યાં સુધી સઘળી ફરિયાદોને સંપૂર્ણપણે પહોંચી વળવા જેટલુ તે ફંડ થયુ નથી ત્યાં સુધી આવા પુસ્તકોથી તેના લેખક જે અસર કરવા માંગે છે તેવી અસર થઇ શકવી અસંભવિત છે. છતાં 'પેસેન્જર્સ રીલીફ ફંડ' ના આગેવાનો અને આ ચોપડીના લેખકની દેશી ઉતારૂ પ્રત્યે જે દાઝ છે તેની પ્રશંસા કરતા અમે તેઓનું ધ્યાન એક અન્ય વસ્તુ તરફ દોરીશું વિદેશી ભંડોળે ઉભી થઇ વિદેશી અધિકારીઓના હાથ નિચે કાર્ય કરનારી સંસ્થાઓમા દેશીઓને ઇન્સાફ કદાચિત્ ન મળે તો એ બહુ આશ્ચર્ય કરનારૂ નથી.

ગુજરાતી પ્રાયમરી ટીચર્સ ફંડ—મુંબઇના ઉદ્દેશ અને નિયમો.

ઉપરનાં નામનું ફન્ડ જે મુંબઇ મધ્યે સ્થાપવામાં આવ્યું છે, તેની કારોબારી મંડળીના પ્રમુખ રા. રા. હિંમતલાલ ગણેશજી અંજારિયા એમ એ, એલએલ. બી. તરફથી તેના ઉદ્દેશ અને નિયમો દર્શાવનારી ચોપડી મળી છે. તે ઉપરથી જણાય છે કે પ્રસ્તુત ફન્ડ મુંબઇની મ્યુ. ગુજરાતી શાળા તેમજ રજીસ્ટર થયેલી ગુજરાતી શાળાના શિક્ષકો, શાળાને લગતી અન્ય ઓફીસના અધિકારીઓ અને કારકુનો

જેઓ આ ફન્ડમાં દાખલ થાય તેમની હૈયાતીમાં માંદગી અગર બીજે કોઇ જરૂરીઆતને પ્રસંગે તેમને પોતાને તેમજ તેઓની હૈયાતી પછી તેમનાં છોકરાંઓને મદદરૂપ થવાને અને અન્ય રીતે મદદ કરવાને અંગે સ્થાપવામાં આવ્યું છે. ઉદ્દેશ અભિનંદનિય છે અને આ નાના પ્રમાણમાં જીંદગીના અને અકસ્માતના સામટા વિમા ઉતારવા જેવું કાર્ય કરનાર ફન્ડમાં પોતાને માટે લાભ આપનારી સંસ્થામાં શિક્ષકો, અધિકારીઓ, અને કારકુનો વધુ સંખ્યામાં જોડાય અને પોતાનું શ્રેય ઇચ્છે એ બનવાજોગ છે. સંસ્થાનો જેમ ઉદ્દેશ પ્રસંશનિય છે તેમ તેના નિયમો પણ ઉદાર રીતે ઘડાયેલા છે, અને હિન્દુસ્થાનમાં આવાં ખાતાં જે એક્ચ્યુઅરીઓના અભાવે વધુ જન્મતાં નથી, તેવા વખતમાં આ ખાતું સ્થાપવા માટે અમે તેનાં યોજકોને અભિનંદન આપ્યા વગર રહી શકતા નથી.

"ભાષા શબ્દ મૂળ વ્યક્ત બોલવા અર્થવાળા ભાષિ ધાતુ ઉપરથી નીપજ્યો છે. આર્યાવર્તના સમર્થ વૈયાકરણો (પાણિનીય, પતંજલિ અને હેમચંદ્ર) એ પોતપોતાના સંગ્રહમાં વ્યક્ત બોલવા અર્થવાળો ભાષિ ધાતુ અને અવ્યક્ત બોલવા અર્થવાળો 'મ્લેચ્છ' ધાતુ મૂકયો છે." આ સિવાય પ્રાકૃત અને સંસ્કૃત અને ગુજરાતી શબ્દોનાં રૂપાવરો પણ તેમાં આપેલાં છે. તે સઘળું જોતા પુસ્તક ઉપયોગી માલુમ પડે છે. અમે જેમ સંસ્કૃત વ્યાકરણના કોવેદ નથી, તેમ જૈન સાહિત્યથી પરિચિત હોવાનો દાવો પણ કરવા માંગતા નથી. ઉભયના અભાવે પુસ્તકનો સારાસાર જોવા કરતાં અમે ખુલાં અંતઃકરણે કહીએ છીએ કે જૈન સાહિત્ય સંબંધી અમને આ પુસ્તક કંઇક અજવાળું પાડે છે. સંશોધકનો પ્રયાસ જોતાં આ પુસ્તક જૈનને માટે અતિ ઉપયોગી થઇ પડે એમ માની શકીએ છીએ.

શ્રી આનંદ કાવ્ય મહોદધિ.

મૌક્તિક (પુસ્તક) ૫ મું.

સંગ્રહકરનાર:-જીવણચંદ સાકરચંદ ઝવેરી.
પ્રકાશકઃ-નગીનભાઇ ઘેલાભાઇ ઝવેરી.
વેતન (કિંમત) ૦-૧૦-૦

પ્રાચિન જૈન કાવ્યના સંગ્રહનું આ લગભગ ૪૦૦ પાનાનું દળદાર પુસ્તક છે અને તેમાં માન્ય દોહનની રીતીએ અસલવારેના જૈન પદોનો સારો સંગ્રહ કીધેલો જોવામાં આવે છે. ચોપડીની શરૂઆતમાં ગુજરાતી ભાષા ઉપર એક લંબાણ નિબંધ આપવામાં આવ્યો છે, જેમાં લેખકે કેટલીક વિગત બહુ સ્પષ્ટ રીતે લંબાણથી સમજાવવાની કોશિષ કીધી છે. કહવું કે લેખક જેનું ધ્યાન કરવા માંગે છે તેનાં મૂળ ઉપરથી તેનો વિકાસ શી રીતે થયો તે જેમ પોતે માને છે તેમ યથાર્થ રીતે સમજાવે છે, જેનો એકજ ઉદાહરણ લેશું:-

પુસ્તકાલય.

લેખક:—કેશવપ્રસાદ છોટાલાલ દેશાઇ,
બી એ. એલએલ. બી.

કીંમત ૦-૮-૦.

પુસ્તકાલયો (લાયબ્રેરી) ને લગતા વિષયો ઉપર ચર્ચા તેમજ સુચના કરનારૂં આ એક નાનું પુસ્તક છે. યુરોપ, અમેરિકા વગેરે ખંડોમાં જેમ દરેક ચીજ તેની શ્રેષ્ઠતા ઉપર લઇ જવામાં આવી છે, તેમ પુસ્તકાલયો પણ દરેક રીતે સંપૂર્ણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અને તેને લગતી સુચના કરનારી માહિતીઓ પણ પૃથક પૃથક પ્રકટ કરવામાં આવે છે પ્રાચીન કાળમાં આપણું ખરૂં સાહિત્ય કંઠસ્થ જ કરવામાં આવતું અને તેથી પુસ્તકોનો સંગ્રહ કરવામાં કેવી વ્યવસ્થા કરવી જોઇએ તેથી આપણે ઘણા માહિતગાર ન હોવાથી આવાં પુસ્તકો જે પ્રકટ થાય તે આવકારદાયક લેખાય. આપણી તરફ પુસ્તકાલયનો પ્રચાર

ઉંચી રીતીથી કરેલા ટેબલ ટોપ ખરીદ કરવા કયાં જશો ?

ચાલુ કરવામાં વડોદરા રાજ્ય મોખરે આવે છે, અને તેથી વડોદરા પ્રાંત, કડી, નવસારી, અમરેલી વગેરે પ્રાંતોના પુસ્તકાલયો વગેરેની માહિતીના કોઠાઓ આપી આ વિષયમાં લેખકે સારી સમજણ અને ખબર આપવાનો પ્રયાસ કીધેલો અમારી દ્રષ્ટિએ પડે છે. આ દિશામાં આ વિદ્વાન લેખકે જે પ્રયાસ આદર્યો છે તેમાં અમે તેમની ફત્તેહ ઇચ્છીએ છીએ.

દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધારનો અહેવાલ.

શ્રી આનંદ સાગરજીના ઉપદેશથી સ્વર્ગસ્થ દેવચંદ લાલભાઇ ઝવેરીએ ધર્માદામાં કાઢેલી રકમમાથી તેઓના સુપ્રતદારો (ટ્રસ્ટીઓ) એ એક પુસ્તકોદ્ધાર ઇ.-સ. ૧૯૦૯ મા સ્થાપેલુ તેનો સંવત ૧૯૭૨ નો અહેવાલ અમને મળ્યો છે. વર્ષ દરમ્યાન આ સંસ્થાના હસ્તક એકંદરે રૂ. ૧૦૨૩૬-૯-૫ આવ્યા હતા અને વ્યાજ વગેરે તથા પુસ્તકોના વેચાણની આવેલી રકમ લેતાં ખર્ચ અને વ્યાજ કાઢતા આ ખાતું પોતાનો નિભાવ ઠીક કરી શક્યું છે. આવી સંસ્થાઓની ઉન્નતિ તેઓના સુજ્ઞ ગ્રાહકો ઉપર છે, તે વિચાર જૈન બધુઓ દ્રષ્ટિ મર્યાદામાથી દુર નહિ કરે તો આવા ખાતાઓ વધુ લાભ કરી શકે એમાં શક રહેતો નથી.

મુંબઇ ઇલાકાનુ ખેતીવાડી ખાતું.

હસ્તપત્રક ન૦ ૯ (૧૯૧૪)

ગોળ બનાવવાની ચુલ.

આ હસ્તપત્રકમા ખેતીવાડી ખાતાંએ ગોળ બનાવવાની સુધરેલી ઢબની ચુલ એક ચીત્ર અને એ આકૃતિના દર્શનપત્રો સાથેનો નિબંધ બાહેર પાડ્યો છે.

***

હસ્તપત્રક નં. ૧૪ (૧૯૧૫).

મુંબઇ ઇલાકામા આબાવાડીઆ ઘણા અગત્યના છે અને તેને ઉછેરવાની ઉત્તમ જગા, હવા, પાણી અને ઉછેરવાની રીત દર્શાવનારૂ આ પત્રક છે.

***

હસ્તપત્રક નંબર ૧ (૧૯૧૬).

સુધારેલી ચેણ.

પશ્ચિમ હિંદની ઢેકાઢળીઆવાળી જમીન સપાટ કરવા માટે સુધારેલી લોખંડી ચેણ બળદથી સહેલાઇથી કેમ ખેચી શકાય અને તે કેવી રીતની હોવી જોઇએ તે દેખાડનારૂ આ પત્રક છે

***

હસ્તકપત્રક નં. ૫. (૧૯૧૬).

ગુજરાત માટે મોનસુન ઓમાંસાનું હળ.

વર્ષાદના વખતમા ઉત્તર ગુજરાતની જમીનને અનુકુળ થઇ પડે એવા મોનસુન હળ માટે વિગત આપનારૂ આ પત્ર છે.

***

હસ્તકપત્રક નં. ૭ (૧૯૧૬).

એક બળદી ધુસરી

મજુરીની વધતી જતી મોઘવારીને અભાવે ખેડુતને કરકસર કરવાની જરૂર પડે છે અને તેથી એક બળદની સાહ્યતાએ કેવી ધુસરી દ્વારા કાર્ય સારી રીતે થઇ શકે તેની આકૃતિ દેખાડનારૂં આ ઉપયોગી પત્રક છે.

ધી લોગ્ઝે ટાઇપ માર્ટ ૨૧ બેંક સ્ટ્રીટ ફોર્ટ મુંબઇ.

COMMERCIAL SUBJECTS.

વેપારી વિષયો.

INDIA HER RESOURCES AND HER ECONOMICS.

હિંદની આર્થિક સ્થિતિ.

(માસિક માટે ખાસ લખનાર—શ્રી જે. લ. દુ બારભાયા).

વિભાગ બીજો.

પ્રકરણ ૫ મું.

The Population હિંદની વસ્તી અને લોકો.

આગલાં પ્રકરણોમાં આપણે જોઇ ગયા તે મુજબ કુદરત અને મનુષ્યની અકલ અને [illegible] સાથે જોડાયલી ઢોરો તેમજ હથીઆર [illegible] યંત્રોની સાહ્યતાએ પ્રજા તેમજ દેશ ઉભયની સંપત્તિ પેદા કરી શકાય છે એટલા માટે જે મનુષ્યની બુદ્ધિ આ કાર્ય કરવા તરફ ચાલી રહી છે, તેના જથ્થાનું પરિપૂર્ણ અવલોકન આવશ્યક છે.

હિંદની વસ્તી. હિંદની એકંદરે વસ્તી લગભગ એકત્રીસ કરોડ પચાસ લાખ મનુષ્યની ગણાય છે. એટલે કે આખી પૃથ્વી ઉપરની મનુષ્યની વસ્તીમાં હિંદની વસ્તી પાંચમાં ભાગે આવે છે. આમાથી લગભગ ૨૩,૫૦,૦૦,૦૦૦ જેટલી સંખ્યા માત્ર બ્રિટિશ સરહદમાંજ રહેલી છે જે વસ્તીનો ભાગ સરાસરી નિચે મુજબ વહેંચાવા પામ્યો છે.

		ટકા.
(આસામ સિવાય)	બંગાળા ઇલાકામાં	૨૬·૬
	સંયુક્ત પ્રાંતોમાં	૧૬·૫
	મદ્રાસ ઇલાકામાં	૧૩·૨
	મુંબઇ ઇલાકામાં	૮·૭
	બીજા બધા ભાગોમાં સાથે	૩૫·૦

અર્થશાસ્ત્રી જદુનાથ સિરકારે ૧૯૦૧ ના વર્ષની ગણત્રી આપી છે, *તેમાં હિંદમાં દરેક* ચોરસ માઇલના હિસાબે બ્રીટીશ હિંદુસ્થાનમાં વસ્તી ૨૧૩ માણસની હતી. અર્થશાસ્ત્રી પ્રમથનાથ બેનરજીએ હિંદની વસ્તીની એકંદર સરેરાસ દરેક ચોરસ માઇલે ૧૮૪ માણસની આપી છે. જેનો $\frac{4}{5}$ ભાગ બ્રીટીશ હિંદમાં અને $\frac{1}{5}$ ભાગ દેશી રજવાડાઓમાં રહે છે એમ તેઓનું કહેવું છે. એટલે કે હિંદમાં દરેક ચોરસ માઇલની વસ્તી ફ્રાન્સના જેમજ વહેંચાયલી છે. છતાં હિંદમાં લોકો બધે સ્થળે સરખી રીતે વહેંચાઇને રહેલા નથી. જ્યા પાણી પુષ્કળ જથ્થામાં મળી શકે છે,—પછી કુદરતી રીતે હોય કે અકુદ્રતી રીતે હોય—ત્યા તેમજ જ્યાં જમીન અતિશય ફળદ્રુપ હોય ત્યાં લોકોનો વસવાટ વધુ હોય છે. વસ્તીનો વધુ જથ્થો બંગાળા ડેલ્ટાના ભાગમાં છે, જ્યા દર ચોરસ માઇલે ૫૫૨ માણસ વસતા મળી આવે છે. ત્યાર બાદ અનુક્રમે બીજું સ્થળ સંયુક્ત પ્રાંતોમાં ગંગાના કિનારા ઉપરના દેશો છે. વસ્તીનો કમમાં કમ ભાગ બર્માના ઉત્તર ભાગમા, ઉત્તર પશ્ચિમ હિંદના સરહદ બાજુના ભાગમાં, અને બલુચિસ્તાનમાં વસાયેલો છે.

હિંદમાં લોકો મોટે ભાગે ગામડાંઓમાં વસવાટ કરે છે. ઇંગ્લન્ડમાં વસ્તીનો અર્ધો અર્ધ ભાગ જ્યારે શેહેરોમાં વસે છે, ત્યારે હિંદમાં

ફેશન મોઝેક ટાઇલ્સની ડીઝાઇનો ક્યાં જોવા મળશે?

જેમ સોના ઉપર ઢોળ ચડાવવાની જરૂર નથી

તેમ ઓટો-પરસ્તાન વીશે હવે તમોને વધુ ખાત્રી આપવાની જરૂર નથી. એ તો જાણીતી વાત છે કે

સેંટનો શહેનશાહ

ઓટો પરસ્તાન

આજ કાલ પ્રજા પ્રશંસા પામી ચુકયુ છે.

ઓટો—પરસ્તાન બટ મોગરા અને ચમેલીના તાજા ફુલોની ખુશબોથી ભરપૂર દીલને બાગ-બાગ કરનારૂ સર્વોત્તમ સેંટ છે તેના માત્ર બેથી ત્રણ ટીપા રૂમાલમા નાખવાથી તમારૂ અને તમારી આસપાસનાઓનું દીલ ખુશી ખુશી થઈ જશે

ભળતા નામથી ઠગાશો નહી ખરીદતી વખતે "ઓટો-પરસ્તાન" નામ બરાબર વાચી લેજો

કીમત અડધા આઉંસની બાટલીના રૂા બે એક ડ્રામની સુંદર ટયુબના આના બાર. અડધા ડ્રામની ટયુબના આના આઠ.

બનાવનાર ધી પરસ્તાન પરફ્યુમરી કું.,
નાં૦ ૧ પાયધોની, મુંબઈ નાં૦ ૩

દુનીઆ હેર ઓઈલ માટે વાંચવું જોઈએ.

દુનીઆ હેઅર ઓઈલ જે કોઈએ વાપર્યું છે તેઓએ એકજ અવાજે વખાણ્યુ છે એજ એની ગેરંટી છે એકદમ લાંબા અને મોટા લખાણ નહી કરતા એટલુ જ જણાવીએ છીએ કે દુનીયા હેર ઓઈલ બાલ માટે ઉત્તમ ગુણકારક છે અને બીજા અનેક ફાયદા છે જેવા કે લીખ તથા જુ તથા માથામા થતો ખોડાનો તો કટો દુશ્મન છે તે શીવાય આખમા થતી બળતરા તથા આખને ઝાંખ આવી હોય તેને દુર કરે છે સ્ત્રીઓના તેમજ પુરૂષોના તથા વિદ્યાર્થીઓના તથા બચ્ચાઓના બાલ સખત હોય તો તેને નરમ કરી મગજને થડુ કરી આરામ આપે છે એકજ બાટલી વાપરી ખાત્રી કરો

મોટી બા. નગ ના રૂ. ૦-૧૨-૦ ચપટી બા. નગ ૧ ના રૂ. ૦-૮-૦ નાની બા. ૧ ના રૂ. ૦-૫-૦

તાજી કલમ—હમારી દુકાને અત્તર તથા બીજી ઘણી જાતના માથામાં નાખવાના તેલો તથા અત્તરો તથા સાબુ સેન્ટ તથા એ ઘ પાટનવાલાની બનાવેલી પેટન્ટ દવાઓ પણ અમારે ત્યા મળશે.

Motilal Moolchund & Co.



Marble Merchants & Contractors
Engravers and Sculptors.

15, BANK STREET, FORT BOMBAY.

Largest Importers
of
Marble Tiles and slabs Fountains, figures, Vases, white glazed and other tiles.

Also Portland Cement, etc.

"ઇનકમટેક્ષ."

ઇનકમટૅક્ષને લગતાં કોઇ પણ પ્રકારનાં કામની સમજ મેળવવી હોય તો મળો અથવા લખોઃ-બી. એલ. થોસર, બોમ્બે કોમરશીયલ કોલેજ, ૪૨. કાલબાદેવી રોડ મુંબઇ.
ચોપડાઓમાંથી આવકવેરા માટે હીસાબનાં પત્રકો તૈયાર કરી આપીએ છીએ.

બી. એલ. થોસર.
એફ. એલ. એ. એ. (લંડન.)
સરટીફાઇડ એકાઉન્ટન્ટ એન્ડ પબલીક ઓડીટર.

પોરબંદર પોરટલેંડ સીમેંટ

"ગણપતી" છાપ.

હમારો સીમેંટ હીંદુસ્તાનમાં આયાત થતા સારામાં સારી સીમેંટની બરોબરી કરે છે, અને સરકારી ખાતાઓમાં વપરાય છે. [illegible] દરરોજના [illegible] કારખાનાઓમાં આવે છે, [illegible] ઉપરથી શકાય છે.

વધુ વિગત તથા ભાવ માટે લખો.

ધી ઇન્ડીયન સીમેંટ કું૦ લી૦

તાતા સન્સ એન્ડ કું૦
એજન્ટસ,
[illegible]

વીસમો ભાગ શેહેરોમાં વસવાટ કરે છે.* હિંદમાં માત્ર ૨૯ જ એવાં શેહેરો છે કે જ્યાં એક લાખ માણસની વસ્તી કરતાં વિશેષ વસ્તી હોય. પરંતુ ૫,૦૦૦ થી માંડીને ૯૯,૦૦૦ ની વસ્તી સુધીમાં વસાયલાં એવાં એકંદરે ૨,૨૨૫ શેહેરો હિંદમાં વસાયેલાં છે. તો પણ ગામડાંઓની સંખ્યા ૭,૩૦,૦૦૦ કરતા ઓછી નથી. અને આનું કારણ એજ છે કે હિંદમાં ખેતીવાડીનો ધંધો એજ મૂખ્ય વ્યાપાર છે. યથાસ્થિત કુદરતી અનુકુળ ઋતુને લીધે જ્યારે હિંદ આખી પૃથ્વી ઉપર ખેતીવાડીનોજ પ્રદેશ છે, ત્યારે અન્ય દેશો યાંત્રીક ઉદ્યોગમા આગળ પડેલા છે. આથી કરીને હિંદમાં શેહેરી જીંદગી ગાળનાગ અને ગામડાંની જીંદગી ભોગવનારાઓ વચ્ચે અભાવની લાગણી હોતી નથી. પરંતુ આવી લાગણી અમેરિકા અને ઇંગ્લન્ડમાં જ વિશેષ જણાય છે. હિંદમાં તે છતાં પણ એક વખ્ત એવો હ્નતો કે જ્યારે શેહેરોમા વસ્તી વિશેષ હતી અને શેહેરો સંસારિક કાર્યો માટે અગ્રગણ્ય ભાગ લેતા હતાં. પણ હુન્નરોદ્યોગના વધારા સાથે તે કમી થતું ગયું અને લોકો ગામડાંની જીંદગી ગાળનારા વધુ થઇ પડયાં. સ્વર્ગસ્થ ન્યાયમુર્તિ રાનડેએ આવી રીતના પરિવર્તન માટે પોતાના આર્થીક લેખોમા ઘણું સખ્ત રીતે લખ્યું છે. થોડા સમયથી વળીં પાછુ ચક્ર ફર્યું છે, અને શેહેરો વધુ પ્રમાણમા વસાવા માંડયાં છે. વ્યાપારના કેન્દ્ર સ્થળ રૂપે, તેમજ હુન્નર, ઉદ્યોગ અને સંસ્કરણ સંબંધી વળી શેહેરો પોતાનું અગ્રપદ ધારણ કરવા માંડયા છે.

જાતિ અને ઉમ્મરનો ભેદ વ્યાપારી દૃષ્ટિએ આપણુને સ્ત્રી અને પુરૂષનો જાતિ ભેદ લેખવો પડશે કારણ કે ઊચ્ચ અને મધ્યમ વર્ગના લોકોમાં સ્ત્રીઓ કામ કરવાનું દુષણ રૂપ લેખે છે અને તેથી સંપત્તિના સાહ્યક રૂપે ભાગ્યેજ આપણે સ્ત્રીઓની ગણના પુરૂષ સાથે કરી શકીશું. આખા હિંદમાં માત્ર ત્રીજોજ ભાગ એવો છે કે જ્યાં સ્ત્રીઓજ વ્યાપારમાં સાહ્યકારી હોય છે અને તેઓનુ પદ પુરૂષો કરતા વિશેષ હોય છે.

ઉમ્મર અને સંપત્તિ. વૃદ્ધ અને બાળકો એ સંપત્તિનો વ્યય કરનારા છે. હિંદમા સરેરાશ રીતે આપણે સંપત્તિમા સાહ્યકારી થનારા માણસોની ઉમ્મર ૧૫ થી ૬૦ સુધીની મૂકી શકીએ. કારણ કે શેહેરી જીંદગીમા ઘણું ખરૂ ૧૮ વ૫ સુધીની ઉમર સાધારણ રીતે વિદ્યાભ્યાસમાં વ્યતિત થાય છે શક્તિ હોય તેઓ તેથી આગળ શિખે છે અને શિખવામાંજ અર્ધી ઉપર જીંદગી વ્યર્થ જાય છે. ચાલીસ અને પીસતાળીશ વર્ષની ઉમરે મુંબાઈમાં સોલીસીટરો થાય છે. ગરીબોના બાળકો દશ વર્ષથી મજુરી ઉપર લાગે છે, અને ખેડુતોના બાળકો નહાનપણથીજ ખેતીએ વળગે છે. અને તેથી ઉપર મૂજબ ૧૫ અને ૬૦ વર્ષની વચ્ચેના લોકોનો જો અડસટો ગણીએ તો તે ૧,૭૦,૦૦,૦૦૦ કહેતાં વસ્તીના પ્રમાણમા ૫૫ ટકા થવા જાય છે. હવે આ પ્રમાણમાથી સ્ત્રીઓ, નાતવાનો, અને જન્મથી ખોડવાળાની સંખ્યા બાદ કરીએ તો ખરેખરા કામ કરનારા મનુષ્યોની ખરી સખ્યા મૂકી શકીએ.

સુખાકારી. એકંદરે પ્રમાણ જોતા લોકોની સુખાકારી હિંદ મધ્યે ઘણી અફસોસકારક છે. ગામડામા લોકો રોગચાળાથી પિડાય છે. કૉલેરા, સિતળા, મરકી વગેરે દુષ્ટ રોગો ગામડાઓમા જ્યારે ત્યારે ફેલાય છે. વળી દુકાળના સમયમા પણ રોગોની વૃદ્ધિ થાય છે. આ બધાનુ કારણ પાણીની તગાસ અને સુખાકારી સાચવવા તરફ લોકોનું બેદરકારપણું એજ મૂખ્ય કારણ છે. બાળકોનું મરણ પ્રમાણ પણ હિંદમા વિશેષ છે તેના ઘણા કારણો છે. ગરીબીને લીધે બાળકોને પુરતા પ્રમાણમા દુધ આપવામા આવતું નથી. મામાપોની બેદરકારી, રોગચાળાનો ઉપદ્રવ અને માબાપોની નહાની ઉમરમાં છોકરાંઓના નાતવાન તરકેના જન્મ.

* ૧૯૧૧ ની 'બૉર્ડ ઑફ ટ્રેડ યલો બુક' ઉપરથી જણાય છે કે ઇંગ્લાંડની શેહેરીવસ્તીનુ પ્રમાણ ૭૧ ૩ ટકા અને અમેરિકાના યુનાઇટેડ સ્ટેટસમા ૪૩ ૩ ટકા હતુ.

બગાળમા શેહેરીવસ્તીનુ પ્રમાણ માત્ર ૨ ટકા આવે છે

ધી બોમ્બે ટાઇલ માર્ટ ૨૧ બેંક સ્ટ્રીટ ફોર્ટ મુંબઇ.

લગ્ન. દરેક સ્ત્રી પુરૂષે પરણવું એ હિંદમાં આવશ્યક તેમજ ધર્મના નિયમો મૂજબ અગત્યનું છે. પરણ્યા વગર માણસ ગૃહસ્થ થઇ શકતો નથી, અને ગૃહસ્થ હોયા વિના ધર્મની કેટલીક ક્રિયાઓ કરી શકાતી નથી. હિંદનો દેશ ગરમ છે, તેથી સ્ત્રીઓ અને પુરૂષો ઇંગ્લંડ કરતાં હિંદમાં પરણવાને લાયકના ઘણા જલદી થાય છે તોપણ કન્યા માટે પરણવાનો કાળ તેર વર્ષથી માંડીને વીસ વર્ષ સુધી લેખાય છે. જેમાં ફેરફાર થઇ ૧૬ થી ૨૦ થવાની જરૂરીઆત છે. પુરૂષ માટે અઢારથી પચીસનો કાળ લેખાય છે, જે પણ વધીને ૨૦ થી ૩૦ સુધી થવાની જરૂર છે.

પુનરલગ્ન. ઉંચ અને મધ્યમ ગણાતી જાતિઓમાં હિંદ મધ્યે સ્ત્રીઓ માટે પુનરલગ્નનો બાધ છે, જ્યારે પુરૂષો વગર આંચકે ગમે એટલી વખત પરણી શકે છે. બંગાળ અને ઉત્તર હીંદની ઉંચી જ્ઞાતિઓમાં, તેમજ હલકી જાતિઓમાં જીવતી સ્ત્રીઓએ પુરૂષો સામટી બે ત્રણ સ્ત્રીઓ પરણી શકે છે. માત્ર બર્મા જ્યાં સ્ત્રીઓ પોતાની મરજીએ ગમે એટલા પુરૂષોને પરણી શકે છે, તે સિવાય બધે ઠેકાણે હિંદમા આ રિવાજ જારી છે. આથી બાળ વિધવાની સંખ્યા દર વર્ષે વધતી જાય છે વિધવાઓ વધવાથી બાળકોનાં કમોને મર્ણ હિંદમા થાય છે, જો કે તેવાં બાળકોને ઉછેરવા માટે હિંદમા બે ચાર ખાતા સારો પ્રયાસ કરી રહ્યાં છે. અમુક ઉમ્મરની સ્ત્રીઓને પુનર્લગ્ન કરવાની છુટ આપવી એ હિંદ માટે હવે આવશ્યક છે.

જન્મ પ્રમાણ. દર હજારે બાળકનું જન્મ પ્રમાણ ૩૮.૫ ટકાનું આવે છે. સ્ત્રીઓ કઇ ઉમ્મરે ગર્ભ ધારણ કરે છે તેના આકડા મળતા ન હોવાથી બરોબર આંકડા આપી શકાતા નથી. અને જન્મ પ્રમાણના પણ ખરા આંકડા મળી શકતા નથી.

મૃત્યુ પ્રમાણ વસ્તીના વધારા અથવા ઘટાડાનું પ્રમાણ જન્મ પ્રમાણ ઉપર રહેતું નથી, પરંતુ મર્ણ પ્રમાણ ઉપર રહે છે. છેલ્લા થોડાં વર્ષોમા હિંદ મધ્યે મર્ણ પ્રમાણ અસાધારણ વધી ગયું છે. ૧૮૯૯ થી ૧૯૦૮ ના વર્ષોમાં દર હજારે મર્ણ પ્રમાણ ૩૪.૫ ટકા હતું. સુધરેલા મુલકોમાં મર્ણ પ્રમાણ ૧૭ થી ૨૧ ટકા આવે છે, તે જોતાં હિંદમાં મૃત્યુ પ્રમાણ ઘણુંજ વધારે છે. જેનું કારણ દુષ્કાળ, રોગચાળો, પાણી અને પુરતા ખોરાકની તંગાસ, અસુખાકારીવાળી જગ્યાઓ, અને બચપણમાં લગ્નમાં એ મૂખ્ય છે.

વસવાટની ફેરબદલી. મર્ણ પ્રમાણ વધવાનું બીજું કારણ વસવાટની ફેરબદલી છે. ધંધા અથવા નોકરીને લીધે લોકો ગામડાંઓમાંથી શેહેરોમાં રહેવા જાય છે, જ્યાંનું પાણી માફક આવતું નથી. શેહેરની મોઘાઇને લીધે બાળકોને દુધનો પુરતો ખોરાક આપી શકાતો નથી. મોઘા ભાડાંઓને લીધે ગામડાંઓની જેટલી કુસાદે અને હવા ઉજાસવાળી જગ્યા મેળવી શકાતી નથી. આવા લોકોએ શેહેરો પાસે ગામડાંઓમાં વસવાટ કરવો જોઇએ. આવો વિચાર દિન પ્રતિદિન લોકોમાં વધુ ફેલાવા લાગ્યો છે છતાં હિંદમાં વસવાટની ફેરબદલી ઘણે ભાગે તેના તેજ ભાગમાં રહેલી છે. જો કે પંજાબ અને કલકત્તા તરફ લોકો અન્ય મુલાકાઓમાં અને દેશોમા ઘણા મોટા પ્રમાણમા વસવા લાગ્યા છે. મૉરીશીઅસ, નાતાલ, બ્રિટિશ ગીની, ફીજી વગેરે દેશોમાં જઇ વસનારા હિંદીઓની સંખ્યા ૧૯૦૮–૦૯ માં માત્ર ૧૨,૦૦૦ હતી જે ૧૯૦૦–૦૧માં ૨૬,૫૦૮ની હતી. પરંતુ પંજાબીઓ, બંગાળીઓ, અને મદ્રાસીઓ હવે મોટા પ્રમાણમાં અમેરિકા અને જાપાનમાં વસવા માડયા છે.

વસ્તીનો વધારો. છેલ્લાં દશ વર્ષમાં હિંદની વસ્તી વધી છે અને તે વીસ કરોડ ઉપરથી એકત્રીસ કરોડ પચાસ લાખની થઇ છે. છતાં વધારો દર હજારે માત્ર ૭ ટકાનો હતો. આ જોતાં બીજા સુધરેલા દેશોના પ્રમાણમાં હિંદમાં વસ્તી વધી નથી. કારણ કે ઇંગ્લંડ અને વેલ્સમા ૧૮૯૧–૧૯૦૧ માં ૧૨.૧૭ ટકા અને ૧૯૦૧–૧૧ માં ૧૦.૯૧ ટકાનો વધારો હતો. તે સાથે સરખાવતાં

મારમેડમની રંગીન લાદીઓ સફાઈદાર અને મજબુત.

૧૮૯૧-૧૯૦૧ માં હિંદમાં વધારો માત્ર ૨૪ ટકાનો હતો. અલબત્તાં આ છેલ્લી લડાઈએ દરેક દેશની વસ્તીના મોટા ભાગનો સંહાર કીધો છે, તેમ હિંદને પણ તેમાં ખમવું પડ્યું છે. તેનું ખરૂં પ્રમાણ તો લડાઇ બંધ પડે અને આંકડા બાહેર આવે ત્યારે જણાય.

સંપત્તિનું સ્થાયીપણું. વસ્તી જે સાધારણ રીતે વધી તેના પ્રમાણમાં સંપત્તિનો વધારો થયો નથી. ખેતીવાડીની જમીન તેટલાજ પ્રમાણમાં રહી છે અને વસ્તીના વધારાના પ્રમાણમાં અનાજની ઉત્પત્તિ ઘટી છે હવે આના પ્રમાણમા દેશની સંપત્તિ અને અનાજ પેદા કરવાની શક્તિ વધી હોત તો પ્રજાની સંપત્તિ વધતજ. આ વિષય ઉપર ટીકા કરતાં 'ઇમ્પેરિઅલ ગેઝેટ ઓવ ઇન્ડીઆ'મા મી૦ ઇ. એ. ગેટ કહે છે કેઃ—

"ખેતીવાડીના કરનારા એવા માણસોની "વસ્તી જે વધે છે, તે જોતા, વધુ ગીચ "વસ્તીવાળા ભાગોમાં જો સુધરેલી રીત મુજબ "સાયન્ટીફીક, ખેતી કરવામાં આવે તો પણ "વધુ ઉપજ કરી શકાય આવા બીજા ઘણા "ભાગો છે અને તેમાં ખાસ કરીને બર્મા કે "જ્યાં આવી ખેતી કરવાના ઘણાં સાધનો "છે, અને તે શિવાય રજપુતાણાનો પશ્ચિમ "ભાગ કે જ્યાં રેતાળ જમીન છે ત્યાં "નહેરોની મદદે જે ચીજ ઉત્પન્ન કરી શકાય "તે ઉપજાવવી જોઇએ."

પ્રકરણ ૬ ઠું.

The Social Structure.

લોકાચાર

અગાઉનાં શેહેરો. ઇતિહાસ ઉપરથી જણાય છે કે અગાઉના સમયમા કાં તો રાજ્ય તરફથી માન પામેલી જગ્યા અથવા તો ધર્મને નામે માની લિધેલાં ધામ ઉપરથી શેહેરો બનતા હતા. જે જે સ્થળો મુસલમાન અથવા પેશ્વાઓના સમયમાં રાજ્ય કોટુંબીઓ અથવા તો તેઓના સરદારોના મુકામને માટે આદરને પામ્યાં હતાં, ત્યાં પહેલાં, મુકામ માટે વાડાઓ, ગૃહો, મસ્જીદો અને કબરો માટેના રોજાઓ બંધાતા, ઘોડાઓ અને સરદારોને માટે થોડાક તંબુઓ બંધાતા, પછી ગામને બધી બાજુએથી કિલ્લો બાંધી બંધ કરવામાં આવતું. ત્યાર પછી ત્યા કારીગરો આવીને વસતા અને તે સ્થાન શેહેરમા ફેરવાઇ જતું. અથવા તો અમુક રાજાને કે જાણીતા માણસોને જે એક સ્થળ પસંદ પડતું, ત્યા દેવાલયો બંધાતાં, તળાવ અને સરોવર ખોદાતાં અને બંધાતા. લોકોને ઉતરવા શરાઇઓ એટલે ધર્મશાળાઓ બંધાતી ત્યાં યાત્રાળુઓ મોટા પ્રમાણમાં આવતા અને કારીગરો આવીને વસતા અને તે રીતે પણ શેહેર બંધાતુ પણ આવાં શેહેરોમા ખુબીની વાત તો એ હતી કે કારીગરોને પોતાનો વ્યાપાર પ્રસરાવવા અન્ય સ્થળે જવું પડતું નહિ, પરંતુ જે સ્થળો જે જે ચીજો સારી થતી હોય, ત્યા લોકો તે ખરીદવાને આવતા હતા. આને લીધે કાશી, જગન્નાથપુરી, વૃંદાવન, પ્રયાગ, ગયા, નાશક, વગેરે સ્થળો શેહેરો તરીકે પ્રખ્યાતીને પામ્યા છે. વળી રાજ્યધાનીનાં અને જુની રાજ્યધાનીઓમાં શેહેરો પોતાની ચોક્કસ પ્રકારની કારીગરીને માટેજ પ્રખ્યાતિને પામતાં હતાં. આગ્રામાં તાજમહેલ બંધાયા પછી, આરસપહાણના ટુકડાઓની કારીગરી ચાલી હતી કાશ્મીર તરફ ઠંડી વિશેષ હોવાથી રજવાડાઓ સુશોભિત શાલો બનાવી ઓઢવાનું પસંદ કરતા હતા તેથી ત્યા શાલનો વ્યાપાર ચાલ્યો હતો અને તે ભાગમા પસર્યો હતો પરંતુ બ્રીટીશ સામ્રાજ્યના ઉદય સાથે મદ્રાસ કલકત્તા, મુંબઇ, કાનપુર, અલ્હાબાદ, હાવરા, રંગુન, કોલંબો, કરાચી અને પેશાવર વગેરે શેહેરો ઝપાટાબંધ કુદકે અને ભુસકે વધવા માંડયાં. છતા લોકો અંગ્રેજી પદ્ધતિ અનુસાર શેહેરોમાં વસવા માંડયા નથી

હિંદુસ્થાનનાં ઑઇલ સીડઝ

ધૂળમાંથી ધન.

મૂળ અંગ્રેજીમાં લેખકઃ—આર. એલ. સુતરીઆ બી. એ.

ઇમ્પીરીયલ ટ્રેડ સપ્લીમેન્ટને માટે તેલના બીયાં કચરવાના ઉદ્યોગને માટે એક લેખ લખી મોકલવાનો ધી "ટાઇમ્સ ઑફ ઇન્ડીયા"નો વિનંતિપત્ર મ્હેં કબૂલ રાખ્યો ત્યારે મ્હને કાંઇક ચિંતા ઉભી થઈ હતી. આ ઉદ્યોગને માટેનું મ્હારૂં જ્ઞાન બહુ વિશાળ નથી, કારણ કે કપાશીયામાંથી તેલ કહાડવાના ઉદ્યોગ સાથેજ મ્હારો સમ્બન્ધ છે. અને તેથી જે વિષય હું બરાબર જાણું છું તેજ વિષય ઉપર મ્હેં લખવાનો વિચાર કર્યો. પરન્તુ આમ કરવામાં મ્હને બીજી એક મૂશ્કેલી નડી. હું એમ ધારતો હતો કે આ સપ્લીમેન્ટનો ઉદ્દેશ હિંદુસ્થાન સુદ્ધાન્ત બ્રિટિશ એમ્પાયરના અહિંના અને દરિયાપારના વેપારીઓ તેમજ માલ બનાવનારાઓનો સમ્બન્ધ વધુ ગાઢ કરાવવાનો હતો, અને તેથી આ વિષય 'ઇમ્પીરીયલ' દ્રષ્ટિબિન્દુથી લખાવવો જોઇએ. આ કાર્ય સરળ ન હતું તેમ છતાં પણ આજ ઉદ્દેશ ધ્યાનમાં રાખીને લેખ લખવાનો મ્હેં બનતો પ્રયત્ન કર્યો છે.

આરંભમાંજ મ્હારે કહી દેવું જોઇએ કે આ લેખનું નામજ ભૂલ ખવરાવે તેવું છે. કારણ કે હિન્દુસ્થાનમાં ગણત્રીમા આવી શકે તેવો કપાશીયાનો ઉદ્યોગજ નથી. આખા દેશમાં ફક્ત એકજ મીલ છે અને અંગ્રેજી કહેની કહે છે તે પ્રમાણે "એક ચકલીથી ઉન્હાળો ગણી શકાય નહિં" તે પ્રમાણે એક મીલ તે શી વિસાતમાં? તે ઉપરથી આ લેખમાં આ ઉદ્યોગની ભવિષ્યની શક્યતા વિષે લખાણ કરવાનો યત્ન કર્યો છે, ભૂત કે વર્તમાન સ્થિતિનો નહિં.

યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં કપાશિયાના તેલને માટેની મીલોની ઉત્પત્તિ અને ઉદય, આધુ જમાનાની ઔદ્યોગિક ચળવળમાં એક ચિત્તાકર્ષક બનાવ રૂપે છે. એક સમયે સૂકાં બીયાંઓ નકામી વસ્તુ ગણાતાં હતાં અને ત્હેમને કેમ ઠેકાણે પાડવા તે એક પ્રશ્ન થઇ પડયો હતો. મોસમ દરમ્યાન બીયાંનો જબરજસ્ત ઢગલો થયા કરતો અને આસપાસના પડોશમાં હેરાનગતિનું કારણ થઇ પડતો. મીલવાળાઓએ આ બીયાં કોઇ બીજી જગ્યાએ ખસેડવાં જોઇએ એવી મતલબના કાયદાઓ પણ ઘડાયા અને એમાં એવું પણ સૂચવવામાં આવ્યું કે મીલવાળાઓએ પોતાની મીલો નદીનાળાં પાસેજ રાખવી કે જેથી કરીને બીયાં તે પાણીમાંજ ઘસડાઇ જઇ શકે.

જેમ જેમ રૂનો પાક વધારવામાં આવતો ગયો તેમ તેમ કપાશિયાનો જથ્થો પણ વધતો ગયો અને પરિણામે તે બધોજ જથ્થો ફેંકી દેવામાં ફાયદો જણાયો નહિ આ બીયાંનો આર્થિક ઉપયોગ શોધી કહાડવાની જરૂર જણાઈ. આ દિશામાં અમેરિકાએ પોતાનુ લક્ષ દોડાવ્યું અને ત્હેનું પરિણામ અદ્દભૂત આવ્યું. તરતજ એમ શોધાયું કે આ બીયાંમાં બહુ સારી જાતનું તેલ છે અને ત્હેમાંથી નીકળતો ખોળ અને છોતાં ઢોરોને માટે બહુ સારો ખોરાક થઇ શકે તેમ છે. એક પછી એક કૉટન સીડ ઓઇલ મીલો, નીકળવા માંડી અને હાલમાં કમમાં કમ ૯૦૦ મીલો, ધાપણ તેમજ મજુરોને બન્નેને ફાયદાકારક થઇ પડેલ આ સારા હુન્નરમાં રોકાઈ ગઇ છે. જ્યોર્જિઆ સ્ટેટની એગ્રીકલ્ચરલ કૉલેજના ડૉ. સુલના શબ્દોમાં કહીએ તો "કપાશિયા અને ત્હેને અંગે કરીને ઊભા થયેલા ઉદ્યોગોનો ઇતિહાસ એક અદ્દભૂત કહાણી જેવો છે. ન્હાના છોકરાંઓને માટેની વાતોમાં ભીખારી છોકરાંઓ મ્હોટાં મ્હોટાં રાજા રાણીઓ થઇ જાય છે; પરન્તુ મ્હને લાગે છે કે કપાશિઆ જે નકામી વસ્તુ તરીકે ગણાતા હતા અને ત્હેમાંથી એક અગત્યનો દરજ્જો ભોગવતા થઇ પડ્યા છે ત્હેમનો ઇતિહાસ આ કથા કહાણીઓને પણ વિસરાવે તેવો થઇ પડયો છે. આ ઉદ્યોગને લઇને

હજી પોલીસ કરેલા ટેબલ ટોપ ખરીદ કરવા ક્યાં જશો?

સાઉથલેન્ડને દર વર્ષે ૧૫,૦૦,૦૦,૦૦૦ ડૉલર મળે છે. હેને વડે કરીને ૪૦,૦૦૦ થી ૫૦,૦૦૦ મનુષ્યોને રોજી મળે છે. તે ઉદ્યોગ, આપણા ઢોરોને ખોરાક પૂરો પાડે છે. આપણા માટે ...ત આપે છે, મનુષ્યો સુખેથી આરામ લઇ ...કે તેટલા માટે તળાઇઓ બનાવવામાં કામ ...ગવાં લીન્ટર જાતના છોલાં આપે છે. સાબુ બનાવવાને માટે જોઇતી વસ્તુ પૂરી પાડે છે અને જો જરૂર પડે તો 'લીન્ટર' માંથી નાઇટ્રોગ્લીસરીન પણ પૂરૂં પાડી શકે છે."

ઉદ્યોગનો ઉત્કર્ષ.

નીચેના આંકડા આ ઉદ્યોગ અમેરિકામાં કેવી ત્વરાથી ખીલી નીકળ્યો છે તે વાંચનારને બરાબર જણાવી આપશે —

યુનાઇટેડ સ્ટેટસ ઑફ અમેરિકામાં કપાશિયાના ઉદ્યોગની ઉત્ક્રાન્તિ.

(વર્ષ.)	(મીલોની સંખ્યા.)	(બિયાં. ટન.)	(મીલોમાં પીસ્યાં ટન)	(કેટલા ટકા મીલમાં પીસ્યાં.)
૧૮૭૯	૩૦	૧૩,૦૦,૦૦૦	૫૨,૦૦૦	૪
૧૮૮૦	૪૫	૨૬,૦૦,૦૦૦	૨,૮૯,૦૦૦	*૧૧
૧૮૯૦	૧૧૫	૩૫,૦૦,૦૦૦	૯,૧૦,૦૦૦	૨૬
૧૯૦૦	૩૫૭	૪૭,૦૦,૦૦૦	૨૮,૨૦,૦૦૦	૬૦
૧૯૧૦	૮૫૬	૪૫,૦૦,૦૦૦	૩૨,૬૯,૦૦૦	૭૩
૧૯૧૪	૮૮૫	....	....	......

કપાશિયામાંથી ઉત્પન્ન કરી શકાતી ...સ્તુઓ એકદમ એકલા અમેરિકામાંજ નહિં ...ણ યુરોપમા પણ વિખ્યાત થઇ ગઇ અને ...લ અને ખોળને માટેની માગણી ઘણીજ વધી ...ઇ. આથી યુનાઇટેડ સ્ટેટસની પાછળ પાછળ ...ાજ દિશામાં કામ કરવાને બીજાં રાજ્યો પણ ...લચાયા. નીચેના આંકડા ઉપરથી આ વાત ...ધુ સ્પષ્ટ થશે:—

૧૯૧૪ માં દુનિયામાંની કૉટન સીડ મીલો.

યુનાઇટેડ સ્ટેટસ ઑફ અમેરિકા	૮૮૫
ઇંગ્લન્ડ	૫૦
રશિયા	૩૨
પેરૂ	૧૧
જરમની	૯
ચીન	૯
બ્રાઝીલ	૭
ફ્રાંસ	૪
ઇજીપ્ત	૪
ટર્કી (એશિયાટીક)	૪
મેક્સીકો	૧
ઑસ્ટ્રીઆ	૧
ચીલી	૧
હિન્દુસ્તાન	૧
કુલ્લે.	૧,૦૧૯

ઇંગ્લીશ અને ફ્રેંચોમાંની કેટલીક મીલો એકલીજ કપાશિયા માટે નહિં હોય અને સાથે સાથે બીજાં બીયાં પણ કચરતી હોય એ શક્ય છે.

કપાસ પેદા કરનાર દેશ તરીકે હિન્દુસ્થાન યુનાઇટેડ સ્ટેટસ કરતાંજ ઉતરતો ગણાય છે. અને તેથી કરીને સ્વાભાવિક રીતે કપાશીયાના ઉદ્યોગમાં પણ હેનો દરજ્જો તેવોજ હોવો જોઇએ—પણ તે દરજ્જો, જોકે ઇંગ્લન્ડમા એક પણ રૂનો છોડ નથી અને કપાશીયાને માટે હેને હિન્દુસ્થાન અને ઇજીપ્ત ઉપરજ આધાર રાખવો પડે છે તેમ છતાં પણ હેણે લીધો છે એ ખરેખર આશ્ચર્યજનક છે. હિન્દુસ્થાનને રશિયા, ઇજીપ્ત ચીન અને તુર્કીએ પણ પછાત પાડી નાખ્યું છે. તુર્કસ્તાન જેવા હિન્દુસ્થાન કરતાં ઘણા પછાત પણ સાહસીક સ્વભાવના—કૉટન સીડ ઑઇલ મીલના ઉદ્યોગમાં તો બરાબ-દેશમાં રશિયાની ઘણી ખરી મીલો આવેલી છે. હરકોઇને એમ સહજ પ્રશ્ન ઉદ્‌ભવે કે હિન્દુસ્થાન આ શરતમાં આટલું બધું પાછળ કેમ?

આ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર આપવાને માટે, હિન્દુસ્તાન પોતાના કપાશિયાની શી

વ્યવસ્થા કરે છે તે આપણે જોઇએ. દરવર્ષે સરેરાશ ૧૬,૦૦,૦૦૦ ટન કપાશિયા હિન્દુસ્થાનમાં થાય છે. આમાંથી દશ ટકા વાવેતરના કામમાં જાય; બાકીમાંથી ૨,૫૦,૦૦૦ ટન દરવર્ષે યુરોપમાં નિકાશ થાય છે અને ત્હેનો મ્હોટો ભાગ ઇંગ્લંડમાં જાય છે. બાકી રહેલા ૧૨,૦૦,૦૦૦ ટન ક્યાં જાય છે તે જોવાનું રહ્યું. આ મ્હોટા જથ્થાનો શો ઉપયોગ થાય છે તે જાણવાને માટે કોઇ પણ જાતના આંકડાનો આપણને આધાર નથી પણ જો આપણે એમ ધારીએ કે આ મ્હોટો જથ્થો ઢોરોના ખોરાક તરીકેજ વપરાઇ જાય છે તો આપણે સત્યથી બહુ વેગળા નહિં થઇએ. એટલે પરિણામ એમ આવે છે કે જેમ અમેરિકામાં કપાશિયા ફકત નકામી વસ્તુ તરીકે નાખી દેવામા આવતા હતા તેમ હિંદુસ્તાનમાં થતું નથી અને તેથી નકામી વસ્તુનો ઉપયોગ કેવી રીતે કરવો તે શોધી કહાડવાના પ્રયાસનો પ્રશ્ન હિંદુસ્થાનમાં કોઇ દિવસ ઉપસ્થિત થયોજ નથી. હમણા પણ પ્રશ્ન ફકત એક ઉપયોગને બદલે બીજો ઉપયોગ કરવાનો છે અને તેથી કરીને થાપણવાળાઓને માટે બહુ આકર્ષક નથી. આથી હિન્દુસ્થાન આ ઉદ્યોગમાં આટલું પછાત પડી ગયું એમા કાંઇ નવાઇ જેવું લાગતું નથી.

પરન્તુ જે પ્રમાણે હિન્દુસ્થાન હમણા કરે છે તેજ પ્રમાણે કપાશિયાને ઢોરોના ખોરાક તરીકેજ ભવિષ્યમા પણ વાપર્યા કરે તે સલાહકારક છે? સ્વર્ગસ્થ મી. નોએલ પેટનના શબ્દોમાં કહીએ તો "હિન્દુસ્થાનમાં આખા કપાશિયાજ ઢોરોને ખવડાવવામાં આવે છે અને ઘણી વાર એમ પૂછવામાં આવે છે કે એ કપાશિયાને પીલવાથી વધુ લાભ શો? લાભ એટલોજ કે નકામો વ્યય થાય છે તે બચી જાય અને જે તેલ, ઢોરોને કપાશિયા આખા ખવરાવવાથી ત્હેમને પચી શકતું નથી તે તેલ, જો કપાશિયા પીલાય તો પૈસા ઉત્પન્ન કરી શકે. ઢોરોને જો કપાશિયા ખવડાવવામા આવે તો અંદરના તેલનો મ્હોટો ભાગ ત્હેમને પચી શકતો નથી અને બહાર નીકળી જાય છે." કેટલાકો એવી દલીલ લાવે છે કે જો હિન્દુસ્થાનમાં કૉટન સીડ ઓઇલ માટે મ્હોટી મ્હોટી મીલો થાય તો ઢોરો માટેના ખોરાકની તંગી પડે. પણ આનો ઉત્તર એટલોજ કે ગમે તેવી સારી રીતે પણ જો તેલ કહાડવામાં આવે તો ૧૨ ટકા કરતાં વધારે તેલ નીકળી શકતું નથી; એટલે બાકી ૮૮ ટકા ઢોરોને માટે રહે. તેથી તેલની મીલો ઉભી કરવાથી ઢોરોના ખોરાકને માટે તંગી પડવાની ધાસ્તી નાપાયેદાર છે અને જે તેલ નીકળે છે ત્હેનાથી દેશની દોલત વધેજ. આ હકીકત નીચે આપેલા આંકડા ઉપરથી વાંચનારને સ્પષ્ટ સ્હમજાશે :—

	રૂ.
૧૨,૦૦,૦૦૦ ટન કૉટન સીડ (કપાશિયા) ૧,૨૦,૦૦૦ ટન તેલ કહાડી શકે; એટલે દર એક ટન દીઠ રૂ. ૪૫૦-૦-૦ એ લેખે:—	૫,૪૦,૦૦,૦૦૦
૫,૩૦,૦૦૦ ટન ખોળ: એક ટન દીઠ રૂ. ૫૦-૦-૦	૨,૬૫,૦૦,૦૦૦
૫૫૦,૦૦૦ ટન છોતરાં: એક ટન દીઠ રૂ. ૨૦-૦-૦	૧,૧૦,૦૦,૦૦૦
કપાશિયાની કુલ કિંમત—	૯,૧૫,૦૦,૦૦૦
૧૨,૦૦૦,૦૦૦ ટન કપાશિયાની કિંમત: એક ટન દીઠ રૂ. ૫૦-૦-૦	૬,૦૦,૦૦,૦૦૦
બન્ને વચ્ચેનો તફાવત· દેશને ચોખ્ખો ફાયદો	૩,૧૫,૦૦,૦૦૦

આ આંકડો—રૂ. ૩,૧૫,૦૦,૦૦૦ દેશને કપાશિયા આખા ને આખા ઢોરના ખોરાક તરીકે વપરાય છે તેથી દર વર્ષે જતી ખોટ બતાવી આપે છે.

આ ઠેકાણે એ ભૂલી જવું જોઇતું નથી કે કપાશિયા સંઘટ્ટ રૂપમાં ખોરાક છે અને આ જાતનો ખોરાક દુષ્કાળના વખતમાં કામ લાગે એવો નથી. ખડ જેવાં નો કપાશિયાના જે છાલાં આ ભેળમાં 'દલ' તરીકે ઓળખાય છે ત્હેની જરૂર છે. આ 'દલ' કપાશિયા કરતાં મોંઘાં પણ છે. આ છાલાંની ખોરાક તરીકેની

ગેટેલીક શીશીગની બીટીંગનો ઓરડો ગણે છે.

કિંમત સરકારી ફાર્મોમાં અખતરા કરીને પુરવાર થયેલી છે. ૧૯૧૨ અને ૧૯૧૫ ના ગૂજરાતના અને ૧૯૧૩ ના અહમદનગરના દુષ્કાળમાં તે છાલાં ઘણાં ઉપયોગી નીવડયાં હતાં. મુંબાઇ સરકારના હમણાના એક પ્રસિદ્ધ થયેલાં ચોપાનિયાં :—"Fodder problem in the Bombay Presidency"માં કપાશિયાના છાલાં વિશે નીચલી ટીકાઓ પ્રસિદ્ધ થયેલી છે :—

"જે પ્રમાણમાં રૂ ઉગાડવામાં આવે છે તે પ્રમાણમાં ઢોરોના ખોરાકની તંગી આ ઇલાકામાં અને મુખ્યત્વે કરીને ખાનદેશના રૂના પ્રદેશમાં જણાય છે. અમેરીકામાં આવા રૂના પ્રદેશમાં કપાશિયાનાં છાલાં ઢોરોના ખોરાક તરીકે વપરાય છે. ૧૯૧૨–૧૯૧૩માં નવસારીની કૉટન ઑઇલ કંપનીની સૂચનાથી ગાયો તેમજ બળદો વગેરેને માટે આ છાલા ખોરાક તરીકે વાપરવાના અખતરા કરવામાં આવ્યા હતા. અખતરાઓથી એમ સાબીત થયું હતું કે કપાશિયાનાં છાલાં કડબના જેટલાંજ ખોરાક તરીકે ચાલે તેવાં છે. સુરત ફાર્મમાં જણાયું હતું કે ગુજરાતના ૧,૧૫૦ શેર વજનના બળદો ફક્ત ૨૦ શેર છાલાં અને ૩ શેર કપાશિયા ઉપર સારી રીતે રહીને કામ કરી શકતા હતા. નવસારીથી મોકલવાથી સુરતમાં ૧૦૦૦ શેર છાલાંના રૂા. ૧૧–૧૪–૬ પડે છે. કપાશિયાને બદલે ત્હેનાં છાલાં ખવડાવવાથી સૌથી મ્હોટો ફાયદો એ છે કે કપાશિયામાંથી પહેલાં તેલ અને ખોળ કહાડી લીધા પછી તે ઢોરોને આપવામાં આવે છે. અને તેથી આ પ્રદેશોમાં કપાશિયાને બદલે છાલાં વાપરવાથી બહુ મ્હોટો આર્થિક લાભ થઇ શકે તેમ છે."

આ ઉપરથી જોઇ શકાશે કે આ ઉદ્યોગથી ઢોરોનો ખોરાક ખૂટી જવાને બદલે ખરી રીતે જોતા વધારે સારો થશે.

પણ ઢોરોને ખવાડનાર પુરૂષોને કપાશિયા પ્રત્યે ઘણો પક્ષપાત છે. અને તેથી પ્રથમ મીલો કહાડનાર વ્યક્તિઓને આ ઢોરોને પાળનાર પુરૂષોની સહાય મળવાને બદલે કપાશિયાની બજારમા હરીફાઇ મળશે. પરન્તુ આથી ગભરાવા જેવું નથી. કારણકે જ્યાં સુધી કપાશિયા પ્રત્યેનો પક્ષપાત કેળવણીથી નાશ નહિ પામે ત્યહાં સૂધી દુનિયાના બીજા દેશોમાંથી મીલવાળાઓને પુરતી ઘરાકી મળી રહેશે. નીચલા આંકડા ઉપરથી જણાશે કે યુનાઇટેડ કીંગડમજ તેલ તેમજ ખોળ ઘણા મ્હોટા જથ્થામાં લે છે:—

	૧૯૧૧.	૧૯૧૨.	૧૯૧૩.	૧૯૧૪.	૧૯૧૫.
કપાશિયાનું તેલ	ટન.	ટન	ટન.	ટન.	ટન.
કાચું.	૩,૫૫૭	૬,૧૬૮	૧,૦૭૦	૩,૧૧૪	૪,૦૮૦
" " સુધારેલું.	૨૧,૯૦૯	૨૧,૬૬૬	૧૬,૫૮૬	૧૯,૮૬૬	૩૩,૭૬૧
" ખોળ.	૧,૯૯,૦૨૭	૨,૮૧,૮૯૦	૨,૩૬,૭૨૩	૧,૮૩,૧૬૯	૨,૧૭,૪૬૪

મહારાજ્યના બીજા ભાગોમાં કપાશિયામાંથી ઉત્પન્ન થતી વસ્તુઓની શી ખપત છે એના ખાસ આંકડા હું જાણતો નથી, પણ મ્હારા જાતી અનુભવથી હું કહી શકું છું કે યુનીઅન ઑફ સાઉથ આફ્રિકામા તેમની સારી ખપત છે. મિત્રરાજ્યો અને બીજા તટસ્થ રાજ્યોમાં હૉલન્ડ અને બેલજીઅમમાં તેમની સારી ખપત છે અને ડેનમાર્ક અને સ્વીડનમાં ખોળની સારી ખપત થઇ શકે તેમ છે.

હિન્દુસ્થાનના કપાશિયામાંથી મ્હોટો ભાગ યુનાઇટેડ કીંગડમમાં જાય છે. ત્યાં હિન્દુસ્થાનમાંથી મંગાવેલા કપાશિયામાંથી જે તેલ કહાડવા આવે છે તે તેલ ઉતરતા પ્રકારનું હોય છે અને સાબુ બનાવવાના કામમાંજ વપરાય છે. સારી જાતનું તેલ ઇજીપ્ત કે અમેરિકાના કપાશિયામાંથી બનાવવામા આવે છે.

યુનાઇટેડ કીંગડમમાથી સુધારેલાં કપાશિયાના તેલના આકડા નીચે આપેલા છે:—

	નિકાશ.	રી–એકસપોર્ટ.
	ટન.	ટન.
૧૯૧૧	૨૨,૩૬૯	૭૮૭
૧૯૧૨	૧૯,૮૮૨	૧.૧૭૪
૧૯૧૩	૨૫,૦૧૩	૭૭૩
૧૯૧૪	૨૭,૦૬૨	૧,૮૧૧
૧૯૧૫	૨૧,૫૦૫	૯,૮૬૫

ઉપરના આંકડા ઉપરથી જણાશે કે યુનાઇટેડ કીંગડમના સુધારેલા તેલના આયાત અને નિકાશના આંકડા લગભગ સરખા છે, તે ઉપરથી હું એમ અનુમાન કરૂં છું કે મીલો-માંથી બનાવેલ ખરાબ જાતનું તેલ નિકાશ થતું હશે અને અમેરિકામાંથી સારી જાતની તેલની આયાત પોતાના "મારગેરીન ટ્રેડ" ને માટે થતી હશે.

હિન્દુસ્થાનના કપાશિયામાંથી સારી જાતનું તેલ કહાડવાને ઇંગ્લીશ મીલો અશક્તિ-વાન થઇ તેથી સાધારણ રીતે એમ ધરાયું કે એમાંથી સારૂ તેલ નીકળી શકેજ નહિ. ગવર્નમેન્ટ ઑફ ઇન્ડીઆના કેમીસ્ટો ડૉ. લેધર અને ડૉ. હુપરના અખ્તરાઓએ આ ધારણાને પુષ્ટી આપી. પણ ઇન્ડીઅન કૉટન ઓઇલ કમ્પની લીમીટેડે આ ધારણા ખોટી છે એમ પુરવાર કરી આપ્યું. તેઓનું બનાવેલ આઇ. સી. ઓ. રેલેડ ઓઇલ જે હવે આખા હિંદુસ્થાનમાં આટલું બધું જાણીતું થઇ ગયું છે તે વદન ગંધ વગરનું અને મીઠું છે અને કોઇ પણ રીતનું બદસ્વાદ નથી. ઇંગ્લીશ મીલો સારી જાતનું તેલ કહાડવાને અશક્તિવાન નીવડી એનું કારણ એમ હોઇ શકે કે હિન્દુ-સ્થાનથી ઇંગ્લન્ડ જતાં માર્ગમાં કપાશિઆ ગરમ થઇને ત્હેમની જાત બગડી જતી હશે. આ રીતે જાત બગડવાથી તેલની જાત પણ બગડતી હશે. પરિણામે એમ સિદ્ધ થાય છે કે જો હિન્દુસ્થાનમાંના વાજા કપાશિયા લઇને તેલ કહાડવામાં આવે તો અમેરિકા કે ઇજીપ્તના ઉત્તમ તેલ કરતાં કોઇ પણ રીતે ઉતરતું નહિ થાય.

પ્રગતિના માર્ગમાં વિઘ્નો.

લ્હડાઇ ફાટયા પછી થોડા એક માસ પછી કૉમરશિયલ ઇન્ટેલીજન્સ ડીપાર્ટમેન્ટ તરફથી "Vegetable oil, Oil seeds, and Soap" એ નામનો મોનોગ્રાફ બહાર પાડવામાં આવ્યો હતો. તેલ કહાડવાની મીલોના ઉદ્યોગની હિન્દુ-સ્થાનમાં પ્રગતિ થાય તેના માર્ગમાં ત્રણ વિઘ્ન છે:—

૧. યુરોપના દેશોના (ઇંગ્લન્ડ સિવાય) બનાવેલ માલના કરતાં કાચા માલની આયાતને ઉત્તેજન આપવા અર્થે "હાઇ પ્રૉટેક્ટીવ ટૅરીફ"ની રૂઢી

૨. તેલના કરતાં અને ખોળના કરતાં કપાશિયા ઉપર સસ્તું ફ્રેઇટ.

૩. પેકીંગ કરવાની મૂશ્કેલી.

જ્યાં સુધી હિન્દુસ્થાન ફ્રી ટ્રેડને વળગી રહેશે ત્યાં સુધી પહેલી મૂશ્કેલી દૂર થઇ શકે તેમ નથી. આ પ્રશ્ન ઇમ્પીરીયલ જરૂરીયાતનો હોવાથી લ્હડાઇ પૂરી થયા પછીથી થનારી ગોઠવણોમાં એ પ્રશ્નને જરૂર ધ્યાન આપવામાં આવશે.

ફ્રેઇટ વિશે તો એમ છે કે તેલ અને ખોળના કરતાં કપાશિયા ઉપર ફ્રેટ સસ્તું ફક્ત દેખાઇતુંજ છે. જો જુદાં જુદાં ટનેજનાં કૉન્ટ્રૅક્ટ લઇએ તો જણાશે કે ફ્રેટનો તફાવત બહુ જુજ છે. દાખલા તરીકે, લડાઇ પહેલાં ખોળને માટે એક ટન દીઠ ૧૭ શીલીંગ ફ્રેટ હતું અને કપાશિયાને માટે ૧૩ શીલીંગ ફ્રેટ હતું. પણ કપાશિયા વ્હાણના એક ટન એટલે ૧૩ હન્ડ્રવેટ એટલે એક ટનના ૨૦ શીલીંગ ફ્રેટ પડી પડી રહે. તેજ પ્રમાણે વ્હાણનો એક ટન એટલે ખોળના ૧૭ હંડ્રવેટ એટલે ત્હેનું ફ્રેટ પણ ૨૦ શીલીંગ—બરાબર કપાશિયાના જેટલુંજ ફ્રેટ પડી રહ્યું. મૂળ મૂશ્કેલી ફ્રેટના સંબંધમાં નથી પણ વ્હાણવાળાઓ ખોળના કરતાં કપાશિયા લઇ જવાનું વધુ પસન્દ કરે છે. જાતી અનુભવ ઉપરથી હું કહી શકું છું કે મ્હને એ જાતની મૂશ્કેલી તેલ સિવાય બીજા કશામાં નડી નથી.

ત્રીજી મૂશ્કેલી—પેકીંગની તો જેમ જેમ અનુભવ મળતો જશે અને બરાબર સાધનો હશે તેમ તેમ અને જેમ જેમ ઉદ્યોગ ખીલતો જાય છે તેમ તેમ પોતાની મેળે દૂર થઇ જશે.

પ્રજાની હાલતમાં વધારો.

છેવટે, હિંદુસ્તાનમાંજ કોટન સીડ ઓઇલ મીલો, સ્થાપવાને માટે હું દલીલ કરૂં છું તે નીચલાં કારણોને લઇને કરૂં છું:—

દીવાલના માટે ફેન્સી ટાઇલ્સનો છેલ્લી ડીઝાઇનનો જોયો કે?

डॉ. भाऊ दाजी यांचे
एशियाटिक बाम

લૉર્ડ કીચનરના ઉત્તમ શબ્દો.

"પૂર્ણ તૈયારી કરો સર્વ ખાતામાં સ [illegible] આ ઉત્તમ શબ્દો આ શત્રુને નાશકારક [illegible], ને મહાવીર-મહા-પુરૂષ-સેનાપતિ લૉર્ડ કિચનરના મુખમાંથી તા ૪ થી આગસ્ટ સન ૧૯૧૪ ના રોજ [illegible] કરતા અને ઝટપટ ના જ્યા ત સવ લોકોએ સ્વીકાર્યા તેજ પ્રમાણે પોતના તથ પોતાના વ્હાલાઓની જીંદગી સુખી [illegible] દૂર કરવા [illegible] કરીને પૂર્ણ તૈયારી કરી રાખવી એ હમેશા સારૂ છે - આગળના જગપ્રસિદ્ધ ડાક્ટર ભાઉ દાજીની અનુભવથી સિદ્ધ થએલી દૈવી અસરકારક દવા એશીઆટિક બામ પાસે રાખવાથી દુખ દૂર કરી શકાશે

વાયુ શર્દી, થા, દમ, વગેરેથી ઉત્પન્ન થતા અનેક રોગોપર આ અચૂક રામબાણ દવા છે ખરીદતી વખતે પૅકીંગ પર અમારી છાપ રજીસ્ટર્ડની સીલ તથા કાગળ ના ઉપર ભાઉ દાજીનો ફોટોવાળુ એશિયાટિક બામ તપાસીને લેજો [illegible] દવા બે સાઈઝમા સર્વ ઠેકાણે વેચાતી મળે છે

તાબડતોબ આજને આજ મગાવો

વનૌષધી સાર્સાપરેલા.

આ સાર્સાપરેલા સેવન કર્યાથી ઉપદંશજન્ય, ગરમીના રોગો તથા રસાયણી સેવન કરવાથી શરીર ઉપર થનાર ભયંકર વીકારો (લોહીનુ બગડી જવુ) તથા ધાતુના વીકારોને નાબુદ કરીને લોહીને સુદ્ધ કરે છે અને ચામડી ઉપર થતા અનેક પ્રકારના રોગોને મટાડે છે

વળી આ સાર્સાપરીલા ગમે તે માણસે લીધો હોય તો લોહીનો સુધારો કરીને તાકાત આપે છે તથા [illegible] વધારે છે માટલી એકની કીમત રૂ. [illegible]

મહા કુષ્ટ તથા સફેદ કોઢ ઉપર

બે અતિ ઉત્તમ ગુણદાયક ઔષધી.

ભારત મહૌષધી કીમત રૂ. ૧।) નાગવલી તેલ ,, રૂ ૨) આ દવા પેટમા લીધાથી અને તેલ ઉપર લગાડવાથી નીચે લખેલા વિકારો ખાત્રીથી સારા થાય છે અઢાર પ્રકારના કુષ્ટ રોગ, જેવા કે શરીરની ત્વચા ઉપર સફેદ, લાલ, કાળા, જાંબુ રંગના ડાઘ તથા સુનબરી ઇત્યાદિ દરદો ઉપલી દવા લીધાથી ખાત્રીથી સારા થાય છે, તેનજ લોહીનો સુધારો થઇ કાંતિને વધારે છે.

ડૉ૦ ધાકજી ભાણુજી સાવંત

પ્રભુસુવાડી,—મુંબઇ.

દુઃખી અને દરીદ્રી

અનાથોને

સુખી અને સ્વતંત્ર શહેરીઓ

બનાવનાર,

કાઠીયાવાડ હિંદુ અનાથાશ્રમ

ને નીચેને શિરનામે તુરત મદદ મોકલો.

ઓન સેક્રેટરી,
કા હિ. અ. આશ્રમ.
વઢવાણ કેમ્પ,

कर्णिक

एग्यु मिक्श्चर

તાવ માટે એક અકસીર દવા.

એક વખત વાપરીને ખતરી કરજો.

કિંમત એક બાટલીના આના ૧૦.

દ. ખ વહુદા

દરેક દુકાને વેચાતું મળશે. નહિં તો લખો,

કર્ણીક બ્રધર્સ—ગીરગામ મુંબઇ

નિરાશ થવાની જરૂર નથી.

પરંતુ જો અન્ય વીશીઓમા, ભોજન ગૃહોમા કે બપકાહાર લૉજોમા, અને ખુદ પોતા ઘેર પણ, અહીંના જેવી સ્વાદિષ્ટ યાને ટેસ્ટફુલ રસોઇ જમવાની આશા રાખશો તો જ નિરાશ થવુ પડશે. એક વખત પધારો અને ખાત્રી કરો.

ધી સાબરકાંઠા

બોર્ડીંગ હાઉસ

૬ મુમ્બાદેવી પોસ્ટની પાછળ મુંબઈ નં. ૨

૧. દર વર્ષે દેશને રૂપીયા ત્રણ કરોડનો ફાયદો થાય; જે હમણા કપાશિયાનેજ ઢોરોના ખોરાક તરીકે વાપરવાથી ફક્ત નકામાજ ગૂમ થઇ જાય છે.

૨. એથી સારૂં, વાપરવાલાયક તેલ, હમણાં મોઘું ઘી વાપરવું પડે છે ત્હેને બદલે વાપરવા માટે ઘણા મ્હોટા જથ્થામાં મળી શકે.

૩. એથી છાલાંના રૂપમાં ઢોરોને માટે મ્હોટા જથ્થામાં ખોરાક મળી શકે અને એથી કરીને હમણાના ખોરાકના જથ્થામાં બહુ સારો વધારો થાય.

૪ એથી ખોળ ઢોરોને માટે બહુ મ્હોટા જથ્થામાં મળી શકે.

૫. એથી કરીને જૂદા જૂદા ઘણી જાતના પેટા ઉદ્યોગો જેવા કે ઑઇલ રીફાઇનીંગ, સોપ મેકીંગ, ઑલકેલી બનાવવાનુ, ફીડીંગ સ્ટફ્સ અને ફરટીલાઇઝર્સ બનાવવાનું કૃત્રીમ માખણ (મારગ્રુરીન) બનાવવાનું વિગેરે ઊભા થાય.

જે પ્રમાણે અમેરિકામાં થાય છે તે પ્રમાણે અહિં થાય તો દરેક મીલ વર્ષ દિવસે ૬,૦૦૦ ટન કપાશિયા પીસે એવી ૨૦૦ મીલો ચાલી શકે તેટલો પાક અહિંથી મળી શકે તેમ છે. જે જોઇએ છીએ તે ફકત થાપણ અને સાહસ છે અને આપણે આશા રાખીશું કે દેશને જીનીંગ ફેકટરીઝ, પ્રેસો અને કૉટન મીલ્સથી ઉભરાવી નાખવા કરતાં આવી તક જ્યહારે મળે છે ત્યહારે ગૂમાવાશે નહિં. આપણને હમણાંને માટે તો આવી મીલો (જીનીંગ વિગેરે) ઘણી થઇ ગઇ છે અને તેથી હમણાં તો થાપણવાળાઓનો મુદ્રાલેખ "ફેરફાર" (diversion) હોવો જોઇએ.

આપણે ઘણીવાર એમ ફરીયાદ સાંભળીએ છીએ કે દુષ્કાળના વખતમાં જે ખોરાક અને ઢોરોના ખોરાકની તંગી પડે છે તે રૂના વાવેતરના વધતા જતા જથ્થાને લઇને છે. ડીવીઝનલ કમીશનર જેવા મ્હોટા ઓફીસરને પણ એમ જણાયું હતું કે આ પ્રમાણેના રૂના વાવેતર નુકશાનકારક છે અને ૧૯૧૨ ના દુષ્કાળના રીપોર્ટમાં પ્રોવિન્શીયલ ગવર્નમેન્ટને ત્હેણે જણાવ્યું હતું કે અનાજના ભોગે થતાં રૂના વાવેતર ઉપર સખત અંકુશ મૂકાવો જોઇએ. પરન્તુ આ અનાજના ભોગે થતું રૂનું વાવેતર એક જાતની આર્થિક ભરતી છે અને ત્હેને કૃત્રિમ પગલાંથી અટકાવી શકાય તેમ નથી અને તેમ કરવું સલાહભર્યું પણ નથી ખરી રીતે તો એમ છે કે કપાશિયાને પરદેશ મોકલવાને બદલે ત્હેનો વધારે સારો ઉપયોગ કરવો અને સારી રીતે ચાલતી મીલોમા મનુષ્યોને, પ્રાણીઓને અને વનસ્પતિને માટેનો ખોરાક બનાવીને દુકાળના વખતમાં આવી પડતી વિટમ્બણા દૂર કરવી જોઇએ. આ બધું કરવાને જો કોઇ પણ ભોગ આપવો પડે તો તે ફકત એટલોજ છે કે ઘણા વખતથી ચાલ્યો આવતો અણગમો દૂર કરવો. એક વખત હિન્દુસ્થાનમાં, કપાશિયામાંથી ઉત્પન્ન થતી વસ્તુઓ પ્રિય થઇ એટલે પછી રૂનું વાવેતર ગમે તેટલું થાય તો પણ હરકત કર્તા થઇ પડવાનું નથી એકજ પાકમાં મનુષ્ય અને ઢોરોનો ખોરાક સાથે સાથે થયા કરશે, અને હમણા જેને લીધે ચિંતા થયા કરે છે તે એક જાતનું સુખ થઇ પડશે. ત્યારે આપણે નિરાશાવાદીની બૂમ "રૂને બદલે અનાજ" સાંભળીશું નહિ.

શ્રી [illegible] ટાઇપ માર્ટ ૨૧ બેંક સ્ટ્રીટ ફોર્ટ મુંબઇ.

CHAMBER'S SECTION.

ચેમ્બરનો વિભાગ.

ધી ઇન્ડીયન મર્ચન્ટસ ચેમ્બર એન્ડ બ્યુરોની કમીટીની એક સભા મંગળવાર તા૦ ૧૦ મી જુલાઇ ૧૯૧૭ને રોજ ૧૨ વાગ્યે નામદાર હિન્દી સરકારના વ્હેપાર અને ઉદ્યોગ ખાતાંના સભાસદ ધી ઑનરેબલ સર જ્યૉર્જ બાર્ન્સ સાથે કેટલાક પ્રશ્નો ઉપર વાદવિવાદ ચલાવવા મળી હતી, તે પ્રસંગે કમીટીના સભાસદોમાંથી નીચલા સભાસદો હાજર હતાઃ—

૧. ધી ઑન. મી૦ લલ્લુભાઇ શામળદાસ સી. આઇ. ઇ. (પ્રમુખ.)
૨. સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરશી (ઉપપ્રમુખ.)
૩. ધી ઑન. સર ફાઝલભાઇ કરીમભાઇ.
૪. ,, ,, ,, દીનશાહ એદલજી વાચ્છા.
૫. ,, ,, મી૦ મનમોહનદાસ રામજી.
૬. ,, ,, ,, ચુનીલાલ વ્રિજભૂખણદાસ મેહતા.
૭. ,, ,, ,, પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ.
૮. શેઠ ચતુરભૂજ શિવજી જે. પી
૯. ,, મોરારજી વેલજી.
૧૦. ,, એમ પી. માદન.
૧૧. ,, જેઠાભાઇ વાલજી.
૧૨. ,, પી. જે. બીલીમોરીયા.
૧૩. ,, રેવાશંકર જગજીવન.
૧૪. ,, મૂળજી હરિદાસ.
૧૫. ,, દેવીદાસ માધવજી ઠાકરશી.
૧૬. ,, લક્ષ્મીચન્દ માણેકચન્દ ખોખાણી.
૧૭. ,, મોતીલાલ વલ્લભજી.
૧૮. ,, મોતીલાલ કાનજી.

ધી ઑન. મી૦ પી. આર. કેડલ અને શેઠ વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય બાર. એટ લૉ પણ હાજર હતા.

પ્રમુખ ધી ઑન. શેઠ લલ્લુભાઇ શામળદાસ સી. આઇ. ઇ એ પોતાનું ભાષણ શરૂ કરતાં જણાવ્યુંઃ

શુરૂઆતમાં ઑનરેબલ મી૦ લલ્લુભાઇ શામળદાસે કમીટી તરફથી સર બાર્નસને આવકાર દેતાં જણાવ્યું કે આ ઇલાકાના વેપાર ઉદ્યોગોના સવાલ વિષે મારી કમીટીને અંગત મસલહુત ચલાવવાની તક આપવા માટે હું તમારો આભાર માનું છું. હથીઆર ખાતાંની બોર્ડે સીમેન્ટ જેવી કેટલીક ઔદ્યોગીક પેદાશો ખરીદી લેવાનો હક પોતાની મરજી ઉપર રાખ્યો છે. એ ખાતું લશ્કર અને જાહેર બાંધકામ ખાતાંની જરૂરયાતો માટેજ નહી પણ રેલવે, મ્યુનીસીપેલીટી, બારાના ટ્રસ્ટ અને શેહેર સુધારા ટ્રસ્ટ તરફથી પણ તેમ કરવા માંગે છે. લાગતી વળગતી કંપનીઓને સરકારી ખાતાંઓ માટે બોર્ડ ઠરાવે તે ભાવે સીમેન્ટ વેચાતો આપવા સામે કશો વાંધો નથી, પણ તે સિવાયના ઉપલાં ખાતાંઓ સાથે પોતાને ફાવે તે ભાવે સોદા કરવાનું છુટાપણું તેમને કાં નહી મળે તે સમજી શકાતું નથી. ખાસ કરીને રેલવે કમ્પનીઓનો નફો ભાગીદાર વચ્ચે જતો હોવાથી તેઓના સંબંધમાં આવી રીતે શા સારૂ કામ લેવાવું જોઇએ? સીમેન્ટ કંપનીઓની વધુ ફરયાદ એ છે કે બોર્ડે નકી કરેલા ભાવ બજારૂ ભાવ કરતાં બહુ ઓછા છે. એટલુંજ નહી પણ તે જો ગધળો માલ ઉપાડી લે તો તેઓ પોતાના ઘરાકોની સગવડ સાચવી શકશે નહી, જેથી તેઓ પરદેશી સીમેન્ટ વાપરવા લાગશે અને એવી રીતે આ દેશમાં પરદેશી માલ વાડોમ સોમવામાં આવશે. પરીણામ એ આવશે કે લડાઇ બંધ થતાં સરકારની ખરીદી બંધ પડશે, તે વેળાએ સીમેન્ટ કંપનીઓને પોતાનો માલ બજારમાં

મેટેલીક શીટી ગયી બીલ્ડીંગનો ભારટ ગેએ છે.

પાછો ચાલુ કરવાનું બહુ ભારે થઇ પડશે. આથી તે કંપનીઓ એવી અરજ કરે છે કે બોર્ડે લશ્કરી અને જાહેર બાંધકામ ખાતાની હાજતો પુરતોજ સીમેન્ટ ખરીદવો અને બાકીનો માલ તેમને બજારમાં જાહેર હરીફાઇથી વેચવા દેવો. તેઓની આ સૂચનાઓ બોર્ડ હજુર મેળવવામા આવી છે અને મારી કમીટી આશા રાખે છે કે સ્થાનીક ઉદ્યોગોના લાભ ખાતર તમો આ સુચનાને ટેકો આપશો. ગઇ વેળાએ મારી કમીટીને તમારી સાથે મેળાપ થયો તે વેળાએ તેણે કાઠીયાવાડના બંદરોએથી પરદેશી નીમકના જેટલી જગાત ભરીને પણ બ્રીટીશ હદમાં નીમક આયાત કરવાની મુશ્કેલીઓ ઉપર ધ્યાન ખેચ્યું હતું આ બાબતમાં મારી કમીટી તમારા ધ્યાન ઉપર લાવવાનું વાજબી વીચારે છે કે કાઠીયાવાડી નીમકમાથી બ્લીચીંગ પાઉડર, ક્લોરાઇડ ઓફ મેગનેશીઅમ અને એવા બીજાં રસાયણો બનાવી શકાય તે સાબીત છે અને આશા રાખે છે કે જગાત ભરવા બાદ બીજા કોઇ પણ અટકાવ સિવાય એવી બનાવટી જણસોને બ્રીટીશ હીંદમાં દાખલ કરવામાં આવશે.

મારી કમીટી આ તકે તમોને વધુ અરજ ગુજારવાની રજા લે છે કે વીરમગામ ખાતે લેવાતી કસ્ટમ્સ જગાત કહાડી નાખવાને નાણાં ખાતાંને સમજુતી આપવી, કેમકે એ જગાત કાઠયાવાડના વેપાર ઉદ્યોગ ઉપર બોજા સમાન હોવા ઉપરાંત જાહેર ઉતારૂ પ્રજાને પણ બહુ કંટાળારૂપ થઇ પડે છે.

મારી કમીટી એક બીજી વાત ઉપર તમારૂં ધ્યાન ખેચે છે તે આપણાં નવા ઉદ્યોગમાનો એકને ખીલવવા માટે અગત્યની છે. હીંદી સરકારે પોતાના ગઇ તા૦ ૮ મી જાનેવારીના પત્રમાં જણાવ્યું હતું કે વપારના ઉદ્યોગ માટેનો જોઇતો દેશી દારૂ બનાવી શકાય તેટલા માટે સ્થાનીક બનાવટના ડીનેચર્ડ સ્પીરીટ (Denatured Spirit) ઉપરની તેની કીંમત ઉપર લેવામાં આવતી ૭॥ ટકાની એક્સાઇઝ જગાત કાઢી નાંખવામાં આવશે. આ હક્ક બરોડા ખાતેની એલેમ્બીક કેમીકલ વર્કસ કંપનીને પણ આપવામાં આવ્યો હતો. પણ છેલ્લે મુંબઇ ઇલાકાના જગાત ખાતાંના અને આબકારી કમીશનરે તેમને પોતાના ગઇ તા૦ ૨૨મી જુનના પત્રમાં જણાવ્યું છે કે તેમને ગઇ તા. ૧૯ મી મેના પત્રમાં જે હક બક્ષવામાં આવ્યો હતો તે પાછો ખેંચી લેવામાં આવ્યો છે કારણ કે સરકારે એવું ઠરાવ્યું છે કે દેશી રાજ્યમાંથી તેવો જે દારૂ આયાત કરવામાં આવે ત્યાં તે હકની બક્ષેશ નહીં કરવી અને વડોદરા એક તેવું રાજ્ય હોવાથી તે હક પાછો ખેંચી લેવામાં આવે છે. આથી એક નવા શુરૂ થતા ઉદ્યોગને આગળ વધવામાં કેટલી મુશ્કેલી નડે તે સમજી શકાય તેવું છે. જો કે મજકુર કંપનીનું કારખાનું વડોદરાની હદમાં છે છતાં તે બ્રીટીશ હિંદમાં રજીસ્ટર થયું છે. મારી કમીટી આશા રાખે છે કે મજકુર અટકાયત કહાડી નાખવામાં આવશે.

છેલ્લે મારી કમીટી હુંડી ઉપરની અટકાયત દુર કરવાનાં સંબધમાં લક્ષ ખેંચવાનું દુરસ્ત ધારે છે. ચેમ્બરની કમીટી વતી મેં અકતર, નાણા ખાતાંના સભાસદ ઉપર મોકલી આ વિષયના સંબંધમાં તા૦ ૧૩ મી એપ્રિલના દીને હુંડી ઉપરનો અટકાવ કહાડી નાખવાની સરકારને અરજ કરી હતી. મારૂં એવું માનવું છે કે હિંદના બીજા ભાગોમાંથી પણ તેવી માગણી કરવામાં આવી છે. હિંદની વેપારી આલમની એકમતી છતાં હિંદી સરકારનો જવાબ સાંભળી હિંદને ઘણી નાસીપાસી ઉત્પન્ન થઇ હતી. મારી કમીટીને આ વાતની ખબર છે કે આ સવાલને નાણાં ખાતાં સાથે અતલગનો સંબંધ છે તેમ છતા તેઓ મજકુર સવાલના એકલા નાણા વીષયક સ્વરૂપને લઇને તમને કંટાળો આપવા માગતા નથી. પણ નાણુ અને વેપાર એકમેકથી છુટા નહીં પડે તેવા હોવાથી આની અસર હીંદના વેપાર ઉપર કેવી થઇ છે તે બતાવવાની મને રજા આપશો.

ગયા ડીસેમ્બર માસથી સરકારે એક્સચેન્જ બેંકોને હુંડીઆમણના ભાવ નક્કી કરવા જણાવ્યું હતું અને પ્રતકીય અગત્યની ચીજો કંઇ તે વિષે સૂચના આપી હતી. યાદીમાં જે જે ચીજોનો સમાવેશ કરવામાં આવ્યો ન હોતો તેને લગતી હુંડીઓ બેંકોએ કવરથી સ્વીકારવા માંડી હતી. પહેલાં કેટલાક મહીનાઓ સુધીની નીકાશ કરનારા વેપારીઓએ

ધી બોમ્બે ટાઈલ માર્ટ ૧ બેંક સ્ટ્રીટ ફોર્ટ મુંબઇ.

એવાં કવર બજારમાં લાવી બેંકોને આપવા માંડયાં; પરંતુ પાછળથી બેંકોએ બીજાં કોઇનાં નહી ,પણ નીકાશ કરનારનાં પોતાનાંજ કવર માંગવા માંડયાં. એનો અર્થ એવો થાય છે જે પહેડીઓ આયાત તેમજ નિકાશ બેઉ પ્રકારનો ધંધો કરતી હોય તેઓજ માત્ર પ્રજાકીય અગત્યની ચીજોની યાદીમાં નહી દાખલ કરેલી ચીજોનો વેપાર કરી શકે. સરકારે હુંડી લખનારનું પોતાનુંજ કવર હોવું જોઇએ એવો અંકુશ શા સારૂ મુકયો છે તે મારી કમીટી સમજી શકતી નથી અને તેઓ એમ માને છે કે જેમ બને તેમ તાકીદે એ અંકુશ દુર કરવો જોઇએ. કેમકે એ અંકુશથી જે નીકાશવાળાઓ આયાતનો ધંધો કરતા ન હોય તેમને નુકસાન પુગે છે, ત્યારે બીજાઓ લાભ પામે છે. હીંદની કાચી પેદાશ યુરોપ ખાતે નીકાસ કરવા ઉપર સરકારે આ પ્રમાણે અંકુશ મુકયો છે, તે મુખ્ય કદાચ હીંદુસ્તાન ખાતે સોનું આયાત થવાની બ્રીટીશ સરકારની કાળજીને આભારી હોય અથવા નોલની કરકસરને હુંડીયામણના હાલના ભાવ ટકાવી રાખવાને માટે હોય, પરન્તુ જાપાન તેને જોઇતું રૂ હીંદુસ્તાન ખાતેથી ખરીદ કરે તેના સંબંધમાં આ અંકુશ ઓછો કરવામાં આવ્યો છે અને જાપાનના એ ધંધાથી રૂના બજારમાં મંદી આવતાં કાંઇક અટકી છે. જો કે યુરોપ ખાતે રૂની નીકાશ કરવા ઉપરના અંકુશો જાપાનના સંબંધમાં કાબુ રાખવાનું મેળવવાનું સાધન થઇ પડે છે. કમીટી એ વાત સમજે છે કે બની શકે ત્યાં સુધી સ્ટીમરો સરકારનાં તાકીદનાં કામો માટે ફાજલ પાડી આપવી જોઇએ. પરંતુ મારી કમિટી એમ ધારે છે કે, સરકારને ખાસ દરથી સ્ટીમરો મેળવવાની સત્તા મળેલી હોવાથી પ્રજાકીય અગત્યની ચીજ તરીકે નહી ગણાયલી ચીજોની નીકાશ ઉપર આગ વધારાનો અંકુશ મુકયા વગર સારી રીતે ચલાવી શકાય. હુંડીઆમણની સગવડ ઉપર આ અંકુશ હીંદી વેપારને મોટો ગેરલાભ પુગાડે છે અને તેથી આખરે ખેડુત વર્ગને ગેરલાભ થાય છે.

મારી કમિટી આ વીગતો અને પોતાના વિચારો એવી ઉમેદથી રજુ કરવા ઇચ્છે છે કે આપ તેમને આ સભાને સરકારનો આવા અંકુશો મુકવામાં શો હેતુ છે તે વિષે માહિતી આપો. અમે નથી માનતા કે હીંદી સરકાર હીંદના વેપારને હાની પુગાડે એવું કાંઇ પણ પગલું ભરે. પ્રજાકીય જરૂરીઆતની ચીજ તરીકે નહી ગણાયલી ચીજો હીંદમાં સંઘરી રાખવાથી ગ્રેટ બ્રિટન અને તેનાં મીત્ર રાજ્યોને કાંઇ લાભ થઇ શકશે નહી. હીંદને જે સોનું મળવું જોઇએ તે પણ જો તેના નીકાશ વેપારના જોખમે તેની કાચી પેદાશ પરદેશમાં જોઇએ છે તે વખતે પણ નહી આપવામાં આવે એ હીંદને ન્યાય આપવા બરાબર ભાગ્યેજ ગણાય. આવી કઢંગી રાજનીતી હીંદ જેવા મોટા દેશ માટે અખત્યાર કરવાથી તેની નીપજનાં સંબંધમાં ભારે જોખમ ઉભા થાય છે અને મારી કમિટી આ બાબત હીંદી સરકાર પ્રત્યે સંપૂર્ણ માન ધરાવીને પણ પુર જોસ સાથે તમારાં ધ્યાન ઉપર લાવવી એ પોતાની ફરજ સમજે છે

છેવટે સાહેબ તમોએ આ બાબત મારી કમિટી સાથે વાદવિવાદ ચલાવવાને અત્રે આવવામાં જે મહેનત ઉઠાવી છે તે માટે હું તમારો ફરીથી ઉપકાર માનું છું.

ઓનરેબલ સર જ્યાર્જ બાર્ન્સનું ભાષણ.

તે બાદ ઓનરેબલ સર જ્યોર્જ બાર્ન્સે ભાષણ કરતાં જણાવ્યું કે, પ્રથમ તમે મને આપેલા આવકાર માટે હું તમારો ઉપકાર માનું છું. આપણું કામકાજ આપણે શરૂ કરીએ તે આગમજ તમારા માજી પ્રમુખ સર દીનશા વાચ્છાને નામદાર શહેનશાહ તરફથી મળેલાં માન માટે જો તમારી રજા હોય તો મુબારકબાદી આપવાની મ્હારી ઇચ્છા છે. એ માન એવું છે કે, ધરખમ પ્રમાણીક સ્વાર્થત્યાગ કરી બજાવવામાં આવેલી જાહેર સેવાથી વાજબી રીતે મેળવી શકાયું છે. તેજ પ્રમાણે એ માનને હું એવું ગણું છું કે જે તમારી ચેમ્બરના સભાસદોને અને સર દીનશાહ જે હમણાં અત્યાર આગમજ ધરાવતા હતા તેને મુબારકબાદી આપવા સરખું ધારવામાં આવ્યું છે અને મને લાગે છે કે સર દીનશાહ પણ તે તેવુંજ ગણશે.

ગ્રાહકોની જબરી ધમાલ.

જ્યારથી અમોએ આર ભરતનું કામ વેપારી ભાવે ગ્રાહકોને આપવાનું ચાલુ કર્યું છે ત્યારથી અમારૂં ભરતકામ કેટલું સસ્તુ પડે છે, એ અમારા ગ્રાહકોની ધમાલ ઉપરથી સમજાશે.

ભાવ પણ નીચે પ્રમાણે જાહેરમાં મુકયા છે—

કસબ ગામઠી મુંબઈનો વપરાય છે.

સોનેરી તોલા એકના રૂ. ૨॥

રૂપેરી તોલા એકના રૂ. ૨)

પરી નાનાલાલ ગોરધનદાસ,
ભુલેશ્વર ફીરગીના દેવળ સામે—મુંબઈ.

તાજે કલમ—અમારૂ બોર્ડ જોઈને પાછા ન જતા પહેલે માળે પધારજો.

પ્રમાણિકપણું અને વેપારી કુનેહ

મુંબઈની કાર્યકુશળ પ્રજાનો વિશ્વાસ
જલદી જીતી શકે છે એ
તમે માનો છો?

ખાત્રી કરવા નોંધી લ્યો:—

મેશર્સ ગાંધી એન્ડ કું.

લીલાંઉવાળાઓ અને કમીશન એજન્ટો.

પર, મેડો સ્ટ્રીટ-કોટ, મુંબઈ.

કોઈ પણ જાતના ઇલેક્ટ્રીસીટીનો સામાન ખરીદતા પહેલાં એક
વખત હમારા શોરૂમની મુલાકાત લઈ જુઓ

લાભ તમનેજ છે.

ઇલેક્ટ્રીસીટીનું બીલ બચાવવું હોય તો જગપ્રસિદ્ધ ફીલીપ્સ ½ વૉટના લેમ્પો વાપરો

ઇલેક્ટ્રીક લાઈટીંગ સેટ.

બગલાઓ અને મકાનો માટે ખાસ. ઘાસલેટ અને ગ્યાસના કરતા
બેહદ સસ્તા કિં. રૂ. ૬૫૦) થી રૂ. ૯,૦૦૦) (લેમ્પની સંખ્યા પ્રમાણે)
તે સીવાય મોટરો, પંપો, દળવાની અને તેલની ઘંટીઓ અને તમામ જાતના
ઇલેક્ટ્રીક સામાન હમારે ત્યાં મ્હોટા જથ્થામાં તૈયાર છે.

ધી ઓરીયન્ટલ એન્જીનીઅરીંગ એન્ડ ટ્રેડીંગ કું.

રેવલીન સ્ટ્રીટ, હોર્નબી રોડ,

મુંબાઈ.

ઘડપણમાં સુખી થવું હોય

ને

બાલ બચ્ચાંઓને સુખી કરવાં હોય

તો

લખો, એસ. વી. મરચન્ટ.

બ્રાન્ચ મેનેજર.

ધી ગ્રેટ ઇસ્ટર્ન લાઈફ એસ્યુરન્સ કુંપની,

સ્ટ્રેટ સેટલમેન્ટમાં સ્થપાએલી
ઇંગ્લાંડમાં રજીસ્ટર થએલી,
૧૨-૧૪ ચર્ચગેટ સ્ટ્રીટ—મુંબઈ.

તમારાં ભાષણમાં તમો હુંડી ઉપર અંકુશને લગતા સવાલ અને આ અંકુશોની હુંડયામણના વપાર ઉપર થતી અસર વીશે ઇસારો કરો છો. લડાઇ શરૂ થઇ ત્યારથી વેપાર ઉપર અનીવાર્ય જુદા જુદા અંકુશો મેલવામાં આવ્યા છે ત માટે મને જેટલી દલગીરી લાગે છે તેથી વધુ કોઇને લાગતી ન હશે. કમનસીબે સીધી મનાઇ કરીને અંકુશો મેલવામાં આવ્યા છે. વહાણોની તંગીને લીધે અંકુશો અને છેવટે તમે જણાવેલા હુંડીયામણ ઉપરના અંકુશો મેલાયા છે. આપણ સઘળા જાણીએ છીએ તેમ વહાણોની તંગી હાલમાં છે અને આપણી નિકાશનાં નાણાં પગાર કરવા માટે જોઇતી હુંડીની તંગી છે. પ્રજાકીય અગત્યના માલ માટે વહાણો પ્રથમ ફાજલ પાડવાની અમોને ફરજ પડે છે અને સરકારને પણ ફાજલ નાણાં પ્રજાકીય અગત માટેના સઘળા માલ માટે વાપરવાં પડશે. એક્સચેંજને ટી. ટી. ને માટે ૧'૪૬૬ અને ડીમાન્ડ ડ્રાફ્ટને માટે ૧'૪૬૬ દર રાખવાનો હેતુ એટલોજ કે જે પૈસા મળી શકતા હોય તે સઘળા પ્રજાકીય અગત્યની વસ્તુઓને માટેજ વાપરી શકાય. તમો જે જણાવો છો તે ઉપરથી હું સમજી શકું છું, કે તમારી ચેમ્બરે હુંડીપરનો અટકાવ કહાડી નાખવાનો આગ્રહ કર્યો છે. હું આ બીનાનો એક પળ વાર વીચાર કરવાને જણાવીશ કે જે વર્ગનો માલ વહાણ ઉપર ચહડાવી શકાય તે ઉપર હુંડીયામણનો અટકાવ કહાડી નાખવામાં આવે તો શું પરીણામ આવે. અલબત પરીણામ એ આવે કે જે માલ ઘણો નફાકારક હોય તે ઘણાજ અગતના માલને બાજુએ મેલીને પહેલો વહાણ ઉપર ચહડાવવામાં આવે. સુલેહના વખતમા તે ધોરણે કામ બરાબર ચાલી શકે પણ કમનસીબે આપણ સઘળાને યાદ રાખવાની જરૂર છે કે શેહેનશાહત લડાઇમાં રોકાયલું છે. તમોએ દેખાડ્યું છે કે બેંકોએ હાલમાં જે માલ પ્રજાકીય અગત ધરાવનારી ટીપમા નહીં હોય તે માટે હુંડી નહીં ખરીદવાનો ઠરાવ કર્યો છે, શિવાય કે જે દાખલાઓમા માલની નીકાશ કરનાર પોતાની અગત જામીનગીરી આપે. વધુ જણાવ્યું છે કે, આની અસર એ થાય છે કે, એક પહેડી જે નીકાશ આયાતનું કામ કરતી હોય તે પ્રજાકીય અગત ધરાવનારા માલની ટીપમાં નહી હોય, એવો માલ નિકાશ કરી શકે. જ્યારે નીકાશનુ કામ કરનારી પહેડી તેમ કરી શકે નહીં. આ તદન ખરૂં છે અને કબુલ રાખું છું કે આ અનીયમીતપણું ગેરવાજબી છે અને જે બેંકો હાલમાં જે ઠરાવ ઉપર આવી છે તે પાછો ખેંચી લઇને દુર કરવું જોઇએ. મને ભય છે કે આ અનીયમીતપણુ હીંદી પ્રધાનનો હેતુ બજા લાવવાનું પરીણામ છે, કે જે હેતુ એ છે કે, હીંદ માંહેની બેંકોનાં નાણાં પ્રથમ પ્રજાકીય અગત ધરાવતા માલની ટીપ માંહેલા નીકાશના માલ માટે ખરચવાં જોઇએ. આપણે એક દાખલો આપણી સનમુખ લઇ તેની તપાસ લઇએ. જો એક પહેડી જેને આપણે (એ૦) કરીને ઓળખાવીશું કે જે બંને નીકાશ અને આયાતનું કામ બજાવે છે. તે એક બેંકને પ્રજાકીય અગત ધરાવતા માલની ટીપમાં નહીં હોય એવા માલ માટે હુંડી આપે અને તેજ વેળા તાર મારફતની હુંડી પોતાને હીસાબે ખરીદવાની માંગણી કરે તો બેંક (એ૦)નાં નાણાં (એ૦)ની હુંડી ખરીદવામાં વાપરે છે અને જો બેંક એ૦ ની હુંડીઓ નહીં ખરીદે તો બેંક એ૦ની તારની હુંડી મોલવે નહીં, કેમકે એ૦ પોતાનાં નાણાં પોતાની હુંડીમાંજ વાપરે હવે આપણે બીજો દાખલો લઇશુ. જો બી૦ કે જે એક નીકાશ કરનાર પેહેડી છે તે પ્રજાકીય અગત્ય ધરાવનારા માલની ટીપમાં નહીં હોય એવા માલ સામે હુંડી આપે છે અને તેજ વેળા બેંકને તારની અથવા દર્શનની હુંડી એક બાહેરના આયાત કરનારની આપે છે કે અયાત કરનારને આપણે કવર તરીકે સી૦ નામથી ઓળખાવીશું ત્યારે બેંક આ બાહેરના આયાત કરનારના નાણાં બી૦ ની હુંડી ખરીદવાને ઉપયોગમા લે છે. આ બાહેરના આયાત કરનારનાં નાણાં કોઇ પણ રીતે બેંક લે એટલે કે, જો બેંક બી. ની હુંડી ખરીદવાને ના પાડે તો તે બેંક અથવા બીજી કોઇ બેંક બાહેરના આયાત કરનાર સી૦ ના નાણાં મેળવશે અને જે માલ પ્રજાકીય અગત ધરાવનારી ટીપમાં હોય તેની સામે હુંડીઓ

ખરીદ કરશે. હવે હું તમને ખાતરી આપું છું કે, જે અંકુશો મેલવામાં આવ્યા છે તે શેહેનશાહતના લાભના છે અને આપણે સઘળાના લાભોને નુકસાન કર્યા વગર તે અંકુશો ખસેડી શકાય તેમ હશે તો તે તરતજ ખસેડવામાં આવશે જે એકસચેંજ હાલમાં મળી શકે છે તે જ્યહાં સૂધી બને ત્યહાં સૂધી પ્રજાકિય અગત્યની વસ્તુઓને માટેજ વાપરવાં જોઈએ એ અગત્યનું છે. સેક્રેટરી ઑફ સ્ટેટે જે ભાવ ઠેરવેલા છે તે ભાવના કરતાં વધારે ભાવે હુંડીઆમણ બજારમા વેચાય છે એમ હું જાણું છુ, પરન્તુ હું ત્હમને બધાને વિનતિ કરૂં છું કે ત્હમારે આ જાતના સોદાને મદદ નહિં કરવી અને સેક્રેટરી ઑફ સ્ટેટે જે ભાવ ઠેરવેલા છે તેજ ભાવને વળગી રહેવાને યત્ન કરવા જોઈએ.

હીંદી માલનો કબજો.

હું સીમલા છોડવાની તૈયારીમાં હતો ત્યારે હીંદી માલ કબજે લેવાની બાબતમાં ચર્ચા ચલાવવાની તમારી ચેમ્બરની ઇચ્છા છે એવો ... મળ્યો હતો. આ બાબત મારાથી ... તાર કરતા તમારા સેક્રે- ... કે તે સીમેન્ટને ... મારી પાસે ... વીગતોને ... ર રાખ- ... જથ્થો ... ર-

હું જાણું છું કે સીમલા ખાતે હીંદી દારૂગોળા ખાતાંની બોર્ડનો પ્રમુખ સર થોમસ હોલેન્ડ ચોકસ સીમેન્ટ બનાવનારાઓને મળ્યો હતો અને મને યાદ છે તે મુજબ ટનનો રૂ. ૪૨–૮–૦ ભાવ તેણે ઠરાવ્યો હતો. બજારના કૃત્રિમ ભાવથી આ ઓછો છે, તોપણ સર થોમસ હોલેન્ડ એમ માને છે કે તેથી ત બનાવનારાઓને વાજબી નફો મળે તેમ છે. તેજ પ્રમાણે પોલાદના સંબંધમા નામદાર સરકાર અને મેસર્સ તાતાની વચ્ચે પણ કરાર થયો છે હું જાણું છું ત્યા સુધી સરકારી જરૂર સારૂ હીંદી માલ કબજે કરવામાં આવ્યો નથી પણ દરેક વખતે કરાર કરી તે કામ થયું છે. પણ બહુ નફો લેવા જતાં સરકાર માલ કબજે કરવાની સત્તા ધરાવે છે એ બીના માલવાળાઓ જાણતા હોવાથી પોતાને પણ લાભ થાય અને સરકારને પણ વાજબી ભાવે માલ મળે એવી ગોઠવણો થાય છે હું ફરીથી યાદ આપીશ કે મારે યાદદાસ્ત ઉપર આધાર રાખવો પડે છે અને જાતી અનુભવ નથી. તોપણ આટલી વાત નકી છે કે બધી વીગતોનો વીચાર ચલાવ્યા પછી બંને બાજુની સંમતીથી વાજબી ભાવો ઠરાવવામાં આવ્યા હતા.

લડાઇ પછી સીમેન્ટની સરકારને વધુ જરૂર પડશે નહીં એમ તમે ધારો છો, પણ મને લાગે છે કે તે ભય નકામો છે લડાઇ પછી તો સરકારને સુલેહને સમયે સીમેન્ટની વધારે જરૂર પડશે અને આ દેશનાં સીમે- ...નાં કારખાનાંઓ બાહેરની આયાત વગર ... પુરો પાડી શકશે. પંજાબની ... ત્યારે દેશમા બનનો લગભગ ... જાય તેમ છે. પણ આવા મોટા ... પસરના ભાવોની જરૂર છે. ... માલ બનાવવાથી ભાવો ... રફેર નથી. આ દેશમાં ... ટે મોટું ક્ષેત્ર છે અને ... ગે તેના વેપારે પોતાનો ... એ. નુરના ભાવો વધારે હોવાથી બ્રીટીશ સીમેન્ટ સ્ટ્રેટ રૈગશે અને જાત તથા કીમત ...માં આ દેશના સીમેંટનાં કાર- ...વા મળશે?

ઘડપણ
બાલ બચ્ચાંઓને સુ...
તો
લખો, એમ. વી. મર...
બ્રાન્ચ મેનેજર,
ધી ગ્રેટ ઇસ્ટર્ન લાઇફ એસ...
૧૨-

ખાનગીઓનેજ બધા સરકારી હોકમો મળશે. હું ધારૂં છું અને તમે પણ મારી સાથે મળતા થશો કે આ દેશના ઉદ્યોગોને ટેકો આપવા માટે બને ત્યાંસુધી સરકારી જરૂરીઆત માટેના હોકમો તેને મળવા જોઇએ. લડાઇથી ઘણી નુકસાની થઇ છે તેમ ઘણું શીખવાનું મળ્યું છે. તેણે શીખવ્યું છે કે બાહેરથી માલ લાવવાને બદલે આ દેશમાંજ બને તેટલો માલ બનાવવો જોઇએ. હીંદી દારૂગોળા ખાતાંની બોર્ડની એજ રાજનીતિ છે કે આ દેશમાંથી બને તેટલો માલ મેળવવો અને અને તેને ઉત્તેજન આપવા માટે સરકારી હોકમો તેને આપવામાં અમારો હેતુ હીંદને આગળનાં કરતા ભવીષ્યમાં પોતા ઉપર વધારે આધાર રાખતું કરવાનો છે, અને નવા ઉદ્યોગોની ઝડપથી ખીલવણી કરવા માટે સરકારને જોઇતા માલના હોકમો અહીંજ આપવાનો છે.

બ્લીચીંગ પાઉડર.

કાઠીયાવાડમાં થતાં મીઠાંમાંથી કપડાં રંગવાનો "બ્લીચીંગ પાઉડર" અને બીજા રસાયણીક પદાર્થો થોડા વખતમાં બનવાની તમે આપેલી ખબરથી મને આનંદ થયો છે, સાધારણ જકાતનો દર લઇ તે પદાર્થોને બ્રીટીશ હીંદમાં દાખલ થવા દેવામાં આવશે એવો તમો ભરૂસો રાખો છો મીઠાની નીકાશ ઉપર નાંખવામા આવેલી અટકાયતથી આ બાબતમા તમને શંકા રહેતી હશે, પણ મારે જણાવવાનું જોઇએ કે તે અટકાયત સરકારને મીઠામાથી મળતી આવક જાળવી રાખવા માટે નાખવામા આવી છે, પણ હું તમોને ખાતરી આપીશ કે તે નીયમ બ્લીચીંગ પાઉડર કે બીજા રસાયણીક પદાર્થો તરફ લંબાવવા આવશે નહીં.

વીરમગામની જકાત.

તમારાં ભાષણમા તમે વીરમગામની જકાતની બાબત હાથ ધરી છે હું હીંદમાં આવ્યા પેહેલાનો આ ઘણા વરસનો ચર્ચા યુક્ત થઇ પડેલો સવાલ છે. તે સવાલમાં નાની મોટી ઘણી મુશ્કેલીઓ સમાયલી છે અને ભુતકાળમા તેને માટે ઢીલ ઉપર ઢીલ થયા કરી છે, છતા હું માનું છું અને આશા રાખુ છુ કે ભુતકાળની ઢીલોનો હવે સેવટનો અંત આવ્યો છે. હું તમને જણાવીશ કે હાલની રૂઢીથી ઘણા લોકોને ભારે અગવડ પડે છે તેથી નામદાર વાઇસરૉયને ઘણું લાગી આવે છે અને તેઓ આ સવાલ તરફ તેથી અંગત ધ્યાન પણ ઘણું આપે છે. મને જણાવતાં ખુશી ઉપજે છે કે આ મુશ્કેલ સવાલ વીષેના સંદેશાઓનો છેડો આવવા લાગ્યો છે અને ઘણાં નજદીકનાં ભવીષ્યમાં બંને બાજુને સંતોષ આપે એવો નીર્ણય થવાની નામદાર હીંદી સરકાર આશા રાખે છે. તમો ખાત્રી રાખજો કે સરકાર આ બાબતમાં ખંતથી પ્રયત્નો કરશે અને તેને જેમની તેમ રહેવા દેશે નહીં.

ડીનેચર્ડ સ્પીરીટ (Denatured siprit).

દેશી રાજ્યોમાં બનતા ડીનેચર્ડ સ્પીરીટ વીષે તમો બોલ્યા છો અને ખાસ કરીને વડોદરાના એલેમ્બીક કેમીકલ વર્કસ વીષે તમે ઇશારો કર્યો છે તમારા કહેવા ઉપરથી સમજાય છે કે મુંબાઇ સરકારે નાખેલી અટકાયત વગર જરૂરની છે. આ બાબતમાં શી હકીકતો છે અને સ્થાનીક સરકારે શા કારણથી તેવું પગલું ભર્યું છે તે હું જાણતો નથી પણ હું તમને વચન આપું છુ કે સ્થાનીક સરકાર સાથે મળીને હું આ બાબતની તપાસ કરીશ

આબકારી ખાતાંની મેહેસુલ માટે જ્યા જરૂર ન હોય ત્યાં કોઇ પણ જાતની અટકાયત કે અડચણ હોવી જોઇએ નહીં એવી આપણી સાથે તેની પણ ઇચ્છા હોવી જોઇયે એવી મારી ખાત્રી છે. તમને અને તમારા ચેમ્બરના સભાસદોને મળવાની તક મળવાથી આજે મને ઘણો આનંદ થયો છે, અને મારૂં કહેવું તમે ધીરજથી સાંભળ્યું છે તેને માટે હું તમારો ઉપકાર માનું છું.

તે પછી સભા બરખાસ્ત થઇ હતી.

ધી ઇન્ડીઅન મર્ચન્ટસ ચેમ્બર ઍન્ડ બ્યુરોની કમિટીની એક ખાસ સભા બુધવાર તા. ૯ મી મે ૧૯૧૭ ને રોજ સ્હાંજના ૨ કલાકે (મું. ટા) મળી હતી જે વખતે નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતા:—

(૧) સર વિઠ્ઠલદાસ ડી ઠાકરશી. (ઉપ–પ્રમુખ.)
(૨) ઑન શેઠ મનમોહનદાસ રામજી.
(૩) ,, ,, પુરૂષોત્તમ ઠાકોરદાસ.
(૩) શેઠ જેઠાભાઇ વાલજી.
(૫) ,, લક્ષ્મીચંદ માણેકચંદ ખોખાણી.

(૬) ,, રતનશી મુળજી.
(૭) ,, ચતુર્ભુજ શિવજી
(૮) ,, દેવીદાસ માધવજી.
(૯) ,, રેવાશંકર જગજીવન.
(૧૦) ,, મોરારજી વેલજી
(૧૧) ,, મોતીલાલ કાનજી.
(૧૨) ,, મોતીલાલ વલ્લભજી.

પ્રમુખની ગેરહાજરીમાં ઉપ-પ્રમુખે પ્રમુખસ્થાન લીધું હતું.

(૧) નાણાં બજારમાં જે ભીડ ચાલે છે તે ઉપર તથા કાઉન્સીલ બીલોનાં વેચાણના ઉપર મુકાએલા અંકુશ બાબત વિચાર કરવામાં આવતાં તે બાબત ઘટતાં પગલાં લેવાને નીચે જણાવેલા ગૃહસ્થોની એક સબ-કમિટી નીમવામા આવી હતીઃ—

(૧) ઑાન શેઠ લલ્લુભાઇ શામળદાસ સી. આઇ. ઇ. (પ્રમુખ)
(૨) સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરસી
(૩) ઑાન. શેઠ મનમોહનદાસ રામજી.
(૪) ,, ,, પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ.
(૫) ઑાન સર ફીનશાહ એદલજી વાચ્છા.
(૬) સર શાપુરજી બી ભરૂચા.

(૨) સીટી કૉર્ટની યોજના ઉપરનો વિચાર મુલતવી રાખવામાં આવ્યો હતો.

બાદ સભા બરખાસ્ત થઇ હતી

ધી ઇન્ડીઅન મર્સન્ટસ ચેમ્બર એન્ડ બ્યુરોની કમિટીની એક સભા શનિવાર તા. ૨જી જુન ૧૯૧૭ ને રોજ સ્હાંજના ૨ કલાકે (મું. ટા) મળી હતી જે વખતે નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતા —

(૧) ઑાન. શેઠ લલ્લુભાઇ શામળદાસ. સી. આઇ. ઈ. (પ્રમુખ)
(૨) ,, ,, મનમોહનદાસ રામજી.
(૩) શેઠ જેઠાભાઇ વાલજી.
(૪) ,, લક્ષ્મીચંદ માણેકચંદ ખોખાણી.
(૫) ,, મોતીલાલ વલ્લભજી
(૬) ,, મોરારજી એદલજી વાંરડન.
(૭) ,, ગોપાળજી વાલજી સુંદરજી.
(૮) ,, રેવાશંકર જગજીવન
(૯) ,, એમ. પી. માદન

(૧) આગલી સભાઓની મીટીંગની મીનીટ જે સભાસદોમાં ફેરવવામાં આવી હતી તે પસાર કરવામાં આવી હતી

(૨) સીટી કોર્ટની યોજનાના ઉપર વધુ વિચાર ચલાવવામાં આવતાં એમ જણાયું હતું કે કમિટીના સભાસદોમાં તે બાબે બે મત હતા. એક મત કે જે તરફ વધુ સભાસદો હતા તે એ હતો કે કાયદા લડવાના ખર્ચનું પ્રમાણ ઓછું કરવાને માટે મુંબઇમાં મદ્રાસની માફક એક જુદીજ દીવાની કોર્ટ સ્થપાવી જોઇએ જેને પાંચ હજાર રૂપીઆ સુધીના મુકદ્દમાઓનો નિકાલ કરવાની સત્તા હોવી જોઈએ. બીજો મત એવો હતો કે આવી જાતની કોર્ટની કાંઇ જરૂર નથી પણ સ્મૉલકૉઝ કોર્ટની સત્તા બે હજાર રૂપીઆ ઉપરથી વધારી પાંચ હજાર રૂપીઆ સુધીની કરવી જોઇએ

કમિટીએ એવો ઠરાવ પસાર કર્યો હતો કે આ બન્ને મત ના. સરકાર ઉપર મોકલી આપવા તથા બીજી કેટલીએક સુચનાઓ જે બાબે કમિટી એકમત હતી તે પણ તેઓ ઉપર મોકલી આપવી.

(૩) ના સરકારે કમિટીને એક પત્ર લખી જણાવ્યું હતું કે હાલની ચાલતી ચલણી નોટોના કદ તથા ડીઝાઇન વિગેરેમાં ફેરફાર કરવાની તેઓને ઇચ્છા છે અને આ નવી ડીઝાઇનના નમૂનાઓ કમિટીને જોવા માટે તેઓએ મોકલાવ્યા હતા આ બાબતનો વિચાર બીજી સભા ઉપર મુલતવી રાખવામાં આવ્યો હતો.

૪ જુનાં ન્યુસપેપરોની આયાત ઉપર જે પ્રતિબંધ નાખ્યો હતો તે બાબત કમિટીએ તેઓના ઉપર જે તાર મોકલ્યો હતો એનો ના સરકાર તરફથી જવાબ આવ્યો હતો કે હાલમાં તે બાબે કાંઇ પણ ફેરફાર થઇ શકે એમ નથી. આ પત્રની નોંધ લેવામાં આવી હતી.

(૫) પ્રાયોરિટી કમિટીની બાબતમાં કમિટીએ જે છેલ્લું લખાણ કર્યુ હતું તે સંબંધે ના. સરકારનો જવાબ આવ્યો હતો કે આ ચેમ્બરને તે કમિટી માટે એક પ્રતિનિધીનું નામ સૂચવવાનો હક આપવામાં આવ્યો છે તથા તે પ્રમાણે ચેમ્બરના એક પ્રતિનિધીનું નામ સૂચવવાનું કમિટીને જણાવવામાં આવ્યું હતું. આ બાબતમાં ના સરકારનો આભાર માનવામાં આવ્યો હતો અને ચેમ્બરના પ્રતિનિધી તરીકે ઑાન. શેઠ મનમોહનદાસ રામજીનું નામ સૂચવાયું હતું.

(૬) કરાંચી ચેમ્બર ઑફ કૉમર્સ તરફથી વૉર લૉન તથા પ્રિમિઅમ બૉન્ડસ બાબત પત્ર આવ્યો હતો, જેની નોંધ લેવામાં આવી હતી.

સીવીલ સરજ્યન

તથા એમ ડી ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો, રાજા મહારાજાઓ, નવાબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેરાન્સ જાતે, પોલીટીકલ એજન્ટ, સરકારી સીવીલીયન ઓફીસર અને દેશી તથા યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમા બાદશાહી યાકુતી નામની વિશ્વવિખ્યાત દવા દિવસે દિવસે બહુ વપરાય છે એજ તેની વધતી જતી ફતેહમંદી અને ઉપયોગીતાની નીશાની છે ગવર્નમેન્ટ લેબોરેટરીમા આ રજવાડી દવા એનાલાઇઝ થયેલ છે અને તે બાબતનુ સરટીફીકેટ પણ મળેલ છે

બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતન કાયમ રાખે છે સંસાર સુખ ભોગવવા માટે દેશી અને યુનાની દવામા ઉંચામા ઉંચી દવા જોઇએ તો આ બાદશાહી યાકુતી અનંગ વિલાસ છે આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂ પુરૂષાતન આપે છે રાજા રજવાડામા તથા શ્રીમંત લોકોમા આ દવા ઘણુ વખણાય છે ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે—આ દવા અતિ ઉત્તમ દેશી દવાઓમાથી બનાવવામા આવે છે આ દવા ચાલુ હોય ત્યારે તમામ ખોરાક ખાવાની તથા બધી તરેહની છુટ છે ૪૦ ગોળીની ડબી એકના રૂપીયા દશ

બાદશાહી યુનાની લેપ.

અમીર ઉમરાઓમા વખણાતી ઉમદા દવાઓમાથી આ લેપ બનાવેલ છે અને તે નસોને પુરતી તાકાત આપે છે નબળી પડી ગયેલ નસોને પુરતુ જોર આપી પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે આઉંસ એકની ડબીના રૂપીયા આઠ

· ડાકટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

ધી એલેમ્બીક કેમીકલ વર્કસ કું. લી.

મુબઇ અને વડોદરા.

આયુર્વેદના ભાવ પ્રકાશ નામના ગ્રંથના આધારે તૈયાર કરેલી દવાઓ—

વેજીટેબલ ટોનીક સીરપ—(દેશી ઔષધિઓમાથી શાસ્ત્રીય રીતી અનુસાર બનાવેલી શક્તિની દવા આ દવા જઠરાગ્નિ સુધારી પાચનશક્તિ વધારે છે અને શરીરને અખુટ કૌવત આપે છે (એ ખાસ ધ્યાનમાં) રાખવુ કે વેજીટેબલ ટોનીક સીરપથી શરીરમા આવતી શકિત ઉત્તેજક અને ઉન્માદક દવાઓથી ટુંક સમય માટે જણાતી કૃત્રીમ શકિત જેવી નથી પણ કાયમની કુદરતી શકિત છે)

(૨) લીવરને પોતાનુ કામ બજાવવાને નિયમીત બનાવી શરીરને નિરોગી બનાવે છે

(૩) અજીર્ણની વ્યાધીનો નાશ કરે છે, અને અન્ન માર્ગને તાકાત આપે છે

નોટ—ગર્ભવતી તેમજ સુવાવડી સ્ત્રીઓને પણ આ દવા આપી શકાય છે, તેથી સુવારોગ લાગુ થઇ શકતો નથી, અગર લાગુ થયો હોય તો મટી જાય છે કિંમત દર બાટલીના રૂા ૧—૨—૦

ગ્લીસેરો ફોસ્ફેટ કમ્પાઉન્ડ સીરપ—(જ્ઞાનતન્તુને શક્તિ આપનારી અમુલ્ય દવા) માણસના જ્ઞાનતન્તુઓમા અને મગજમા મુખ્ય પદાર્થ તરીકે ગ્લીસેરો ફોસ્ફેટના તત્વો રહેલા હોય છે અને જ્યારે તેનુ પ્રમાણ ઘટી જાય છે, ત્યારે સાધારણ આરોગ્યતા અને શકિત જતી રહે છે અને અશક્તિને લઈ જુદા જુદા સખ્યાબંધ દરદો ઉત્પન્ન થાય છે તેથી શરીરને કુદરતી રીતે માફક આવે તેવા તત્વોમાથી બનાવેલી આ નિર્દોષ દવાનો ઉપયોગ કરવાથી પડેલી ખોટ પુરી પડે છે, ને શક્તિ આપનારા તત્વોની વૃદ્ધિ થાય છે જેઓને મગજનો કે અંગ અંગનો પસારો વિશેષ જણાતો હોય તેમણે અચુક આ દવા વાપરવી કીંમત દર બાટલીના રૂા ૧—૬—૦ (મોટી સાઇઝ)
૦—૧૪—૦ (નાની સાઇઝ)

બીજી બનાવટો માટે કેટલોગ મંગાવો.

મળવાનું ઠેકાણુ—ધી એલેમ્બીક કેમીકલ વર્કસ કું. લી.

પ્રીન્સેસ સ્ટ્રીટ—મુબઇ.

રૅાયલ ટૉનીક પીલ્સ.

તાકાત આપનારી શુદ્ધ વનસ્પતીની ગોળીઓ.

આ ગોળીઓ દરેક પ્રકારની નબળાઇ દુર કરી પુરૂષાતન આપે છે. સ્વપ્નામાં કે પીશાબમાં જતી ધાતુ બંધ કરી વીર્યવીકારના ગુપ્ત દરદો મટાડી પાચનશકિત વધારી તાકાત આપે છે. કેળવણી લેતા વીદ્યાર્થીઓનાં મગજને પુષ્ટી આપી તેમની ઓછી થએલી યાદદાસ્ત શકતીને પુરજોશમાં ખિલતી રાખે છે.

કેશર, કસ્તુરી, અંબર વીગેરે દેશી વનસ્પતીની બનેલી "રોયલ ટૅાનીક પીલ્સ" લોહી વધારી અવયવોને તાકાત આપે છે. ભુખ વધારી શરીરનું પોષણ કરે છે એટલુંજ નહીં પણ ફકત ત્રણ દીવસમાં પોતાની અદભુત શકિત આબેહુબ બતાવે છે. સ્ત્રીઓના અનિયમીત ૠતુશ્રાવને અટકાવી ગર્ભસ્થાનને સુધારી તંદુરસ્તી બક્ષે છે.

રજીસ્ટર નંબર ૧૮૦ તપાસી લેજો. નકલી માલથી ખુબ સાવચેત રહેજો.

કીંમત ૩૦ ગોળીની રૂ ૧-૪-૦

ગોવીંદજી દામોદરની કું૦

જથાબંધ તથા છુટક દવાઓ વેચનારા,

૧૧-૬ નં. ૩ સુતાર ચાલ, માર્કેટ, મુંબઇ નં. ૨

અતિ સસ્તું સાહિત્ય! અપૂર્વ વાંચન!

વાર્ષિક રૂા બેમાં ૧૫૦૦ પૃષ્ટ

બોધપ્રદ ઐતિહાસિક સામાજીક નવલકથાઓના વાચનથી

મનુષ્ય ધર્મ અર્થ કામ મોક્ષ, પ્રાપ્ત કર છે!

આજેજ ગ્રાહક થાઓ

સસ્તી—વાર્તામાળા.

ચિકણા કાગળ, સ્વચ્છ છાપ, તદ્દન મજબૂત સુંદર પૂઠાં, ચાલુ વર્ષમાં નીચલી નવલ કથાઓ—

૧ લુ શાંતિ નિકેતન અથવા સુખ પ્રાપ્તિનો મહામંત્ર, સામાજીક, ધાર્મિક પૃષ્ઠ ૩૭૨. ૨ જુ રાતા જંગમાલ ઐતિહાસિક ઉત્તમ નવલકથા ૩ જુ યુરોપનો રણુરંગયુદ્ધને લગતી અસરકારક વાર્તાઓ ૪ થુ સુધરેલી સીતા અથવા સુધારાને નામે કુધારો' ચાલુ જમાનાના સુધારકોની અદ્ભુત લીલા' અવશ્ય વાચો ૫ મુ તપાની તસુમ-જાપાનની હિંમતી સ્ત્રી, શાહકીવોના અદ્ભૂત પરાક્રમ બુદ્ધિ ચાતુર્યનો ભંડાર, સર્વ પુસ્તકો બહુ ઉત્તમ છે દરેક સજ્જને ગ્રાહક થયા ચુકવુ નહિ.

વાર્ષિક મૂલ્ય—કાચા ગાડા ગજ્જુન પૂઠાના રૂા. બે પાકા સુંદર પૂઠાના રૂા ૩ આફ્રિકા માટે કાચા પૂઠાના રૂા ૨-૧૦-૦ પાકા પૂઠાના રૂા ૪-૦-૦

સર્વત્ર એજન્ટો જોઇએ છીએ પત્ર વ્યવહાર—

ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા.

મેનેજર—સસ્તી વાર્તામાળા–અમદાવાદ

हिगोराईन

અથવા

સીરપ ઓફ કમ્પાઉંડ ગ્લીસરોફૉસ્ફેટ્સ.

મગજ, જ્ઞાનતંતુ અને શારીરીક નબળાઇ, પગની અથવા આંખની બળતરા તેમજ બીજા કોઇ પ્રકારની કમ તાકાતની દરદો-તથા યાદશક્તિ ઓછી થવાથી તથા મીઠી પીસાબ, ઘડપણની નબળાઈ, જડમુળથી દુર કરવામાં હીગોરાઇન પહેલીજ કીમતી દવા છે તેમજ માણસો તુરત મજબુત બને છે અને વજનમાં પણ વધે છે

૧ બાટલીની કીંમત રૂ ૧) ટ ખ. ૫ આના.

ધી હારબીંજર વર્કસ

મેન્યુફેકચરીંગ કેમીસ્ટસ.

મુંબઇ નં. ૭

એ સિવાય બીજા ઔષધો—જેવા કે ફીવરસ્પેસીફીક અથવા તાવ વગેરે ખાસ કૉલન વૉટર લવેન્ડર, ટુથ પાઉડર બુટપાલીસ વગેરે બીજા પદાર્થ ઘણા સારા નામા તૈયાર થયે છે મફતી સાથ કેટલોગ મંગાવો

(૭) ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટના બોર્ડમાં આ ચેમ્બર તરફથી એક પ્રતિનિધી હોવો જોઇએ, એ બાબતનું એક બીલ મુંબાઇ કાઉન્સીલમા લાવવા માટે મી. હાલાઇ તરફથી જે સૂચના કરવામાં આવી હતી તે સૂચના ઉપાડી લેવાની, કાઉન્સીલમાં બીરાજતા ચેમ્બરના પ્રતિનિધી ઑાન. શેઠ મનમોહનદાસ રામજીને વિનંતિ કરવામાં આવી હતી.

(૮) એકસચેન્જ બાબત મોકલેલા તારનો જવાબ ના. હીંદી સરકારના ખજાનચી તરફથી આવ્યો હતો જેમાં એમ જણાવવામાં આવ્યું હતુ કે હાલ તુરત એ બાબતમાં કાંઇ બની શકે એમ નથી. આ પત્રની નોંધ લેવામાં આવી હતી.

(૯) સાઊથ આફ્રીકાના ઇન્ડીયન નેશનલ એસોસીએશનને આ ચેમ્બરના સભાસદ થવાની અરજી કરી હતી. તેના સંબંધમા બેલટ બૉકસ ખુલ્લી રાખવાના દીવસો તા. ૨૨ મી જુન ૧૯૧૭થી ૨૯મી જુન ૧૯૧૭ સુધીના રાખવામાં આવ્યા હતા, અને સ્ક્રુટીનીઅર તરીકે શેઠ એમ. પી. માદનની નીમણુક કરવામાં આવી હતી.

બાદ સભા બરખાસ્ત થઇ હતી.

ધી ઇન્ડીઅન મર્ચન્ટસ ચેમ્બર એન્ડ બ્યુરોની કમિટીની એક ખાસ સભા ગુરૂવાર તા. ૧૪ મી જુન ૧૯૧૭ ને દીવસે સાંજના ૭ કલાકે (મું. ટા.) મળી હતી જે વખતે નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતાઃ—

(૧) સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરસી (ઉપ પ્રમુખ)
(૨) ઑાન. શેઠ મનમોહનદાસ રામજી.
(૩) „ „ પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ.
(૪) શેઠ જેઠાભાઇ વાલજી
(૫) „ એસ. બી. બીલીમોરીઆ.
(૬) „ એસ. ઇ વૉરડન.
(૭) „ નારણજી હરીભાઇ.
(૮) „ મોતીલાલ કાનજી.
(૯) „ મોરારજી વેલજી.
(૧૦) „ ગોપાળજી વાલજી સુંદરજી.
(૧૧) „ ચતુર્ભુજ શિવજી

આ ઉપરાંત નીચેના કેટલાક રૂના વ્હેપારીઓ પણ હાજર હતાઃ—

(૧) શેઠ લક્ષ્મીદાસ નેગીદાસ.
(૨) „ મામરાજ રામભગત.
(૩) „ લક્ષ્મીદાસ હરીદાસ.

(૧) પ્રમુખની ગેરહાજરીમા સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરશીએ પ્રમુખપદ લીધું હતું.

(૨) પ્રમુખે આ સભા ભરવાનો હેતુ સમજાવતાં જણાવ્યું હતું કે લાંબા તારનો કપાસ ફાયદાથી વેચવા માટે શા ઉપાયો કરવા જોઇએ એ સવાલ મુખ્ય છે. નામદાર નિઝામ સરકારના ખેતીવાડી ખાતાના ડીરેકટર મી. કેની, જેમની મુલાકાત માટે આ સભા બોલાવવામાં આવી હતી, તેઓએ પોતાના તાબાના પ્રદેશોમાં ટુંકા તારના કપાસને બદલે લાંબા તારનો ચોકખો ગોરાણી કપાસ ઉગાડવા માટે શાશા પ્રયાસો કર્યા હતા તે વિસ્તારથી જણાવ્યુ હતું. એઓએ કહ્યુ કે આ પ્રયત્નોમાં ગયે વરસે કેટલેક દરજ્જે એમને નિષ્ફળતા મળી હતી. ખાસ કરીને જાલના જીલ્લામાં આ નિષ્ફળતા વધુ પ્રમાણમાં હતી, કારણ કે ત્યાંના મારવાડી વ્હેપારીઓએ અમની સ્હામા પડી હલકી જાતના કપાસનો ભાવ ચઢાવી દીધો હતો. મુંબઇથી જે કેટલાક કપાસ ખરીદવા માટે એજન્ટો મોકલવામા આવ્યા હતા તેમાંના કેટલાકને પણ આ મારવાડી વ્હેપારીઓ પોતાના પક્ષમાં લઇ શકયા હતા અને જે હેતુથી એઓને મુંબાઇથી મોકલવામાં આવ્યા હતા તે હેતુ એ એજન્ટોએ પાર પાડયો ન હતો. એઓએ વધુમા જણાવ્યું કે જો મુંબાઇના મીલમાલીકો પૂરતી સહાય આપે તો આવત વર્ષે લગભગ ૭૫,૦૦૦ એકર જેટલી જમીનમાં ગોરાણી કપાસ ઉગાડી શકવાની તેઓ આશા રાખે છે.

(૩) ત્યાર બાદ ઑાન. શેઠ પુરૂષોત્તમદાસ ઠાકોરદાસે જણાવ્યું કે જયાં સુધી લાંબા તારનો કપાસ, ભેળવવાના કામ માટે પૂરતા જથ્થામાં નજદીકમાંથીજ મળી શકે ત્યાં સુધી પ્રજાને ટુંકા તારના કપાસના વાવેતરમાંજ ફાયદો રહેશે.

મી. કેનીએ આના જવાબમાં જણાવ્યું કે એમના રાજ્યમાં ટુંકા તારના કપાસને લાંબા તારના કપાસનાં જીનોવાળા ભાગમાં ન જવા દેવા માટે ખાસ ચોકસાઇ કરવામાં આવે છે. એઓએ બીઆં કેવી રીતે વ્હેંચવામા આવે છે તે વિષે વિગતથી સ્હેમજાવ્યું હતું અને વિનંતી કરી હતી કે તારની ચોખવટની ખાતરી માટે કપાસ ખરીદવો.

સર વિઠ્ઠલદાસ ડી ઠાકરશીએ મી. કેનીનો કમિટીની મુલાકાત માટે ખાસ મુંબાઇ આવવા લીધેલી તસ્દી માટે આભાર માન્યો હતો.

બાદ સભા બરખાસ્ત થઇ હતી.

(ख) કોઈ પણ પરદેશી પુરૂષ, સંસ્થા કે એસોસીએશનને કેળવણીના, સુધારાના કે ધાર્મિક કામને માટે લાઇસન્સ વિના કામ કરવા દેવાં નહિં.

(क) લાઇસન્સોને નીચલા કાયદા લાગુ પાડવા જોઇએ:—

(૧) પ્રતિ વર્ષે નવા આપવા.

(૨) કોઈ પણ લોકલ ગવર્નમેન્ટ કાંઈ પણ કારણ આપ્યા વિના તે રદ કરી શકે.

(૩) ગવર્નમેન્ટ જે પ્રમાણે ઠેરવે તે પ્રમાણે નફા કે વ્હેપાર ઉપર અમૂક જાતનો ઇન્કમ ટેકસ કે કોઈ બીજો ટેકસ ઠેરવવો

(ड) પરદેશીઓને બરાબર પારસ્પરિક પાયા ઉપરજ નીચે જણાવેલ વ્હેપાર સમ્બન્ધે લાઇસન્સ આપવા —

(૧) ખાણો માટેના હક્ક લેવા કે વધારવા

(૨) ઍસ્ટેટ ખરીદવી કે રાખવી

(૩) બેંકો ચલાવવી.

(૪) વિમાનું કામ કરવું

(૫) પ્રજાના કામના કાર્યોના વહીવટ ઉપર જેવાં કે ટ્રામ ગાડી, ઇલેકટ્રીક સપ્લાઇ કમ્પની, હાઇડ્રો ઇલેકટ્રીક કનસેશનો વિગેરેના સમ્બન્ધી

(૬) મીલો બાંધાવવી અને ચલાવવી

હમે એમ ધારીએ છીએ કે પરદેશીઓને આ પ્રમાણેના વ્હેપાર કરવા દેવાની રજા સરકારે લાઇસન્સ આપીનેજ આપવી અને તે સિવાય બીજા કાંઈક અંકુશો સરકાર વારંવાર યોગ્ય ધારે તે અંકુશો નીચેજ રજા આપવી. ખાણોનો ઉદ્યોગ કે એજ જાતના એવા બીજા મુખ્ય ઉદ્યોગો પરદેશીઓના હાથમાં સરકારે જવા નહિ દેવા. લ્હડાઇ પૂરી થયા પછી અમૂક વર્ષો સુધી સરકારે શત્રુરાજ્યોના માણસોને ઉપર વર્ણવેલા વ્હેપારો ચલાવવા લાઇસન્સ આપવા નહિં.

લાઇસન્સ આપતી વખતે નીચલી બાબતો ધ્યાનમાં લેવી.—

(अ) અરજી કરનારના દેશમાં બ્રિટિશ રૈયત સાથે તેવાજ સંજોગોમાં ચલાવાનું વર્તન.

(ब) હિન્દુસ્થાનના સામાન્ય લાભ.

આ બાબતમાં સરકારના ઠરાવો એવા હોવા જોઇએ કે જેથી કરીને કોઇ પણ જાતનો વ્હેપાર યા હુન્નર પરદેશીના હાથમાં જાય નહિ.

વતનીપણું અર્પવાના કાયદાઓ.

હમારા મત પ્રમાણે ભૂતકાળમાં વતનીપણું અર્પવાના કાયદાઓ હતા ત્હેને બદલે વધુ સખ્ત થવા જોઈએ અને નીચે સુચવેલાં પગલાં લેવાં ઘટીત છે:—

બ્રિટિશ રૈયત તરીકે વતનીપણું લેવાની અરજીઓ નીચલી બીના ધ્યાનમાં રાખીનેજ સ્વીકારવી:-

(अ) અરજી કરનારે પોતાના દેશમાથી વતનીપણુ અરજી કર્યા પહેલાં ત્યજી દીધેલુ હોવું જોઇએ.

(ब) અમૂક વર્ષો સુધી બ્રિટિશ મૂલ્કમાં ત્હેણે વસવાટ કર્યો હોવો જોઇએ.

(क) બ્રિટિશ શેહેનશાહતના લાભો પોતાને ગ્રાહ્ય છે એમ સાબીત કર્યું હોવું જોઇએ.

(ड) વિગ્રહ સમયે કોઈ પણ માણસને, ગમે તેવા દરજ્જાવાળાને પણ વતનીપણું બક્ષવું નહિં અને નામ પણ ફેરવવા દેવું નહિં.

નોટ—બ્રિટિશથી જન્મેલી વિધવાઓના કેસને (अ), (ब), (क), અને (ड) માં અપવાદ રૂપે ગણવી.

મેટેલીક શીલીંગથી નોટ્સનો આગ્રહ રોચો છે.

હઠીલી નબળાઇ.

હાલના જમાનામાં સેંકડે ૯૦ ટકા જેટલો ભાગ કમતાકાતીનાં બુરાં દરદથી પીડાય છે, અને પછી સલામત રીતે ઇલાજ કરાવાને બદલ ચકચકીત જાહેર ખબરો વાંચીને ગભરાટના મારેલા, મોટી મોટી કીંમતની દવાઓ અને તવીજ ગંભીર અને નુકશાનકારક પટીઓ વાપરીને કાંઇજ ગુણ તો નહીજ થતાં પોતાના શરીરની અને પઇસાની ખરાબી કરીને બીચારા આબરૂને લીધે ગીરફતારીમા ફર્યા કરે છે. અને ઘણીક વખને પોતાની કીંમતી જીંદગીનો કમોતે અંત પણ લાવે છે. બાબદ વીચારવા જેવી છે ખરી, પણ એમ નથી કરતું જે તે બીચારાઓએ તેવીજ હાલતમાં સબડયા કરવું માટે હાલમાં જાણીતા ડાકટરે, ઘણોજ ચોકસ, ખાતરી પુર્વક, અને રામબાણ ઇલાજ શોધી કાઢયો છે, જે ઇલાજ કરવાથી તે માણુસ પાછી તાકાત મેળવી શકે છે. છેલ્લા (૫) વરસમાં આ ઇલાજ રકમબંધ પારસી, ખોજા, ભાટાયા, મેમણ, વોહરા, ઇંગ્રેજ, ખ્રીસ્તી તથા યાહુદી ગૃહસ્થોનો કરવામાં આવ્યો હતો અને તેનું પરીણામ સેંકડે ૭૫) ટકા લાભકારક આવ્યું હતું. ઉપલા લાભકારક પરીણામ પાછી ઇલાજ બહાર પાડવામા આવ્યો છે, માટે એક ગ્રહસ્થ ગમે તેવી કમતાકાતીથી પીડાતો હશે. નાદાનીયતની ગફલતીથી અથવા કોઇબી કારણથી તાકાત જતી રહી હોય, અસલ કરતાં ઓછી માલમ પડતી હોય, તો નીચે લખેલે ઠેકાણે પહેલા ૧ કાગળ લખીને વીગતવાર છાપેલું ખુલાસાપત્ર મંગાવવું. તે ધ્યાનથી વાંચીને સાથે બીડેલા સવાલ પત્રક ભરીને દવા જો મંગાવવી હોય તો કાંઇબી શરમાવા વગર મોકલી આપવું, જે ખુલાસા પત્રમાં દરેક બાબદનો સંતોષકારક ખુલાસો દવા શું છે, દવા શું કામ કરે છે, દવાની કીંમત શું છે, દવા વાપરીને આરામ પામેલા ગૃહસ્થો શું સરટીફીકેટ આપે છે વીગેરેનો સર્વ ખુલાસો કાંઇબી ટપાલ ખર્ચ લીધા વગર તદનજ મફત મોકલી આપવામાં આવશે, પછી તે આવેલી કીમત પ્રમાણે દવા બનાવીને મોકલવામાં આવશે જેથી ફરીને શરમાવાનું કારણ રહેશેજ નહી. ખાત્રીથી માનવું જે દરેક દરદીની હકીકત તદનજ ખાનગી રાખવામાં આવશે, એક દરદીનું નામ બીજા દરદી આગળ બાંગ ફુંકવાની મતલબથી દેવામાં આવશેજ નહી. ખાનગી રાખવાની બાબદ વકીલને બારણે થએલાં લખત બરાબર સમજવી જે ગૃહસ્થોએ મોટા મોટા ડાકટરો તથા રાજવંશી હકીમોની મુલાકાત લીધી હોય સેંકડો રૂપીઆ બગાડયા હોય, તેવા ગૃહસ્થોને પણ આ દવાથી ફાયદો તો થશેજ દવામાં રસાયણ મારેલી ખાક, ધાતુ. શોમલ, પારો, અફીણ, વછનાગ અથવા તો શરીરપર ફુટી નીકળે એવી અથવા તો દવા વાપરવા પછી આબરૂને નુકશાન પહોંચે તેવી કશી પણ ચીજ વાપરવામાં આવતીજ નથી, જે પીપેની ખાતરી માનવંત મુંબઇ સરકારની ગવરમેંટ લેબોરેટરીમાં વીદ્વાન સરકારી ડાકટરે આ દવા તપાસીને આપેલી સરટીફીકેટ ખુલાસા પત્રમાં વાંચવાથી પુરેપુરી ખાતરી થશે, જેથી પરેજી કરવાની પણ જરૂર નથી. દવા નીર્ભય છે, દવાની કીંમત સેંકડો રૂપીઆ નથી. કીંમત પણ નજીવી, શકતીની દવાની જાહેરખબરો તો હાલમાં ઉભરાઇ તંગાઇ જાએ છે, પણ હવે તે લોકો વાપરીને કંટાળી જઇને સમજવા લાગે છે જે એકજ પેટંટ દવા સર્વેની તબીઅતને માફક આવતી નથી અને પઇસાની ખરાબી થાય છે, અને તેટલા માટેજ આ દવા ફકત મુંબઇમાંજ નહિ, પણ આખા હીંદુસ્થાન, ગુજરાત અને લંબાણ દુર દેશાવરોમાં પણ આશકારા થઇને વીશ્વાસ પામા છે, એજ તેની ખરાપણાની સાબેતી છે. ખુલાસા પત્ર વાંચીને દવા મંગાવવાનીજ જરૂર નથી, પણ એ બાબદના ઇલાજની જરૂર હોય તો ખુલાસા પત્ર મંગાવીને વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. બહારગામ તથા મુંબઇના ગૃહસ્થોએ ઇંગ્રેજી અથવા તો ગુજરાતીમા કાગળ લખીને ખુલાસાપત્ર મંગાવી વાંચી પોતાની ખાત્રી કરવી.

ડાકટર પેતરીક.

લાલસીંહ બીલડીંગ લોહાર ચાલનાં
નાંકાં ઉપર કાર્ફર્ડ-મારકેત સાંમે-મુંબઇ.

પાંચ બોલ્યા તે પરમેશ્વર.

આત્મપ્રશંસા ગમે તે રીતે કરીયે તે દોષને પાત્ર છે. " જ્વરબિંદુ તાપપર રામબાણ છે. " એમ હમે એકસરખું કહ્યા કરતા હોત તો પણ હમારા કહેવા પર કોઇએ વિશ્વાસ રાખ્યો નહોત. જ્વરબિંદુ લઇને વાપરીને યા વપરાવીને મહારાષ્ટ્રમાંના પ્રસિદ્ધ પુરૂષોએ " આ દવા તાવપર ઘણી ગુણકારી છે " એમ જે અભિપ્રાય આપ્યો છે તે જોઇ તમારો વિશ્વાસ પણ તે પર જરૂર બેસશે.

જ્વરબિંદુની સીફારસ કરનારા મહારાષ્ટ્રમાંના કેટલાક પ્રસિદ્ધ પુરૂષોનાં નામો.

લોકમાન્ય બાળ ગંગાધર તિલક.

પ્રોફેસર ધોંડો, કેશવ કર્વે, પુના.

પ્રોફેસર એન. જી. વેલિનકર, મુંબાઇના પ્રસિદ્ધ સ્ટુડંટ્સ બ્રધરહુડના સ્થાપક.

ડૉ. હૅરોલ્ડ. એચ. મૅન, પુનાની સરકારી ખેતીવાડીની કૉલેજના પ્રિન્સિપાલ.

નામદાર ડી વ્હી. બેળવી બેળગાંવ.

રા. રા. અનંત નીલકંઠ પિટકર, મુંબાઇ.

રા. રા. ગજાનન ભાસ્કર વૈદ્ય.

રા. રા. લક્ષ્મણ બાળકૃષ્ણ રાજે.

લો. અણ્ણાસાહેબ પટવર્ધન, પુના.

રા. રા. વ્હી. આર. શિંદે, નિરાશ્રિત સહાય્યકારી મંડળીના સેક્રેટરી.

પ્રો. વાસુદેવ બળવંત પટવર્ધન. ફર્ગ્યુસન કૉલેજ, પુના

પ્રો. નીલકંઠ સદાશિવ તાકખાવ, વીલસન કૉલેજ, મુંબઇ.

પ્રો. શામરાવ રામચંદ્ર ધરાધર, સેંટ ઝેવિઅર્સ કૉલેજ, મુંબઇ

રા. રા. નાનાભાઇ એન. નાયક મુંબઇ.

બાટલીની કિંમત ૧૦ આના વિ. પી. થી ૪ આના વધુ વિગત માટે પત્ર વ્યવહાર કરો.

દરેક ઠેકાણે એજન્ટ જોઇએ છે.

ગોવન્ડે ઍન્ડ સન્સ નં. ૧૧૦. નવો નાગપાડો. ભાયખાળા—મુંબઇ.

શ્રી શાહુ છત્રપતિ મહારાજ કોલ્હાપુરના ઉદાર આશ્રય હેઠળ

ડૉ. ગોવંડેનું

"જ્વર બિંદુ."

(ઠ) ૧૮૯૪ ની સાલ પછી વતનીપણું જે લોકોએ લીધું હોય તે લોકોના વતનીપણાં પાછાં લઇ લેવાં અને (અ), (વ), અને (ક) માં સુચવેલી બિનાઓ શામેલ કરવાનું હોય ત્હેમને ફરીથી અરજી કરવાની છુટ આપવી.

(અપુર્ણ).

અમેરિકામાં વ્હાણનુ બાંધકામ.

જર્મન સબમેરીનોથી અમેરિકાને એક રીતે લાભ થયેલો છે. વ્હાણોના ઉદ્યોગમાં શો લાભ સમાયેલો છે તે વિશે અમેરિકાના થાપણવાળાઓને ત્હેમણેજ ભાન કરાવ્યું નવી નવી કમ્પનીઓ આગળ ઉપર કોઇ વખત ન થઇ હતી તેવી ઝડપથી નીકળતી જાય છે. સબમેરીનોથી નાશ પામતા વ્હાણથી અને હજી લ્હડાઇ અલ્પ કાળમાં બન્ધ નહિં થઇ જાય એવી વસ્તુસ્થિતિથી વ્હાણ બાંધવાની કંપનીઓમાં નાણા રોકવાની પડાપડી થાય છે.

લડાઇ શરૂ થયા પછી "જર્નલ ઑફ કૉમર્સ"ની ગણત્રી મૂજબ આશરે ૧૮૪,૬૪૨,૦૦૦ ડૉલર શીપીંગ કંપનીઓમા રોકવામાં આવ્યા છે. આમાના એક ત્રતિયાશ જેટલી રકમ તો અમેરિકાએ પોતાનો સંબધ જર્મનીથી તોડી નાખ્યો ત્યાર પછી રોકાઇ છે ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ માસમા નવી વ્હાણની કમ્પનીઓમાં આશરે ૩૩,૦૦૦,૦૦૦ ડૉલર કરતાં પણ વધારે પૈસા ભરાયા છે.

ટનેજને માટે અઢલ કહ્યુ નહિં કરે એટલી કિંમત થઇ ગઇ છે અને હજી વધતી જાય છે. એક મુસાફરીમાંજ વ્હાણોની કિમત ઉપજી રહે છે. અગાઉના શીપયાર્ડઝ છેલ્લા બે વર્ષ થયાં પોતાની શક્તિ છે એટલી શક્તિથી કામ કર્યા જાય છે. ૧૯૧૪ ના છેલ્લાં પાંચ માસમાં ૧,૮૪૪,૦૦૦ ડૉલર શિપિંગ કંપનીઓમાં ભરાયા. ૧૯૧૫ માં ૩૭,૬૬૨,૦૦૦ ડૉલર ભરાયા. ૧૯૧૬ માં ૬૯,૪૬૬,૦૦૦ ડૉલર ભરાયા અને ૧૯૧૭ ના ચાર મહિનામાં અાગલાં આખાં વર્ષોમાં પણ નહિં ભરાયેલા તેટલા ૭૫,૬૭૦,૦૦૦ ડૉલર ભરાઇ ચૂકયા છે.

જેમ જેમ સબમરીનોનો ત્રાસ વધુ કે ઓછો થતો ગયો તેમ તેમ વ્હાણો બાંધવાના કામમા પણ થતું ગયું. ગયા વર્ષના ડીસેમ્બર માં અને આ વર્ષના, જાન્યુઆરીમાં બહુ ઓછી રકમ વ્હાણોની કમ્પનીમાં ભરાઇ હતી પણ સબમરીનોએ પોતાનુ કામ ફેબ્રુઆરીમાં શરૂ કર્યું એટલે તેજ માસમાં ૩૦,૫૨૫,૦૦૦ ડૉલર ભરાયા. માર્ચમાં જો કે જરમની સાથેનો સંબધ તૂટયો હતો પણ કૉંગ્રેસ મૂલતવી રહી હતી અને જર્મની સાથે લ્હડાઇ જાહેર કરવામા નહોતી આવી એટલે તે માસમા ફકત ૧,૩૦,૦૦,૦૦૦ ડૉલર ભરાયા. એપ્રિલમાં લ્હડાઈ જાહેર કરવામાં આવી એટલે પાછુ તે દિશામા લોકોનુ ધ્યાન દોડયું અને તે માસમાં ૨,૯૪,૪૫,૦૦૦ ડૉલર ભરાઇ ગયા

આ ઉપરથી એમ જણાય છે કે આખરે થાપણવાળાઓને વ્હાણ બાંધવાના ઉદ્યોગનુ મહત્વ સ્હમજાવા લાગ્યું છે ત્હાંની સરકારે પોતે પણ ૫,૦૦,૦૦,૦૦૦ ડૉલરની થાપણ સાથે એક કમ્પનીને લાકડાના વ્હાણ બાંધવાને માટે ચાર્ટર કરી છે. આ પણ સાથે ગણીએ તો ૧૯૧૭ મા નવી કમ્પનીઓની થાપણ ૧૨,૫૦,૦૦,૦૦૦ ડૉલરની થવા જાય છે.

ડીપાર્ટમેન્ટ ઑફ સ્ટેટીસ્ટીકસ તરફથી હમને હિન્દી સરકારની ઑફીસ તરફથી થયેલા નવા કૉન્ટ્રેકટરનું લીસ્ટ મળેલું છે. આ કૉન્ટ્રેકટો એપ્રિલ, ૧૯૧૭ માં કરવામાં આવ્યા છે.

બોલ્ટન=બ્રાઉટન કૉપર કમ્પની. માનચેસ્ટર

કેમ્બ્રોક=સ્ટોકવેલ ઍન્ડ કમ્પની. ચેંધમ સ્ટ્રીટ ,,

પીપ=એ વૉકર, ૪૭, માર્શગેટ લેન. સ્ટ્રેટફર્ડ ઇ.

પીપ (ટ્રીમ્ડ)=જે. એકહામ એન્ડ સન્સ. થ્રી કોલ્ટસ લેન, બેથનલ ગ્રીન ઇ.

પીપ (ગ્લુકોઝ)=ટી. ડબલ્યુ. ટાઇરી, હાર્લી સ્ટ્રીટ બ્રોમલી રોડ, ડબલ્યુ રાયન એન્ડ કમ્પની, ઇમ્પીરીઅલ સ્ટ્રીટ થ્રી મીલ્સ લેન. બ્રોમલી-બાઈ-બાઉ.

કાપડ=વીન્ટરબૉટમ બુક કલૉથ કમ્પની. ન્યુટન સ્ટ્રીટ, માનચેસ્ટર.

એલીમેન્ટસ=જનરલ ઇલેકટ્રીક કમ્પની, ૬૭, કવીન વિકટોરીયા સ્ટ્રીટ, ઇ. સી.

એકસચેંજ=ઑટોમેટીક ટેલીફોન મેન્યુફેકચરીંગ કમ્પની, બેનોકસ હાઉસ, નૉરફૉક સ્ટ્રીટ, સ્ટ્રાન્ડ.

હેશીયન=જે. બ્લૅકવૅલ એન્ડ સન્સ, વૉકસ હૉલ સ્ટ્રીટ, માનચેસ્ટર.

તેલ (સાંચાકામનુ)=જે. એલ. વેડ એન્ડ કમ્પની, ૬૨, નાઇટ એલ્મ્સ લેઇન, એસ. ડબલ્યુ.

ઓવરકોટ ઇત્યાદિ=ટી. હુમન્ડ લીમીટેડ, ૧૧૮, યોર્ક રોડ. લેમ્બેથ. એસ.-ઇ.

તાળાં=ચબ એન્ડ સન્સ, લોક કમ્પના, ૧૨૮, કવીન વિકટોરીઆ સ્ટ્રીટ, ઇ. સી.

કાગળ=એલમ્સ ડુપ્લીકેટર કમ્પની. ૧૨, કીંગ સ્ટ્રીટ, ચીપ સાઇડ, ઇ. સી.

કાગળો (કોરૂગેટેડ)=થૉમ્સન એન્ડ નૉરીસ મેન્યુફેકચરીંગ કમ્પની, વૉર્પલ વે, અકસબ્રીજ રોડ, ડબલ્યુ. સ્ટીવન્સ એન્ડ સન્સ, સમર્સ ટાઉન, લોઅર ટુટીંગ, એસ ડબલ્યુ.

સળીઆ=મેકેની બ્રધર્સ, રૉટર્ન પાર્ક સ્ટ્રીટ, બરમીંગહામ.

ટીન સીલીન્ડર્સ=ઇ. એસ. સ્નેલ લીમીટેડ ૪૧, ગ્રેટ પ્રેસકૉટ સ્ટ્રીટ, ગુડમૅન્સ ફીલ્ડઝ, ઇ

ટીનલાઇનીંગ=એકસેલ કમ્પની, કારપેન્ટર્સ રોડ, સ્ટ્રેટફર્ડ. ઇ.

દોરડાં=જે. એન્ડ ઇ. રાઇટ, ગેરીસન સ્ટ્રીટ, બરમિંગહામ. વેઈટસ, સન્સ, એન્ડ એટકીસન્સ, ૩૭, વૉલબ્રુક ઇ. સી.

વૉટરપ્રુફ કાગળો=જે બ્લેકવેલ એન્ડ સન્સ, વૉકસ હૉલ સ્ટ્રીટ, માન્ચેસ્ટર.

તાર=લંડન ઇલેકટ્રીક વાયર કંપની એન્ડ સ્મીથ્સ, પ્લે હાઉસ યાર્ડ, ઇ. સી.

COMMERCIAL INTELLIGENCE & STATISTICS.

વેપારી આતમીઓ અને આંકડાઓ.

TARIFF VALUATION OF SUGAR.

ખાંડની જગાત વખતે આંકેલી કિંમત.

ઇ. સ. ૧૯૧૧ ની સાલના કસ્ટમ સરકયુલર નંબર ૫ મા મા બતાવેલી રૂઢી પ્રમાણે ઇ સ. ૧૯૧૬ મા ખાંડ ઉપર કેટલી જગાત થશે, તે અંદાજ કાઢવો સહેલો થઇ પડે તેવા હેતુથી આ કોષ્ટક તૈયાર કરવામાં આવ્યું છે. તેમા પ્રથમ સપ્ટેમ્બર માસ દરમ્યાન કેટલી આયાત થઇ પડી હતી તે તથા કસ્ટમ હાઉસના રીટર્ન પ્રમાણે તેની એક હંડ્રવેટની સરેરાશ ની કિમત હતી તે આપવામાં આવ્યું છે, અને બીજા કોલમમા વરસની શરૂઆતથી આજ સુધી થયેલી કુલ આયાત તથા તેટલા વખત દરમ્યાન તેની સરેરાશ કિમત શી રહી છે તે પણ આપેલું છે.

ખાંડની જાત.	ઇ. સ. ૧૯૧૭ ના મે 'માસમા થયેલી આયાત		૧૯૧૬ ની પહેલી ઓકટોબર સુધી થયેલી આયાત.	
	જથ્થો હંડ્રવેટ	દર હંડ્રવેટની સરેરાશ કીમત. રૂ. આ.	જથ્થો. હંડ્રવેટ	દર હંડ્રવેટની સરેરાશ કીમત. રૂ. આ.
ખાંડ ગાગડીવાળી બીટ જાતની	....	. .	૨	૨૦—૦
,, ,, સુંવાળી ચીનમાં સુધારેલી	૧,૬૧૦	૧૮-૧૨	૬૫,૧૧૩	૧૯–૦
,, ,, જાપાનમાંથી	૨૨,૭૧૮	૧૭—૪	૨,૫૭,૫૨૪	૧૮–૪
,, ,, સુવાળી ઇજીપ્ટમાથી	....	. . ...	....	....
,, ,, જાવાની ૨૩ ડચ સ્ટેન્ડર્ડની તથા ઉપરની	૩,૦૮,૦૮૩	૧૬—૧૨	૩૭,૦૬,૬૭૯	૧૭—૮
,, ,, જાવાની ૧૬ થી ૨૨ ડચ સ્ટેન્ડર્ડની	૭૦,૮૪૪	૧૫—૪	૧૮,૪૧,૪૧૪	૧૬—૦
,, ,, જાવાની ૧૫ ડચ સ્ટેન્ડર્ડની અને હલકી	....	.. .. .	....	....
,, ,, મોરીસીયસની ૧૬ ડચ સ્ટેન્ડર્ડની તથા ઉંચી જાતી	૧૨૬,૭૨૮	૧૬—૧૨	૪,૨૭,૨૯૭	૧૭—૦

IMPORT OF COTTON YARN.

સુતરની આયાત.

ઇ. સ. ૧૯૧૭ ના મે મહિનામાં બ્રિટીશ હિંદુસ્તાનમાં પરદેશથી નંબર ૩૧ તથા તેથી ઉંચા નબરનું સુતર નીચે પ્રમાણે આયાત થયું હતું.

જાત અને નબર.	બગાળા.	મુંબઇ.	સિંધ.	મદ્રાસ.	બર્મા.	ટોટલ.
મ્યુલ ઍન્ડ વૉટર	પાઉન્ડઝ.	પાઉન્ડઝ	પાઉન્ડઝ	પાઉન્ડઝ.	પાઉન્ડઝ	પાઉન્ડઝ.
નં. ૩૧ થી ૪૦	૧,૧૭,૮૯૮	૨૪,૬૦૦	૫૪	૬૪,૦૦૦	......	૨,૦૬,૫૫૨
નં. ૪૧ થી ૫૦	૩૧,૮૦૦	....	૫૪	......	......	૩૧,૮૫૪
ન ૫૦ થી ઉપર	૩૨,૭૩૦	૬,૧૮૧	૨૦૬	૬,૦૦૦	......	૪૫,૧૮૭
ઑરેન્જ, રેડ અને બીજા રંગોવાળુ નં. ૩૧ થી ૪૦	૪,૩૨,૨૩૭	૧૯,૮૦૦	૪,૨૦૦	૨,૯૮,૪૮૪	......	૭,૫૪,૭૨૧
નં. ૪૧ થી ૫૦	૯૯૦	......	......	૧૨,૦૦૦	......	૧૨,૯૯૦
નં. ૫૦થી ઉપર	૪,૦૦૦	......	૧,૧૬૧	૨૨,૦૦૦	૧,૪૯૫	૨૮,૬૫૬
ટોટલ	૬,૧૯,૬૫૫	૫૦,૫૮૧	૫,૬૭૫	૪,૦૨,૪૮૪	૧,૪૯૫	૧૦,૭૯,૯૯૦

COMPARATIVE STATEMENT OF TRAFFIC AT THE PORT TRUST WAREHOUSES FOR THE MONTH OF MAY 1917.

ઇ. સ. ૧૯૧૭ ના મે માસ માટે પોર્ટ ટ્રસ્ટની વેરહાઉસીઝમાંના વેપારને લગતા સરખામણી કરનારા આંકડા.

માલની જાત.	તા. ૧ પહેલી ૧૯૧૭ ના મે ને દિને સ્ટૉક	૧૯૧૭ ના મે થયેલી ડીલીવરી	૧૯૧૭ ના ૧ લીજુન તારીખે સ્ટૉક	૧૯૧૬ ની ૧ લી જુન ને દિને સ્ટૉક
રૂના કાપડની ગાંસડી	૨૫,૪૫૧	૫,૨૭૩	૨૮,૧૫૭	૭૯,૬૩૯
,, ,, પેટી	૨૮,૬૧૭	૭,૭૪૮	૨૩,૨૪૪	૨૫,૧૨૩
રેશમ તથા ઉનની પીસગુડ્ઝ ગાંસડી	૮૨૨	૯૮	૭૪૭	૩૪૦
રેશમ તથા ઉનની પેટી.	૧,૫૨૫	૧૦૧	૧,૫૩૧	૮૨૬
ટ્વીસ્ટ અને યાર્ન (સુતરાઉ) પેકેજીઝ	૫,૭૨૭	૧,૬૪૦	૪,૬૮૧	૭,૦૭૩
,, રેશમ તથા ઉનના પેકેજીઝ	૨,૫૮૨	૮૮૨	૨,૪૪૭	૨,૭૬૫
ત્રાંબાના ટન	૧,૬૪૨	૯૪	૧,૫૫૧	૨,૮૩૪
પીતળના ટન	૬૨૨	૧૩૬	૫૪૮	૧,૧૧૭

પોલીસી કરેલા ટેબલ ટેપ ખરીદ કરવા કયા જશો?

મુંબઇના પ્રદર્શનમાં સોનાનો ચાંદ મેળવનારા ઝવેરીઓ

અમોને અમારા સોનાના દાગીનાના સુંદર અને વીલાયતી જેવા સફાઇદાર કામ માટે છેલ્લાં પ્રદર્શનમાં સોનાનો ચાંદ આપવામાં આવ્યો છે.

મોહનલાલ

એન્ડ

કમ્પની ઝવેરીઓ.

દરેક જાતના સોના, ચાંદી, અને ઝવેરાતના Up-to date દાગીના ગંજાવર જથ્થામાં તૈયાર મળશે.

ટેલીફોન નં. ૧૭૯૫ ૧૯૭,–૨૦૧ શેકમેમન સ્ટ્રીટ—મુંબઇ

નવું ગુજરાતી પુસ્તક.

બહાર પડયું છે.

જેને માટે "સાહિત્ય," "ધી મૉડર્ન રીવ્યુ."

"દેશી વ્હેપારી ચેમ્બરનુ માસિક વિગેરે માસિકોએ સારા સારા અભિપ્રાય આપેલા છે —

મેટરલિંકના નિબન્ધો.

અનુક્રમણિકાઃ—૧. પ્રસ્તાવના. ૨. મેટરલિંકનુ જીવન. ૩. મૌન.
૪. પૂર્વજીવન. ૫. સ્ત્રીઓ વિષે.

(આ પુસ્તક માટે ગુજરાત ફાર્બસ સભા તરફથી રૂા. ૨૫૦ નું ઇનામ લેખકને મળ્યું છે.)

કિંમત ૦–૬–૦ વી પી સાથે. ૦–૮–૦.

લખોઃ—ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા એલ્. બી. ઇ.

દુબાશનો બંગલોઃ—સાન્તાક્રુઝ.

ઉચ્ચ વર્ણના હિન્દુ ગૃહસ્થો માટે

તબીયત સુધારવાનું સર્વોત્તમ સાધન.

આરોગ્યતા માટે સર્વોત્તમ સ્થળ.	સુંદર હવા અને ભવ્ય ભુવન.
ઘરના કરતાં ઉત્તમ સગવડ.	વીજળીક ભભકાદાર લાઇટ—પંખા.
પ્રમાણીક, ખંતીલા, નોકરો.	સ્વચ્છ ઊંચામાં ઊંચો ખોરાક.
માલીકની જાતી દેખરેખ.	ખાસ પધારો અને જાતે ખાત્રી કરો.

શ્રી
મહીકાંઠા
ઉત્તમ
ભોજન ગૃહ
ભુલેશ્વર
અનંતવાડી
નાકે
[redacted] ઠે
પૂ ૯ નં૦ ૨

વધુ ખુલાસા માટે મેનેજરને રૂબરૂ મળો યા લખો

વ્યવસ્થાપક—ઊમીઆશંકર બહેચરલાલ ત્રીવેદી,

મેનેજર અને માલીક.

SPINNING & WEAVING RETURNS.

સુતર અને સુતરાઉ કાપડના આંકડાઓ.

ઇ. સ. ૧૯૧૭ ના એપ્રીલ માસમાં હિંદુસ્તાનની મીલોમાં નીચે પ્રમાણે સુતર તથા સુતરાઉ કાપડ બનાવવામાં આવ્યાં હતાં.

સુતર (રતલ)

બ્રિટીશ ઇન્ડીયા	૧૯૧૬	૧૯૧૭
મુંબઇ	૪,૦૧,૨૯,૬૬૩	૪,૦૭,૯૭,૯૮૪
મદ્રાસ	૩૧,૬૬,૫૫૭	૩૫,૩૫,૬૨૨
બંગાળા	૧૮,૦૯,૬૦૬	૨૫,૩૧,૩૮૮
યુનાઇટેડ પ્રૉવીન્સીઝ	૩૫,૪૪,૫૧૮	૩૨,૯૮,૯૨૦
અજમેર મેવાડ	૨,૭૦,૭૦૨	૨,૦૫,૫૨૦
પંજાબ	૪,૧૯,૫૩૪	૨,૪૪,૬૪૫
દીલ્હી	૨,૩૩,૮૧૫	૨,૨૨,૪૬૩
મધ્ય પ્રાતો તથા બિરાર	૩૦,૭૫,૨૪૭	૨૮,૬૯,૬૦૩
બ્રિટીશ ઇંડીયામા કુલ	૫,૨૬,૪૯,૬૪૨	૫,૩૭,૦૬,૧૫૨
દેશી રાજ્યો	૩૩,૩૫,૯૮૧	૨૭,૯૦,૭૭૯
એકંદર કુલ	૫,૫૯,૮૫,૬૨૩	૫,૬૪,૯૬,૯૩૧

કાપડ

બ્રિટીશ ઇન્ડીયા		૧૯૧૬	૧૯૧૭
મુંબઇ	રતલ	૨,૪૦,૦૧,૧૧૦	૨,૫૩,૧૮,૩૧૧
	વાર	૧૦,૨૧,૧૪,૬૩૯	૧૦,૯૬,૭૫,૫૭૭
મદ્રાસ	રતલ	૧૦,૦૩,૬૪૨	૧૩,૩૫,૦૯૪
	વાર	૨૯,૧૧,૭૪૧	૩૫,૩૮,૬૭૪
બંગાળ	રતલ	૧,૮૯,૮૫૫	૪,૫૬,૭૧૮
	વાર	૧૦,૭૦,૫૫૩	૨૩,૪૧,૧૨૫
યુનાઇટેડ પ્રૉવીન્સીઝ	રતલ	૮,૬૭,૨૧૫	૯,૭૩,૨૭૬
	વાર	૨૫,૫૬,૮૬૯	૨૭,૬૭,૫૬૦
અજમેર મેવાડ	રતલ	૧,૫૫,૮૩૩	૧,૪૨,૦૫૯
	વાર	૭,૪૩,૨૯૬	૫,૧૩,૭૮૮
પંજાબ	રતલ	૧૦૦,૩૩૮	૬૫,૧૩૦
	વાર	૩,૭૪,૭૯૬	૨,૪૩,૯૦૧
દીલ્હી	રતલ	૮,૨૦૪	૩૪,૪૩૪
	વાર	૧૫,૪૭૫	૬૪,૯૩૫
મધ્ય પ્રાતો અને બિરાર	રતલ	૧૧,૫૨,૯૦૭	૧૨,૫૪,૭૩૧
	વાર	૪૪,૯૭,૦૬૨	૪૯,૦૧,૧૧૦
બ્રીટીશ હિંદુસ્તાનમા કુલ	રતલ	૨,૭૪,૭૯,૧૦૪	૨,૯૫,૭૯,૭૫૩
	વાર	૧૧,૪૨,૯૪.૪૩૧	૧૨,૪૦,૪૬,૬૭૦
દેશી રાજ્યો	રતલ	૧૮,૭૪,૮૩૮	૧૮,૨૧,૪૮૦
	વાર	૭૧,૩૯,૦૧૨	૬૭,૭૯,૩૮૧
એકંદર (ટોટલ)	રતલ	૨,૯૨,૮૩,૯૪૨	૩,૧૪,૦૧,૨૩૩
	વાર	૧૨,૧૪,૩૩,૪૪૩	૧૩,૦૮,૨૬,૦૫૧

ધી બોમ્બે ટાઇમ્સ ગાર્ટ ૨૧ બેક સ્ટ્રીટ ફોર્ટ, મુંબઇ.

IMPORTS & EXPORTS OF GOLD & SILVER.

સોના રૂપાંની આયાત અને નિકાશના આંકડા.

ઈ. સ. ૧૯૧૭ ના એપ્રીલ મહિનામાં થયેલી સોના રૂપાંની આયાત અને નિકાશના આંકડા નીચે આપ્યા છેઃ—

IMPORTS OF GOLD સોનાની આયાત.

દેશનું નામ.		૧૯૧૬ રૂ.	૧૯૧૭ રૂ.
બંગાળા	ખાનગી	૪,૮૪,૮૪૬	....
	સરકારી	૪૪,૬૫,૨૯૨	૧,૩૧,૫૦,૭૫૮
મુંબઈ	ખાનગી	૩૮,૨૭,૨૨૨	૨૨,૫૮,૧૯૮
	સરકારી	૭૨,૯૪,૮૨૪	૧,૪૭,૦૩,૩૬૨
સિન્ધ	ખાનગી	૩,૭૧૪	૧,૫૦૩
	સરકારી	૫૮,૨૦૦	....
મદ્રાસ		૫૦૭	૧૦,૩૪,૨૦૧
બર્માં		૫૬	....
કુલ	ખાનગી	૪૩,૧૬,૩૪૫	૩૨,૯૩,૮૯૨
	સરકારી	૧,૧૮,૧૮,૩૧૬	૨,૭૮,૫૪,૬૨૦

EXPORTS OF GOLD. સોનાની નિકાશ.

દેશનું નામ.		૧૯૧૬ રૂ.	૧૯૧૭ રૂ.
બંગાળા	ખાનગી	૯,૦૫૪	૯,૨૫૪
	સરકાર	....	૩,૮૦,૦૦૦
મુંબઈ	ખાનગી	૨૧,૦૪,૮૨૪	૬,૦૧૭
	સરકારી	૩૩,૯૫,૦૦૦	૨૯,૭૧,૬૩૩
સિંધ	ખાનગી	૩,૦૦,૭૦૦	૨,૮૮,૯૨૩
	સરકારી	૬,૫૦૦	....
મદ્રાસ		૬, ૦૭,૦૦૦	૨૫,૦૦૦
બર્માં		....	....
કુલ	ખાનગી	૩૦,૨૧,૫૭૮	૩,૨૯,૧૯૪
	સરકારી	૩૪,૦૧,૫૦૦	૩૩,૫૧,૬૩૩

IMPORTS OF SILVER. રૂપાની આયાત.

દેશનું નામ.		૧૯૧૬ રૂ.	૧૯૧૭ રૂ.
બંગાળા	ખાનગી	૧૩,૪૦,૮૩૯	૨,૯૭,૫૯૮
	સરકારી	૪૪,૬૫,૨૯૨	૧,૩૧,૫૦,૭૫૮
મુંબઈ	ખાનગી	૧,૧૦,૨૦,૭૮૩	૧,૧૪,૪૫,૯૬૩
	સરકારી	૭૨,૯૪,૮૨૪	૧,૪૭,૦૩,૮૬૨
સિંધ	ખાનગી	૩,૭૧૪	....
	સરકારી	૫૮,૨૦૦	....
મદ્રાસ		૫૦૭	૧૦,૩૪,૨૦૧
બર્માં		૫૬	૧૦,૦૫૧
કુલ	ખાનગી	૧,૨૩,૬૫,૮૯૯	૧,૨૭,૮૯,૩૧૬
	સરકારી	૧,૧૮,૧૮,૩૧૬	૨,૭૮,૫૪,૬૨૦

EXPORTS OF SILVER. રૂપાની નિકાશ.

દેશનું નામ.		૧૯૧૬ રૂ.	૧૯૧૭ રૂ.
બંગાળા	ખાનગી	૨૦,૦૦૮	૧૫,૧૩૪
	સરકારી	....	૩,૮૦,૦૦૦
મુંબઈ	ખાનગી	૨૧,૫૦,૧૮૪	૬,૦૧૭
	સરકારી	૩૩,૯૫,૦૦૦	૨૯,૭૧,૬૩૩
સિંધ	ખાનગી	૩,૦૦,૭૦૦	૨,૮૮,૯૨૩
	સરકારી	૬,૫૦૦	....
મદ્રાસ		૬,૦૭,૦૦૦	૨૫,૦૦૦
બર્માં		....	....
કુલ	ખાનગી	૩૦,૭૭,૮૯૨	૩,૩૫,૦૭૪
	સરકારી	૩૪,૦૧,૫૦૦	૩૩,૫૧,૬૩૩

IMPORTS OF SUGAR.

પરદેશી ખાંડની આયાત.

ઇ. સ. ૧૯૧૭ ના મે માસમાં હિંદુસ્તાનમાં નીચે પ્રમાણે ખાંડની આયાત થઈ હતી

જે દેશોમાંથી આયાત થઈ હોય તેનું નામ.	૧૯૧૬.	૧૯૧૭.
	હંડ્રવેટ.	હંડ્રવેટ.
યુનાઇટેડ કીન્ગડમ	૧૩૮	૧૬૬
જર્મની	......	......
હોલાંડ	......	......
બેલજીઅમ	......	......
ફ્રાન્સ	......	......
ઑસ્ટ્રીયા હંગેરી	....	૬૦૪
સ્ટ્રેટસ સેટલમેન્ટસ.	૩૧,૪૯૭	૭૬,૯૬૧
જાવા	૧,૮૬,૮૭૦	૩,૦૨,૦૪૯
ચીન	૮,૪૨૭	૨,૬૮૩
ફીલીપાઇન્સ	......	.....
જાપાન	૫,૭૪૨	૨૨,૭૫૬
ઇજીપ્ટ	......	૬૫૧
મોરીશિયસ	૮૯,૮૯૦	૧૨૭,૦૬૬
વેસ્ટ ઇન્ડીઝ	......	......
સાઉથ અમેરિકા	૨	૮૦૦
ઑસ્ટ્રેલીયા	૭૭	૨૧
બીજા દેશો	૧	......
કુલ—	૩,૨૨,૬૪૪	૫,૩૩,૨૫૭

બ્રિટીશ હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોમા નીચે પ્રમાણે ખાંડની આયાત થઇ હતી.

નામ	બીટની ખાંડ.		શેરડીની ખાંડ.		ટોટલ.	
	૧૯૧૬	૧૯૧૭	૧૯૧૬	૧૯૧૭	૧૯૧૬	૧૯૧૭
	હંડ્રવેટ.	હંડ્રવેટ	હંડ્રવેટ	હંડ્રવેટ.	હંડ્રવેટ.	હંડ્રવેટ.
બંગાળા	...	..	૧,૮૧,૩૬૪	૧,૪૬,૩૮૬	૧,૮૧,૩૬૪	૧,૪૬,૩૮૬
મુંબઇ	...	...	૬૭,૬૫૮	૨,૪૨,૦૨૨	૬૭,૮૧૯	૨,૪૨,૦૨૨
સિંધ	...	...	૩૫,૮૧૯	૬૬,૮૨૭	૩૫,૬૫૮	૬૬,૮૨૭
મદ્રાસ	..	..	૩૭૭૦૦	૩૬,૪૪૬	૩૭,૭૦૦	૩૬,૪૪૬
બર્મા	...	...	૧૦૩	૪૧,૫૭૬	૧૦૩	૪૧,૫૭૬
કુલ	......	......	૩,૨૨,૬૪૪	૫,૩૩,૨૫૭	૩,૨૨,૬૪૪	૫,૩૩,૨૫૭

ધી બોમ્બે ટાઇલ માટ ૨૧ બેંક સ્ટ્રીટ ફોર્ટ, મુંબઈ.

JOINT-STOCK COMPANIES.

જૉઇન્ટ–સ્ટૉક કંપનીઓ.

ઈ. સ. ૧૯૧૭ ના એપ્રીલ મહિનામાં નીચેની જૉઇન્ટ–સ્ટૉક કંપનીઓ બ્રિટીશ હિંદુસ્તાનમાં રજીસ્ટર થઈ હતી.

નામ અને જાત.	ઠેકાણું.	હેતુ.	થાપણ. રૂ.
૧. બૅંકીંગ, લોન, અને ઇન્સ્યુરન્સ.			
૧. ફ્રેન્ડસ યુનીયન બૅન્ક.	શીલૉંગ, આસામ	નાણાં ધીરવાનો ધંધો	૨૦,૦૦૦
૨. ખુલના કાયસ્થા બૅન્ક.	બંગાળ	શરાફી ધંધો.	૨૫,૦૦૦
૩. ભાંગા લોન ઑફીસ.	ભાંગા, બંગાળ	,, ,,	૨૦,૦૦૦
૪. નેટોર યુનાઇટેડ બૅન્ક.	નેટોર	,, ,,	૧,૦૦,૦૦૦
૫. ગેબરી લોન ઑફીસ.	સોના ટોળી, રાંગપુર, બંગાળ	,, ,,	૩૦,૦૦૦
૬. બેલકા લોન ઑફીસ	બેલાક, બંગાળ	,, ,,	૩૦,૦૦૦
૭. કોઈમ્બટુર મહાજના બૅન્ક.	કોઈમ્બટુર, મદ્રાસ	નાણાં ધીરવાનો ધંધો.	૨,૦૦,૦૦૦
૮. નાયર બૅન્ક.	ટ્રીપ્રાયર	,, ,, ,,	૪૦,૦૦૦
		બૅંકીંગ લોન અને ઇન્સ્યુરન્સ કુલ.	૪,૬૫,૦૦૦
૨. ટ્રેડીંગ.			
(અ) રેલ્વેઓ અને ટ્રામો			
૯. નાસીક ટ્રામવે કું.	મુંબઈ	ટ્રામવે બાબતનું સઘળું કામકાજ ઉભું કરવા.	૧,૦૦,૦૦૦
(બ) વહાણમાં માલ ચઢાવવો કિનારે માલ ઉતારવો અને ગોદામમાં માલ ભરવો.			
૧૦. મેશર્સ ફ્રેઝર ઍન્ડ કું.	કલકત્તા, બંગાળ	વહાણમાં માલ ચઢાવવો કિનારે માલ ઉતારવો વગેરે.	૫,૦૦,૦૦૦

મેટેલીક શીટીંગની સારી ડીઝાઇન ગમશે કે ?



દાવડાની ચીમની.

લડાઇ શરૂ થવા સાથે જાપાની કાચની ચીમનીઓ આવીને તે માલ વાપરવામાં ઘણો ખરચ કરાવે છે. તે ચીમની પડી જાય, તેમજ જરા વધુ બત્તી થાય તેમજ હવા લાગે તથા પાણી પડે કે તરત ભાંગી જાય છે. ને રોજની બે ત્રણ ચીમનીઓ તમોને લેવી પડે છે.

અમારી પેટંટ ચીમની તમો વાપરો જે પડી જવાથી બત્તી વધી જવાથી રોશની આપતી ચીમની ઉપર પાણી પડે તોપણ ભાંગતી નથી ને દર વરસે તમારા રૂ. ૨૦) નો અમારી એક ચીમની વાપરવાથી બચાવ થશે.

દરેક જાતની ચીમનીઓ બનાવનાર— **દાવડાની કું**

મંગળદાસના કુવાસા પાસે આથા કુબેરના માળામાં પોસ્ટ નાં ૩.

પ્રાઇઝ લીસ્ટ મફત—વેપારીઓને ભરપુર કમીશન જલદી મંગાવો.

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે

અમર નામ.

નડીઆદ હિંદુ અનાથાશ્રમને એકી વખતે રૂ. ૨૦૦) આપનાર દાતાના નામની આરસની તખ્તી આશ્રમની ઑફીસમાં ચોઢવામાં આવશે તથા તે રકમના વ્યાજમાંથી દરેક વર્ષે નક્કી કરેલા દીવસે દાતાના સ્મરણમાં અનાથોને જમાડવામાં આવશે.

પચીસ રૂપિયામાં ગૌદાન!!

રૂ. ૨૫) આપવાથી એક "ગૌદાન" ગણી તેના વ્યાજમાંથી અનાથોને દુધ આપવામાં આવે છે તથા દાતાનાં નામનું લીસ્ટ બોર્ડપર લખી જાહેર ભાગમાં મુકી સ્મારક રખાય છે એક રૂપિયો ને તેથી વધુ દાન આપનાર ગૃહસ્થોનાં નામ વાર્ષિક રીપોર્ટમાં પ્રગટ થાય છે. વાર્ષિક રિપોર્ટ દરેકને મફત મળે છે.

મંત્રી—હિંદુ અનાથાશ્રમ—નડીઆદ.

જો

તમારે ત્રીજા વર્ગના ઉતારૂઓની હાડમારી અને જુલમ અટકાવવાં હોય, હીંદી વ્યેપાર ઉદ્યોગને થતી હાની બંધ કરવી હોય, દરવર્ષે લગભગ ૧,૫૬,૪૭,૨૯૭ પોંડનો હીંદુસ્તાન ઉપર પડતો ઘસારો અટકાવવો હોય, હીંદીઓ માટે રેલ્વેમાં સારા પગારની નોકરીઓ જોઈતી હોય, હીંદી ઉદ્યોગ હીંદના લાભ માટે ખીલવવો હોય, જાહેર પ્રજાની સગવડ માટે પૂરતી કાળજી રાખનાર સત્તા જોઈતી હોય અને હીંદીઓની લાગણી અને અભિપ્રાયને માન આપે એવો અમલ જોઈતો હોય,

તો

રેલ્વેનો સરકારી વહીવટ માંગો.

(ખાસ ઉંચ વર્ણના હીંદુ ગૃહસ્થો માટે)

મનને પસંદ પડતી જમવાની ઉમદા સગવડ

શ્રી અંબીકા ભોજનશાળા

૨૭૪ કાલબાદેવી રોડ—વીઠલવાડી સામે

મુંબાઈ.

આ ભોજનશાળા, માલીકોની જાતી દેખરેખ નીચે છેલ્લામાં છેલ્લી પધ્ધતિ મુજબ ચલાવવામાં આવે છે. ધર્મરક્ષણ, સ્વચ્છતા, પ્રમાણિકતા, ઉંચો ખોરાક અને ખંતીલા નોકરો એ આ ભોજનશાળાનાં મુખ્ય લક્ષણ છે.

સગવડતાના પ્રમાણમાં ભાવ ઘણાજ મધ્યમ રાખવામાં આવ્યા છે.

વધુ ખુલાસા માટે મેનેજરને મળો યા લખો.

નામ અને જાત	ઠેકાણું.	હેતુ.	થાપણ રૂ
(બી) બીજાઓ.			
૧૧. મેશર્સ ચેરી એન્ડ કું.	કલકત્તા, બંગાળ	ચામડું કેળવવું અને બનાવનાર વગેરે.	૫૦,૦૦૦
૧૨ બંગાળ રીફ્રેકટીંગ ગ્લાસ ફેક્ટરી.	,, ,,	પ્રવાહી કારબોનીક એસીડ ગાસ અને ઓકસીજન બનાવનાર.	૬,૫૦,૦૦૦
૧૩. એ વહેન્ટે એજન્સી (ઇન્ડીયા.)	મુંબઈ	સામાન્ય ધંધો અને એજન્સી.	૧,૦૦,૦૦૦
૧૪. ચુડી પી શ્રી કૃષ્ણ ટ્રાન્સપોર્ટ કું.	માંગલોર, મદ્રાસ	ઉતારાઓ અને માલોને લઈ જનાર વગેરે.	૧,૦૦,૦૦૦
૧૫. ટાઈલ અને સેનીટરી વર્કસ.	ટીરથહલ્લી, માઇસોર	માટીના વાસણ બનાવનાર.	૧,૦૦,૦૦૦
		બીજાઓ કુલ	૧,૦૦૦,૦૦૫
		ટ્રેડીંગ કુલ	૧૬,૦૦,૦૦૫
૩ મીલો અને પ્રેસીસો			
૧૬. મેશર્સ મારીઘાટ મીલીંગ કું.	ભાગલપુર, વીહાર અને ઓરાસા	ઉગાડનાર, ચોખાની મીલો, ખાંડ બનાવનાર વગેરે.	૧,૫૦,૦૦૦
૪. ચા અને બીજી વાવેતર કરનારી કંપનીઓ.			
(અ) ચા.			
૧૭ સારોડાટી કુંપની.	જલપાઇગુરી, બંગાળ	ચા ઉગાડનાર વગેરે.	૩,૦૦,૦૦૦
૧૮. શીરઝાપોર ટી કુંપની.	કલકત્તા	,, ,,	૨,૦૦,૦૦૦
૧૯. સરસ્વતી પુર ટી કુંપની.	જાલપગુરી	,, ,,	૨,૦૦,૦૦૦
૨૦. ઈસ્ટર્ન ડાવર્સ ટી કુંપની	કલકત્તા	,, ,,	૩,૦૦,૦૦૦

નામ અને જાત.	ઠેકાણું.	હેતુ.	થાપણ રૂ.
૨૧ સીડલી ડેવિસ ટી કુંપની.	કલકત્તા	ચા ઉગાડનાર વગેરે	૩,૦૦,૦૦૦
		ચા કુલ	૧૩,૦૦,૦૦૦
(બ) બીજાઓ.			
૨૨. બારદવાન પ્લેન્ટીંગ ટીમ્બર અને ટ્રેડીંગ કુંપની.	બેનાકુરી, બરદ્દવાન બંગાળ	હરેક઼ાં ઝાડો ઉગાડનાર વગેરે.	૧,૦૦,૦૦૦
		ચહા અને બીજી વાવેતર કંપનીઓ મળી કુલ	૧૪,૦૦,૦૦૦
૪. ખાણ ખોદવા અને પથ્થરની ખાણો.			
૨૩ કોસ્ટ કોલ્યરીઝ.	કલકત્તા, બંગાળ	કોલસાની ખાણો વગેરે.	૮,૦૦,૦૦૦
૨૪. નીગાવેલી કોલ્યરીઝ.	,, ,,	,, ,,	૧,૦૦,૦૦૦
		ખાણ ખોદવા અને પથ્થરના ખાણો મળી કુલ.	૯,૦૦,૦૦૦
૬. બીજાઓ.			
૨૫. ધી બીનાઉ.	કલકત્તા, બંગાળ	થીએટરના માલીકો તરીકે ધંધો કરનાર.	૨,૦૦,૦૦૦
		એકંદર કુલ	૪૭,૧૫,૦૦૫

દીવાળીના માટે ફેન્સી ટાઇપની છેલ્લી ડીઝાઇનો જોઇએ છે ?

ઘણી બાબતોસર બધાથી એક સરખું ધ્યાન આપી શકાતું નથી, કેટલાક એવા માણસો જોઇએ કે જે વેપાર ધંધા સંબંધના પ્રશ્નોપર ધ્યાન આપે અને તેનું મનન કરે. પ્રજામત કે વેપારી કોમનો મત મંડળો દ્વારા જણાવવાની જેટલી અગત્ય છે, તેટલી અથવા કેટલીક વખત તેથી વિશેષ જરૂર મનન કરવાની છે અને તે આ પ્રકારના મંડળો વિના થવુ બની શકે એમ નથી.

આટલા ઉપોદ્ઘાત પછી, વેપારી સમાજોની મુખ્ય પાંચ ફરજો નીચે મુજબની હું ગણુ છુ.—

(૧) મનન કરવાની, હકીકત ભેગી કરવાની વિ.

(૨) પ્રજામત એકત્રીત કરવાની.

(૩) સરકાર સમક્ષ તે રજુ કરવાની,

(૪) સરકાર અને પ્રજા વચ્ચે મધ્યસ્થની ગરજ સારવાની.

(૫) માલ બનાવનાર—તૈયાર કરનાર તથા વેચનાર વેપારી વચ્ચે મધ્યસ્થનું કામ કરવાની.

ધી બોમ્બે ટાઇપ માટે ૨૧ બેંક સ્ટ્રીટ ફોર્ટ મુંબઇ.

(૧) યુરોપ, અમેરીકા, અને જાપાન આગળ વધી રહ્યા છે ત્યારે હિન્દ પાછળ પડી ગયેલું લાગે છે અને તેથી કરીને અનેક પ્રકારની હાની આપણે સોસવી પડે છે, માટે કરીને દરેક જુના કે નવા સ્થપાતા મંડળે સ્વદેશનું શ્રેય સતત્ ધ્યાન આગળ રાખવું જોઇએ, સ્વદેશ હિત ખાતર હમેશ તત્પર રહેવું જોઇએ. અમારી પ્રગતિના કાળમાં જે કોઇ શખ્સ કે મંડળ સમસ્ત પ્રજાનું-સમસ્ત દેશનું હિત નહીં વિચારતાં સંકુચિત દ્રષ્ટિથી પોતાનુંજ શ્રેય સાધવા પર દ્રષ્ટિ રાખે અથવા આપણુઢી અધિકારી વર્ગની બંસરી પ્રમાણે નાચે તેને અમે અમારા હિત-શત્રુજ ગણીએ છીએ.

મનન કરવું એટલે શું? અનેક સવાલોનો બારીકાઈથી વિચાર કરવો તે. અને આ કાર્ય ધારીએ તેટલું સરળ નથી. દરેક પ્રશ્નનો વિચાર કરતી વખતે ચારે બાજુના સંજોગો પર નિધા પહોંચાડવા જરૂર હોય છે. દાખલા તરીકે ધારો કે 'ખાંડ' નો પ્રશ્ન આવ્યો.

"જર્મન બનાવટની બીટ રૂટની ખાંડ અહીંની શેરડીમાંથી બનેલી ખાંડ કરતાં સસ્તી કેમ પડે છે? જર્મન પ્રજાનું શાસ્ત્રીય જ્ઞાન કે ખાંડ બનાવવામાં ઉપયોગમાં લેવાતું સાંચાકામજ તે સસ્તી પડવાનું કારણ નથી. ત્યાં આગળ રાજ્યનીતિ કેવી છે, રાજ્યની મદદ મળે છે કે નહીં, રેલગાડીની શી સરળતા છે, ઝાઝના નૂરનો દર કેટલો રહે છે, તેમાં પણ સરકારની મદદ હોય છે કે નહીં, આપણા દેશમાં ખાંડ આવતાં અહીંની જકાતનીતિ કેવી છે, દેશમાં ખાંડ બને છે તેમાં ખામી શું છે, શું કરવામાં આવે તો તે સસ્તી પડે, હવા પાણી તથા જમીન માફક છે કે નહીં, રેલ્વેનો દર શું છે, જર્મન અને અત્રેની ખાંડનો રંગ તથા મીઠાશમાં ફેર છે કે કેમ? એ પ્રમાણેની નાની નાની નજીવી જેવી લાગતી બાબતથી મહત્વના બધા પ્રશ્નોનો વિચાર આવા મંડળોએ કરવો જોઇએ અને તે ગંધાંધામાં હકીકત ભેગી કરવી જોઇએ. ફક્ત ક્યાંથી ક્યાંથી, કેટલી અને કેટલા રૂપીઆની ખાંડ આવે છે, આપણે ત્યાં કેટલી બને છે અને હરીફાઇમાં પરદેશી ખાંડ સસ્તી પડે છે એટલી હકીકતથી સંતોષ માની ચલાવી લઇ શકાય નહીં. એક પ્રશ્ન હાથ ધરતાં તે સંબંધી બને તેટલી માહીતી મેળવવા પ્રયાસ થવો જોઇએ અને તે બાબતનું બને તેટલું સાહિત્ય પણ ભેગું કરવું જોઇએ.

એક વધુ દાખલો લઇએ.

ઇંગ્લાંડ કરતાં જર્મનીમાં બનેલા કાપડનો પૂર્વ આફ્રિકામાં પ્રચાર કેમ વધ્યો? ત્યાં હકુમત અંગ્રેજ સરકારની હોવા છતાં બીજા રાજ્યની પ્રજા વધારે ફાવી જવાનું કારણ શું? જર્મન લોકોએ આફ્રીકાના રહેવાસીના સ્વભાવ, પસંદગી, ઇચ્છા, માંગણીઓ અને જરૂરીઆતનો ખાસ અભ્યાસ કર્યો; તેમને કેવા માર્કો પસંદ છે, કેવી ભાત ગમે છે, કેવા રંગ માટે વધારે વલણ છે, કેવા માપનું કાપડ માંગે છે તે ધ્યાન પર લીધું; તે લોકોએ પોતાના સ્વદેશમાં જર્મન કારખાનાવાળાને તે મુજબ ખબર આપી મન પસંદ માલ તૈયાર કરાવી પૂર્વ આફ્રીકામાં વસતી પ્રજામાં તેનો પ્રચાર કર્યો.

આપણે ત્યાં એવાં મંડળો નથી કે જે એ બાબતોપર વિચાર કરે. મીલો અને કારખાનાવાળા એવા પ્રમાદાધિન થયેલા છે કે પોતે તૈયાર કરેલો માલ બીજે ક્યાં ક્યાં કેવી રીતે ખપી શકે તે સંબંધી નહીં કરે પ્રયાસ કે નહીં બતાવે ખંત! કરીમભાઇ કે સાસુન મીલ્સ પોતાના અલ્પ પ્રયાસ પુરતો નફો હાલ મેળવે છે, તેમને અપવાદમાં મૂકીએ તો ખોટું નથી.

ઉપર જણાવ્યા મુજબની હકીકત આપણે ભેગી કરી હોત તો ચાલુ લડાઇના પ્રસંગમાં તે કેટલી ઉપયોગી થને! જર્મન માલ આવતો સાવ બંધ થયો, ઇંગ્લાંડ તે હાલ પૂરો પાડી શકે તેમ નથી અને આધાર ફક્ત હિન્દુસ્તાન પર રહ્યો! છતાં જોઇતા પ્રમાણમાં આપણે તે લાભ વેળાસર લઇ શક્યા નથી.

મારસેલ્સની રંગીન લાદીઓ સફાઇદાર અને મજબુત.

પરદેશી પ્રજાના ખંત વિગેરે સદ્ગુણોનો અભ્યાસ કરવાની હજુ જરૂર ઓછી થઈ નથી. તેમની માફક આપણે ત્યાં પણ સ્વભાવ, પસંદગી, ટેવ, રીત રીવાજ, રંગ, માર્કા, ધર્મ, આચાર વિચાર, વિગેરે બાબતનો અભ્યાસ થવો જોઇએ અને તે પ્રમાણે એકઠી કરેલી હકીકતનો લાભ પોતાના સમાજ-સમસ્ત હિન્દી પ્રજાને મળવો જોઇએ.

લન્ડનમાં Department of Commercial Intelligence of the Board of Trade ઉપર જણાવેલી પદ્ધત્તિ પર હાલ કામ કરે છે અને તેના હેવાલમાં જણાવે છે કે "શરૂઆતમાં લોકો અમારી સંસ્થાનો જોઇએ તેવો લાભ લેતા નહીં પણ લડાઇ શરૂ થયા બાદ ઘણા માણસો તથા કારખાનાવાળાઓ અમારા કાર્યની અગત્ય સમજી ધંધા તથા વેપારને લગતી ખબર અંતર મેળવવા એક સરખા આવે છે. તેઓને ત્યાં વ્યવસ્થા કેટલી ઉત્તમોત્તમ હશે તેનો એકજ દાખલો આપીશ. અમુક માણસે ઘણા વખત પર એક કારખાનું જોયેલું તેનું નામ યાદ રહેલું નહીં એટલુંજ નહીં પણ તે કયે સ્થળે છે તે પણ તે વીસરી ગયો હતો. સુભાગ્યે તે કારખાનાની એક છબી એની પાસે હતી તે એમને ઉપલી ઑફીસમા મોકલી એ કારખાનાનું નામ વિગેરે પૂછાવ્યું.

આ સંસ્થા પાસે જે ચિત્રો હતાં તેમાંથી આ કારખાનાનું ચિત્ર શોધી કાઢી બધી હકીકત તે સજ્જનને પૂરી પાડી. આ તે વ્યવસ્થા અને ગોઠવણી કહેવાય! આપણી સભાઓએ એ ઉપરથી ધડો લેવાનો છે.

આ ઉપરાંત જગાત, નીતિ, કર, વેપાર રોજગારને લગતા કાયદાઓ સંબંધી આયાત નિકાશ, વિગેરે બાબતોનો અભ્યાસ ચાલુજ રહેવો જોઇએ.

(૨). બીજી ફરજ લોકમત કેળવવાની તથા તે ભેગો કરવાની છે. પહેલા મુદ્દામા જણાવ્યા મુજબ હકીકત ભેગી કરી હોય તેનો લાભ જનસમૂહ અને વેપારી કોમને આપવો જોઇએ. પોતે અનેક પ્રકારના સવાલોનો બારીકાઇથી જે વિચાર કર્યો હોય તે લોકોને જણાવવો જોઇએ કે જેથી પ્રજાને શું કરવું અને શું ન કરવું તેની સમજ પડે. ઉદ્યોગ ધંધાની વાત હશે તો કેટલીક વ્યક્તિઓના સમજવામાં આવશે કે દીવાસળી, પેનસીલ, કાચ વિગેરે હિન્દના અમુક પ્રાંતમાં બનાવવાનું શરૂ કર્યું હોય તો લાભ છે; બીજા પ્રાન્ત માટે સુતર કાંતવાની તથા વણવાની મીલો સ્થાપવાથી લાભ થશે એમ વળી બીજા કોઇના ધ્યાનપર આવશે, આ રીતે સમાજે પોતે જે શ્રમથી હકીકત સંપાદન કરી હોય તે પ્રજા સમક્ષ મૂકી દેશના ઉદ્યોગો વધારવા કારણ બનવું જોઇએ. કારણ કે હજારોમાંથી જે કોઇને એ બાબતનો લાભ લેવા, ઇચ્છા થશે તે સમાજ પાસે આવી વધારે સલાહ લઇ, શું કાર્ય કરવું તે નિર્ણય પછીથી પોતે કરી લેશે.

જગાતનીતિ, કર, વિગેરે બાબત લોકમત કેળવવાની ફરજ પ્રથમ તો આવા સમાજોનીજ છે. અમુક કરથી પ્રજાને લાભ કે હાની થશે, કેવા પ્રકારની જગાત દેશના ઉદ્યોગો વધારવા સારૂ હોવી જોઇએ તે બાબતનું જ્ઞાન પોતાના માસિકોદ્વારા, છુટક લેખો લખાવી, તે વ્હેંચાવી, જાહેર ભાષણો અપાવી તથા ખાસ સમ્મેલનો ભરી આપવું જોઇએ. આ પ્રકારે કામ કરવાથી જે જાણવાનું છે તે લોકોના જાણવામાં આવશે અને પછી મહત્વનું કાર્ય વિચાર કરવાનુંજ રહેશે જે સ્વતંત્ર વ્યક્તિપર છોડવા જરૂર છે. એક વાર પ્રજામત કેળવાયા પછી તે વ્યક્ત થયા વગર રહેનાર નથી. છૂટો છવાયો તે વ્યક્ત થાય તેના કરતાં એકત્ર બહાર પડે તોજ ધાર્યા અસર થઇ શકે અને તે માટે પણ સભાઓ સમ્મેલનો થવાં જોઈએ. સમાજે પોતે પણ પોતાના સભાસદોના નામે ઠરાવો કરી તેમનો એકત્ર મત તે રીતે દર્શાવવો જોઇએ.

(૩) મોટે ભાગે સરકારને અથવા રાજ્ય સેવકોને પ્રજામત જણાવવાનો હોય છે. આપણે હવે એટલું તો સમજતા થયા છીએ કે સરકાર

અવ્યવસ્થિત રીતે દર્શાવાયલા તથા છૂટા છવાયા ઠરાવો પર ઝાઝું લક્ષ આપતી નથી, એટલે કરીને જો સમાજોદ્વારા વેપારી કોમ પોતાની લાગણી, ઉદ્વેગ, પસંદગી અથવા સહાનુભૂતિ દર્શાવે તો સરકારને તે ઉપર લક્ષ આપ્યા વગર ચાલે નહીં. આપણા દેશમાં હજુ એવો વખત આવ્યો નથી કે સરકાર આપણી હકીકત સાભળી તે પ્રમાણે કહ્યું કાર્ય કરે, પણ ખુદ ઇંગ્લાંડમાં વેપારી મંડળ સમાજો, કામદારોના મંડળ વિગેરેની સત્તા એવી દૃઢ અને મજબૂત થઇ છે કે પોતાનું ધાર્યું કાર્ય સરકાર પાસે કરાવે છે. એમ કરતા કેટલાક રાજ્ય સેવકો લોક લાગણીથી વિરૂદ્ધ કામ કરવા જો ઇચ્છા ધરાવે છે, તો આ મંડળો એવી તો ચળવળ ચલાવે છે કે આખું રાજ્યતંત્ર ખળભળી ઉઠે છે અને એવા રાજ્ય સેવકોને પોતાના હોદ્દાનાં રાજીનામાં આપ્યા વગર ચાલતું નથી. આપણે ઇચ્છીશું કે આપણા મંડળો પણ એવુ સંગીન કાર્ય કરે કે જેથી આપખુદ સરકાર હોય તો પણ તેની અવગણના કરી શકે નહીં.

(૪) ચોથી ફરજ સરકાર અને પ્રજા વચ્ચે મધ્યસ્થ (go-between) તરીકે વર્ત્તવાની છે. જેમ આપણે આપણા વિચાર, મત વગેરે આપણા સમાજો દ્વારા સરકારને પહોચાડીએ છીએ તેમજ સરકારને જ્યારે વેપારી કોમનો મત જાણવો હોય છે ત્યારે સમાજો જેવુ બીજું કોઇ ઉત્તમ (medium) સાધન નથી, એટલુંજ નહીં પણ સમાજનું બંધારણ જો ઘણુંજ ઉંચા પ્રકારનું હોય તો સરકાર અમુક કાયદા વગેરે ઘડતા પહેલા આવા વેપારી મંડળોની સલાહ લીધા વગર આગળ પગલું ભરવાની હિંમત કરી શકશે નહીં. કેટલીક વાર ગેરસમજુતીના ઘણા દાખલા મળે છે અને પ્રજા અને સરકાર વચ્ચે ઘણો કડવાશ અને કચવાટ ઉત્પન્ન થાય છે અને તે દૂર કરવા સરકાર પોતાના અધિકારી મારફત કામ કરવા ઇચ્છે છે ત્યારે ફક્ત આવા સમાજોજ તે ઇચ્છા પાર પાડવાનું સુગમ કરી આપે છે.

(૫) સ્વદેશીનો વિજય વાવટો હિન્દના ચારે ખુણે ફરકી રહે, અમારી માતૃભૂમિ ફક્ત પારકા માટે કાચી દોલત, કાચો માલજ ઉત્પન્ન કરનાર રહે નહીં, અમારી આર્થિક અધોગતી થતી અટકાવવા, અને પરાવલંબનની બેડી દૂર કરવા સારૂ અમારા વેપાર, ઉદ્યોગ, ધંધાના સમાજોની પાંચમી ફરજ માલ બનાવનાર, તૈયાર કરનાર તથા વેચનાર અને વાપરનારા વચ્ચે મધ્યસ્થ બનવાની છે, અને તે આશય નીચે જણાવ્યા મુજબ પાર પાડવાની અગત્ય છે

(૬) મંડળે ભેગી કરેલી હકીકત ઉપરથી એક એવું પત્રક તૈયાર કરવું કે જે ઉપરથી (૧) પરદેશથી કઇ કઇ એવી સાધારણ પ્રકારની ચીજો આવે છે કે જે અત્રે સહેલાઈથી બની શકે (૨) જેને માટે કેટલાક પ્રકારની ખાસ આવડત જોઇએ અને અનુકૂળતા કરી આપવાથી અત્રે તે બનાવવી પરવડી શકે (૩) આપણા દેશમાં જે કાચો માલ ઉત્પન્ન થાય છે, તેમાંથી સહેલાઇથી અથવા સામાન્ય કુશળતાથી શું શું બની શકે એમ છે. અને ચોથું હિન્દુસ્તાનની ઉંચા પ્રકારની કારીગરી, કોતર અને ભરત કામ માટે જે મશહુરતા ચારે ખંડમાં પ્રસરી રહી હતી અને જે ઉદ્યોગોથી કરીને હિન્દનો વૈભવ અને કીર્ત્તિ વધ્યા હતા તેનું પણ પત્રક તૈયાર કરવું.

આવા પત્રકની સાથે પરદેશથી આવતી ચીજોના નમૂના ભેગા કરવા તથા હિન્દુસ્તાન જે ચીજો માટે પંકાયલો હતો તે ચીજોના પણ નમૂના સંપૂર્ણ હકીકત સાથે ભેગા કરવા.

અને ત્યાર બાદ આપણે ત્યાં જે માલ બનાવનારા હોય, કારખાનાવાળા હોય તેમને તથા માલ વેચનારાઓને ભેગા કરી કયો માણસ અથવા કયું કારખાનું પરદેશથી આવતો માલ, સહેલાઈથી, સારી રીતે અને સસ્તી કિંમતે બનાવી શકે તે પુછી તથા વેચનારની કે વાપરનારની તે ઉપર સલાહ લઇ દેશકાળ અનુકૂળ જે ફેરફારની જરૂર હોય તે પર ધ્યાન આપી, તેઓનો એકમેકના સમાગ-

માફસેદર.ની રંગીન સાડીઓ સફાઇદાર અને મજબુત.

મમાં લાવવા. એક વાર માલ બનાવનાર તથા વેચનાર અન્યોઅન્યના પરિચયમાં આવશે એટલે પછીથી તેઓ આપોઆપ પોતાની અનુકૂળતા મુજબ કામ કર્યા જશે અને દેશના ઉદ્યોગો ચીલે પડશે. આટલી જહેમત ઉઠાવવાનું કારણ એટલુંજ કે આપણે ત્યાં તેમજ અન્ય દેશોમાં માલ વેચનાર કે વાપરનાર જાણતા નથી કે મનપર લઇએ તો એવી સાધારણ ચીજો સ્વદેશમાં બની શકે એમ છે. માલ બનાવી જાણનાર જાણતા નથી કે ઘરને આંગણે તેનો ઉપાડ થશે; આથીજ કરીને સાધારણ ચીજો માટે પણ આપણે આપણા હુકમ (orders) પરદેશી કુંપનીઓને પરાયા દેશોમાં આપીએ છીએ. લન્ડનમાં વેપાર ધંધાની ખબર પૂરી પાડનાર મંડળની શાખા ઉપર લખ્યા મુજબ કામ કરે છે, અને પરીણામ સંતોષકારક આવવાનું જણાવે છે. લડાઇ શરૂ થઇ ત્યાં લગણ ઘણા જાણતા નહીં કે ડોલી (ઢીંગલી) ના માથાં અને પૈસા મૂકવાની કોથળી, પાકીટો વગેરે ઉપરના ધાતુના ખોખાં જર્મનીથી આવતાં હતાં. લડાઇને લીધે તે માલ આવતો બંધ થયો એટલે પ્રશ્ન ઉઠયો કે ઇંગ્લાંડમાં તે બની શકે કે નહીં? તે ઉપરથી બરોએ સંમેલનનો વિચાર કરી, ત્યાં બધાને નિમંત્રણ કરી જર્મની તથા આસ્ટ્રીઆથી આવતી ચીજો કોણ બનાવી શકશે તે માટે વાટાઘાટ કરી અને તેને પરીણામે માલમ પડયું કે ઇંગ્લાંડમાં તે ચીજો બનાવવાનું કંઇ પણ મુશ્કેલ ન હતું. આપણા દેશમાં આપણે પણ આ ધોરણે કામ કરીએ તો મને આશા છે કે આપણે ફત્તેહમંદ થયા વગર રહીએ નહીં.

જે કળા કૌશલ્ય દેશમાંથી હવે નષ્ટ પામતાં જાય છે તેમને સજીવન કરવા જરૂર છે અને તે કેમ ટકી રહે, પગભર થાય, અને એ માલનો ઉપાડ ચાલુ રહે તે માટે પણ પગલાં ભરવા જોઇએ.

(ख) જાપાનમાં જેવું Imperial Museum શહેનશાહી સંગ્રહસ્થાન છે, તેવું એક સંગ્રહસ્થાન ઘણા મોટા પાયાપર અત્રે હોવા ખાસ જરૂર છે; આના મુખ્ય બે ભાગ પાડી નાંખવા જોઇએ. (૧) માલ વેચનારા તથા વાપરનારા માટે સ્વદેશી ચીજોનો એક વિભાગ, કે જેથી એકકી વખતે અત્રે શું શું બને છે તેનો ખ્યાલ આવે; આ સાથે તે કયાં બને છે, નામ શું છે, કુંપનીની શાખ, થાપણ, વિગેરે પરચુરણ બધી હકીકતો મળી શકે એવી ગોઠવણ હોવી જોઈએ કે જેથી સંગ્રહસ્થાન જોઇ જનાર એટલુંજ ન જાણે કે અમુક વસ્તુઓ દેશમાં બને છે પણ કયાં બને છે, કોણ બનાવે છે, મળી શકશે કે નહીં, એ પેઢી સાથ સંબંધ રાખવો કે નહીં વિગેરે પણ તે જાણી શકે. (૨) બીજા વિભાગમાં, પરદેશમાં બનેલી ચીજો, માલ બનાવનારના લાભાર્થે ખસૂસ કરીને રાખવી જોઇએ, કે જેથી તે જોઇ આવી પોતે બનાવી શકે કે નહીં તેનો ખ્યાલ કરી શકે બીજા સાહસિક માણસો તે જોઇ તેવા માલ અત્રે બનાવવાને પ્રેરાય, જનસમૂહની આંખો ખુલે કે કેવી કેવી ક્ષુલ્લક ચીજો માટે તેઓ પરદેશ પર આધાર રાખી રહ્યા છે. આ વિભાગમાં, લોકોનું ખાસ લક્ષ દોરાય તે માટે પરદેશથી આયાત થતા માલના આંકડા મોટા અક્ષરોથી, ધ્યાન ખેંચાય તેવી જગ્યાએ લખાવવા; કેટલીક વાર ઉપદેશો જેટલું નથી કરી શકતા તેટલું આવા ચોંકાવનારા આયાતના આંકડા કામ કરી શકે છે; આ વિભાગ સાથે પણ એક ઓફીસ રાખવી જોઇએ કે જ્યાંથી પહેલા વિભાગ સંબધમાં જણાવ્યું તે મુજબ, ઘણા પ્રકારની હકીકત મળી શકે.

વડોદરા રાજ્યના વેપાર અને ખેતીવાડી ખાતાના અધિકારી પોતાના ૧૯૧૯ ના હેવાલમાં લખે છે કે વડોદરા રાજ્યમાં બનતી ચીજોનો એક ખાસ વિભાગ ત્યાંના સંગ્રહસ્થાન સાથે જોડવાના છે. અને રીપોર્ટ પરથી એમ માલુમ પડે છે કે સાથે સાથે તે સંબંધી સઘળી હકીકત મળે તે સારૂ ઑફીસ પણ રાખવા ઇચ્છા રાખે છે આ પ્રયત્નો ઘણોજ ઇચ્છવા જોગ છે.

અત્રે પણ ચેમ્બર્સ કે સરકાર પોતાની દેખરેખ તળે બે પાંચ લાખ રૂપીયા ખરચી

જેટલા ટુંક સમયમાં આવું સંગ્રહ સ્થાન કરશે તેટલો લાભ દેશને વધારે થશે

(ગ) સમાજે તરફથી પોતાનું માસિક કે વાર્ષીક ચોપાનીયું નીકળવું જોઇએ કે જે મારફતે સમાજ શું કામ કરે છે તેની ઇતર જનને ખબર પડે તથા તેમાં આયાત નિકાશ સંબંધી ઉપયોગી હકીકત હર હમેશ આવવી જોઇએ. Trade Products of the British Empire બ્રિટિશ સલ્તનતની વેપારની ચીજો નામનું એક વાર્ષીક ચોપાનીયું ઇંગ્લાંડમાં બહાર પડે છે, તે ધોરણે પણ નિદાન કામ થાય તો સંગીન લાભ થવા સંભવ છે. વળી આ માસિકો દ્વારા દેશમાં જે જે વસ્તુ બનતી હોય તે બાબત સ્વતંત્ર અભીપ્રાય હમેશ આવચો જોઇએ. એ અભીપ્રાય ઘણોજ અપક્ષપાત હોવો જોઇએ કે જેથી કરીને લોકો તે અભીપ્રાય પર વિશ્વાસ રાખી શકે. વસ્તુ બનાવનારાઓને આથી ઉત્સાહ રહેશે અને પોતાનો માલ એટલો ઉંચો હશે તો જ એવા ચોપાનીઆમાં સારો અભીપ્રાય આવશે એમ એક વખત છાપ પડતાં તથા મત દ્દઢ થતાં, પોતાને ત્યાં બનતી ચીજોમાં દિન પ્રતિ દિન સુધારો કરવા કોશીશ ચાલુ રહેશે.

સ્વદેશીના પ્રચાર માટે કંઇક વિશેષ કરવા પણ જરૂર છે. સ્વદેશી અને વિદેશી વસ્તુઓ રાખી ઘણા વેપારીઓ ગરબડ કરી મૂકે છે અને તેથી વાપરનાર મુશ્કેલીમાં આવે છે. વિદેશી વસ્તુઓ સ્વદેશીને નામે વેચનારની શોધખોળ કે તપાસ કરી તેમને શિક્ષા કરવાનું બની શકતું નથી. અપ્રમાણીક રીતે પૈસો સત્વર પેદા થાય એવી એમની માન્યતા હોવાથી પ્રમાણીકપણાના ઉપદેશથી તેઓ સુધરે એમ પણ સંભવ હોતો નથી, તેથી આપણા હાથમાં જે સત્તા હોય અથવા જે કરી શકીએ તે કરવુંજ જોઇએ. આટલા માટે જે વેપારીઓ-પેઢીઓ ફક્ત સ્વદેશીજ માલ વેચતા હોય તેમની તપાસ રાખી, ખાત્રી કરીને તેમના નામ સફેત પત્રિકા (White lits) માં છપાવવાં. સમાજ તરફથી આવી પત્રિકાઓ છપાવાં તે ભરોસાપાત્ર રહેવાને લીધે લોકો પણ તેવી પેઢીમાં વિશ્વાસ રાખી શકશે અને સ્વદેશી ચળવળને આથી ઘણો મોટો ટેકો મળવા પૂર્ણ સંભવ છે.

(ઘ) સમાજની દેખરેખ તળે દર વર્ષે જુદા જુદા પ્રાન્તમાં સ્વદેશી માલનો મેળો ભરવા ગોઠવણ કરવી આવશ્યક છે. આ મેળાઓથી કરીને બહાર ગામ જવા આવવા જેને પ્રસંગ નથી મળતો, સંગ્રહસ્થાનો જોવા જવાનું બનતું નથી તથા સ્વદેશી વસ્તુઓ સંબંધી કંઇ ખ્યાલ નથી હોતો તેઓને ઘણુ જોવા જાણવાનું મળશે તથા ઘરને આંગણે સ્વદેશી માલ વેચાવા આવતાં તે લેવા માટે ઘણુંજ આકર્ષણ થાય તો નવાઇ જેવું નથી. માલ બનાવનારને તેમના માલની જાહેરાત માટે પણ આ ઉત્તમ રસ્તો છે.

લડાઈ શરૂ થયા બાદ ઈંગ્લાંડમાં British Industries Fair ગ્રેટ બ્રિટનમાં બનતા માલના મેળા ભરી ત્યાં શું શું માલ બને છે તેની જાહેરાત લોકોમાં આપવામાં આવે છે. જ્યારે ઇંગ્લાંડ જેવા દેશમાં સ્વદેશના ઉદ્યોગો માટે આટલું કરવા જરૂર રહે છે. ત્યારે હિન્દુસ્તાનમાં તેથી શતગણા પ્રયાસો થાય તો પણ ઓછાજ ગણાશે

(ચ) વળી આવા પ્રતિષ્ઠિત સમાજોદ્વારા દેશના ઉદ્યોગો વધારવા તથા પ્રચાર વધારવા સારૂ વર્ષમાં એકાદ અઠવાડીયું એવું મુકરર થવું જોઇએ કે જે વખતે કોઇ પણ દુકાનદારે, સ્વદેશાભીમાનની ખાતર વિદેશી વસ્તુઓ વેચવી નહીં; અને તે પ્રસંગને અંગ્રેજીમાં જેમ Swadeshi Week કહે છે તેમ "સ્વદેશી અઠવાડીયું" અથવા એવું સ્વદેશી ચળવળ ચાલુ અને સતેજ રાખવા સારૂ જમાનાને અંગે આવા પ્રયાસો કરવા પૂરી જરૂર છે.

(છ) સમાજોદ્વારા આ ચળવળ ચાલુ રખાવવા ગામેગામ ભાષણ અપાવવા સારૂ ભાષણ કર્તાઓને મોકલવાનું રાખવું ઇષ્ટ છે.

દીવાળીના માટે ફેન્સી ટાઈપ્સની છેલ્લી ડીઝાઈનો જોઈએ છે ?

૨૭ એ.

સીવીલ સરજ્યન

તથા એમ ડી ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો, રાજા મહારાજાઓ, નવાબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, પોલીટીકલ એજન્ટ, સરકારી સીવીલીયન ઓફીસર, અને દેશી તથા યુરોપીઅન અમલદારો અને ગૃહસ્થોમા બાદશાહી ચાકુતી નામની વિશ્વવિખ્યાત દવા દિવસે દિવસે બહુ વપરાય છે એજ તેની વધતી જતી ફતેહમદી અને ઉપયોગીતાની નીશાની છે. ગવર્નમેન્ટ લેબોરેટરીમા આ રજવાડી દવા એનાલાઇઝ થયેલ છે અને તે બાબતનુ સરટીફીકેટ પણ મળેલ

બાદશાહી ચાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતન કાયમ રાખે છે સસાર સુખ ભોગવવા માટે દેશી અને યુનાની દવામાં ઉચામા ઉચી જો લેઇએ તો આ બાદશાહી ચાકુતી અનગ વિલાસ છે આ રાજવશી ચાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂ પુરૂષાતન આપે છે રાજા રજવાડામા તથા શ્રીમત લોકોના આ દવા બહુ વખણાય છે ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે—આ દવા અતિ ઉત્તમ દેશી દવાઓમાથી બનાવવામા આવે છે આ દવા ચાલુ હોય ત્યારે તમામ ખોરાક ખાવાની તથા બધી તરેહની છુટ છે ૪૦ ગોળીની ડબી એકના રૂપીયા દશ

બાદશાહી યુનાની લેપ.

અમીર ઉમરાઓમા વખણાતી ઉમદા દવાઓમાથી આ લેપ બનાવેલ છે અને તે નસોને પુરતી તાકાત આપે છે નબળી પડી ગયેલ નસોને પુરતુ જોર આપી પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમદ ઇલાજ છે. આઉસ એકની ડબીના રૂપીયા આઠ

ડાકટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

ધી એલેમ્બીક કેમીકલ વર્કસ કું. લી.

મુંબઇ અને વડોદરા.

આયુર્વેદના ભાવ પ્રકાશ નામના ગ્રથના આધારે તૈયાર કરેલી દવાઓ —

વેજીટેબલ ટોનીક સીરપ—(દેશી ઔષધિઓમાથી શાસ્ત્રીય રીતી અનુસાર બનાવેલી શકિતની દવા આ દવા જઠરાગ્નિ સુધારી પાચનશક્તિ વધારે છે અને શરીરને અખુટ કૌવત આપે છે (એ ખાસ ધ્યાનમાં) રાખવુ કે વેજીટેબલ ટોનીક સીરપથી શરીરમા આવતી શકિત ઉત્તેજક અને ઉન્માદક દવાઓથી ટુક સમય માટે જણાતી કૃત્રીમ શકિત જેવી નથી પણ કાયમની કુદરતી શકિત છે)

(૨) લીવરને પોતાનુ કામ બજાવવાને નિયમીત બનાવી શરીરને નિરોગી બનાવે છે

(૩) અજીર્ણની વ્યાધીનો નાશ કરે છે, અને અન્ન માર્ગને તાકાત આપે છે

નોટ—ગર્ભવતી તેમજ સુવાવડી સ્ત્રીઓને પણ આ દવા આપી શકાય છે, તેથી સુવારોગ લાગુ થઇ શકતો નથી, અગર લાગુ થયો હોય તો મટી જાય છે કિંમત દર બાટલીના રૂા ૧—૨—૦

ગ્લીસેરો ફોસ્ફેટ કમ્પાઉન્ડ સીરપ—(જ્ઞાનતન્તુને શકિત આપનારી અમુલ્ય દવા) માણસના જ્ઞાન-તન્તુઓમા અને મગજમા મુખ્ય પદાર્થ તરીકે ગ્લીસેરો ફોસ્ફેટના તત્વો રહેલા હોય છે, અને જ્યારે તેનુ પ્રમાણ ઘટી જાય છે, ત્યારે સાધારણ આરોગ્યતા અને શક્તિ જતી રહે છે અને અશકિતને લઈ જુદા જુદા સખ્યાબંધ દરદો ઉત્પન થાય છે તેથી શરીરને કુદરતી રીતે માફક આવે તેવા તત્વોમાથી બનાવેલી આ નિર્દોષ દવાનો ઉપયોગ કરવાથી પડેલી ખોટ પુરી પડે છે, ને શકિત આપનારા તત્વોની વૃદ્ધિ થાય છે જેઓને મગજનો કે અગબળનો ઘસારો વિશેષ જણાતો હોય તેમણે અચુક આ દવા વાપરવી કીંમત દર બાટલીના રૂા. ૧—૬—૦ (મોટી સાઇઝ.)
" ૦-૧૪—૦ (નાની સાઇઝ)

બીજી બનાવટો માટે કેટલોગ મંગાવો.

મળવાનું ઠેકાણું—**ધી એલેમ્બીક કેમીકલ વર્કસ કું. લી.**

પ્રીન્સેસ સ્ટ્રીટ—મુંબઇ.

રૉયલ ટૉનીક પીલ્સ.

તાકાત આપનારી શુદ્ધ વનસ્પતીની ગોળીઓ.

આ ગોળીઓ દરેક પ્રકારની નબળાઇ દુર કરી પુરૂષાતન આપે છે. સ્વપ્નામાં કે પીશાબમાં જતી ધાતુ બંધ કરી વીર્યવીકારના ગુપ્ત દરદો મટાડી પાચનશકિત વધારી તાકાત આપે છે.
કેળવણી લેતા વીધાર્થીઓનાં મગજને પુષ્ટી આપી તેમની ઓછી થએલી યાદદાસ્ત શકતીને પુરજોશમાં ખિલતી રાખે છે.

કેશર, કસ્તુરી, અંબર વીગેરે દેશી વનસ્પતીની બનેલી "રોયલ ટૉનીક પીલ્સ" લોહી વધારી અવયવોને તાકાત આપે છે. ભુખ વધારી શરીરનું પોષણ કરે છે એટલુંજ નહીં પણ ફેકત ત્રણ દીવસમા પોતાની અદભુત શકિત આબેહુબ બતાવે છે. સ્ત્રીઓના અનિયમીત રૂતુશ્રાવને અટકાવી ગર્ભસ્થાનને સુધારી તંદુરસ્તી બક્ષે છે.

રજીસ્ટર નંબર ૧૮૦ તપાસી લેજો. નકલી માલથી ખુબ સાવચેત રહેજો.
કીંમત ૩૦ ગોળીની રૂ. ૧-૪-૦

ગોવીંદજી દામોદરની કું૦
જથાબંધ તથા છુટક દવાઓ વેચનારા,
૧-૬ નં. ૩ સુતાર ચાલ, મારકેટ, મુંબઇ નં. ૨.

हिगोराईन

અથવા

સીરપ ઓફ કમ્પાઉન્ડ ગ્લીસરોફોસ્ફેટ્સ.

મગજ, જ્ઞાનતંતુ અને શારીરીક નબળાઇ, પગની અથવા આંખની બળતરા તેમજ બીજા કોઇ પ્રકારની કમ તાકાતની દરદો-તથા યાદશકિત ઓછી થવાથી તથા મોટી પીસાબ, ઘડપણની નબળાઈ, જડમુળથી દુર કરવામા હીગોરાઇન ઘણીજ કીંમતી દવા છે તેમજ માણસો તુરત મજબુત બને છે અને વજનમા પણ વધે છે

૧ બાટલીની કીંમત રૂ ૧) ૮ ખ. ૫ આના.

ધી હારબીજર વર્કસ -
મેન્યુફેકચરીંગ કેમીસ્ટસ
મુંબઇ નં. ૭

એ શિવાય બીજા ઓષધો-જેવાં કે ફીવરસ્પેસીફીક અથવા તાવ વગેરે અસલ ફ્રોઝન વોટર લેવેન્ડર, દુધ પાઉડર ફ્રુટપાઉડીસ વગેરે બીજા પદાર્થ અમારા કારખાનામા તૈયાર મળે છે માહીતી સાથ ફેરીસ્ત મંગાવો

INDIA HER RESOURCES AND HER ECONOMICS.

હિંદની આર્થિક સ્થિતિ.

(માસિક માટે ખાસ લખનાર—શ્રી જે લ દ બારભાયા.)

જ્ઞાતિ અને વર્ણ. પ્રાચિન કાળમાં દરેક કુટુંબમાં જ્યારે જુદા જુદા વર્ણના લોકો મળી આવતા કે જેમ હાલમાં દરેક જ્ઞાતિમાં જૂદા જૂદા વર્ણના લોકો મળી આવે છે. એટલે બ્રાહ્મણ જાતિમાં જો કોઇ રસોઇ કરવાનુ કાર્ય કરે તો જેમ પતિત થતો નથી, તેમ વૈષ્યમાં જો કોઇ ખાટકીની દુકાને મહેતાગીરી કરે તો વાંધો આવતો નથી આથી હરિફાઇ અનહદ વધી જાય છે, અને લોકોને પોતાની સ્થિતિ સુધારવા માટે જોઇએ એટલો અવકાશ મળતો નથી. વળી અસ્પર્ષ જાતિમાં કોઇ અક્કલવંત અને કારીગર ઉત્પન્ન થાય તો તેને ઉંચી પંક્તિએ ચઢવાનો રસ્તો મળતો નથી. અંગ્રેજી સમ્રાજ્યના ઉદયે અને અંગ્રેજી કેળવણીના સંસ્કારે આ વિચારો નષ્ટ પામતા જાય છે. પણ તે ભૂંસાઇ જવા પામ્યા નથી. એક 'અ' ધારાસભાના સભ્ય છે અને તેઓ પોતાને ઉંચી પંક્તિના માને છે. એક બીજા 'ચ' પણ ધારાસભાના સભ્ય છે અને તે નીચી પંક્તિના લેખાય છે. જો 'અ' સુધારકમાં ખપતા હશે તો ગવર્નરની પાર્ટીમાં જઇ 'ચ' જોડે બેસીને ખાશે, પણ જો બીકણ હશે તો 'ચ' જોડે બેસીને ખાશે નહિં. એટલુંજ નહિ, પણ ઘુવડ જેવું મોઢું કરી બીજાઓને ખાતા જોવાનો બાળકરૂપી ફારસ કરશે. સુધારક 'અ' 'ચ' ને જો પોતાને ઘેર લાવશે તો પોતે કાચના પ્યાલામાં પાણી પીશે; અને 'ચ' ને રૂપાનો પ્યાલો આપશે, કારણ કે ગૃહદેવી પાસે પોતાના સુધારાના વિચારો આકાશની દેવડી સમીપ ઉડી જશે હજુ સુધી જે દેશમાં આવા વિચારો પ્રવર્તે છે ત્યાં તે 'એબ્રાહામ લીન્કન' (કે જે મજુરનો પથરા ઉપાડનાર છોકરો હોઇ અમેરીકા ખંડનો પ્રમુખ થયો હતો); સર રીચર્ડ આર્ક રાઇટ (જે હજામ હોઈ મહાન શોધક અને વ્યાપારી થયો હતો), કે જ્યૉર્જ રૌમની (જે સુથારનો છોકરો હોવા છતાં ચીત્રકળા માટે પ્રખ્યાતિને પામ્યો હતો) જેવા નરો આ દેશમાં તે પેદા કેમ થાય? જે સમયે આવા વિચારો હિંદમાં પ્રવર્તતાં નહોતા ત્યારેજ તે શ્રેષ્ટતાને પામ્યું હતું. તેના ઉદાહરણ મહાભારત જે હિંદુસ્તાનનું મહાન વીરરસનું કાવ્ય છે, તેમાથી મળે છે. તેના પ્રખ્યાત કર્તા વ્યાસજી તે પરાશરના પુત્ર, ખલાસી જાતિની સ્ત્રીથી ઉત્પન્ન થયા હતા. તેના પિતા પરાશર ચાંડાલીના પુત્ર હતા. ઋષિ વસિષ્ટજી ગુણીકાના પુત્ર હતા. વિશ્વામિત્ર ક્ષત્રિયના પુત્ર હોવા છતા બ્રાહ્મણપદને પામ્યા હતા. આવા ઘણા દાખલાઓ પુરાણો ઉપરથી દ્રષ્યમાન થાય છે. એટલું બધું છતા સત્ય વસ્તુના અજ્ઞાનને લીધે અને લોકોમા જોઇએ એટલું નીતિધૈર્ય ન હોવાને અંગે જ્ઞાતિ રિવાજ ચાલુ છે, અને તે ઘણી રીતે આર્થિક સ્થિતિને હરકત કરનાર થઇ પડે છે.

જ્ઞાતિ રિવાજનો ગુણ. જ્ઞાતિ રિવાજનો એક ગુણ એ છે કે તેથી નબળા અને જે દુનિયાની ગણત્રીમા કોઇ પણ રીતે ન લેખાય એવા માણસો અન્ય સાથે પોસાઇ શકે છે. 'અ' એક ઊંચી પંક્તિમા આદર પામેલો માણસ હોય, અને તે 'અ' નો ભાણેજ 'ક' દલાલી કરનાર મામાની સાહ્યતાએ અક્કલ ન છતાં પાંચ પૈસા કમાતો હોય, અને તેવાની ગણત્રી જે ઊંચી પંક્તિમાં બીલકુલ ન થાય, તે જ્ઞાતિ રિવાજને લીધે 'અ' ભાઈના ભાણેજ તરીકે જ્ઞાતિમાં મોટો માણસ ગણાય

મુસારો ઠરાવનારાં મહાજનો—સર વિલીયમ હંટર હિંદી પ્રજાના ઇતિહાસમાં કહે છે:— "હિંદની જ્ઞાતો ખરૂં જોતા ઘણી ગુંચવણ "ભરેલી છે. કારણ કે તે વિષે અટકળ કરવી "એ પણ કઠણ છે. દરેક જ્ઞાતિના જૂદા

" નામો છે. અને તેઓ એકબીજાને નોખા " વર્ગો રૂપે લેખે છે. કોઈ ઠેકાણે ખાનપાનનો " વ્યવહાર હોય, તો પણ કન્યાવ્યવહાર નથી. " વ્યવસ્થાનાં નામ, જાતિ અને ધંધા એ ઉપ- " રથી જ્ઞાતિઓ ઉદ્ભવી છે.* ખરી રીતે " અસલ દરેક પ્રાંતમાં દરેક જુદા ધંધાર્થીઓએ " પોતાની જ્ઞાતિઓ બનાવી હતી જ્ઞાતિએ " ધંધાનું મહાજન છે. જ્ઞાતિ બંધારણથી " લોકના ઉદ્યમ ઉપર ઘણી મત્તા થાય છે. " જ્ઞાતિ એ વ્યાપારી મહાજન છે. તેઓ " પોતાના ધંધાના નિયમો ઠરાવે છે. મલમલ, " રેશમી કાપડ, લપ્પો, મીનાકારી હુથીઆરો " અને સુંદર જડાવ એટલા ધંધાઓ આગળ " જ્ઞાતિઓ દ્વારા ચાલ્યા હતા. મહાજન પોતાના " આસામીઓને માંહેમાંહે લઢતાં અને જ્યારે " પોતાને બીજા ધંધાવાળાઓ જોડે વાંધો ઉઠે " ત્યારે વઢતાં અટકાવે છે. દાખલા તરીકે " સન ૧૮૭૩ માં અમદાવાદમાં કેટલાક કડિયા " બેરોજગારી થયા. એ ધંધામાં સાધારણ " રોજ ઉપરાંત સવારમા વ્હેલા જઇ કામ " કરવા માટે સવાઇ મળતી હતી. હવે જે " આસામીઓને તેથી રોજી નહોતી મળતી તેની " ફરીઆદ ઉપરથી કડીઆના મહાજને મળી " ઠરાવ કીધો હતો કે 'હાલમા બધાને કામ " મળતું નથી માટે કોઇએ ગવાઇએ જવું નહિ' " તેજ શેહેરમાં ૧૮૭૨ માં કાપડિયા લોકે " સુતરાઉ કપડાં ઉપર આર દેનારાઓનો કર " ઓછો કરવા માંડયો, આથી આર દેનારા " મહાજને ઠરાવ કીધો હતો કે કોઇએ કામે " જવું નહિં. અંતે તેથી કાપડીયાઓને " પોતાનું મહાજન બોલાવવું પડયું. બે " મહાજનના મૂખીઓ મળ્યા [મોટાં રાજયના " એલચીઓ શું મળશે?] અને વાંધો

" પતાવ્યો. મહાજનનો ધારો કોઇથી તોડાય કેમ? કારણ જ્ઞાતિ પાસે પેલી સર્વોપમા જોગ સત્તા "જ્ઞાતિબાહાર." [આ પ્રમાણે એટલું તો સિદ્ધ થાય છે કે અસલનાં મહાજનો અર્થ-શાસ્ત્રના નિયમો સમજતા હશે કોઇ સાક્ષ-રશ્રી આ ઉપર અજવાળું પાડશે.]

જ્ઞાતિ બંધારણની થતી ખોટી અસર. આવી રીતનાં જ્ઞાતિ અથવા મહાજન બંધા-રણોને લીધે હાલના સમયમાં જ્યારે દરેક ધંધા-વાળાઓએ સાથે મળી પોતાના મંડળદ્વારા કાયદાનુસાર પોતાના લાભો સાચવવાના હોય છે. ત્યારે આવા જુનાં બંધારણની અસર એ થવા પામે છે કે, ચાલુ સ્થિતિને લાગુ પડતાં એવાં મંડળો ઊભાં થઇ શકતાં નથી. મુસ-લમાન કારીગરોમાં પણ જ્ઞાતિનાં જેવીજ પ્રથા છે. અને કારીગરો સાથે મળીને એ ઠરાવ કરે તે ચાલુ રખાવોજ જોઇએ. નહિં તો કે તોડનાર મહાજન બાહાર થાય.

પ્રકરણ ૮ મું.

Joint Family=સમાન કોટુંબી રચના.

કુટુંબ એજ સમાજ વ્યકિત. પ્રત્યેક વ્યકિતનું ભિન્ન ભિન્ન કુટુંબ નહિં, પણ આખા કુટુંબની જૂદી જૂદી વ્યકિતના સંગઠનથી બનેલું આખું કુટુંબ એજ હિંદમાં સમાજ કિંતુ જ્ઞાતિ વ્યક્તિ છે. અને તેથી આખું કુટુંબ, (ધણી, સ્ત્રી, છોકરાઓ, માતાપિતા, પુત્રો, પૌત્રો, ઉપરાંત અન્ય સગાંઓ) પાળવાની જોખમદારી એકાદ બે કમાનાર આસામીઓને શીર છે. પોતાની કમાણીનો વ્યય સરખે હિસ્સે કરવો પડે છે, અને તેથી જગીનદારીનો કાયદો પાશ્ચાત્ય દેશો કરતાં હિંદમાં ભિન્નતા પામે છે. બ્રિટીશ સામ્રાજ્યના ઉદય પછી 'હિંદુકાયદો' (Hindu Law) કરવામાં આવ્યો છે, તેમાં અમુક ફેરફાર કીધા છે પરંતુ અસલના સમયમાં મિલકત એ જેમ આખા કુટુંબની માલેકીની

---

* જાતિ ગુજરાતી ભાષા અને જૈન સાહિત્યમા જણાવવામા આવ્યુ છે કે જેઓ શ્રીમાળમા રહેતા અને સોની, સુથાર અને વાણીજ્ય કરતા તેઓ અનુક્રમે "શ્રીમાળી સોની, શ્રીમાળી સુથાર અને શ્રીમાળી વાણીયા" કહેવાયા આ રીતે જ્ઞાતિઓ જન્મ પામી છે

મેટેલીક શીલીંગની સારી ડીઝાઈન ગમશે કે?

વસ્તુ હતી. તેમજ તે અવિભાજ્ય હતી. (Mayne on Hindu Law pp. 293). હાલમાં જે સુધારો કરવામાં આવ્યો છે તેમાં મીલ્કતની વહેંચણી કુટુંબની વ્યક્તિઓ ઉપર નહિં પણ વ્યક્તિની કુટુંબમાં શી અગત્યતા છે તે ઉપર કરવામાં આવે છે. હિંદુકાયદાને અંગે જૂદા જૂદા દેશમાં જુદી જુદી જાતની નિશાળો પ્રવર્તે છે. અને તે નિશાળના કાયદાનુસાર ત્યાં અમલ કરવામા આવે છે. છતાં દાયભાગ નિશાળ બંગાળમાં ચાલુ છે, અને મિતાક્ષરી નિશાળ બીજા ભાગોમા છે. જો કે તેના પણ ભેદ છે અને તે નિચે મૂજબ છે —



આ પ્રમાણે દાયભાગ નિશાળાનુસાર નિચે મૂજબ વહેંચણી થવા પામે છે—

નમુનો ૧. લો



નમુનો ૨ જો.



S=Son, D=Daughter, પુ=પુત્ર દી-દિકરી

WAR AND TRADE.

GOVERNMENT NOTIFICATIONS.

ચાલુ લડાઇને પ્રસંગે વ્હેપાર સંબંધી બહાર પડેલાં વધુ સરકારી જાહેરનામાં.

મુંબાઇના કલેક્ટર ઑફ કસ્ટમ્સ, મી. આર. એફ. એલ. વ્હીટી, આઇ. સી. એસ. તરફથી હમને, યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા ખાતે કાચાં ચામડાંના કનસાઇનીનાં લીસ્ટમાં વધારો કરવાનું લીસ્ટ મળ્યું છે, જે આ ચેમ્બરની ઑફીસમાં રાખવામાં આવ્યું છે.

(૨૭-૮-૧૯૧૭).

ના. મુંબાઇ સરકારના અન્ડર સેક્રેટરી મી. એ. એફ. એલ. બ્રેયન, આઇ. સી. એસ. તરફથી હમને, યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં કરાંટ (currant) અને ગુઝબેરી (gooseberry) ના પ્લૅન્ટ એશિયામાંથી આયાત કરવાની બંધી કરનારા ઠરાવની એક કૉપી મળી છે.

(૧૩-૮-૧૯૧૭)

ચીનમાં આયાત તથા નિકાશ કરી શકાય તેવી પેઢીઓનાં નામમાં સુધારો કરનારૂં લીસ્ટ હમને ના. હિન્દિ સરકારના અન્ડર સેક્રેટરી મી. જી. એસ. હાર્ડી, આઇ. સી. એસ., તરફથી મળ્યું છે.

(૧૩-૮-૧૯૧૭)

ના. હિન્દિ સરકારના અન્ડર સેક્રેટરી મી. જી. એસ. હાર્ડી, આઇ. સી. એસ. તરફથી એક પત્રદ્વારા જણાવવામાં આવ્યું છે કે પ્રમાકીય અગત્યની ચીજોના લીસ્ટમાં દર માસે ૧૫૦૦ ટન રૂનો નિકાશ ઇટાલીયન ગવર્નમેન્ટને માટે મોકલવાનું દાખલ કરવામાં આવ્યું છે.

(૨૮-૮-૧૯૧૭)

ના. હિન્દિ સરકારના અન્ડર સેક્રેટરી મી. જી. એસ. હાર્ડી આઇ. સી. એસ. તરફથી એક પત્ર અને સીયામમાં આયાત તથા નિકાશ થઇ શકે તેવા વ્હેપારીઓના લીસ્ટમાં વધારાનું લીસ્ટ મળ્યાં છે.

(તા. ૧-૯-૧૯૧૭)

વધારાનું નામઃ—

રેનૉંગ ટીન ડ્રેજીંગ કમ્પની, સીયામ.

મુંબાઇના કલેક્ટર ઑફ કસ્ટમ્સ, આર. એફ. એલ. વ્હીટી, એસકવાયર, આઇ. સી. એસ. તરફથી સેક્રેટરી ઑફ સ્ટેટના એક તારની નકલ મળી છેઃ—

(તા. ૫-૯-૧૯૧૭)

તારમાં જણાવવામાં આવ્યું છે કે લાકડાં કાપવાને લગતું સાંચાકામ તથા ૧/૨ હૉર્સ પાવર સુધીના મોટરોની યુનાઇટેડ કીંગડમમાં આયાત બન્ધ કરવામાં આવી છે.

મુંબાઇના કલેક્ટર ઑફ કસ્ટમ્સ, આર. એફ. એલ. વ્હીટી, આઇ. સી. એસ. તરફથી, બ્રિટિશ હિન્દુસ્થાનમાંથી નિકાશની જે વસ્તુઓ ઉપર અંકુશ મૂકવામાં આવ્યો છે અને જે વસ્તુઓની અટકાયત કરવામાં આવી છે તે વસ્તુઓની નિકાશને માટેની રજા મેળવવાની અરજી કરવાના સવાઇ વિશે જે નોટીસ કઢાડવામાં આવેલી છે ત્હેની એક નકલ ચેમ્બરની ઑફીસમાં મોકલાવી છે.

(તા. ૨૯-૮-૧૯૧૭)

ધી બોમ્બે ટાઇમ્સ માર્ટ ૨૧ બેંક ઓટ, ફોર્ટ મુંબઇ.

ના મુંબાઇ સરકારના અન્ડર સેક્રેટરી મી એ. એફ. એલ. બ્રઇન, આઇ. સી એસ. તરફથી હમને, યુનાઇટેડ કીંગડમમાંથી નિકાશને માટે મૂકાયેલા અંકુશના લીસ્ટમાં સૂધારા વધારાનું લીસ્ટ મળ્યું છે. (૬-૯-૧૯૧૭)

પ્રાયોરીટી કમીટીના પ્રમૂખ તરફથી નીચલા પત્રની એક નકલ હમને મળી છે:—

(૨૧-૮-૧૯૧૭)

હિન્દિ દારૂગોળાના ખાતાંના સેક્રેટરી તરફથી, મુંબાઇના પ્રાયોરીટી કમીટીના પ્રમૂખને મળેલા તા. ૧૩ મી ઑગષ્ટ, ૧૯૧૭ ના પત્રની નકલ:—

પ્રાયોરીટીની મદદને માટે 'પીકર્સ' ની આયાતના સમ્બન્ધમાની અરજીઓ એવી ભલામણ સાથે પાછી વાળવામાં આવેલી છે કે અરજી કરનારાઓએ અમદાવાદમાંથી કે મદ્રાસમા પલવરમ ક્રોમ લેધર કંપની પાસેથી દેશી બનાવટના 'પીકર્સ' મેળવવા. કદાચ એમ બને કે અહિંની બનાવટના 'પીકર્સ' પૂરતાં નહિં થઇ પડે અને જો નીચે લખ્યા પ્રમાણે અહિં બનાવવામાં નહિં આવે તો પ્રાયોરીટીની મદદ કેટલેક અંશે 'પીકર્સ' આયાત કરવામાં આપવી પડશે. હમણા બંગાલામા જ્યુટ મીલોને માટે પીકર્સ પૂરાં પાડવાનો સવાલ ચર્ચાય છે અને બોર્ડને એમ ખબર આપવામા આવી છે કે હમણા એક પેઢી પીકર્સ બનાવે છે જે જ્યુટ મીલોની હાજત બરાબર પૂરી પાડી શકે છે. આયાત થતા માલને બદલે દેશમાં બનાવેલો માલ વાપરવાની આવી જરૂર જોતાં જો હ્મારી કમીટી સ્થાનિક વ્હેપારીઓને આ સવાલની અગત્યતા સ્હમજાવશે અને તેથી પરિણામે જો જેમ બીજા ઇલાકામા બન્યું છે તેમ અહિં પણ દુરસ્તહમન્દ રીતે પીકર્સ બનાવવામાં આવશે તો બોર્ડ ખૂશી થશે. આ દેશ કાચો માલ બધોજ ઉત્પન્ન કરે છે અને ફકત સાહસ અને પ્રયોગજ આ અગત્યના ઉદ્યોગને ખીલવવાને જરૂરનાં છે. બંગાળ વિભાગના દારૂગોળાના કન્ટ્રોલર કલકત્તાના પ્રયોગની માહીતિ તેમજ બીજી રીતે જો કાંઇ મદદ જોઇતી હશે તો તે આપવાને ખુશી થશે.

ના. હિન્દિ સરકારના અન્ડર સેક્રેટરી મી. જી. એસ. હાર્ડી, આઇ. સી. એસ. તરફથી હમને, ચીનમાં આયાત તથા નિકાશ થઇ શકે તેવી પેઢીઓના નામના સૂધારા વધારાનુ લીસ્ટ મળ્યું છે. (૧-૯-૧૯૧૭.)

મુંબાઇના કલેકટર ઑફ કસ્ટમ્સ મી. આર. એફ. એલ. વ્હીટી, આઇ. સી એસ. તરફથી હમને, ના. હિન્દિ સરકારના યુનાઇટેડ કીંગડમમા આયાત થવા દેવાની બંધી થયેલા માલ સમ્બન્ધી એક તારની એક નકલ મળી છે.

તારની નકલ:—

૨૯ મી ઑગષ્ટને દિવસે બ્હાર પડેલ જાહેરનામા મૂજબ લાઈસન્સ સીવાય યુનાઇટેડ કીંગડમમાં બેકન, માખણ, હૅમ અને લાર્ડની આયાત બંધ કરવામાં આવી છે.

(૧૪-૯-૧૯૧૭.)

મુંબાઇના કલેકટર ઑફ કસ્ટમ્સ મી. આર. એફ. એમ. વ્હીટી, આઇ. સી. એસ. હમને લખી જણાવે છે કે ના. સરકારના હુકમ પ્રમાણે હવેથી યુનાઇટેડ કીંગડમમાં કોફી આયાત કરવામાં બોર્ડ ઓફ ટ્રેડના લાઇસન્સની જરૂર નથી; ફકત મદ્રાસ ગવર્નમેન્ટ, માઇસોરના રેસીડન્ટ કે કુર્ગના ચીફ કમીશનરના સરટીફીકેટનીજ જરૂર પડશે. (૧૩-૯-૧૯૧૭)

તહેવારને માટે ટોપી કયાંથી લેશો?

એકજ ભાવવાળી જુની
અને જાણીતી

મહાલે એન્ડ કંપની, મારવાડી બજાર મુંબઇ.

વીલાયતી
કીસ્તી મોકરની જાણીતી
થયલી હાથી છાપની હંગેરીઅન
બેંગલોર, સાઇકલ, મીરઝાપુર, વીગેરે
તથા બચ્ચાના ફેન્સી ડરેસો તેમજ સાચી જરીની તથા
નવી તરાહની ઇદ્ર કેપ તથા વીકટોરીયા કેપ, સાદી ટોપીઓનો
જનાવર જથ્થો હમારે ત્યાં હરહમેશ તઈઆર છે તે જોઈ
જવાને ચુકશો નહી

બહારગામના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે

હીસ્ટિરિયા-વાયુ મુકતા—

કીં. રૂ. ૪-૧૦-૦ પો. જુદું.

મૃગી-ફેફરૂં કે વાઇથી આકડી, તાણ, એચ કે ઠાકણી આવતા બેશુદ્ધિ, હાતખીલી શ્વાસ
રૂંધાવો, થંડાગાર બનવુ, ફીણુના ફીસોટા, પેટના દુખાવા ઇ૦ નવા કે જુના દર્દ માટે રામબાણ, છે
વળી ચિતભ્રમ-ઉન્માદ કે ઘેલછાને લીધે, રડવુ, કુદવુ, ધુણવુ, નાસવુ, બકવુ, મૌન્યતા,
વિચિત્ર જોવુ, પ્રેતાદિચેષ્ટા વગેરે લક્ષણો ઉપર તેજદાર વસ્તુ છે.
ઉપયોગ કરેથી ખાત્રી. દવા મહિનાભરની-વનસ્પતિની-ગિરફાય પત્રે જવાબ. વ્યાયામ
કળાશાસ્ત્ર-શરીર કેળવવા ૩૫૦ કદનું રૂ. ૨, પો.)=-દેશીનામું-નામું શિખવાનુ ગવર્નમેન્ટ
ટેક્સ બુક કી ૦)॥. પો-)
છગનલાલ લલ્લુભાઈ શાહ દેશીનામાવાળા. સંશોધક હીસ્ટિરિયા-નિજાપુર-ગુજરાત.

નવાં પુસ્તકો.

હુન્નર માલીકા—ભાગ ૧ લો-હેર ઓઇલ, લવંડર, ઓટોબન્ધ, કોકોનટપોમેડ, લાઇમજ્યુસ, બામ,
દાતણ મંજન, એમ્યુમીક્ષચર, દુધ પાવડર, રોઝ સીરપ, ઈન્ક, બુટ પોલીસ, વીગેરે "અનુભવિક હુન્નરની
ગેરન્ટીવાળી બુક કીમત ૭ આના

હુનર માલીકા—ભાગ ૨ જો-પરફ્યુમ ફુલસાઇન, રોઝ ઓઈલ, ગ્લીસરાઈન લાઈમજ્યુસ, લેમન
સીરપ બાલામૃત, સ્પીરીટ કેમ્ફર વીગેરે અનુભવિક હુન્નરની ગેરેન્ટીવાળી બુક કી૦ ૭ આના

હુન્નર-કળા-દર્પણ—ભાગ ૧-૨-૩-૪-સુગંધી તેલો, અતરો, પેનકીલર, રંગો, વેફર કલરો, બાલ
હાડનાના પાવડર-તેલ સાબુ હેરડાઇ, ખીજાઓ, સ્વદેશી સ્લેટો, ગુલાબ જળ, ડીવ વોટર, વારનીસ, બાર
સોપ, સુગંધી અરકો અને એસેન્સો વીગેરે હુન્નરની બુકો કી૦ રૂ૦ ૧)

સ્વતંત્ર હુન્નર સંગ્રહ—છેલ્લામા છેલ્લી શોધનના અનુભવિક હુન્નરની બુક [illegible] દેશી
વેપારી ચેમ્બર તથા બીજા નામાંકીત આસામીઓના ઉત્તમ અભીપ્રાય મળ્યા છે કી૦ રૂ૦ [illegible]

હુન્નર સાગર—[illegible] કી૦ રૂ ૧ હુન્નર સંગ્રો
કી રૂ [illegible] હુન્નર માલીકા ૩ જો ભાગ (છપાય છે) કી૦ ૭ આના.

"શ્રી ગોપાળની"—રેલ્વે છાપ અગરબતી (૨૫ અગરબતીના ૧૫ા કીંમતો આનો એકથી રૂ ૧)
સુધીની મળશે.

મુંબઇના પ્રદર્શનમાં સોનાનો ચાંદ મેળવનારા ઝવેરીઓ

અમોને અમારા સોનાના દાગીનાના સુંદર અને વીલાયતી જેવા સફાઇદાર કામ માટે છેલ્લાં પ્રદર્શનમાં સોનાનો ચાંદ આપવામાં આવ્યો છે.



મોહનલાલ
એન્ડ
કમ્પની ઝવેરીઓ.

દરેક જાતના સોના, ચાંદી, અને ઝવેરાતના Up-to dete દાગીના ગંજાવર જથ્થામાં તૈયાર મળશે.

ટેલીફોન ન. ૧૭૯૫ ' ૧૯૭,–૨૦૧' શેકમેમન સ્ટ્રીટ—મુંબઇ.

નવું ગુજરાતી પુસ્તક.

બહાર પડયું છે.

જેને માટે "સાહિત્ય," "ધી મૉડર્ન રીવ્યુ"
"દેશી જહુપારી ચેરઅરનું માસિક વિગેરે માસિકોએ સારા સારા અભિપ્રાય આપેલા છે —

મેટરલિંકના નિબન્ધો.

અનુક્રમણિકા:—૧. પ્રસ્તાવના. ૨. મેટરલિંકનું જીવન. ૩. મૌન.
૪. પૂર્વજીવન. ૫. સ્ત્રીઓ વિષે.

(આ પુસ્તક માટે ગુજરાત વર્નાક્યુલર સભા તરફથી રૂા. ૨૫૦ નું ઇનામ લેખકને મળ્યું છે)

કિંમત ૦–૬–૦ વી પી. સાથે. ૦–૮–૦

લખો:—ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા એલ્. ઇ. ઇ.

દુબાશાનો બંગલો:–સાન્તાક્રુઝ.

COMMERCIAL NOTES.

વેપારી ખબરો.

STATE AID FOR COMMERCE.

વ્હેપારને સરકારી મદદ.

ફૉરીન ઑફીસ તરફથી અગત્યનું પગલું.

ફૉરીન ઑફીસના ફૉરીન ટ્રેડ ડીપાર્ટમેન્ટ તરફથી, ઇંગ્લન્ડના વ્હેપારીઓને જૂદા જૂદા કોન્સ્યુલર દેશોમાં શી શી વસ્તુઓની ખપત છે, ત્યહાં કયી કયી વ્હેપારી પેઢીઓ છે વિગેરે બાતમી પૂરી પાડવાને તેમજ દરેક કૉન્સલને ઇંગ્લન્ડના વ્હેપારીઓને કયી કયી જાતની ખબર જોઇએ છીએ તે વિશે જણાવવાને એક નવી યોજના રજુ કરવામાં આવી છે. આ યોજના જેટલી સાદી છે તેટલીજ વ્યવહારમાં ઉપયોગી થઇ પડે તેવી છે. ઇંગ્લન્ડમા વ્હેપારને લીધે પરદેશોના બજારમાંના ગ્રાહકોની ઉથલપાથલની અસર ભોગવવી પડી ત્હેને લઇને ફૉરીન ટ્રેડ ડીપાર્ટમેન્ટ તરફથી આ યોજના બ્હાર પાડી છે.

આ યોજનાની અસર સ્થાયી થશે ત્હેમાં કશો શક નથી. પરન્તુ આ જાતની ખબર જેટલી ઇંગ્લન્ડના વ્હેપારીઓને ઉપયોગી થઇ પડે તેટલીજ પરદેશી પેઢીઓને પણ થઇ શકે એ સ્હમજાય તેવી વાત છે, તેથી કરીને ફૉરીન ટ્રેડ ડીપાર્ટમેન્ટે એવી જાતનાં પગલાં લીધા છે કે ઇંગ્લન્ડની પેઢીઓને આ જાતની ખબર જેમ બને તેમ સરળતાથી મળી શકે અને પરદેશી પેઢીઓને બને ત્યહાં સૂધી આ ખબર નહિં મળી શકે. હમણાં સૂધી તો એમ કરવામાં આવતું કે સરકારી લીસ્ટમા જેનું નામ હોય તેજ પેઢીને આ જાતની ખબર પૂરી પાડવામાં આવતી અથવા તો જૂદા જૂદા ચેમ્બર ઑફ કૉમર્સ મારફતે જૂદી જૂદી પેઢીઓને આ ખબર પહોચાડવામા આવતી. પરન્તુ આમ કરવાથી જે પેઢીઓ સરકારી લીસ્ટ ઉપર હોય નહિં ત્હેમને માણસોની આવી તંગીના સમયમાં બહુ પંચાતી પડતી તેથી કરીને ડીપાર્ટમેન્ટે એમ કરવાનું શરૂ કર્યું છે કે જૂદા જૂદા ચેમ્બરો મારફતેજ આ ખબરો જલ્દીથી આવી વ્હેપારી પેઢીઓને પહોંચાડવી, અને તેમ કરવા માટે એસોસીએશન ઑફ ચેમ્બર્સ ઑફ કૉમર્સ તથા ફેડરેશન ઑફ બ્રિટિશ ઇન્ડસ્ટ્રીઝની મદદ લેવા માંડી છે.

જુદી જુદી પેઢીઓને પહોંચાડવામાં આવતી ખબર.

દરેક ચેમ્બરને એવી જુમ્મેદારી આપવામા આવી છે કે ત્હેમણે જાતે, જે પેઢી બ્રિટિશ હોય અને બ્રિટિશ માલનોજ વ્હેપાર કરતી હોય, ચેમ્બરની સભાસદ હોય અને ડીપાર્ટમેન્ટે ત્હેનું નામ પસન્દ કર્યું હોય ત્હેમને આ ખબર ત્વરાથી પહોંચાડવી; અને જે પેઢી બીજી કોઇ પણ પેઢીને આ બાતમીઓ આપે તે પેઢીને આવી ખબર આપવી એકદમ બન્ધ કરી દેવી. જો કોઇ ચેમ્બર આ પ્રમાણે ખબર પહોચાડવાને અશક્તિવાન હોય (લ્હડાઇને લીધે કાગળની તંગીને લીધે કે બીજાં કોઇ કારણોને લીધે) તો ડીપાર્ટમેન્ટે પોતે આ ખબર પહોચાડવી. આ જાતની યોજનાનો ઉદ્દેશ એટલોજ કે ચેમ્બરને આ જાતની ખબર પહોચાડવાને જોઇતાં સાધનો તૈયાર કરવાનો વખત મળે તે દરમ્યાન જે પેઢીની ઇચ્છા હોય તે પેઢી ચેમ્બરની ઑફીસમાં જઈને આ ખબર મેળવી શકશે.

આમ કરવાથી, જે પેઢીને આ જાતની સરકારી મદદ મેળવવાની ઇચ્છા હશે ત્હેને ચેમ્બરના સભાસદ થવાની જરૂર પડશે અને એથી ચેમ્બરની અગત્યતામાં અને મોભામાં વધારો થશે, તેમજ સરકાર બ્રિટિશ માલના વેચનારાઓનેજ ઉત્તેજન આપે એ સિદ્ધાન્તને ટેકો મળશે.

ખબર મેળવવાની યોજના.

આ ખબરો મેળવવાની યોજના બહુ સાદી છે. દરેક વર્ષે એક દળદાર કોન્સ્યુલર રીપોર્ટને બદલે અમૂક જાતનું એક ફૉર્મ દરેક કોન્સલની આફીસને આપવામાં આવ્યું છે તે ફૉર્મ દર ત્રણ મહિને ત્હેમણે ભરીને ડીપાર્ટમેન્ટમાં મોકલાવી આપવું એવી ગોઠવણ કરવામાં આવી છે.

આ ફૉમ જેને C ફૉર્મ કહે છે ત્હેમાં દરેક કૉન્સલ પોતાના ડીસ્ટ્રીક્ટની વજન, તોલ અને માપ તેમજ કરન્સીની માહિતિ આપે છે તેમજ જૂદા જૂદા માલને માટે એક મુખ્ય શહેર કયું છે તે, માલ પૂરો પાડનાર મુખ્ય બન્દર, વસ્તી, આયાત નિકાશની કિમત, યુનાઇટેડ કિંગડમ સાથેની આયાત નિકાશ, બીજા મુખ્ય ચાર હરીફ દેશોમાંની છેલ્લા ત્રણ મહિનાની આયાત વગેરેની માહીતિ પણ આપવામાં આવે છે. આ જાતના C ફૉર્મ એક બીજું K ફૉર્મ જે દરેક કૉન્સલને ભરી મોકલવાનું હોય છે ત્હેના મદદગારરૂપ થઈ પડે છે.

આ K ફૉર્મ બે વિભાગમાં વ્હેંચાયલું હોય છે પહેલા વિભાગમાં કૉન્સલે પસન્દ કરેલી અને જેમને યુનાઇટેડ કીંગડમની સાથે વ્હેપાર કરવાની ઇચ્છા હોય તે પેઢીઓનાં નામ આપવામાં આવે છે અને બીજા વિભાગમાં મુખ્ય હરીફ પેઢીઓ કે જેમના નામ પસન્દગી પામ્યાં નથી હોતાં ત્હેમના નામ આવે છે. આ દરેક ફૉર્મમાં એકેક પ્રશ્નોત્તરાવલી રાખી હોય છે. આ પ્રશ્નોત્તરાવલી ફૉર્મમાં છાપેલી હોતી નથી, પણ દરેક કૉન્સલને આપવામાં આવી હોય છે અને ડીપાર્ટમેન્ટની ઑફીસમાં પણ રાખે છે. આથી કરીને કૉન્સલે લખેલા ઉત્તરો જે વ્યક્તિની પાસે આ પ્રશ્નાવલી નહિ હોય ત્હેમનાથી બિલકુલ સમજાય તેવા નથી અને પરિણામે ત્હેમને નિરૂપયોગી છે.

આ પ્રશ્નો બધા ટુંકા અને વ્યવહારૂ હોય છે. પેઢીઓમાં ભાગીયાઓ કયી કયી પ્રજાના છે, ત્હેમના બેંકરો કોણ કોણ છે, યુરોપના રેફરેન્સ શાં શાં છે, વ્હેપારની જાત, કયો માલ જોઇએ છીએ, કેવી રીતે તે માલ મોકલી શકાય, કયાં કયાં બન્દરોથી મોકલી શકાય, પેઢીઓ આયાત પોતાને જોખમે જ કરે છે કે કમીશન ઉપર કરે છે કે કન્સાઇનમેન્ટથી કરે છે, કયી કયી સ્ટેટયુટરી લીસ્ટમાંની પેઢીઓની જગ્યા તે લઇ શકે તેમ છે, વ્હેપારને માટેની ત્હેમની ટર્મ્સ કૅશ છે કે ઉધાર છે કે ડીસકાઉન્ટથી છે, તે પેઢી નિકાશ કરવાની ઇચ્છા રાખે છે કે નહિં, અને કયી ભાષામાં પત્રવ્યવહાર ચલાવી શકાય તેમ છે વિગેરે માહીતિ તે ફૉર્મમાં પૂછવામા આવી હોય છે. આ જાતના જૂદા જૂદા પ્રશ્નો અન્દર મૂકેલા છે. વખત વીતે આ પ્રશ્નોમા વધારો સૂધારો કે ઘટાડો કરવો ઇચ્છવા યોગ્ય લાગે પણ હમણાંની જરૂરીયાત જોતાં આ પ્રશ્નો બરાબર યોગ્ય છે એમ કહેવામાં કાંઇ અજૂકતું નથી.

વ્હેપારીઓને સવડ.

જે પેઢીઓ બારોબાર વ્હેપાર કરવા નહિં ઇચ્છતી હોય પણ કોઇ ત્યાંની બ્રિટિશ પેઢીઓ સાથેજ વ્હેપાર કરવા માગતી હોય તો ત્યાં ખબર આપવામાં આવે છે અને કૉન્સલોને એમ સૂચના કરવામાં આવે છે કે જૂદા જૂદા ચેમ્બરોની સહાય આ બાબતમા લેવી. આવા કોઇ ચેમ્બરો તે જગ્યાએ નહિ હોય તો જે પેઢી આ કામ કરવા રાજી હોય તે પેઢીની મદદ કૉન્સલે લેવી

અલબત, આ બધામાં મૂળ એક વાત જરૂરની છે. જો કૉન્સલ આ બધી ખબર બરાબર ચોકસાઇ કરીને આપે તો તો આ ખબરોની અગત્યતામાં કશો સન્દેહ નથી. પણ આ પ્રમાણે કૉન્સલો કરશે કે કેમ તે એક પ્રશ્ન છે. જે કાર્ય હેમને સોંપવામાં આવ્યું છે તે બહુ વિકટ છે અને કોઇ કોઇ ઠેકાણે તો કૉન્સલોને બીજાં માણસો પણ આપવાં પડશે. પરંતુ જો ફૉરીન ઑફીસ વ્હેપારી વર્ગની માફક કૉન્સલોમાં પણ હોંશિયારી, ખંત, ઉદ્યોગ વિગેરે ગુણો જોવા માંડશે અને એનો યોગ્ય બદલો આપશે તો સર્વ દિશામા સુધારો થશે.

જેઓ બ્રિટિશ કૉન્સલોને પીછાણે છે તેઓ એમ કહે છે કે તેઓ ખંતથી કાર્ય કરવાને તત્પર હોય છે, પણ હેમને શાં કાર્યો કરવાં એ વિશે કાઇ ખાસ સુચનાઓ આજ સુધી આપવામાં આવતી ન હતી. ગમે તેમ હો, પણ આ યોજના ઘડનારાઓને પોતાના કૉન્સલોની શક્તિ ઉપર વિશ્વાસ છે અને તે પણ ન્હાનીસૂની વાત નથી.

આ નવી યોજનાને બ્રિટિશ વ્હેપારી વર્ગ કેવી રીતે સ્વીકારે છે તે પણ જોવાનું છે. પણ એક રીતે જોઇએ તો બીજા દેશોને કયી કયી વસ્તુઓની જરૂરીયાત છે તે જાણ્યાથી બ્રિટિશ વ્હેપારીઓને ફાયદોજ છે અને તેથી કેટલીક મુખ્ય વ્હેપારી પેઢીઓએ તો જણાવેલું છે કે હમે આ યોજનાની ફત્તેહમાં હમારા સ્વાર્થને લઇને કાંઇ વિઘ્ન નાખશુ નહિં.

જૂદા જૂદા વ્હેપારી ચેમ્બરોને આ બહુજ સારી તક વ્હેપારના ઉત્કર્ષને માટે સરકાર સાથે મળીને કામ કરવાની છે અને જો આ તક એઓ ગૂમાવશે તો મુર્ખાઇજ કહેવાશે. ચેમ્બરોને આથી ઘણીજ અગત્યતા મળી ચૂકી છે.

MORGAN'S SELLING SERVICE

ADVERTISING-SALESMANSHIP-MERCHANDISING

7 Walter Street, Boston, Mass.

AGENTS-DISTRIBUTERS-BROKERS

IMPORTERS AND EXPORTERS OF MATERIALS FOR INDUSTRIAL PURPOSES

May, 19th 1917

INDIAN MERCHANT'S CHAMBER & BUREAU.

Bombay, India.

GENTLEMEN:

You are, of course, aware of the fact that the idea that is uppermost in the minds of the business men of the world today, is the interchange of raw and also manufactured materials In order to accomplish this exchange in an efficient manner we ask the liberty of saying that it is absolutely necessary for a third party to be concerned—

AN AGENT, DISTRIBUTOR, OR BROKER.

We respectfully offer your business men, (through you) our well equipped and high grade selling and buying service. Your merchants will get the knowledge of experts on all raw materials for industrial purposes.

There is a demand at this time
for Cattle and Buffalo Hides,
Goat, Sheep, Rabbit and Hare Skins,
Heavy chemicals, Glue Stock,
Varnish Gums, Glue,
Wood oils, Starch,
Dye stuffs, Paint Pigments
Pig Bristles.

Our previous experience in handling foreign merchandise leads

us to say that shipments consigned to us are frequently sold to our customers while the materials are in transit. This means that the expense of storage is eliminated and that we are thereby enabled to make prompt settlement.

Some of the members of your chamber of commerce and others have difficulty in buying American goods, and the cause may be that they are not getting individual attention. We want to serve only one good firm in a given line from each country and in that way, all the advantages of a United States branch house plus the intimate knowledge of the American market is maintained.

Our experience in purchasing, collecting, and forwarding merchandise, ensure your merchant that they will receive the quality they want. Our ability means lowest prices to our clients, carefully packed shipments, correct routing and invoicing of goods.

So you see our aim is two fold; 1st-to sell your merchants products at the prevailing market price and 2nd to buy for them at the lowest price possible.

Your organization may be glad to learn of us and we would be pleased to have you bring this notice to the attention of your members, advising them that satisfactory arrangements can be made regarding financing any business dealings that we may have. We refer you to the First National Bank of Boston.

We want Scarp Limed Buffalo Hide pieces such as from cotton picker makers factories and whip shops. Our cable address is—"MORGANSEL" Boston. Any offer that your friends have to make now, may be cabled to us at once.

Any courtesy that you extend to us will be appreciated and we ask you to feel at liberty in calling on us to reciprocate.

Trusting that we may have the pleasure of inaugurating and developing an extensive and profitable trade for our mutual benefit, we are gentlemen.

Earnestly yours,

MORGAN'S SELLING SERVICE, INC.

J. G. MORGAN.

President.

JGM/F

P. S.

After calling the attention of your members to our service, will you please send us a list of firms, who have the kind of materials that we want, and also give us the name of your most influential Bank.

M. S. S. INC.

OUR ENGINEERING DEPARTMENT

is prepared to furnish specifications and estimates on machinery for Tanneries, Paper Mills, Textile Mills and Glue, Sand Paper, Emery Cloth, Paint and Varnish Factories.

Every man in this department is reliable and efficient, he knows the good points of all the machines that are being used in his particular line and can suggest impro [illegible] for special purposes. Your interests are protected because we are

associated with any one manufacturer of machinery.

We specify only the machines that we think are best suited to your business;—as a rule, they are made on original drawings to meet conditions. They may come from one or many of the machine shops. In that way, you get service without prejudice.

We also supervise the making of the machinery and we assemble and ship your orders all at one time.

This insures you the benefits of a direct agent; the lowest costs and best export and cash discounts; in fact, we form a part of your organization.

Cable Address—MORGANSEL, Boston.

MORGAN'S SELLING SERVICE, INC.
7 Water Street, Boston, Mass.
U. S A.

પંજાબમાં રાળ યાને બેરજાનો ઉદ્યોગ.

પંજાબના જંગલખાતાંના ૩૦ મી જૂન, ૧૯૧૬ માં પૂરાં થતાં વર્ષનો રીપૉર્ટ રાળ સમ્બન્ધી નીચે મૂજબ જણાવે છેઃ—

આ વર્ષમાં ૧,૩૭,૯૩૩ રૂ. ની ગ્રોસ આવક 'રેસીન' (રાળ) ની ફેક્ટરીમાં થઇ હતી. ગયે વર્ષે એટલે કે ૧૯૧૪–૧૫ માં ૫૯,૭૫૮ રૂ. ની આવક થઇ હતી. બેરજો તથા ટરપેન્ટાઇનની માંગણી બજારમાં ઘણી હોવાથી કારખાનાંએ ડેપ્રીસીએશન વિગેરેમાંના ૬% બાદ કરતાં ૧૪% ઉપરાન્ત ફાયદો કર્યો હતો. કારખાનામાં મોંઘો પણ નવા જમાનાને અનુસરતો સાંચા કામનો પ્લૅન્ટ ગોઠવવાથી થતો ફાયદો તાદૃશ્ય જણાયો હતો અને સરકારને ફાયદો થવા ઉપરાંત, લ્હડાઇને લીધે અમેરિકા તથા યુરોપથી આ વસ્તુ આવતી નથી તેથી દેશની પ્રજાને પણ ઘણો લાભ થયો હતો. લ્હડાઇ પુરી થયાં કેડે પણ આ ઉદ્યોગ હાલની ધીકતીજ સ્થિતિમાં રહેશે અને પરદેશી માલ સ્હામે ટક્કર ઝીલી શકશે એવી આશા રખાય છે. ૧૩,૧૦૨ મણ બેરજો રાવળપીંડીના જંગલોમાંથી એકઠો કરવામાં આવ્યો હતો. તે અને સ્ટોકમાં હતો તે એમ કરીને કુલ્લે ૧૯,૫૧૧ મણ બેરજો ગાળવામાં આવ્યો હતો અને ત્હેમાંથી ૧૨,૧૬૯ મણ રોસીન (*Rosin*) અને ૩૧,૪૪૫ ગેલન ટરપેન્ટાઇન કહાડવામાં આવ્યાં હતાં. લ્હડાઇને લીધે બજાર સારૂં રહ્યું હતું અને એક મણ રોસીન દીઠ રૂ. ૧૫ તથા એક ગેલન ટરપેન્ટાઇન દીઠ રૂ. ૩–૧૪–૦ ઉપજી શકયા હતા. અલબત, આવી સારી સ્થિતિ હમ્મેશ રહેવાની નથી પણ આથી ઉદ્યોગને બહુ સારો ટેકો શરૂઆતમાં મળી ગયો છે. એક મણ બેરજો રૂ. ૩–૪–૦ નો પડવા જાય છે અને ત્હેને ડીસ્ટીલ કરવાનો ખર્ચ મણે રૂ. ૨–૦–૬ આવે છે. ગ્રોસ રેવન્યુ એક મણ બેરજા દીઠ રૂ ૮–૦–૦ પડે છે. ૫,૫૦,૦૦૦ બ્લેઇઝીઝ હમણા ચાલુ છે અને વર્ષ દિવસે ૨૫,૦૦૦ મણ રેસીનને ડીસ્ટીલ કરવામાં આવે છે હજી ફક્ત રાવળપીંડીના જંગલમાંજ કામ કરવામાં આવે છે અને જ્યાં સૂધી બજારમાં ટરપેન્ટાઇનની ઝાઝી ખપત થાય નહિં ત્યાંસૂધી બીજી જગ્યામાં શોધખોળ કરવાનો વિચાર નથી. આ ઉદ્યોગમાં બાકી પૂરાંત રોકડ રૂ. ૩૨,૨૮૧ ની રહી છે. સ્ટૉકની કિંમત હાલના બજારૂ ભાવથીજ રાખવામાં આવી છે કારણ કે ઘોરડરો હમણાંથીજ નોંધી લેવામાં આવ્યા છે. પ્રોફીટ એન્ડ લૉસ એકાઉન્ટમાં સિમલાના ફૉરેસ્ટ ઑફીસરના રૂ. ૬૦૦૦ આમેજ કરીએ તો કુલ્લે નફો રૂ. ૧૨,૫૨૬ વર્ષનો રહયો છે.

ખાંડ સ્વદેશી કે વિદેશી સારી?

આપણે ખાંડને માટે જરા નજર કરીશું તો જણાશે કે દેશી ખાંડની મોંઘારત થવાનું

શું કારણ? આપણા દેશમાં ખાંડ સ્વદેશી બનાવવા માંડી અને વિદેશીની ઘણી આયાતને વખતે આપણે દેશી ખાંડ મોંઘી પડતી પણ લેતા, હવે અત્યારે વિદેશીનાં મોંઘારતમાં સ્વદેશી ખાંડના વેપારીઓ તેના પણ સજ્જડ ભાવ લે છે. શું એકાદ રૂપિયે ઓછી ન વેચી શકાય? કંઇ સ્વદેશી ખાંડનો ઉપયોગ વધે તેમ ન થઇ શકે? પણ અમારી જાણમાં આવ્યું છે કે જે સ્વદેશી ખાંડ આપણે લઇએ છીએ તેમાં ઘણી બનાવટી અને દગાવાળી હોય છે. અમે બનાવી જોઇ છે. તેની બનાવટ એવી છે કે ખાંડને દળી કાઢે છે અને તેમાં જોઇતા પ્રમાણમાં રતાશ માટે દેશી ગોળનું મિશ્રણ કરે છે. કોથળામાં થોડી ભરી ખૂબ ગુંદાવે છે એટલે બાંધી એકરસ થઇ જાય છે. અને અસલ સ્વદેશી જેવી રાતી થાય છે. હવે આ ખાંડ અપવાસમાં કે ફરાળી ચીજમાં કેમ વાપરી શકાય? માટે તે કરતાં તો સાકર સારી. અને સ્વદેશીને નામે લુંટાવા અને લુંટવા કરતાં ધર્મ સચવાય તેમ થાય તો સારૂ. અને દરેક બંધુ સ્વદેશીના નામને બટ્ટો ન લગાવે તો સારૂં.

મંગળ.

અને પરદેશી આયાત (સુતરની) પર આધાર રાખનાર છે. ત્યારે આપણે સ્વદેશી માલને નામે છેતરાઇએ છીએ તે કરતાં પરદેશી શું ખોટાં? આ બધું રૂ હિંદમાં રહી ઘણી મીલોનો વધારો કરી કામકાજ આપે તો આખી દુનિયાને માલ પુરો પાડી શકે. ગયા વે માસમાં પોરબંદર રસ્તે કેટલું બધું રૂ ગુણાઇ ખાતે ગયું તે નીચેના આંકડાથી જણાશે. લગભગ ૯૫,૭૮૪ ગાણ રૂ વહાણમાં ગયું. તેના રૂા. ૧૬,૬૩,૦૮૯) ની લગભગ કિંમત થાય છે. ત્યારે આપણી પેદાશના ભાવ કેટલા સસ્તા. અત્યારે અમારા તરફમાં કપાસના છોડ હજુ ઉભા છે (નાના નાના) તેટલામાં તેનું રૂા. ૬ થી ૭ ના મણ લેખે સંટાણ પણ થઇ ગયું છે ત્યારે આપણા વેપારીઓ માત્ર નાણાંનાજ ભૂખ્યા છે. કોઇ નાણું આવે તો તેમના બંદાઓ પણ આપી દે તેવા ઉદાર છે. અમને આશા છે કે આપના લેખથી કોટનનો કંઇક હિંદમાં સદ્ઉપયોગ થાય તો ભવિષ્યમાં મોંઘારતના ભયથી મુક્ત થવાનો વખત આવે; નહિં તો સાધારણ અને ગરીબ માણસોના તો મરણ છે.

લી. ...

શ્રી કૃષ્ણ મંદિર, } મંગળ.
નડિયાદ, તા ૨૮-૭-૧૯૧૭ }

તાળાંની પ્લેટો:-વિલિયમ ફૉસ્ટર એન્ડ કું. અને પેસ્કો ગ્રીનફેમ એન્ડ સન્સ, લીડન હાલ બીલ્ડીંગ્ઝ ઇ. સી.

ફીશ બૉલ્ટસ:-જી. કૂપર એન્ડ સન્સ. શેફીલ્ડ.

કાગળ:-હૉલિંગવર્થ એન્ડ કું. મેઇડ સ્ટોન.

રમંગ:-ટી. ટર્ટન એન્ડ સન્સ, શેફીલ્ડ.

ટયુબ:-સ્ટુઅર્ટસ એન્ડ લૉયડ ગ્લાસગો.
હૉવેલ એન્ડ કું શેફીલ્ડ,
જોન, રસલ એન્ડ કું વૉલસૉલ.
બ્રિટિશ મૅન્સમેન ટયુબ કું. લન્ડન વૉલ.

ટાયર:-સ્ટીલ, પીચ એન્ડ ટ્રૂઝર, શેફીલ્ડ
વીક્ષ્પ લીમીટેડ શેફીલ્ડ

તાર:-જોનસન, મેથી એન્ડ કું.
૭૮, હાર્ટન ગાર્ડન, ઇ સી.

ઔદ્યોગિક કાર્યોને માટે વાપરવામાં આવતા, અહિં બનાવાતા રેકટીફાઇડ સ્પીરીટ ઉપરની જકાત બંધ કરવા સંબંધી નામદાર હિન્દિ સરકારે નીચે મુજબની 'પ્રેસ નોટ' બ્હાર પાડી છે:—

નામદાર હિન્દિ સરકારે, ઔદ્યોગિક કાર્યોને માટે વપરાતા, અહિં બનાવવામાં આવતા રેકટીફાઇડ સ્પીરીટના એક ગેલન દીઠ રૂ. ૧૧-૪-૦ ની જે જકાત લેવામાં આવતી હતી તે નીચલી શરતોથી કહાડી નાખવાનો હુકમ કર્યો છેઃ—

(અ) આ છૂટનો ગેરઉપયોગ નહિં થાય ત્હેને માટે ઘટતાં પગલાં લેવા, તેમજ જો આને લઇને કેટલેક ઠેકાણે એકસાઇઝ ખાતું ઉઘાડવું પડે અને એ દિશામાં કાંઇ ખર્ચ થાય તો તે ખર્ચ આ લાભ લેનાર વ્યક્તિએ ભરપાઇ કરવો.

(બ). આ છૂટ દરેક છૂટી વ્યક્તિને આપવામાં આવશે અને દરેક વ્યક્તિના કેસ ઉપર ધ્યાન આપવામાં આવીને પછીજ ત્હેને છૂટ આપવામાં આવશે, અને જેમાં ડીનેચર્ડ સ્પીરીટ વાપરવાથી નુકશાન થાય એમ નહિં હોય ત્હેમાં તો આ પ્રમાણેની છુટ આપવામાં આવશેજ નહિં.

૨. આ લાભ મેળવવાની અરજી ડીસ્ટ્રીકટ કલેકટર (મુંબાઇમાં) મુંબાઇના કલેકટર, સીન્ધમાં કમીશનર, મીઠું, અફીણ, અને આબકારીના કલેકટર, કે એડનના પોલીટીકલ રેસીડન્ટની મારફતે તે તે જગ્યામાંથી અરજી કરનારે મોકલવી.

હિન્દિ ઑફીસ તરફથી મે, ૧૯૧૭, માં થયેલા નવા કૉન્ટ્રકટોનું લીસ્ટ હમને હિન્દુસ્થાનના આંકડા ખાતાં તરફથી તા. ૨૭ મી જૂલાઇ, ૧૯૧૭ ને રોજ મળેલું છે, તે નીચે મૂજબ છેઃ—

હિન્દિ ઑફિસઃ સ્ટોર ડીપાર્ટમેન્ટ:
મે. ૧૯૧૭.

કેમ્બ્રીક:-એફ-સ્ટીનર એન્ડ (કં). ચર્ચ, લેન્કેશાયર.

કારબન કપ્સ:-પીલ કોનર ટેલીગ્રાફીક વર્કર્સ, મીડલેન્ડ બૅંક ચેમ્બર્સ, કવીન વિકટોરીયા સ્ટ્રીટ, ઇ. સી.

સૅલસ (Cells):-જનરલ ઇલેકટ્રીક કમ્પની, ૬૭, કવીન વિકટોરીયા સ્ટ્રીટ, ઇ. સી. નં. ૪.

કાપડ:-ન્યુ પેગૅમોઇડ લીમીટેડ, ૧૪૪, કવીન વિકટોરીયા સ્ટ્રીટ, ઇ. સી. નં. ૪.

તાંબાના બોલ્ટ:-વીલીયમ્સ, ફૉસ્ટર એન્ડ કું. અને પેસ્કો, ગ્રેનફીલ્ડ એન્ડ સન્સ, લીડન હૉલ બીલ્ડીંગ્ઝ, ઇ. સી. ૩.

કૉપર સલફેટ:—જી, બુર એન્ડ કમ્પની ૨૧, ચીનમીંગ લેન, ઇ. સી. ૩.

એન્જીનો:—બ્લેકસ્ટોન એન્ડ કમ્પની, સ્ટેમફર્ડ.

ફાઇલ્સ:—સર જોસફ, જોનાસ કોલ્વર એન્ડ કું. શેફીલ્ડ.

ગોલ્ડ લીફ:—જી એમ. વ્હાઇલી એન્ડ કમ્પની ૫૮, વ્હીટ ફીલ્ડ સ્ટ્રીટ, ડબલ્યું.

ઇન્સ્યુલેટર કપ્સ:—બુલર લીમીટેડ, લૉરેન્સ પોઉન્ટની હીલ ઇ. સી.

લોઢાના મળીયા:—હલ, ફૉર્જ, આયર્ન એન્ડ કમ્પની, હીલ

સ્ટીલ પેનો:—પેરી એન્ડ કમ્પની, ૪૯, ઓલ્ડ બેઇલી, ઇ. સી. ૪.

રંગ:—મોલીકેટ પેઇન્ટ કમ્પની, ૪૬, કેનન સ્ટ્રીટ. ઇ. સી. ૪.
કાગળ:—ઍલક્સ ડુપ્લીકેટર કમ્પની, ૧૨, ઇ. સી. ૨.
પેનસીલો:-ઇગલ પેનસીલ કમ્પની ટૉટનહેમ, નં. ૧૭
પ્રીન્ટીંગ ફૉર્મ્સ:-વૉટરલો એન્ડ સન્સ, ૨૬, ગ્રેટ વિન્ચેસ્ટર સ્ટ્રીટ, ઇ સી.
પમ્પ્સ:-વર્થીંગટન પંપ કમ્પની, ક્વીન્સ હાઉસ, કીંગ્સવે, ડબલ્યુ સી.
સ્ટીલ:-વૉટસન, સેવીલ ઍન્ડ કંપની શેફીલ્ડ.
સ્વીચબોર્ડ:-ઓટો ટેલીગ્રાફ મેન્યુફેકચરીંગ કું. લેનોક્સ હાઉસ, નોરફોક સ્ટ્રીટ, સ્ટ્રાન્ડ, ડબલ્યુ. સી.
ટેલીફોન સેટસ:-પીલ કોનર ટેલી. મૅન્યુફેકચરીંગ કંપની. મીડલેન્ડ બૅંક ચેમ્બર્સ. ક્વીન વિક્ટોરીયા સ્ટ્રીટ, ઇ. સી.
વૉલ્ટૉઇડ:-બ્રુનર મૉન્ડ એન્ડ કંપની, નૉર્થવીચ, ચેશાયર.

ચેમ્બર ઑફ કૉમર્સનું સ્થાન.

એસોસીએશન ઑફ ચેમ્બર્સ ઑફ કૉમર્સ ઉપર બોર્ડ ઑફ ટ્રેડના વ્હેપારને લગતાં ડીપાર્ટમેન્ટ તરફથી ચેમ્બર ઑફ કૉમર્સનું વ્હેપારને લગતાં ક્ષેત્રમા સ્થાન નક્કી કરવા નીચે મુજબનો પત્ર મોકલવામાં આવ્યો હતો, જે ઉપરથી જણાશે કે ઇંગ્લાંડમાં વ્હેપારી ચેમ્બર્સો અને એસોસીએશનોને સરકાર તરફથી કેટલું વધુ વજન અપાય છે.

(બૉર્ડ ઑફ ટ્રેડ કમર્શીયલ ડીપાર્ટમેન્ટ)
ગ્વીડીર હાઉસ, વ્હાઇટ હૉલ.
એસ. ડબલ્યુ

મહેરબાન સાહેબ,

કમર્શિયલ ઇન્ટેલીજન્સની ઍડવાઈઝરી કમિટી તરફથી સ્વીકારાયેલા ઠરાવની એક કૉપી બોર્ડ ઑફ ટ્રેડની સૂચનાનુસાર આપની કાઉન્સીલ સન્મુખ રજૂ કરવા મોકલી આપું છું.

હું છું આપનો,
ઍચ. ફાઉન્ટન.

"બૉર્ડની જૂદા જૂદા ચેમ્બર ઑફ કૉમર્સ કે જેમનું બંધારણ પોતાના કામમાં સફળતા અને વિચારપૂર્વક વર્તનની પૂરતી ખાત્રી આપે છે, ત્હેમની સાથે મળીને જે દલીલો મૂકવામાં આવી હતી અને તે ઉપરથી જે વાદવિવાદ ચાલ્યો હતો તે ઉપરથી એમ ઠરાવ કરવામાં આવે છે કે, બૉર્ડ ઑફ ટ્રેડ અને બીજાં સરકારી ખાતાંઓ સાથે મળીને વધુ નિકટ સંબંધમાં આવીને કામ કરવાના ઉદ્દેશથી વ્હેપારી ચેમ્બરોની પદ્ધતીમાં સુધારો કરવા સંબંધી, એસોસીએશન ઑફ કૉમર્સની કાઉન્સીલને અરજ કરવી."

આ કાઉન્સીલના કેટલાક સભાસદો કે જેઓ ઍડવાઈઝરી કમીટીમાં પણ સભાસદ છે ત્હેમણે કાઉન્સિલ આગળ આ ઠરાવનો હેતુ સમજાવ્યો અને તે ઉપરથી, સરકારી ખાતાંઓની સાથે મળીને કાર્ય કરવાના ઉદ્દેશથી ચેમ્બર્સ ઑફ કૉમર્સના સ્થાનમા સુધારો કરવાને માટે શાં શાં પગલાં લેવાવા જોઇએ અને સરકારને શી શી ભલામણો કરવી જોઇએ તે વિષે મુદ્દો તૈયાર કરવાને નીચલા ગૃહસ્થોની એક સ્પેશ્યલ કમિટી નિમવામા આવી હતી.—

સર આલજરનોન એફ. ફર્થ. (પ્રમુખ).

મી ઇ. મેનવીલ
રાઇટ. ઑન લૉર્ડ સાઉથ વર્ક.
મી. એ. જે. હૉબસન.
} (ઉપ પ્રમુખ)

મી. જે. એ એઇટન.
,, શેરવી. બેન એમ. પી
,, ઇ. જે. બ્રુમ.
,, જે. હૂકીંગ.
,, જે. એ લેન્સ
,, એલ એ. માર્ટીન.
,, જે. ડબલ્યુ. મરે
,, ડી ડી. રીડ.
,, છી રેનવીક
,, એ. એમ સેમ્યુઅલ
સર ડબલ્યુ. એ. ઑ, મીસ્ટલી. એમ પી
મી. ડી. એફ. પેનફાધર.
} (સભાસદો)

આ કમિટીને સભાસદો વધારવાની સત્તા આપવામાં આવી છે.

ઉંચી પોલીશ કરેલા ટેબલ ટોપ ખરીદ કરવા ક્યાં જશો ?

ઉચ્ચ વર્ણના હિન્દુ ગૃહસ્થો માટે

તબીયત સુધારવાનું સર્વોત્તમ સાધન.

શ્રી મહીકાંઠા ઉત્તમ ભોજન ગૃહ

ભુલેશ્વર અનંતવાડી નાકે

મુંબઇ પોષ્ટ નં૦ ૨

આરોગ્યતા માટે સર્વોત્તમ સ્થળ.	સુંદર હવા અને ભવ્ય ભુવન.
ઘરના કરતાં ઉત્તમ સગવડ.	વીજળીક ભભકાદાર લાઇટ—પંખા.
પ્રમાણીક, ખંતીલા, નોકરો.	સ્વચ્છ ઊંચામાં ઊંચો ખોરાક.
માલીકની જાતી દેખરેખ.	ખાસ પધારો અને જાતે ખાત્રી કરો.

વધુ ખુલાસા માટે મેનેજરને રૂબરૂ મળો યા લખો

વ્યવસ્થાપક—ઊમીઆશંકર બહેચરલાલ ત્રીવેદી,

મેનેજર અને માલીક.



દાવડાની ચીમની.

લડાઇ શરૂ થવા સાથે જાપાની કાચની ચીમનીઓ આવીને તે માલ વાપરવામાં ઘણો ખરચ કરાવે છે તે ચીમની પડી જાય, તેમજ જરા વધુ બત્તી થાય તેમજ હવા લાગે તથા પાણી પડે કે તરત ભાંગી જાય છે ને રોજની બે ત્રણ ચીમનીઓ તમોને લેવી પડે છે

અમારી પેટંટ ચીમની તમો વાપરો જે પડી જવાથી બત્તી વધી જવાથી રોશની આપતી ચીમની ઉપર પાણી પડે તોપણ ભાંગતી નથી ને દર વરસે તમારા રૂ ૨૦) નો અમારી એક ચીમની વાપરવાથી બચાવ થશે.

દરેક જાતની ચીમનીઓ બનાવનાર— **દાવડાની કું**

મુમ્બાદેવીના ફુવારા પાસે ઓધા કુબેરના માળામાં પેસ્ટ ના ૩

પ્રાઇઝ લીસ્ટ મફત—વેપારીઓને ભરપુર કમીશન જલદી મગાવો

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે.

અમર નામ.

નડીઆદ હિંદુ અનાથાશ્રમને એકી વખતે રૂ. ૨૦૦) આપનાર દાતાના નામની આરસની તખ્તી આશ્રમની ઑફીસમાં ચોઢવામાં આવશે તથા તે રકમના વ્યાજમાંથી દરેક વર્ષ નક્કી કરેલા દીવસે દાતાના સ્મરણમાં અનાથોને જમાડવામાં આવશે.

પચીસ રૂપિયામાં ગૌદાન ! !

રૂ. ૨૫) આપવાથી એક "ગૌદાન" ગણી તેના વ્યાજમાંથી અનાથોને દુધ આપવામાં આવે છે તથા દાતાનાં નામનું લીસ્ટ બોર્ડપર લખી જાહેર ભાગમાં મુકી સ્મારક રખાય છે

એક રૂપિયો ને તેથી વધુ દાન આપનાર ગૃહસ્થોનાં નામ વાર્ષિક રીપોર્ટમાં પ્રગટ થાય છે. વાર્ષિક રિપોર્ટ દરેકને મફત મળે છે.

મંત્રી—હિંદુ અનાથાશ્રમ—નડીઆદ.

Established 1911.

રહેવાની તથા જમવાની

સગવડ સાથે

ધી હિન્દુ લૉજ.

પ્રીન્સેસ સ્ટ્રીટ — પટણી બીલ્ડીંગ, મુંબઇ.

COMMERCIAL INTELLIGENCE & STATISTICS.

વેપારી બાતમીઓ અને આંકડાઓ.

TARIFF VALUATION OF SUGAR.

ખાંડની જગાત વખતે આંકેલી કિંમત.

◆ ◆◆·◆◆ ◆◆ ◆◆ ◆◆◆ ◆

ઇ. સ. ૧૯૧૧ ની સાલના કસ્ટમ સરક્યુલર નંબર ૫ મા મા બતાવેલી રૂઢી પ્રમાણે ઇ. સ. ૧૯૧૬ માં ખાંડ ઉપર કેટલી જગાત થશે, તે અ દાજ કાઢવો સહેલો થઇ પડે તેવા હેતુથી આ કોષ્ટક તૈયાર કરવામાં આવ્યું છે. તેમા પ્રથમ સપ્ટેમ્બર માસ દરમ્યાન કેટલી આયાત થઇ પડી હતી તે તથા કસ્ટમ હાઉસના રીટર્ન પ્રમાણે તેની એક હંડ્રવેટની સરેરાશ શી કિંમત હતી તે આપવામાં આવ્યું છે, અને બીજા કોલમમાં વરસની શરૂઆતથી આજ સુધી થયેલી કુલ આયાત તથા તેટલા વખત દરમ્યાન તેની સરેરાશ કિંમત શી રહી છે તે પણ આપેલું છે.

ખાંડની જાત.	ઇ. સ. ૧૯૧૭ ના જુલાઇ માસમા થયેલી આયાત		૧૯૧૬ ની પહેલી અકટોબર સુધી થયેલી આયાત.	
	જથ્થો હંડ્રવેટ	દર હંડ્રવેટની સરેરાશ કીંમત. રૂ. આ	જથ્થો. હંડ્રવેટ	દર હંડ્રવેટની સરેરાશ કીંમત. રૂ. આ.
ખાંડ ગાગડીવાળી બીટ જાતની	.. ...	.. ..	૭	૧૮—૮
,, ,, સુંવાળી ચીનમાં સુધારેલી	૧૫૬	૧—૦	૭૪,૬૬૨	૧૯-૦
,, ,, જાપાનમાંથી	૫,૮૬૬	૧૭—૪	૨,૭૭,૮૨૪	૧૮-૪
,, ,, સુંવાળી ઇજીપ્ટમાથી	....	. ...	. ...	....
,, ,, જાવાની ૨૩ ડચ સ્ટેન્ડર્ડની તથા ઉપરની	૩,૩૬,૪૦૪	૧૬—૪	૪૨,૦૬,૯૪૭	૧૭--૪
,, ,, જાવાની ૧૬ થી ૨૨ ડચ સ્ટેન્ડર્ડની	૧,૦૯,૧૭૬	૧૩—૮	૨૦,૧૧,૮૨૭	૧૫-૧૨
,, ,, જાવાની ૧૫ ડચ સ્ટેન્ડર્ડની અને હલકી	....	....	....	....
,, ,, મોરીશીયસની ૧૬ ડચ સ્ટેન્ડર્ડની તથા ઉંચી સારી	૫૦૩	૧૫—૪	૪,૪૨,૧૩૨	૧૭—૪

IMPORTS OF SUGAR.

ખાંડની આયાત.

બ્રિટીશ હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોમાં નીચે પ્રમાણે ખાંડની આયાત થઇ હતી.

નામ.	બીટની ખાંડ. ૧૯૧૬ હંડ્રવેટ.	૧૯૧૭ હંડ્રવેટ	શેરડીની ખાંડ. ૧૯૧૬ હંડ્રવેટ.	૧૯૧૭ હંડ્રવેટ.	ટોટલ. ૧૯૧૬ હંડ્રવેટ.	૧૯૧૭ હંડ્રવેટ.
બંગાળા	...	...	૪,૯૪,૮૪૪	૨,૧૬,૦૨૩	૪,૯૪,૮૮૪	૨,૧૬,૦૨૩
મુંબઇ	..	...	૧,૩૭,૯૯૬	૯૨,૦૯૧	૧,૩૭,૯૯૬	૯૨,૦૯૧
સિંધ	...	...	૩,૦૬,૨૯૫	૧,૦૩,૬૦૧	૩,૦૬,૨૯૫	૧૩,૬૦૧
મદ્રાસ	...	...	૧૧,૦૮૫	૨૬,૮૪૪	૧૧,૦૮૫	૨૬,૮૪૪
બર્મા	...	...	૧૪,૩૬૨	૧૫,૩૬૧	૧૪,૩૬૨	૧૫,૩૬૧
કુલ	......	......	૯,૬૪,૬૨૨	૪,૫૩,૯૨૦	૯,૬૪,૬૨૨	૪,૫૩,૯૨૦

—*×*—

મેટેલીક શીલીંગથી બીલ્ડીંગનો ઓરડો શોભે છે.

NEW PATENTS.

નવાં પેટંટો.

કલકત્તાની પેટંટ ઑફીસમાં નવી શોધો માટે પેટંટો મેળવવા માટે જુલાઈ ૧૦ મી તારીખ અને તે પછીથી નીચે મુજબ અરજીઓ કરવામાં આવી હતી

અરજી કરનારનું નામ.	શા માટે.
એ. જે. મેરેટ.	ચામડાં કેળવવા માટે.
એ. ઇ. વ્હાઈટ.	મીકસીંગ મશીનમાં સૂધારા.
ડબલ્યુ. આઇ. મોમ્સ.	મલ્ટીપલ બૅરલ ગન (બંદૂક) મા સૂધારા
એચ. એ. ટરનેજ.	બાઇસીકલ સ્ટૅન્ડમા સૂધારા.
જનરલ રબર કું.	રબર વસ્તુઓમાં સૂધારા.
ઈ. એ. વેસ્ટ.	હાઇડ્રૉલિક પ્રેસમા સૂધારા
જે. સી. ફ્રેટસ.	ઇન્શ્યુલેટીંગ અને તેવી જાતની ચીજોમા સુધારા.
ડબલ્યુ. જી. હેનશૉ.	પૉર્ટલૅન્ડ સીમેન્ટમાં કામ લાગતાં પૉર્ટશિયમ સૉલ્ટ (પાણીમાં પીગળી જાય તેવાં).
આઇ ડેવીડ.	દાકતરી ખાતામા કામ લાગતી પંપ સીરીંજમાં સૂધારા.
એ. એમ નિકોલસ.	નક્કર અને પ્રવાહી પદાર્થો જૂદા કરવાના સંચામાં સુધારા.
ચંદીરામ હરિસિંગ કુકરેના	પંકચર સીલ. Puncture Seal.
મહમ્મદ-સૈયદ-ઉદ-દીન-ખાન.	Granity water Elevator.
ઈ. ઇ. દત અને પી. સી. દત.	સોડીયમ અને આલુમીનીયમ હાઇપો કલોરાઇટસના બનાવટની રીત
વી. જી. પીગટ, પી. ઇ. બિલિંગ હર્સ્ટ. અને ગી. એ. સ્ટીવનસન.	સલફર કહાડવાની સુધારેલી રીત.
રોશનલાલ કનૈયાલાલ	તાળાની બનાવટ.
એ. આર વેસ્ટન.	Level Crossing lamp bracket
એ. ઇ. સ્ટ્રાઉડ.	શાળાની રીડમાં સુધારા.
એ. ઇ. સ્ટ્રાઉડ	વરટીકલ શાળામાં સુધારા.
એફ. ડબલ્યુ. ફીનલી અને આર. ઇ. લીયોનાર્ડ.	કુવા શોધવાની અને જમીનમા ખાડો ખોદવાની રીત

અરજી કરનારનું નામ.	શા માટે.
આર. કે. શેઠ અને જે. એલ. પંચાલ.	ઓટોમેટીક પમ્પ.
ધ. કે. સ્કૉટ અને એફ. હાઉડ્સ.	નાઇટ્રોજન માટે વિજળીની ફરનેસ.
ટી. એન્ડ્રુ.	લીકવીડ સ્પ્રેયર્સ અને એટમાઇઝર્સ. Liquid Sprayers and atomisers.
સી. પી. મેન્ડબર્ગ.	પાટાને માટેની હીટ ટ્રીટમેન્ટ.
ઇ. વેઇબલ અને એમ. કૂપર.	વેજીટેબલ અથવા ઍનિમલ ફાઇબર્સને વણવાના અને કાંતવાના કામમા સુધારો.
રૉબર્ટ સ્ટીવનસન અને કું. અને સી. એન. ગુડૉલ.	લોકોમોટીવ ઍંજીનમાં સુધારા.
ઇ. હડસન અને ડબલ્યુ. એસ. હડસન.	સ્લીપરની સાથે પાટા જડવાની રીત.
એસ. ડી. ગારબીસ.	પેટ્રોલના ટીનને માટે નાળચાં.
મીસીસ. ઇ. એલ. ડી. બી. બાલફર.	ખીલામાં સુધારા.

આ બાબતનો સઘળો પત્રવ્યવહાર "કન્ટ્રોલર ઑફ પેટન્ટસ એન્ડ ડીઝાઇન્સ, ૧ કાઉંસિલ હાઉસ, કલકત્તા" એ પ્રમાણે કરવો. દરેક અરજી કરનાર ઉમેદવારે પેટન્ટ ઑફીસ હેન્ડબુક (કે જેમાં ઇન્ડીયન પેટન્ટસ એન્ડ ડીઝાઇન એકટ, ૧૯૧૧, ઇન્ડીયન પેટન્ટસ એન્ડ ડીઝાઇન્સ રૂલ્સ, ૧૯૧૨, ઇન્ડીયન પેટન્ટસ એન્ડ ડીઝાઇન્સ, ૧૯૧૫ આપેલા છે) વાંચીને પછી અરજી કરવી. અરજીને માટેના પ્રીન્ટેડ સ્પેસીફીકેશન્સ તેમજ પેટન્ટ ઑફીસના બીજાં પુસ્તકો મુંબઇમા નીચેને ઠેકાણે વિના મૂલ્યે જોવા દેવામા આવશેઃ—

રેકૉર્ડ ઑફીસ, મુંબાઇ.

વિક્ટોરીયા જ્યુબિલિ ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ, ભાયખલા.
બોમ્બે ટેક્સટાઇલ એન્ડ એન્જીનીયરીંગ એસોસીએશન, નં. ૧, એ, સમેકસ રોડ, પરેલ.

COMPARATIVE STATEMENT OF TRAFFIC AT THE PORT TRUST WAREHOUSES FOR THE MONTH OF JULY 1917.

ઈ. સ. ૧૯૧૭ ના જુલાઇ માસ માટે પોર્ટ ટ્રસ્ટની વેરહાઉસીઝમાંના વેપારને લગતા સરખામણી કરનારા આંકડા.

માલની જાત.	તા. ૧ પહેલી ૧૯૧૭ ના જુલાઇ ને દિને સ્ટૉક	૧૯૧૭ ના જુલાઇ થયેલી ડીલીવરી	૧૯૧૭ ની ૧ લી આગસ્ટ તારીખે સ્ટૉક.	૧૯૧૬ ની ૧ લી આગસ્ટ ને દિને સ્ટૉક
રૂના કાપડની ગાંસડી	૨૬,૭૭૪	૪,૫૮૮	૨૫,૭૫૮	૨૮,૪૭૪
,, ,, પેટી	૨૩,૯૯૨	૬,૯૯૫	૨૧,૬૯૫	૨૬,૯૯૬
રેશમ તથા ઉનની પીસગુડઝ ગાંસડી.	૭૧૧	૭૨	૭૧૯	૩૩૧
રેશમ તથા ઉનની પેટી.	૧,૫૪૩	૧૪૬	૧,૫૨૩	૮૪૭
ટવીસ્ટ અને યાર્ન (સુતરાઉ) પેકેજીઝ	૪,૧૬૫	૧,૫૭૦	૨,૯૧૯	૪,૭૨૦
,, રેશમ તથા ઉનના પેકેજીઝ	૧,૯૨૧	૭૦૫	૧,૭૩૦	૨,૧૯૪
ત્રાંબાના ટન	૧,૪૩૭	૫૮	૧,૩૮૨	૨,૭૪૪
પીતળના ટન	૫૧૦	૧૧૩	૪૧૭	૧,૦૬૮

ધી જોબ્સે ટાઇપ માર્ટ ૨૧ બેંક આર્ટ ફોર્ટ મુંબઈ.

SPINNING & WEAVING RETURNS.

સુતર અને સુતરાઉ કાપડના આંકડાઓ.

ઇ. સ. ૧૯૧૭ ના મે માસમાં હિંદુસ્તાનની મીલોમાં નીચે પ્રમાણે સુતર તથા સુતરાઉ કાપડ બનાવવામાં આવ્યાં હતાં.

સુતર (રતલ)		
બ્રિટીશ ઈન્ડીયા	૧૯૧૬	૧૯૧૭
મુંબઇ	૪,૧૯,૧૧,૧૯૬	૪,૩૧,૬૧,૨૨૫
મદ્રાસ	૩૬,૪૬,૯૫૨	૩૯,૭૩,૮૨૬
બંગાળા	૧૯,૪૬,૧૪૬	૨૬,૭૨,૩૨૯
યુનાઇટેડ પ્રૉવીન્સીઝ	૩૮,૦૨,૬૯૭	૩૫,૬૩,૨૮૦
અજમેર મેવાડ	૨,૬૮,૬૧૩	૨,૦૭,૩૪૭
પંજાબ	૪,૨૯,૮૧૧	૨,૪૦,૧૪૬
દીલ્હી	૨,૩૨,૭૪૯	૨,૪૮,૩૬૮
મધ્ય પ્રાંતો તથા બિરાર	૩૦,૫૯,૩૪૪	૩૧,૩૦,૪૨૭
બ્રિટીશ ઈંડીયામા કુલ	૫,૫૨,૯૭,૫૦૮	૫,૭૦,૧૧,૩૯૬
દેશી રાજ્યો	૩૪,૧૦,૩૯૪	૨૫,૦૮,૩૬૦
એકંદર કુલ	૫,૮૭,૦૭,૯૦૨	૫,૯૫,૧૯,૭૫૬

કાપડ			
બ્રિટીશ ઇન્ડીયા		૧૯૧૬	૧૯૧૭
મુંબઇ	રતલ	૨,૬૬,૬૩,૪૧૩	૨,૭૯,૧૭,૫૫૨
	વાર	૧૧,૪૪,૪૮,૪૦૦	૧૨,૧૨,૩૯,૭૯૧
મદ્રાસ	રતલ	૧૧,૫૮,૫[illegible]૪	૧૫,૫૫ ૭૯૪
	વાર	૩૪,૭૭,૬૩૬	૩૫,૦૨,૧૦૬
બંગાળ	રતલ	૨,૬૫,૪૧૨	૪,૧૫,૯૦૬
	વાર	૧૩,૬૨,૦૧૭	૨૧,૭૨,૦૬૨
યુનાઇટેડ પ્રૉવીન્સીઝ	રતલ	૮,૬૮,૪૫૪	૧૧,૧૧,૬૨૮
	વાર	૨૫,૫૭,૮૯૫	૩૯,૮૧,૯૪૭
અજમેર મેવાડ	રતલ	૧,૦૫,૩૬૪	૧,૩૧,૧૪૭
	વાર	૩,૮૫,૮૯૦	૫,૧૧,૭૦૭
પંજાબ	રતલ	૭૫,૪૪૦	૯૧,૯૨૨
	વાર	૨,૨૮,૨૧૬	૩,૩૮,[illegible]૪૦
દીલ્હી	રતલ	૪,૪૨૩	૬૦,૪૫૭
	વાર	૧૦,૪૩૯	૧,૦૯,૯૪૧
મધ્ય પ્રાંતો અને બિરાર	રતલ	૧૨,૪૩,૦૪૨	૧૨,૨૭,૪૬૯
	વાર	૪૮,૭૭,૫૩૦	૪૮,૦૨,૩૩૮
બ્રીટીશ હિંદુસ્તાનમાં કુલ	રતલ	૩,૦૩,૮૪,૦૮૨	૩,૨૫,૧૧,૮૭૫
	વાર	૧૭,૭૩,૮૭,૯૩૩	૧૩,૬૬,૫૬,૭૩૧
દેશી રાજ્યો	રતલ	૧૮,૯૬,૩૦૮	૧૪,૭૫,૨૦૧
	વાર	૭૨,૭૧,૬૩૯	૫૫,૭૭,૦૨૨
એકંદર (ટોટલ)	રતલ	૩,૨૨,૮૦,૩૯૦	૩,૩૯,૮૭,૦૭૬
	વાર	૧૩,૪૬,૬૩,૫૭૩	૧૪,૨૧,૮૬,૪૫૩

ધી બોમ્બે ટાઇલ ગાર્ટ ૨૧ બે૦ ઓીટ રોર્ટ, મુંબાઈ.

COMMERCIAL INTELLIGENCE.

વ્હેપારી બાતમી.

આ મથાળા નીચે અમે જુદા જુદા દેશના કૉન્સલો તરફથી તથા બીજા મુલકો તરફથી આવેલી બાતમીઓ આપશું. અત્રેના કોઇ પણ વેપારીને આ દેશ અથવા પરદેશના વેપારી સાથે કોઇ પણ જાતના વેપાર બાબત સંબંધ બાંધવા ઇચ્છા હશે તે પણ આ કૉલમમાં દાખલ કરીશું.

ખબર મોકલનારનું નામ.	વેપાર કરવા ઇચ્છતી કંપનીનું નામ.	કઇ બાબતનો વેપાર કરવા માગે છે તે.
ધી ઇન્ડીયન ટ્રેડ જર્નલ		
„ પ્ર. ૧૧૭	સાન ફ્રાંસિસ્કો યુનાઇટેડ સ્ટેટ્સની એક પેઢી.	અમેરીકન માલ માટે એજન્ટ તરીકે કામ કરવા ખુશી છે.
„ „ ૧૧૮	મુંબાઇની એક પેઢી.	કૅલુંબા રૂટ (Calumba Root) ના ઉપજાવનાર સાથે કામ પાડવા માગે છે.
„ „ ૧૧૯	એક ખબર પત્રી.	ઇંગ્લંડનું ઑઇલ તથા અમેરીકન વેચ- [illegible]

ખબર મોકલનારનું નામ.	વેપાર કરવા ઇચ્છતી કંપનીનું નામ.	કઇ બાબતનો વેપાર કરવા માંગે છે તે.
ધી ઇન્ડીયન ટ્રેડ જર્નલ		
,, ૭. ૧૨૫	કોચીનમાં એક પેઢી.	ઠ્વાર મૅટસ તથા મૅટીંગના ખરીદનાર માગે છે.
,, ,, ૧૨૯	યુનાઇટેડ પ્રોવિન્સીસમાં એક વ્હેપારી.	મીઠું તથા સૉલ્ટપીટર ખરીદનાર માગે છે.
,, ,, ૧૩૦	યુનાઇટેડ કિંગડમનો એક વ્હેપારી.	પોતાના વરટીકલ એંજીન માટે હિન્દુસ્થાનમાં એજન્ટો નીમવા ઇચ્છા રાખે છે.
,, ,, ૧૩૧	ચિતરવાના કામમાં વપરાતા રંગ બનાવનાર એક બ્રિટિશ પેઢી.	પૉપી સીડ ઑઇલ બનાવનારના નામ જાણવા માંગે છે.
,, ,, ૧૪૫	અમૃતસરનો એક ખબરપત્રી.	Fluor span અથવા Cryolite પૂરું પાડનારના નામ જાણવા ઉત્સુક છે.
,, ,, ૧૪૬	અલેકઝાન્ડ્રીયામાં એક પેઢી.	હિન્દુસ્થાનમાં બનેલ ગની બૅગ્ઝ, દોરડાં, કૅસ્ટર ઑઇલ, ચાહ, ગળી વિગેરેને માટે ઇજીપ્તમાં એજન્ટ તરીકે કામ કરવા રાજી છે.
,, ,, ૧૪૭	પાલાવરમ, મદ્રાસમાં એક પેઢી.	ન્હાની ન્હાની ચામડાંની ચીજો બનાવી શકાય તેવાં ચામડાં વેચવા ખૂશી છે.
,, ,, ૧૪૮	અમેરિકાની એક પેઢી.	મેંગેનાઇઝ ઑકસાઇડના નિકાશ કરનારનાં નામ જાણવા આતુર છે.
,, ,, ૧૪૯	આસ્ટ્રેલિયા, સીડનીમાં એક પેઢી.	એંજીનોમાં વપરાતો લોઢાંનો સામાન વેચવા ખુશી છે.
,, ,,	અમેરિકન કૉન્સલ.	આ દેશમાં નાળીયેરના છાલ્લાંની સાદડી (mat) ના વ્હેપારીઓનાં નામ માગે છે.

ખબર મોકલનારનું નામ.	વેપાર કરવા ઇચ્છતી કંપનીનું નામ.	કઇ બાબતનો વેપાર કરવા માંગે છે તે
ધી ઇન્ડીયન ટ્રેડ જર્નલ અમેરિકન કૉન્સલ.	સ્ટ્રૉંગ ઍન્ડ ટ્રાઉબ્રિજ, ૧૭, બૅટરી પ્લેઇસ, ન્યુયૉર્ક સીટી. એચ નૉરીંગટન સન્સ, ૬૩ વાશિંગ્ટન સ્ટ્રીટ, પ્રૉવીડન્સ, આર. આઈ.	આ બન્ને પેઢીઓ શીપ (mother of perls) ની આયાત કરનાર છે.

ફ્રાંસના કૉન્સલ તરફથી અમને સેન્ડલવુડ ઑઇલના વેપારીઓનું એક લીસ્ટ મળ્યું છે જે આ ચેમ્બરની ઑફીસમાં રાખવામાં આવ્યું છે.

x x x

ફ્રાંસના કૉન્સલ તરફથી અમને ખબર મળી છે કે મી. જ્યૉર્જ બુર્ગે, ૨૯, રૂ દ બુલે, પારિસ, અહિંની હાથી દાંતની બનાવેલી ચીજોના એજન્ટ થવા રાજી છે, માટે જેઓને ઇચ્છા હોય તેઓએ તેમને લખવું.

Registered No. B. 810.

THE JOURNAL OF THE INDIAN MERCHANTS' CHAMBER.

દેશી
વેપારી ચેમ્બરનું માસિક.

પુસ્તક ૧૦ મું VOL. X. NOV. 1917. No. 5 નવેમ્બર ૧૯૧૭. અંક ૫ મો.

અનુક્રમણિકા.

વિષય	પાનું
૧ અધિપતિની નોંધ .. .	૧૯૪
૨ ઇન્ડીયન ઇન્ડસ્ટ્રીયલ કૉન્ફરન્સ વિભાગ	૧૯૯
૩ ચેમ્બરનો વિભાગ . .	૨૦૧
૪ વ્હેપારી વિષયો	૨૧૦
(અ) હિન્દની આર્થિક સ્થિતિ	૨૧૦
(બ) હુંડીનો ભાવ	૨૧૩
(ક) સુતરાઉ કાપડ અને જાપાન	૨૧૪
૫ ચાલુ લડાઇને પ્રસંગે વ્હેપાર સંબંધી બહાર પડેલાં વધુ સરકારી જાહેરનામાં	૨૧૭
૬ વ્હેપારી ખબરો	૨૨૦
૭ વ્હેપારી બાતમીઓ અને આંકડાઓ .	૨૨૫

INDEX

Subjects	Page.
1. Editor's Study...	194
2 Indian Industrial Conference Section	199
3 Chamber's Section . .	201
4. Commercial Subjects	210
(*a*) India, her resources and her economics.	210
(*b*) Exchange Rates	213
(*c*) Cotton Goods and Japan ...	214
5. War and Trade Government Notifications	217
6 Commercial Notes	220
7. Commercial Intelligence and Statistics	225

હમે પોતે.

આ માસીકમાં બહારથી આવેલા લેખો માટે હમે જવાબદાર નથી.

આ માસીકનું લવાજમ મુંબઇના ગ્રાહકોને માટે વાર્ષિક રૂ. ત્રણ તથા બાહારે ગામના ગ્રાહકો માટે વાર્ષિક રૂ. ૩—૬—૦ ત્રણ છ આના પોસ્ટેજ સુદ્ધાં રાખવામાં આવ્યું છે. છુટક નકલ એકના આના ૪ ચાર. નમુનાની કોપી મફત મોકલવામાં આવતી નથી.

આ માસીકમાં જે જાહેર ખબરો છે તેમાં કંઇ ફેરફાર સુચવવો હોય યા તો કાઢી નાંખવી હોય તો આવી જાતની ખબર આગલા મહિનાની ૨૦મી તારીખ પહેલાં આપવી જોઇએ. નહિતર તે પ્રમાણે કરવું બની શકશે નહિં.

હમારા જૂના કૉન્ટ્રૅકટો પૂરા થયા બાદ, રીડીંગ મૅટરમાં હમે જાહેર ખબર લેવા માગતા નથી તેથી સર્વ જાહેર ખબર આપનાર ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે કે તેહમણે પોતાની જાહેર ખબરો મૅટરની આગળ યા પાછળ છપાવવા માટે આપવી.

EDITOR'S STUDY.

અધિપતિની નોંધ.

દરેક મનુષ્યના વ્યવહારમાં "દસકો" હોય છે. એક દસકો ભોગવી ચેમ્બરનું માસિક હાથ બદલો કરે છે. પોતાની કસાયલી કલમનો ઉપયોગ એક દસકા સુધી વેપારીક્ષેત્રમાં બાહોશ રીતે કરી પોતાથી બની શક્યું તેટલું કાર્ય બજાવી મી. જયસુખલાલ કૃષ્ણલાલ મહેતા પોતાનો સંબંધ આ વેપારી-પ્રિય માસિકની સાથે છોડી ગયા છે. અને ચેમ્બરના સેક્રેટરી તરીકે તે સેવા કરવાની મારે રહે છે. જનસમાજની સેવા કરવાનો ધર્મ તે ચાલતા જમાનાનો ધર્મ છે તે પ્રમાણે લેખીને પ્રજાના જીવનની જેટલી બની શકે તેટલી ઉન્નતિ વેપારના ક્ષેત્રમાં કરવા માટે યોગ્ય પગલાં ભરવાં ચેમ્બર મુનાસબ ધારે તે આ માસિકદ્વારા પ્રસિદ્ધ કરવાં અને તે ઉપરાંત આ ચેમ્બરની પરિપાટી મુજબ ધોરણ સાચવીને જે સૂચનાઓ એજ હેતુથી કરવાની વાજબી લાગે તે કરવી—એ વગેરે લક્ષમાં રાખીને વર્તન કરવાનું કાર્ય ગંભીર છે. તેને પાર પાડવામાં સંયોગો સઘળી રીતે અનુકૂળ થાય અને વાચક વર્ગની માગણી દરેક રીતે પૂર્ણ કરવાનું અને તેવી અંતઃકરણપૂર્વક યાચના તથા ચાહના છે-તે ફલીભૂત થાઓ.

* * *

(૨)

આપણી હાલની વેપાર સંબંધી સ્થિતિ.

હાલના મોટા ઘોર સંગ્રામમાં આપણા હિંદનો મોટો ભાગ છે, તેની સાથે આપણા વેપારનો સ્વાર્થ ઘણે દરજ્જે સમાયેલો

(ખાસ ઉંચ વર્ણના હીંદુ ગૃહસ્થો માટે)

મનને પસંદ પડતી જમવાની ઉમદા સગવડ

શ્રી અંબીકા ભોજનશાળા

૨૭૪ કાલબાદેવી રોડ—વીઠલવાડી સામે

મુંબાઈ.

આ ભોજનશાળા, માલીકોની જાતી દેખરેખ નીચે છેલ્લામાં છેલ્લી પધ્ધતિ મુજબ ચલાવવામાં આવે છે. ધર્મરક્ષણ, સ્વચ્છતા, પ્રમાણિકતા, ઉંચો ખોરાક અને ખંતીલા નોકરો એ આ ભોજનશાળાનાં મુખ્ય લક્ષણ છે.

સગવડતાના પ્રમાણમાં ભાવ ઘણાજ મધ્યમ રાખવામાં આવ્યા છે.

વધુ ખુલાસા માટે મેનેજરને મળો યા લખો.

દુઃખી અને દરીદ્રી

અનાથોને

સુખી અને સ્વતંત્ર શહેરીઓ

બનાવનાર,

કાઠીઆવાડ હિંદુ અનાથાશ્રમ

ને નીચેને શિરનામે તુરત સહાય મોકલો.

ઓન. સેક્રેટરી,
કા. હિં. અ. આશ્રમ.
વઢવાણ કેમ્પ.

જ્ઞાન સાથની ગમતનું મુંબઈનું મુખ્ય મથક.

દર અઠવાડીયે રજુ થતા આખી દુન્યાના સર્વથી મોટા અને નોંધી લેવા જોગ બનાવોના ચીત્રનો મુફત દેખાવ.

બે વાર ઉદ્યોગ અને સાયન્સનુ શીક્ષણ સીનેમા મારફતે મેળવવાની દરરોજ મળતી તક.

ગાયનકળા અને અંગબળની કસરતથી ગળા અને બદનની ખીલવણીના દર અઠવાડયે રજુ થતા દાખલા.

યુરોપ અને અમેરીકાના નાટક તખ્તાના સુધારા વધારાની નજર પડતી વીગત

એક્ષેલસીયર થીએટર.

બી. એન. ભાથેનાની કું.





સેનેટરી એન્ડ હારડવેર મરચંટસ.

નાગદેવી સ્ટ્રીટ, મુબઈ નાં૦ ૩

ટેલીફોન નાં૦ ૩૧૫૫

સેનેટરી જીન એન્ડ રેલ્વેને લગતો સર્વે સામાન.

લોખંડની, કલાઇની, પીતલની, તાંબાની, સીસાની, બોયલર ટ્યુબો, બીરની રેનવોટર પાઈપ્સો અને તેની ફીટીંગ્સો—દરેક માપની મોટા જથ્થામાં મળશે.

તેસતેડ પીતલના સ્ટોવ કૉક, બીબકૉક, સીતના વીલ વાલવસો, અને કોકસો—દરેક જાત અને માપના.

ચીનીની ગટરના પાઈપ્સો અને ફીટીંગ્સો, વોટર-કલોઝના વાસણો, લેવેટરીસો, બાથ તબ્સો, ફલસગી ટાંકીઓ વગેરે પ્લમ્બરોને લગતો દરેક જાતનો માલ જથ્થાબંદ તથા છુટક મળશે.

છે. યુદ્ધને લીધે ઘણી ખરાબી યુદ્ધ કરનારી પ્રજામાં થાય છે, તે ઉપરાંત તેની પાડોશની પ્રજામાં અને તેની સાથે તાબે રહેલી પ્રજાને પણ તે ખરાબીનાં પરિણામો વેઠવાં પડે છે; પરંતુ આપણા બ્રિટિશ સામ્રાજ્યના સંરક્ષણતળે સારે નસીબે આ દેશને માઠાં પરિણામોનો ભોગ ઘણે થોડે દરજ્જે થવું પડયું છે. મોટામાં મોટું પરિણામ સારૂં એ થયું છે કે આપણા વેપારની કદર આપણા દેશને ન હતી તે હવે થવા લાગી છે, અને હુન્નર-ઉદ્યોગને ખીલવી વેપારથી દેશની આબાદી કરવાનું કામ આપણે કરવા લાગ્યા છીએ એટલો લાભ થયો છે; છતાં કેટલીક બાબતો ઉપર પુરેપુરૂં ધ્યાન દરેકને આપી ન શકવાનું ન બને તેથી તેની ટુંકમાં ધીમે ધીમે નોંધ લેવાની જરૂર છે. હિંદુસ્થાનને યુરોપ અમેરિકા વગેરે દેશો પાસેથી નાણું ઉધાર લેવું પડે છે, તેના સંબંધમાં કેટલીક વખત મતભેદ કે ગેરસમજુતી થવા સંભવ છે, તો તે બાબતમાં આપણે (Home charges યાને) વિલાયત ખાતાનું લેણુ દેણુ એક દાખલાથી તપાસીએ:- હિંદુસ્થાનમાં રેલ્વેઓ જુદા જુદા ભાગોમાં મોજુદ છે તેના બંધારણ માટે અને વહિવટ માટે જે નાણાનો ઉપયોગ કરવો પડે છે, તે નાણું વીલાયતનું છે; બીજું નહેર વગેરે બાંધ કામને માટે ઘણે અંશે વીલાયતનું નાણું રોકવામાં આવે છે, ત્રીજી વાત એ છે કે સરકારના અમલદારોને રાજ્યની વ્યવસ્થા કરવા માટે પગાર આપવો પડે છે, તેની સાથે લશ્કરની નોકરી કરનારા અંગ્રેજી અમલદારોને પણ પગાર આપવો પડે છે; દર વર્ષે આપણે હિંદુસ્થાનની બહારના દેશોમાંથી માલ ખરીદ કરીએ છીએ કે જેનો હેતુ પણ રાજ્ય વહિવટની જરૂર લેગી ચીજો પુરી પાડવાનો હોય છે. આ સઘળાને માટે નાણાં આપવાં અથવા તેટલી રકમની કિંમત હરકોઇ રીતે ભરવી તેમાં ખાસ ધ્યાન રાખવાનું એ છે કે આપણા દેશમાં જેમ બને તેમ વધારે જલદી વસ્તુઓ પેદા થવી જોઇએ. એનો અર્થ એવો છે કે જુદી જુદી વેપાર ઉદ્યોગની વસ્તુઓ બનાવવા માટે (૧) કાબેલ માણસો; (૨) નાણું અગાઉથી રોકવાનું જોઇએ તે; અને (૩) સંચા-યંત્ર કામ વગેરે, સામગ્રીઓ બધી તરેહની જોઇએ-તે સઘળું હિંદુસ્થાનમા બનવું જોઇએ; અને એ બનાવવા માટે જેટલા બને તેટલા સારે રસ્તે ઉપાયો લેવા જોઇએ. હિંદુસ્થાનના ઉદ્યોગો તથા કળા-હુન્નરની સરખી રીતે ખીલવણી કરવાના કામમાં તેનું દરેક પગલે બની શકે તે રક્ષણ કરવું. ઉદ્યોગોની ખીલવણી જુદી જુદી દિશામા થશે તો દેશની દોલત વધશે, અને તે વધેલી દોલત રેલ્વેમાં, નહેર બાંધવાના કામમાં અને એવાં અનેક વેપારની વૃદ્ધિ કરનારાં કામોમાં વપરાશે. જેથી આયાત-નિકાસને લગતા સમતોલની બાબતમાં કેટલાક અર્થ-શાસ્ત્રના કાબેલ વિદ્વાનોની તરફથી કરવામાં આવતી ફરીઆદ બંધ થવા સંભવ રહે છે હિંદુસ્થાન ગરીબ દેશ છે ચલણી નાણું રૂપાનું અને તાબાનું તથા નિકલનું છે તે વાત જાહેર છે. વેપાર બહોળો કરવા, માટે તે છતા સોનાનું ચલણી નાણું બનાવવાની ઘણી અગત્ય છે, તે વાત અનુભવમાં જેઓ કુશળ છે તેવાઓને પણ કબુલ કરવી પડે છે પ્રોફેસર જદુનાથ સરકાર જેવા વિદ્વાનનો મત આ બાબતમાં જુદો પડે છે; પરંતુ તેઓએ જે હકીકત આપણને વાંચનારાઓને પુરી પાડી છે તે ઉપરથી આપણી સમજમાં વાત બધી રીતે ઉતરી શકતી નથી. તેના પુસ્તકના ૩૦૬ માં પાના પર એવું લખાણ કરવામાં આવ્યું છે કે:— "૧૯૧૧ ની સાલમાં ના. સરકારે જે તપાસ કરી હતી તે ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે પંજાબમાં તથા મુંબઇમાં ખેડુત લોકો પોતાના પાકના વેચાણમાં નાણાં લે છે તે વખતે સોનાનો ચલણી નાણાનો સ્વીકાર રાજી ખુશીથી કરે છે; જેથી સોનું ચલણી નાણાં તરીકે વેગથી ગતિ કરતું રહે છે." આ નાણું પંદર રૂપૈઆની કિંમતની મોહોર કે "સોવરેન" છે. તો હવે જ્યારે ખેડુત જેવો વર્ગ એ

નાણું કબૂલ કરે છે તો તે તેથી વધારે ભણેલા, અનુભવી અને વેપારમાં કુશળ તથા પૈસાદાર વર્ગોમાં તે સોના નાણું કેટલું વધારે દરજ્જે પ્રિય થઇ પડે! બાકી તેથી ગરીબ વર્ગને તો જેવી હિંદુસ્થાનમાં તેવીજ વિલાયતમાં રૂપા નાણાનું કાયમ દર્શન કરવાનું રહે છે. તે શિવાય દસ રૂપૈઆની નોટ પણ કેટલી જલદી હાથ બદલો કરી શકે છે. તે વગેરે હકીકત જ્યારે વહેવારમાં અનુભવાતી જોઇએ ત્યારે સોનાનું ચલણ લોકપ્રિય થવાનો વાંધો લાગતો નથી; અને હાલની હાજતો જોતાં અર્થશાસ્ત્રના નિયમો મુજબ એ ચલણ આપણા દેશમાં હોવાની બાબત ઇચ્છવા લાયક છે. કદાપિ એમ કહેવામાં આવે કે સોનાનો સંગ્રહ કરવા માટે ચલણી નાણું શરૂઆતમા હાથ બદલો કરશે. પણ પછી તે ભંડારમાં ભરાઇ જશે. આ વાત અમુક દરજ્જે કદાચ ખરી હોય તો પણ વદન સાચી પડે તેવો સંભવ નથી. લોકોની જાગ્રતિ ઘણે સ્થળે જોઇએ તેવી થઈ છે; અને વેપાર તથા ખેતીથી દેશની આબાદી વધારવાને માટે બનતા ઉપાયો લેવા તરફ જ્યારે વલણ સામાન્ય રીતે થવા લાગ્યું છે, ત્યારે સોનાનો કે રૂપાનો ભંડારમાં ભાર ભરવાને બદલે જુદાજુદા હુન્નર ઉદ્યોગો, ધંધા, રોજગારમાં ચલણી નાણું વાપરવાનો પેશો મોટે ભાગે થઇ ગયો છે એમ માનવું ખોટું નથી.

વેપાર-ઉદ્યોગ વધારવાને માટે નાણાંની ઉથલ પાથલ થવી જોઇએ. દેશ-વિદેશ-પરદેશ બધાની સાથેના હુંડીના લેવડ દેવડમાં સમજણ ચોખ્ખી હોવી જોઇએ; અને એ સમજણ માટે હિંદુસ્થાનને કેવી જાતના વટાવના ભાવોનું ધોરણ રહે તો ફાયદાકારક થાય તેને માટે વિગતવાર વિષય રજુ કરવાની અગત્ય છે; કારણ કે વેપારી આલમને ગમે તેટલી માહેતી હોય તો પણ ચારે પાસની દલીલો જાણીને એક સિદ્ધાત ઉપર આવવામાં જુદી જુદી બાબતો ધ્યાનમાં લેવી પડે છે; તો તે વિષે ખુલાસો યોગ્ય તકે કરવામાં આવશે.

બીજા દેશો જ્યારે વેપારમાં બહુ આગળ વધી ગયા છે, તેવામાં હિંદુસ્થાન ભાગ્યે સપાટી ઉપર દષ્ટિ મર્યાદામાં ડોકીયાં કરે છે. આજ દિવસ સુધી વેપાર પછાત હતો; ખેતીને લોકો પહેલે દરજ્જે દેશની આબાદીનું સાધન જાણતા હતા-તે દિશામાં લોકમત કેળવાતો જાય છે, અને દુકાળનાં વર્ષોથી થયેલા માઠા અનુભવને પરિણામે ખેતી ઉપર મોટો આધાર રાખવાનું બંધ છે, એમ કહી શકાય. ઇંગ્લાંડમાં ૫૮ અઠાવન ટકા વસ્તીનો ભાગ ઉદ્યોગ હુન્નર ઉપર આધાર રાખે છે, જેવામાં હિંદુસ્થાનની વસ્તિમાં ફકત બાર ટકાજ તેવો આધાર રાખી ધંધો, ચલાવે છે. હવે જે સંયોગો આવ્યા છે તે ઉપરથી વેપાર-ઉદ્યોગ તરફ જેમ બને તેમ લક્ષ દોરવાની જરૂર છે; અને અગાઉની માફક જેમ ડાકાનું મસલીન, કાશ્મીરની શાલો અને દીલ્હીનો રેશમી માલ "સીઝરો"ની કોર્ટમા શણગારને માટે ઉપયોગમા આવતો તેવી રીતે મોટા પાયા પર હિંદુસ્થાનનો માલ કામમાં બહારના દેશોના લોકો જથ્થાબંધ લેતા થાય તેવી રીતે ધધો, ઉદ્યોગો વધે, અને પરિણામે વેપારની આબાદી થાય તેવાં પગલાં દરેક દિશામાં લેવાય ત્યારે આવેલી તકનો સારો ઉપયોગ કર્યો ગણાય.

હિંદની મોટી આશાઓ કે મહત્વાકાંક્ષા?

હિંદુસ્થાનનો વેપાર ઉદ્યોગ હુન્નર કલા-કૌશલ્ય વગેરે વધે છે, તે આપણે જોઇ શકીએ છીએ. હાલના જમાનામાં ખેતી તથા વેપારની આબાદી થાય તેજ જીવનની ઉન્નતિ કરનારૂં મોટામા મોટું સાધન છે ના. સેક્રેટરી ઓફ સ્ટેટ હિંદુસ્થાનની મુલાકાત લેવાને આવવાની બાબતના જે હજી વાતાવરણમા પડઘા પડી

મેટેલીક શીલીંગથી બીટડીંગનો ઓરડો શોભે છે.

રહ્યા છે, તેજ હિંદના વેપારી અને બીજા વર્ગના લોકોને અનેક રીતે હર્ષમાં લાવી મુકનારી હકીકત છે, અને તેઓને અનેક રીતે ઉત્તેજન આપે તેવી બાબત છે. લડાઇ બંધ થયા બાદ વેપારને વધારવા માટે કેવાં પગલાં ભરવાં તે નક્કી કરવાનું વેપારી આલમનું કામ છે; ઉદ્યોગ અનેક પ્રકારના વધારવા તે હુન્નરમાં કાબેલ થયા હોય તેવાઓનું કામ છે; અને હકકો આપી વેપારની આબાદી કરવી તથા હિંદુસ્થાનના લોકોએ લડાઇમા આપેલી મદદની કદર કરી જુદા જુદા સંયોગોમાં હક અને રાજ્ય વ્યવસ્થા કરવામા ભાગ આપવાનું કામ ના. સરકારનું છે. પરંતુ એવા હકની માગણી કરવાનું કામ વેપારને માટે વેપારી વર્ગનું હોવાથી એટલું કહેવાની જરૂર છે કે હિંદુસ્થાનના પૈસાનો વહિવટ યાને નાણાં પ્રકરણી વહિવટ કરવામાં હિંદુસ્થાનની સ્વતંત્રતા અમુક અંશે હોય તોજ વેપારની આબાદી વધારે થઇ શકે. રાજ્યબંધારણની સાથે વ્યવસ્થા અનેક પ્રકારની કરવામા આવે છે, તેમ નાણાં સંબંધી વ્યવસ્થા કરવાનું કામ હિંદુસ્થાનને જ્યારે સોપવામાં આવે ત્યારે આપણા દેશનો વેપાર સ્વતંત્ર રીતે ચાલે અને દેશની આબાદી થઇ શકે, એવું અનેક વિદ્વાનોનું મત છે. રાજ્યની નીતિમા વેપારની નીતિનો સમાવેશ થાય છે. ફ્રાન્સ, રશીયા, બેલજીઅમ વગેરે દેશોની સાથે વેપાર કરવાનાં નવા નવાં સાધનો અમલમાં મૂકવા માટે પ્રયાસો કરવામાં આવે ત્યારે દુશ્મનના દેશની સાથે વેપાર કેમ છોડી દેવો, અને અત્યાર સુધીમાં જે કોઇ પદાર્થો દુશ્મનના દેશોમાથી આવતા હતા તે પદાર્થો બીજી જગ્યાપરથી મંગાવવા માટે, અથવા આપણા દેશોમાં બને તેટલે દરજ્જે તે પદાર્થો પેદા કરવા માટે સામગ્રીઓ સંપડાવવી જોઇએ. ખરેખરી રીતે એક પછી એક એવી ચીજો લઇને તપાસ કરીએ, તો વિગતમાં ઉંડા ઉતરતાં એમ લાગે છે કે યંત્ર સાચાકામ અને કેમીકલ યાને રસાયણિક દવાઓ વગેરે ચીજો જ્યાં સુધી આપણા દેશમાં બની શકતી નથી, ત્યાં સુધી ઘણા ખરા ઉદ્યોગો અને હુન્નરો આગળ વધારી શકાય નહિં.

ઇંદોર સ્ટેટમાં ઉભો કરવામાં આવેલો "થાઇમોલ"નો ઉદ્યોગ.

થાઇમોલ એ અજમાનો અર્ક કાઢયા બાદ પાસા પાડીને જે પદાર્થ નિકળે છે તેને આ નામથી ઓળખવામાં આવે છે. જેમ (આલમેટ કે) પિપરમેંટના ફુલ હોય છે, તેમ અજમાના આ ફુલ છે. મેશર્સ ડીકસીઅન એન્ડ કો. તરફથી આ ઉદ્યોગ ડેહરાડુનમા ચલાવવામાં આવે છે. આપણે ખરી રીતે જોઇશું તો મધ્ય હિંદમા ઇંદોર મુખ્ય શહેર છે અને તે ભાગમા અજમાનો પાક ઘણો થાય છે, તે એટલે સુધી કે તે ભાગમાથી બીજા ભાગોમા અજમો ત્યા સસ્તો હોવાથી પુરો પાડવામાં આવે છે. સ્ટેશનની નજીક કારખાનું ઉઘાડવામાં આવ્યું છે, અને ઇંદોર સ્ટેટની હદમા તે રાખ્યું છે—જેથી સ્ટેશન ઉપર તૈયાર માલ ચઢાવવામાં ગાડાં વગેરેનો ખર્ચ વધારે પડવા સંભવ રહે નહિં.

અજમાને પીલીને તેનુ તેલ કાઢી તે તેલને શુદ્ધ બનાવી-જે શુદ્ધ બનેલો ભાગ નિકળે તે અર્ક કહેવાય; અને તેને ઉકાળીને ઠરવા દેવો પડે જેથી ફુલ સાકર જેવા પાસા પડી ગાંગડાઓના આકારમાં પણ તૈયાર કરી શકાય છે.

આ બધાને માટે તે તે ક્રિયાઓને ઘટતા સંચાઓ જોઇએ; અને હાલના લડાઇના વખતમા તે તે સંચાઓ તૈયાર કરવામાં દેશી રીતિ તથા જરૂર પડે તેટલી બાબતોમાં મળી શકે તેવા વિલાયતી સંચાઓ ઉભા કરવાનું રાખી હાલ તુરત સંતોષ માનવો પડે છે નસીબ જોગે ઇંદોર સ્ટેટ માટે જોઇતા સંચાઓ મળી શકયા છે.

અજમાના અર્કમાંથી ફુલ બનાવી નાંખવાની ક્રિયામાં કેટલીક ચીજો વધે છે જેને બાઇ પ્રોડકટસ યાને "અવાંતર ઉત્પન્ન"-પણ કહી

શકાય; અને એવી બાઇ પ્રોડકટસ જેવો કે અજમાનો ખોળ-વગેરે થાય તેમાંથી અને તેલનો મેલો રગડો નિકળે તેમાંથી શોધન કરીને સાબુ વગેરે પદાર્થો બનાવવાનું કામ પણ હાથ ધરી શકાય છે.

ડેહરાડુનની ફેકટરી (કારખાના) માંથી મળેલા ખબર મુજબ દર મહિને છસે રતલ થાઇમોલ તૈયાર કરવામાં આવે છે. પણ જો એક પણ કારખાનું મુંબઇ જેવા સ્થળમાં આ ઉદ્યોગને માટે ખોલવામાં આવે તો તેનો લાભ ઘણો વધારે થવા સંભવ છે, તેનું મુખ્ય કારણ એ છે કે તૈયાર માલ માટે બજાર મુંબઇ જેવી બીજું કોઇ ગણી શકાય નહિં. લડાઇ અગાઉ થાઇમોલની કિંમત રૂા ૪) થી સાડાચાર દર રતલની હતી. અને હાલ તો દર રતલની કિંમત લગભગ રૂા. ૪૦) ચાળીસ સુધીની હોય તો પણ નવાઇ જેવું નથી.

દરેક જણને ખ્યાલ લાવવા માટે એટલું વધારે રજુ કરવાની જરૂર છે કે દર સો રતલ અજમામાંથી અઢી રતલ તેલ નિકળે છે, અને દર અઢી રતલ તેલમાંથી સવા રતલ થાઇ મોલ નિકળે છે. હવે જો લગભગ પાંચ હજાર રૂપૈઆથી સાત હજાર સુધીમાં સામાન્ય સંયોગો વચ્ચે તેના સંચા વગેરેને માટે ખર્ચ લાગે તો હાલ તેથી બેવડો ખર્ચ લાગે; બોઇલર વગેરેને માટે પાંચ હજાર રૂપૈયા; અને લગભગ દસ હજાર રૂપૈઆ પરચુરણ સંચા કામ માટે જેવી કે "સ્ટીલ" વગેરેના લાગી જાય. તે ઉપરાંત પંદર હજારનું "વર્કીંગ કેપીટલ" યાને તે ધંધો ઉદ્યોગ તરીકે ચલાવવાને માટે મુડી તરીકે લેવાનું બને; એટલે કે કુલ અર્ધો લાખ રૂપૈઆથી આ ઉદ્યોગ ચાલી શકે. પરંતુ અજમાની મોસમ હોય ત્યારે ખરીદી કરીને અજમો ભરી રાખવો જોઇએ.

આ વગેરે બધી હકીકતો ધ્યાનમાં લેવાની જરૂર છે. ટુંકામાં થાઇમોલના ઉદ્યોગને માટે જરૂર જોગી બીના આપી છે; અને તેનો ઉપયોગ જાણીતો હોવાથી એટલે કે દવાના કામમાં દરેકને તે ચીજ જાણીતી હોવાથી તે વિષે વધાર લખવાની અગત્ય નથી. ના. સરકાર પોતે પણ આ પદાર્થની બહોળી ખરીદી કરે છે.

આ પ્રમાણે ધીમે ધીમે એક બે નાના ઉદ્યોગોને માટે વિવેચન કરવાનો આશય છે, તેમાં આ ઉદ્યોગને પહેલું સ્થળ આપ્યું છે.

ધી સેંટ્રલ બેંક ઑફ ઇન્ડિયા લીમીટેડ.

શેરો ભરાયલી થાપણ	રૂ.	૩૦,૦૦,૦૦૦
પગાર થયેલી થાપણ	રૂ.	૧૫,૦૦,૦૦૦
રીઝર્વ ફંડ	રૂ.	૧,૬૦,૦૦૦

આ બેંકમાં ડીપૉઝીટ મુકેલી દરેક પાઇની સલામતી માટે ખાસ ગોઠવણ બેંકની આરટીકલમાં કરવામાં આવેલી છે.

મેસર્સ એ. એફ. ફરગ્યુસનની કું. ચારટરડ એકાઉન્ટટસ આ બેંકના હીસાબો અને જામીનગીરીઓ દર અઠવાડીએ તપાસે છે.

પ્રેસીડન્સી બેંકો માફક આ બેંક પોતાના હીસાબનાં પખવાડીક સરવૈયાં બહાર પાડે છે

દરેક રીતનું બેંકને લગતું કામકાજ કરવામાં આવે છે.

હાલમાં ટુંકી તેમજ લાંબી મુદતના વ્યાજના દરો માટે મેનેજરને મળવું.

ચેકો તથા બેંકને લગતો પત્ર વ્યવહાર ગુજરાતીમાં પણ થઇ શકે છે.

વડી ઑફીસ:—એલાફીસ બીલ્ડીંગ, કોટ, મુંબઇ.

શાખા ઑફીસો—ઝવેરી બજાર, મુંબઇની માંડવી, તથા શેરબજાર.

ચાલુ ખાતાં ઉપર. રોજની બાકી ઉપર

જાનેવારીથી જુન..........	૩	ટકા.
જુલાઈથી ડીસેમ્બર..........	૨॥	ટકા.
૧૨ માસની ડીપૉઝીટ..........	૫	ટકા.
રૂ. ૫૦૦૦ થી વધુ રકમ માટે..	૫॥	ટકા.

ટુંકી મુદતના ભાવો અરજ કરવાથી માલમ પડશે.

વધુ વીગતો માટે મેનેજરને મળવું.

સોરાબજી ન. પોચખાનાવાલા

મેનેજર.

ન્યુ ક્વિન્સરોડ ઉપરના

ચોપાટીના જુના રેલ્વે ફાટકની સામેના

મ્હારાં શો રૂમ્સ

તમને ઘણી મનગમતી ચીજો આપશે.

સુંદર નવી ડીઝાઇનના પલંગો

ભેટ આપવા લાયક

અનેક નાની મોટી કિમતી ચીજો

તેમજ

ફરનીચર [illegible]ના ઉત્તમ રંગો

વિગેરે.

જરૂર [illegible]ો રૂમ્સપર પધારો.

L. Roy Sampat

70, APOLLO STREET, FORT, BOMBAY.

INDIAN INDUSTRIAL CONFERENCE SECTION.

ઇન્ડીયન ઇન્ડસ્ટ્રીયલ કૉન્ફરન્સ વિભાગ.

An official note has been issued by the Government of Assam from which it is evident that best varieties of cane can be grown in Assam on a Commercial scale by the use of steam cultivating tackle with a minimum of labour. This tract is situated near the Government sugarcane farm at Khagrabari in the Kamrup District.

The Industrial Commission will assemble in Bombay in the first week of November resume its work under the presidency of Sir Thomas Holland The Commission is expected to spend the whole of the month of November in the Bombay Presidency and will then proceed to the Punjab and the Frontier Provinces, after touring in Assam will visit Burma and return to Delhi to write the report.

At Madras, a Summer course of lectures has been organised. The second lecture of the services was delivered by Mr Percy Brown, the Superintendent of the local School of Art on "The Schools of Indian Painting."

At a recent meeting of the U. P. Board of Industries, an application from Glass Factory for the supply of Bottle making machinery within two years was favourably considered by the Board who have promised to recommend the proposal to Government.

A very useful publication has recently been issued by the Indian Forest Department which contains notes on oil extracting Industries in the following places :—

(1) The Encalyptus oil in the Nilgiris.

(2) Geranium oil in the Nilgiris.

(3) Wintergreen oil in Assam and other localities.

The Bhownagar State administration Report discloses certain very encouraging features. To improve the economic condition of the agriculturists in the State, a begining has been made for starting Co-operative Societies, the total No. of these Societies is at present nearly 312.

ધી ઓરમે ટાઇપ આર્ટ ૨૧ ગેઇટ આર ફેર્ટ મુંબઇ.

Motilal Moolchand & Co.

Marble Merchants & Contractors
Engravers and Sculptors.
15, BANK STREET, FORT BOMBAY.
Largest Importers
of
Marble Tiles and slabs Fountains, figures, Vases, white glazed and other tiles.

Also Portland Cement, etc.

"ઇનકમટેક્ષ."

ઇનકમટૅક્ષને લગતાં કોઇ પણ પ્રકારનાં કામની સમજ મેળવવી હોય તો મળો અથવા લખોઃ-બી. એલ. થોસર, બોમ્બે કૉમર્શીયલ કૉલેજ, ૪૨ઃ કાલબાદેવી રોડ મુંબઇ. ચોપડાઓમાંથી આવકવેરા માટે હીસાબનાં પત્રકો તૈયાર કરી આપીએ છીએ.

બી. એલ. થોસર.
એફ. એલ. એ. એ. (લંડન.)
સર્ટીફાઇડ એકાઉન્ટન્ટ એન્ડ પબ્લીક ઓડીટર.

પોરબંદર પોર્ટલેંડ સીમેંટ

"ગણપતી" છાપ.

હમારો સીમેંટ હીંદુસ્તાનમાં આયાત થતા સારામાં સારો સીમેંટની બરોબરી કરે છે, અને જાણીતા ખાતાઓમાં વપરાય છે. એનું પેકીંગ મો એક હંદરવેટના મજબુત કોથળાઓમાં આવે છે, જેથી પીપ કરતાં ઘણીજ સહેલાઇથી ઉપયોગ થાય છે.

વધુ વિગત તથા ભાવ માટે લખો.

ધી ઇન્ડીયન સીમેંટ કુંo લીo

તાતા સન્સ એન્ડ કુંo
એજન્ટસ,
નવસારી બીલ્ડીંગ કોટ.

વેલા સવાલો અને લડાઇ પછી વેપાર સંબંધી રાજનીતિ એ ત્રણ અગત્યના સવાલો ઉપર. આપણાં મંડળના અભિપ્રાય પૂછવામાં આવ્યા હતા અને સંભાળપૂર્વક વિચાર ચલાવીને કમીટી તરફથી તે દરેક બાબતમાં હીંદીઓના શું વિચાર છે તે દર્શાવવામાં આવ્યું છે તે તમને પસંદ પડશે એમ હું ધારૂં છું. સર થોમસ હૉલેન્ડની સેવા સરકારે માંગવાથી ઔદ્યોગિક કમીશનનું કામ મુલતવી રહ્યું હતું પણ હવે તેણે દારૂગોળાને લગતાં ખાતાનું બંધારણ કર્યું છે તો હવે કમીશનનું કામકાજ આવતા નવેમ્બર માસનાં પહેલાં અઠવાડીયાંથી મુંબઇ ખાતે શરૂ થશે એમ ધારવામા આવે છે.

ઔદ્યોગિક ખીલવણીના સંબંધમાં ફેરવાયલા વિચાર.

આ દેશની ઔદ્યોગિક ખીલવણીના સબંધમા હવે સરકારના વિચાર ફેરવાયલા જણાય છે. નામદાર વાઇસરૉયનું ભાષણ આવકારદાયક છે. સર થોમસ હૉલેનડના હૃદયનો ભાવ એ છે કે હીંદને ઔદ્યોગીક પુનઃર્જીવન થાય એમ નામદાર વાઇસરૉયે જણાવ્યું છે, તેમજ બને અને જો બીનસરકારી વર્ગની સહાનુભૂતી મેળવીને કામ કરવામાં આવે તો એવી ઉમેદ રાખી શકાય કે દેશની ઔદ્યોગીક પ્રગતી ઘણી ઝડપથી થશે તમારી કમિટિએ તે કમીશન સમક્ષ જુબાની આપવાને ત્રણ સભાસદોની નીમણુંક કરી છે અને તેમાંના બેને તમે પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે ચુંટી કહાડયા છે, તે બતાવે છે કે, એ પસંદગી યોગ્યજ થઇ છે. તેમણે તેવી રીતે જુબાની આપવા સ્વીકાર્યું છે તે માટે આપણે તેમનો આભાર માનીશું. રેલ્વેનો કારોબાર સરકાર હસ્તક હોવાના સબંધમા સંગીન વીગતો રજુ કરી છે અને આવતાં વરસે ઇ૦ આઇ૦ રેલ્વે સાથેના કરારની મુદત પુરી થાય છે ત્યારે તેનો ઉપયોગ થાય એવી ઉમેદ રાખીશું.

નાણાં પ્રકરણી છુટાપણું.

હાલની લડાઇથી પ્રજાની આર્થિક પ્રગતી સંબંધી ઘણા નવા આશયો બંધાયા છે. હિંદને જો બીજા સુધરેલા દેશની હારમાં ઉભા રહેવું હોય તો તો તેણે પોતાના ઉદ્યોગ અને વેપારની પુરતી ખીલવણી થાય તેવાં પગલાં ભરવાનું સંપુર્ણ છુટાપણું મેળવવાને આગ્રહ કરવો જોઇએ. એ છુટાપણું નાણાં પ્રકરણના સંબંધમાં હોવુ જોઇએ. તેવું છુટાપણું આપવાને આપણે લડાઇ પછી વેપાર સંબંધી રાજનીતિને લગતી બાબતની આપણી અરજીમા ભાર મુકીને જણાવ્યું છે. નામદાર હિંદી પ્રધાન અત્રે આવે છે એ પ્રસંગનો લાભ લેઇને આપણે તેના સંબંધમા એક વિચારપુર્ણ યોજના તૈયાર કરી તેની સમક્ષ અંગત મુલાકાત લેઇને રજુ કરી શકીએ. જે માણસો મી૦ મોન્ટેગ્યુનો અંગત પરિચય ધરાવે છે તેઓ જાણે છે કે તે ખરો લીબરલ રાજ્યદવારી છે. અને હિંદી આકાંક્ષાઓ પ્રત્યે સાચી દિલસોજી ધરાવે છે, તેના તરફથી આપણી ભલામણો ઉપર દિલસોજીભર્યું ધ્યાન આપવાની ખાત્રી રહે છે.

વડી ધારાસભામાં પ્રતિનિધિ

વળી તેજ વખતે આપણે વડી ધારાસભામાં આપણો એક પ્રતિનિધિ મોકલવાનો હક મેળવવાની બાબત પણ રજુ કરવી જોઇએ. મુંબઇ અને કલકત્તાની આપણી ભાઇબંધ ચેમ્બરો એવો હક ધરાવે છે તો તે હક આપણુને નહીં આપવાનું કાંઇ કારણ નથી; કેમકે આપણું મંડળ ઘણાએક અગત્યના વર્ગોના પ્રતિનિધિરૂપ છે. હિંદી સરકાર તરફથી આ બાબતમાં આપણી અરજીનો મહેરબાનીભર્યો જવાબ મળ્યો નથી એટલે હવે હિંદી પ્રધાન આગળ તે બાબત રજુ કરવી તે વાજબીજ થઇ પડશે.

હુંડીયામણના વધારેલા ભાવની માઠી અસર.

હુંડીઆમણનો ભાવ વધારીને ૧ શી. ૫ પેની જેટલો કરવામા આવ્યો છે તેથી વેપારી લાભો ઉપર બહુ માઠી અસર થઇ છે તમારી કમિટિએ એ બાબત ઉપર વીચાર ચલાવી અનુભવીઓ મહીતની એક પેટા કમિટિ તે સંબંધી અરજી તૈયાર કરવા માટે નેમી છે. એ અરજીનો મુસદ્દો તૈયાર છે અને કદાચ નવી કમિટિ

પહેલાં કામ તરીકે એજ બાબત હાથ ધરશે. બ્રિટિશ લશકર અને કાફલાની મોટી સેવાનાં આપણે સઉથી પહેલી કદર કરીએ છીએ. લડાઈથી નાણાં સંબંધી સ્થિતિ ગંભીર થઇ પડી છે તે આપણેમ મજીએ છીએ અને ખજાનચી તથા હીંદીપ્રધાનની મુશ્કેલીઓ આપણા લક્ષમાં છે અને તેમ છતાં આપણને એમ લાગે છે કે હુંડીઆમણથી જે સ્થિતિ ઉભી થઇ છે તે વિષેનો આપણો વિચાર જો આપણે હીંદી સરકાર સમક્ષ રજુ નહિં કરીએ તો આપણે આપણી ફરજ બજાવેલી નહીં ગણાય.

ચુંટણી.

ચુંટણીના આપણા કાનુનમાં સુધારો કરવાની જરૂર હોય એમ મને લાગે છે. અમુક ઉમેદવારને બહાર પાડયા હોય તો કોને મત આપવા તે મત આપનારાઓ સમજી શકે. તેમ નહી આપવાથી હાલમાં મત આપનારાઓના મત નીરર્થક જાય છે અને કોને મત આપવા તે વિષે સમજ પણ પડતી નથી. આ વખત કમિટિમાં ચાર નવા સભાસદો દાખલ થયા છે તે બીનાને હું આવકાર આપું છું. કમિટિમાં કામ કરવા માટેની ઇચ્છાને સારા જાગરૂતીના ચીહ્ન તરીકે ગણાય. મને મારો હમશરીકોએ આ વરસે કામકાજમા જે મદદ આપી છે તે માટે હું તેમનો ઉપકાર માનું છુ. દારૂગોળાને લગતી બોર્ડ તરફથી આપણા સેક્રેટરી મી૦ જયસુખલાલની સેવાઓ લડાઇના સંબધમાં મદદ તરીકે માગવામાં આવલી હોવાથી તે સોપવામાં આવી છે. તેઓ આ મંડળની સ્થાપના થઇ ત્યારથીજ તેના સેક્રેટરી તરીકે કામકાજ કરે છે અને છેલાં બે વરસ દરમ્યાનના મારા ઘાડા પરિચયથી હું કહીશ કે વેપારી સવાલો સમજવા અને હાર પાડવાની તેમની શકતી અને લાગણી બહુ સારી છે. એવોજ મત મારી પહેલાંના પ્રમુખોના પણ તેમના સંબંધમાં છે. તઓ કદાચ આપણાં મંડળની સેવા બજાવવા પાછા ન આવી શકે એ બનવાજોગ છે માટે તેમની સેવાની કદરની નોંધ લેવી એ મને ઠીક લાગે છે. હું તમોને વાર્ષિક અહવાલ બહાલ રાખવાની ભલામણ કરૂં છું.

મી. ચુનીલાલ વિજભુખણદાસ મેહતાએ જણાવયું કે, નવા વરસના પ્રમુખ આજે અત્રે નથી તેથી હું નવા વરસમાં કરવા લાયક કામકાજના સંબંધમા થોડું બોલીશ. મને અત્યારે સૌ અગત્યની ખાસ બે બાબતો જણાય છે. એક બાબત એ છે કે સરકારે હુંડીઆમણના દરમાં જે વધારો કર્યો છે તેથી વેપારને બહુ હાની પહાચે છે, તેના સંબંધમાં એક સંગીન અરજી તે નામદાર ઉપર મોકલી આપવી. બીજી બાબત એ છે કે, હિંદી પ્રધાન મી. મોન્ટેગ્યુ અત્રે આવે છે તો આપણે તેની સમક્ષ નાણા પ્રકરણમા છુટાપણુ મળવાની માગણી કરનારી એક મજબુત અરજી રજુ કરવી અને તના તરફથી વજનદાર મંડળોને મુલાકાત આપવામા આવનાર છે તેવી મુલાકાતનો લાભ આપણાં મંડળને પણ મળે તે માટે તજવીઝ કરવી અને નાણાં પ્રકરણમાં છુટાપણું મળવાનો સવાલ તેની સમક્ષ મક્કમપણે રજુ કરવો હુન્નર ઉદ્યોગને લગતા કમીશનની નીમણુંક કરવામાં આવી ત્યારે વડી ધારાસભાના સભાસદોએ નાણા પ્રકરણી છુટાપણાંનો સવાલ પણ એ કમીશન હાથ ધરે એવી ગોઠવણ કરવા માગણી કરી હતી પણ તે બાબત સ્વીકારવામા આવી …થી તો એ બાબત ઉપર ભાર મુકીને મી. મોન્ટેગ્યુનુ …માન ખેંચવા સીવાય બીજો
કાંઈ પણ ઉપ… નથી. એ સવાલ ઘણો
અગત્યનો છે કેમકે …ે સીવાય આપણી વેપાર
ઉદ્યોગની સ્થીતી સુ… મુશ્કેલ છે. માટે તે
બાબત ખાસ હાથ … જરૂર છે.

મી. વસનજી …ણી હાલાઇએ જણાવ્યું
કે સરકારે આપણા …રીની સેવાઓ પોતાને
કીમતી થઇ પડશે … માની તેમની સેવા
પોતાને હસ્તક … ઇચ્છા દેખાડી છે એ
જાણી હું ખુશી … છું, પણ તેજ વખતે
અચંબાજનક એ છે … પણા મંડળનો એક
ઉંચી પોલીસ કરેલા ટેબલ ટોપ ખરીદ કરવા કયા … શો ?

પ્રતિનિધિ વડી ધારાસભામાં મોકલવાનો હક બક્ષવા માટે લાયક ધારવામાં આવતું નથી! એ હક મેળવવા માટે આપણે એકાદી અરજી કરી બેસી નહી રહેતાં વારંવાર તેનું ધ્યાન ખેંચવું જોઇએ. આપણાં મંડળની આર્થિક સ્થિતિમાં આ વરસનું સર્વૈયું જોતા પણ ઘણો સુધારો થયલો જણાતો નથી તે બાબત ઉપર બહુ ધ્યાન આપવાની જરૂર છે. એક સૂચના મારે એ કરવાની છે કે આપણાં મંડળની સભાઓ વરસમાં એકજ વખત મળે છે તે વધારે વખત મળવી જોઇએ ઘણા અગત્યના સવાલો ઉપર કમિટિઓ વિચાર ચલાવતી હોય ત્યારે તેમને કેટલીક મુશ્કલીઓ પડે છે પણ જો એ સાધારણ સભાઓ વધુ વખત મળતી હોય તો સભાસદો પણ પોતાના અનુભવ અને સલાહ દરશાવી શકે અને કમિટિઓને બહુ મદદ મળે.

એ પછી કેટલાક સભાસદોએ આવક વેરાને લગતા કેટલા અગવડ ભર્યા કાનુનો તથા હુંડીઆમણના હાલના દરથી આફ્રિકા અને મોરીસ સાથેના વેપારમાં પડતી અગવડ વિષે ધ્યાન ખેંચયું હતું.

પ્રમુખે તે બાદ જણાવ્યું કે અત્રે જુદા જુદા સભાસદોએ જે વિવેચનો કર્યાં તેના સંબંધમાં હું ટુંક ખુલાસો કરીશ મંડળની સભાઓ વધુ વખત ભરવી કે કેમ, તે માટે એક ખાસ ઠરાવ રજુ કરવો જોઇએ અને તે તમને જરૂરી જણાય તો તમે પસાર કરી શકશો. કમિટિઓ જે સવાલમાં પોતાને મુશ્કેલીઓ સમજાય તેમાં હમેશાં અનુભવીઓની સલાહ લઇનેજ કામ કરે છે અને આપણે રેલ્વેનો કારોબાર સરકાર કે કંપની હસ્તક હોવો જોઇએ તેને લગતા સવાલમાં જે ફતેહ મેળવી છે તેથી તે વિષે ખાત્રી થશે. આવકવેરાની કેટલીક ગુંચવણો ઉપર હીંદી, અજાનચીનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે અને સર વીલીઅમ મેયરે તે ઉપર સારી રીતે ધ્યાન આપી વિચાર કરવા કહેલું છે.

તે બાદ સભાએ વાર્ષિક અહેવાલ બહાલ રાખ્યો હતો. નવાં વરસના હિસાબ તપાસનાર તરીકે મી૦ એદલજી કામાની નીમણુંક કરી હતી અને ગયા વરસની કારોબારી કમિટિનો ઉપકાર માનવાનો ઠરાવ પસાર કર્યો હતો.

તે પછી મંડળના કાનુનોમાં ફેરફાર કરવા સંબંધી બાબતો ઉપર વિચાર ચલાવવામાં આવ્યો હતો.

નવી કમિટિ.

બાદ નવી કમીટીની ચુંટણીનું પરીણામ જાહેર કરવામાં આવ્યુ હતું.

નવી કમીટીમાં નીચલા સભાસદો ચુંટી કહડાયા હતા:—સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી (પ્રમુખ), ઑન૦ મી૦ ચુનીલાલ વિ મેહેતા (ઉપ પ્રમુખ), સર દીનશાહ એદલજી વાછા, ઑન૦ મી૦ મનમોહનદાસ રામજી, ઑન૦ મી૦ પરશોત્તમ ઠાકોરદાસ, ઑન૦ સર ઇબ્રાહીમ રહીમતુલ્લા, ઑન૦ મી૦ લલ્લુભાઇ શામળદાસ. ઑન૦ સર ફાઝલભાઇ કરીમભાઇ, સર શાપુરજી ભરૂચા, મી૦ દેવીદાસ માધવજી ઠાકરસી, મી૦ મોતીલાલ કાનજી, મી૦ એસ. ઇ. વૉરડન, મી૦ રેવાશંકર જગજીવન, મી૦ જેઠાભાઇ વાલજી, મી૦ ચત્રભુજ શીવજી, મી૦ મોતીલાલ વલ્લભજી, મી૦ રતનસી મુળજી, મી૦ ફીરોઝ જે. બીલીમોરીયા, મી૦ મુળજી હરીદાસ, મી૦ મોરારજી વેલજી, મી૦ જમનાદાસ દ્વારકાદાસ, મી૦ વસનજી ઠાકરસી હાલાઇ, મી૦ જહાંગીર બી. પીટીટ, ઑન૦ મી૦ ફીરોઝ સી. શેઠના અને મી૦ મથુરાદાસ વસનજી.

બાદ પ્રમુખનો ઉપકાર માની સભા બરખાસ્ત થઇ હતી.

ધી ઇન્ડીયન મર્ચન્ટસ ચેમ્બર એન્ડ બ્યુરોની કમિટિની એક સભા શનિવાર તા. ૧ લી સપ્ટેમ્બર ૧૯૧૭ ને રોજ ૨ કલાકે (મું. ટા.)

મળી હતી જે વખતે નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતાઃ—

ઑન. શેઠ લલ્લુભાઇ શામળદાસ સી. આઇ. ઇ. (પ્રમુખ).
„ „ ચુનીલાલ વિ મહેતા
શેઠ રેવાશંકર જગજીવન
„ ચતુરભૂજ શિવજી જે. પી.
„ મોતીલાલ વલ્લભજી
„ પી. જે. બિલિમોરીયા

મેસર્સ તાતા, સન્સ એન્ડ કું. વાળા શેઠ બેજનજી એફ. માદન પણ હાજર હતા.

એકસચેંજ એક શિલિંગ, ચાર પેન્સથી વધારીને ના. સરકારે ૧–૫ પેન્સની ઠેરવેલ છે તે બાબતમા વિચાર ચલાવવામાં આવ્યો હતો. વખત થઇ જવાથી સભા મૂલતવી રાખવામાં આવી હતી

ધી ઇન્ડીયન મર્ચન્ટસ ચેમ્બર એન્ડ બ્યુરોની કમિટીની મૂલતવી રહેલી સભા ગુરૂવાર તા. ૫ મી સપ્ટેમ્બર ૧૯૧૭ ને રોજ બપોરે ૧૨ કલાકે (મું. ટા.) મળી હતી જે વખતે નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતાઃ—

ઑન. શેઠ લલ્લુભાઇ શામળદાસ, સી. આઇ. ઇ. (પ્રમૂખ).
„ „ ચુનીલાલ વિ. મહેતા
શેઠ મોતીલાલ વલ્લભજી
„ મોતીલાલ કાનજી
„ પી. જે. બિલિમોરીઆ
„ એસ. ઇ. વાર્ડન
„ ચત્રભૂજ શિવજી, જે. પી.

શેઠ બેજનજી એફ માદન પણ હાજર હતા.

એકસચેંજના સવાલ ઉપર વધુ વિચાર ચલાવવામા આવતા એ પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો કે ના સરકારે લીધેલા પગલાંની સ્હામા કમીટીએ પ્રોટેસ્ટ રજૂ કરવો. આ બાબતનુ રેપ્રેઝેન્ટેશન તૈયાર કરવાને નીચે જણાવેલા ગૃહસ્થોની સબ-કમીટી નીમવામાં આવી હતીઃ—

ઑન. શેઠ ચુનીલાલ વિ. મહેતા
શેઠ એસ. ઇ. વાર્ડન.
„ મોતીલાલ વલ્લભજી.

અને એ સબ-કમીટીમાં ભાગ લેવાને શેઠ બેજનજી એફ. માદનને પણ વિનંતિ કરવામાં આવી હતી.

બાદ સભા બરખાસ્ત થઇ હતી.

ધી ઇન્ડીયન મર્ચન્ટસ ચેમ્બર એન્ડ બ્યુરોની કમીટીની એક સભા શનિવાર તા. ૮ મી સપ્ટેમ્બર ૧૯૧૭ ને રોજ ૨ કલાકે (મું. ટા.) મળી હતી જે વખતે નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતાઃ—

ઑન. શેઠ લલ્લુભાઇ શામળદાસ, સી. આઇ. ઇ (પ્રમુખ.)

શેઠ જેઠાભાઇ વાલજી
„ મોતીલાલ કાનજી.
„ દેવીદાસ માધવજી ઠાકરશી
ઑન. શેઠ ચુનીલાલ વિ મેહતા.
શેઠ નારણજી હરીભાઇ
„ રેવાશંકર જગજીવન.
„ પી. જે. બિલિમોરીયા.

(૧) આગલી સભાની મીનીટો જે સભા-સ્હામાં ફેરવવામા આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

(૨) ચેમ્બરની કમીટીના કામકાજનો વાર્ષિક રીપોર્ટ પસાર કરવામાં આવ્યો હતો

(૩) ચેમ્બરનો વાર્ષિક હિસાબ જે ચેમ્બરના ઑડીટર શેઠ એ. ઇ. કામાએ તપાસ્યો હતો, તે પસાર કરવામાં આવ્યો હતો.

(૪) ચેમ્બરની વાર્ષિક સભાને માટે તા ૨૬ મી સપ્ટેમ્બર ૧૯૧૭ ને બુધવારને રોજ બપોરે ૨ કલાકે (મું. ટા.) નો વખત નક્કિ કરવામાં આવ્યો હતો તથા વાર્ષિક ચુંટણીને માટે બૅલટના દિવસો તા. ૧૭ મી સપ્ટેમ્બર ૧૯૧૭ થી તા. ૨૩ મી સપ્ટેમ્બર ૧૯૧૭ સૂધીના ઠેરવવામાં આવ્યા હતા તથા

મત પત્રકો તપાસવાનો દિવસ તા. ૨૪ મી સપટેમ્બરનો ઠેરવવામાં આવ્યો હતો.

(૫) મેમ્બરોની વાર્ષિક ચુંટણી માટે નીચે જણાવેલા ૨ ગૃહસ્થોને સ્કુટીનીઅરો તરીકે નીમવામાં આવ્યા હતા :—

શેઠ મોતીલાલ કાનજી.
,, એમ. પી. માદન.

(૬) શેઠ ડબલ્યુ. ટી. હાલાઇએ ચેમ્બરના નિયમોમાં ફેરફાર કરવા માટે કેટલીક સૂચનાઓ મોકલાવી હતી જે વાર્ષિક સભામાં રજૂ કરવા માટે સભાસદોમાં ફેરવવાનું ઠર્યું હતું.

(૭) મિસિસ એની બિસેન્ટની નજરકેદ બાબત શેઠ ડબલ્યુ ટી. હાલાઇએ કરેલી સૂચના બાબત કમિટિએ ચેમ્બરના સોલીસીટરોનો મત માંગ્યો હતો તેની નકલ મોકલવા માટે તેઓએ લખી જણાવ્યું હતું તે બાબતમાં એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે પ્રમૂખ સાહેબે તેઓને ખાનગી રીતે તે બતાવવો.

(૮) હિન્દુસ્થાન અને રશિયાના વ્હેપાર બાબતમાં ના. સરકાર તરફથી નિમાયેલા મેશર્સ ચેડવિક અને બ્લેકે જે રીપોર્ટ તૈયાર કર્યો હતો તે બાબતમાં વિચાર કરવાને નિમાયેલી સબ-કમીટીએ જે ખરડો તૈયાર કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

(૯) રૂ અને બીજી કેટલીક ચીજોમાં થતી ભેળસેળ બાબત આવેલા ના. સરકારના પત્ર ઉપરનો વિચાર મૂલતવી રાખવામાં આવ્યો હતો.

(૧૦) આ ચેમ્બરમાં મેમ્બર થવા માટે મેશર્સ ધી ઇન્ડીયન સીમેન્ટ કું૦ તથા મેશર્સ દેશાઇ, ચીનાઇ એન્ડ કું૦ ની અરજીઓ આવી હતી. ત્હેમને માટે બૅલટ બૉક્સના દિવસો તા૦ ૧૭ મી સપટેમ્બર, ૧૯૧૭ ને સોમવારથી તા૦ ૨૩ મી સપટેમ્બર ૧૯૧૭ ને રવીવાર સૂધી ઠેરવવામાં આવ્યા હતા. સ્કુટીનીયર તરીકે શેઠ એમ. પી. માદનને નીમવામાં આવ્યા હતા.

(૧૧) ચેમ્બરના આસીસ્ટન્ટ સેક્રેટરી મી. કુંજબિહારી ગોપીલાલ ફુએ રાજીનામું આપવાથી ત્હેમની જગ્યાએ મી. ધનસુખલાલ કૃષ્ણલાલ મેહતાને નિમવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

(૧૨) 'પીકર્સ' બાબત મ્યુનીશન્સ બોર્ડનો આવેલો પત્ર સભાસદોમાં ફેરવવાનો તથા મેશર્સ આદમજી પીરભાઈની કું. ઉપર ત્હેની એક નકલ મોકલી આપવાનો ઠરાવ થયો હતો.

(૧૩) આવકના કર બાબત મેશર્સ કાવસજી દીનશાહ બ્રધર્સોએ પત્ર લખ્યો હતો જે બાબતમાં એમ લખી જણાવવાનો ઠરાવ થયો હતો કે તે સમ્બન્ધી ના. સરકાર તરફથી ટુંક વખતમાં નવો કાયદો આવનાર છે તે વખતે તેઓની સૂચના ઉપર વિચાર કરવાનું યોગ્ય થઈ પડશે.

(૧૪) ઇન્ડીયન રેલ્વે કૉન્ફરન્સ એસોસીએશન તરફથી ગુડઝ કલાસીફીકેશન કમિટિ ઉપર આ ચેમ્બરની કમિટિ તરફથી મોકલાએલા પત્રના જવાબમાં એક પત્ર આવ્યો હતો જે ઉપર વિચાર કરતાં એમ ઠેરવવામાં આવ્યું હતું કે તે બાબત કમિટિની બીજી સભા ઉપર મૂલતવી રાખવું.

(૧૫) પ્રમુખે કહ્યુ કે આ ચેમ્બરના સેક્રેટરી મી. જયસુખલાલ મેહેતાને સરકાર તરફથી મ્યુનીશન્સ ખાતામાં રૂ. ૫૦૦ ની જગ્યા આપવા બાબદનો કાગળ થૉમસ હૉલેન્ડ તરફથી આવ્યા છે. માટે તેમને તે કામમાં જોડાવાની રજા આપવી જોઇએ-તે ઉપરથી ઠરાવ કરવામાં આવ્યો કે. લડાઇના કામમાં મદદ તરીકે મી જે. કે. મેહેતાને તે ખાતામાં જવાની રજા આપવામાં આવે છે અને તેમણે ચેમ્બરની કરેલી સેવાની નીચલા શબ્દોમાં નોંધ લે છે.

આ ચેમ્બરના જન્મથી મી. જયસુખલાલે તેના સેક્રેટરી તરીકે કામ કર્યું છે. મી. જયસુખલાલ વ્યાપારી પ્રશ્નોની જેટલી કુશળતા ધરાવે છે તેટલોજ ઉત્સાહી અભ્યાસ નવા પ્રશ્નોમાં દાખવે છે. આ ચેમ્બરનું સ્થાન

વધારે અને વધારે પ્રતિષ્ઠિત બનાવવાના તેમના પ્રયાસ માટે તેમજ આ સંસ્થા પ્રતિના તેમના ભક્તિભાવ માટે આપણે જેટલું કહિયે તેટલું ઓછું છે. મ્યુ. બો. ના કામમાં તેમજ હવે પછી આ બધાં ખાતાઓનાં પુનર્વિધાન વખતે તેઓ બહુ મદદગાર થઇ પડશે એમ આપણે માનીયે છીયે. મને આશા છે કે સરકાર એવે વખતે એમને માટે કાંઇ સ્થાન શોધી આપશે અને તેમને પાછા આવવા દેશે નહિં.

એમની છેલ્લાં દશ વર્ષની આ ચેમ્બરની ઉંચી પ્રકારની સેવા માટે ચેમ્બર કદર કરતાં નોંધ લે છે.

(૧૬) મી. જે. કે. મેહ્તાની જગ્યાએ મી. એસ. એસ મેહતાની નીમણુંક કરવામા આવી હતી. તે પછી સભા બરખાસ્ત થઇ હતી.

ખાસ જરૂરી સર્ક્યુલર.

ધી ઇન્ડીયન મર્ચન્ટસ ચેમ્બર એન્ડ બ્યુરોની ના. બ્રિટિશ સરકારના ટ્રેડ કમીશનરની સર્વિસમાં હિન્દુસ્થાનના પ્રતિનિધિ નીમવાની બાબત ઉપર વિચાર કરવાને નીમાયેલી સબ—કમિટિની એક મીટીંગ તા. ૩ જી ઑક્ટોબર, ૧૯૧૭ ને બુધવારને રોજ ૧–૩૦ કલાકે (મું. ટા.) મળી હતી, જે વખતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતોઃ—

મજકુર કાગળના જવાબમાં પુરસદે કાગળ લખી મોકલવા અગાઉ ના. સરકારને તાર કરવાની અત્યંત જરૂર લાગવાથી નીચે મુજબ તાર કરી મોકલવોઃ—

"હમારો કાગળ નં. ૧૧૪૮૯ તા. ૨૪ મી સપટેમ્બર. ૧૯૧૭ ના રોજનો લખેલો મળ્યો. ઉત્તરમા લખવાનું કે મ્હારી કમિટિ બ્રિટિશ ટ્રેડ કમીશનર્સની સેવાનો બ્રિટિશ રાજ્યના સઘળા ભાગોમાં ઉપયોગ કરવાની સૂચના અંતઃકરણ પૂર્વક પસન્દ કરે છે. તોપણ તેઓનો એવો અભિપ્રાય છે કે બ્રિટિશ રાજ્યમાં ઉપયોગી મધ્યસ્થળોમાં ટ્રેડ કમીશનરોને નીમવા માટે જેમ બને તેમ ઉતાવળથી વહેલાં પગલાં ભરવાં જેથી હિન્દુસ્થાનના વ્હેપારના લાભોને ખાસ ઉત્તેજન મળે. આ કમીશનરો બીન ઓદ્દેદાર અને હિન્દિવાનો જેમ બને તેમ હોવા જોઇએ"

પુસ્તકો તથા ચોપાનીયાં.

નીચલાં પુસ્તકો તથા ચોપાનીયાં ચેમ્બરને ના. સરકાર તરફથી અને અન્ય સંસ્થાઓ તરફથી ઑક્ટોબર માસમાં મળેલાં છે —

ના. સરકાર તરફથી મળેલા પુસ્તકોઃ—

(1) Annual Report on the working of the Indian Companies Act, 1913, fourth year 1916-17.
(2) Statistics of British India, Vol V. Education 1915-1916
(3) Papers relating to the Second Revision settlement of the Sampgaon Taluka of the Belgaum Collectorates.
(4) Fourth Annual Report of the Bombay Smoke Nuisance Commission for the year 1916 17.
(5) Ships White List Dated 1st July 1917.
(6) Agricultnral Statistics of India 1914-15 Vol. II.
(7) Legislative Council 10th October 1917 (Questions and Answers).

મારમેલ્મની રગીન લાદીઓ સફાઇદાર અને મજબુત.

ગ્રાહકોની જબરી ધમાલ.

જયારથી અમોએ આરીનું ભરતનું કામ વેપારી ભાવે ગ્રાહકોને આપવાનું ચાલુ કર્યું છે ત્યારથી અમારૂં ભરતકામ કેટલું સસ્તુ પડે છે, એ અમારા ગ્રાહકોની ધમાલ ઉપરથી સમજાશે.

ભાવ પણ નીચે પ્રમાણે જાહેરમાં મુકયા છે —

કસબ ગામઠી મુંબઈનો વપરાય છે.

સોનેરી તોલા એકના રૂ. ૨॥

રૂપેરી તોલા એકના રૂ. ૨)

પરી નાનાલાલ ગોરધનદાસ,

ભુલેશ્વર ફીરંગીના દેવળ સામે—મુંબઈ.

તાજે કલમ—અમારૂં બોર્ડ જોઈને પાછા ન જતા પહેલે માળે પધારજો.

પ્રમાણિકપણું અને વેપારી કુનેહ

મુંબઈની કાર્યકુશળ પ્રજાનો વિશ્વાસ
જલદી જીતી શકે છે એ
તમે માનો છો?

ખાત્રી કરવા નોંધી લ્યોઃ—

મેશર્સ ગાંધી એન્ડ કું.

હીલાંઉવાળાઓ અને કમીશન એજન્ટો.

૫૨, મેડો સ્ટ્રીટ-કોટ, મુંબઈ.

કોઈ પણ જાતનો ઇલેક્ટ્રીસીટીનો સામાન ખરીદતા પહેલાં એક
વખત હમારા શોરૂમની મુલાકાત લઈ જાઓ.

લાભ તમનેજ છે.

ઈલેક્ટ્રીસીટીનું બીલ બચાવવું હોય તો જગપ્રસિદ્ધ ફીલીપ્સ કે વૉટના લેમ્પો વાપરો.

ઇલેક્ટ્રીક લાઈટીંગ સેટ.

બંગલાઓ અને મકાનો માટે ખાસ. ઘાસલેટ અને ગ્યાસના કરતાં
બેહદ સસ્તા કિં. રૂ. ૬૫૦) થી રૂ. ૯,૦૦૦) (લેમ્પની સંખ્યા પ્રમાણે.)
તે સીવાય મોટરો, પંપો, દળવાની અને તેલની ઘંટીઓ અને તમામ જાતનો
ઇલેક્ટ્રીક સામાન હમારે ત્યાં મ્હોટા જથ્થામાં તૈયાર છે.

ધી ઓરીયન્ટલ એન્જીનીઅરીંગ એન્ડ ટ્રેડીંગ કું.

રેવલીન સ્ટ્રીટ, હોર્નબી રોડ,

મુંબાઈ.

ન્યુ લેમીંગટન રોડ ઉપરના ચોપાટી ઉપર આવેલા

એન. પોવેલની સામે.

હમારા મોટરકારના કારખાનામાં

તમને ઘણી મનગમતી ચીજો આપશું તથા મોટર લારીસોનું રીપેરીંગ કામ કીફાયત અને સારૂં કરી આપશું કે જે કામના અમે ઘણા—વરસોના અનુભવી છઇએ, તે સિવાયની નીચેની સારા મેકરોનાં સેકન્ડ હેન્ડ મોટર કારસો વેચવાની છે.—

મોટરના નામ.	મોટરના નામ.
૧. હુસલી.	૭ બેલસાઇઝ.
૨. ઓસ્ટ્રેલીયન ડેગલેર.	૮. ક્નોટડ.
૩. સ્ટુડ બેકર.	૯. હોપેમોબાઇલ.
૪. સ્ટેનર્ડ.	૧૦. શીડની સ્ટ્રેકર સ્કવાયર.
૫. ફોર્ડ.	૧૧. લાબ્યુરી.
૬. ગેગેનું.	૧૨. લારીસો.

જરૂર એકવાર પધારી ખાત્રી કરો.

The Royal Automobile Engineering Co.

Raval Mansion,

BOMBAY.

COMMERCIAL SUBJECTS.

વ્હેપારી વિષયો.

INDIA HER RESOURCES AND HER ECONOMICS.

હિંદની આર્થિક સ્થિતિ.

(માસિક માટે ખાસ લખનાર—મી જે લ ૬ ખારભાયા.)

પિતાક્ષર નિશાળનો ફાળો નિચે મૂજબ વેહેંચાય છેઃ—



આવા પ્રકારની વહેંચણીઓ, ભાગલા લાગવા કરવામાં વર્ષો સુધીની લડતો ચાલે છે, સમય અને પૈસા બરબાદ થાય છે અને લડવામાંજ મિલકતો ચાલી જાય છે. વળી તેમાં વકીલોની ભૂર અથવા લડાકી મારવાની મત હને લીધે પ્રીવીકૌન્સિલ સુધીના કજીઆઓ ચાલે છે, અને દરમ્યાન કંઇક નવા વારસો ઉભા થય છે, અથવા જન્મે છે, અને મરણ પામે છે

મુસલમાનો પણ સંયુક્ત કુટુંબમાં રહે છે. પણ તેઓમાં આવો કાયદો પ્રવર્તતો નથી. વડવાઓથી મળી હોય, અથવા પોતાની મેળવેલી હોય પણ પોતાની મિલકત ઉપર મુસલમાનોને પુરતો પોતાનો હક મળે છે માત્ર તે મિલકત વેચતી વખતે જે પોતાના વારસો હોય તેઓનો હક અને ભાગવાઓનોજ સવાલ ત્યાં રહે છે.